૩૫. સૂરત ખાતે જુન ૨૦, ૧૯૫૮ થી શરૂ થનાર બી.એ એમ એસ. અભ્યાસક્રમ શીખવવા માટે જૂથવાર કૉલેજના જોડાણ માટે તાપી બ્રહ્મચર્ય સભાના પ્રમુખ તરફથી આવેલી અરજી પરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed Ayurvedic College at Surat be granted affiliation for the period from 20th June 1958 to 9th November 1959 for the First and Second B.A.M.S. Examinations on the following conditions being fulfilled to the satisfaction of the Syndicate by 31st May 1958:

(1) Shri Tapi Brahmacharyashram Sabha, Surat be asked to give an assurance that it will meet with the deficits, if any, during the affiliation period;

(2) That Shri Tapi Brahmacharyashram Sabha be asked to give an assurance that fresh students for the State Faculty Course shall not be admitted with effect from 31st may 1959;

(3) The following additional teaching staff be appointed:

(i) One Lecturer in Sanskrit
(ii) One Professor of Anatomy (full-time)
(iii) One Professor of Dravyagunarasa (full-time)
(iv) One Lecturer in Manovijnan
(v) One Lecturer in History of Ayurveda
(vi) One Professor in Pathology (full-time):

(4) that the Principal be prevented from having private practice and be paid according to the University scale and provided with free quarters or house rent allowance in lieu thereof;

(5) that all the members of the teaching staff be paid according to the University scales and be prevented from having private practice; and

(6) that a sum of Rs. 10,000/- be spent for purchasing books for the Library"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવા સેનેટને ભલામણ કરવી.

૩૬. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતને નીચેના વિષયો માટે બી.કૉમ. ડીગ્રી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા માટે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી પરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

તા. ૧૫-૬-૫૮ થી કાયમી જોડાણ :

૧. એડવાન્સ એકાઉન્ટીંગ ઍન્ડ ઑડિટીંગ
૨. બેન્કીંગ
૩. ઇકોનોમિક્સ ઑફ કોટન
૪. સ્ટેટિસ્ટીક્સ
૫. થિયરી ઍન્ડ પ્રેક્ટીસ ઑફ કો-ઓપરેશન

તા. ૨૦-૬-૫૮ થી વચ્ચારાનું જોડાણ

૧. ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Sir K. P. College of Commerce, Surat be granted permanent affiliation for teaching

courses of studies leading to the B.Com. Degree examination in the following optional subjects:

(1) Advanced Accounting and Auditing

(2) Advanced Banking

(3) Economics of Cotton

(4) Statistics, and

(5) Theory of Practice and Co-operation.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવા સેનેટને ભલામણ કરવી.

૩૭. શ્રી. હરસિદ્ધભાઇ ચ. દિવેટિયા ઉપકુલપતિ તરીકે વિવૃત્ત થયા હોવાથી હાલનો સ્ટે. ૧૩૦-અ. રદ કરી નવો સ્ટેટ્યુટ ઘડવા માટે સેનેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલનો સ્ટે. નં. ૧૩૦-એ. રદ કરવો તથા તેની જગાએ નીચેનો સ્ટેટ્યૂટ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

"S. 130-A. The following shall be the conditions subject to which the honorary office of the Vice-Chancellor shall be held:

(1) That the Vice-Chancellor be paid travelling allowance as per 0.153 from the date of his nomination as long as he holds office;

(2) that the Vice-Chancellor be paid Daily Allowance when out of Head Quarters (i.e. Ahmedabad) on University work at the rate admissible to Grade I Officers of the Bombay State or at the rate admissible to the Vice-Chancellor of the University of Bombay, whichever is higher from the date of his nomination, as long as he holds his office;

(3) that the Vice-Chancellor be provided with house accommodation together with lighting facilities therein, suitable to the status and dignity of his office and that he be provided with telephone facilities and further that a suitable motor conveyance be placed at his disposal."

૩૮. બિલ્ડીંગ કમિટીની તા. ૧૭-૧૨-૧૯૫૭ ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સેનેટ હૉલ અંગે સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧૨-૫૭ ની સભાનો ઠરાવ

"વિસ્તૃત ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

૧. કૉન્વોકેશન હૉલ યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગના આગળના ભાગમાં બાંધવો.

૨. કૉન્વોકેશન હૉલ આશરે રૂપિયા દસેક લાખના ખર્ચમાં બાંધી રહે તે રીતે બાંધવો.

૩. ઉપરના મુદ્દાઓ ૧ અને ૨ લક્ષમાં લઈને આ હૉલ આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજજરે તૈયાર કરેલા પ્લાન્સમાં યથોચિત ફેરફાર કરીને બાંધી શકાય એમ હોય અને તેમ કરવામાં પ્લાન્સમાં જરૂરી ફેરફાર કરવા પડે તો તે કરવાને આ બાબત પર બિલ્ડીંગ કમિટીનો અભિપ્રાય મંગાવવો.

૪. મજકૂર કૉન્વોકેશન હૉલ બાંધવા માટે શ્રી. ગજજરના પ્લાન્સ કામમાં ન આવે તો તે પ્લાન્સ તૈયાર કરાવવા માટે કેટલો ખર્ચ યુનિવર્સિટીને થશે તે જણાવવા માટે બિલ્ડીંગ કમિટીને વિનંતી કરવી.''

બિલ્ડીંગ કમિટીની ભલામણ

''સિન્ડિકેટના ઠરાવના પેરા ૧ અને ૨માં આપેલી આજ્ઞાને લક્ષમાં લઈને ઠરાવવામાં આવે છે કે, આર્કિટેક્ટ શ્રી. આત્મારામ એમ. ગજજરે તૈયાર કરેલા મૂળ પ્લાન કે જે પેરા ૧ માં કહેલી આજ્ઞા અનુસાર છે અને જેનું અંદાજી ખર્ચ રૂા. ૮,૦૦,૬૧૮-૧૪-૩ (ઇલેક્ટ્રીક ફીટીંગ, ડ્રેઇનેજ વોટર સપ્લાય અને આર્કિટેક્ટની ફી સિવાય) ત્યારે અડસટવામાં આવેલું, તે પ્રમાણે સેનેટ હૉલ બાંધવા આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે. આ અંદાજ ખર્ચ ૧૯૫૧ માં તૈયાર કરેલા હોવાથી અને હવે માલ સામાનના ભાવ વગેરેમાં થયેલા વધારાને લીધે, સેનેટ હૉલ બાંધવાના નવા અંદાજ રૂા. ૧૦ થી ૧૧ લાખનો થવા સંભવ છે, તે તરફ કમિટી સિન્ડિકેટનું ધ્યાન દોરે છે.

સેનેટ હૉલના આલેખો માટે સ્થપતિ શ્રી. આત્મારામ એમ. ગજજરને કુલ રૂા. ૧૦,૦૦૦ નું મહેનતાણું આપવા માટે આ સમિતિએ તેની તા. ૨૩-૮-૫૭ની સભામાં સિન્ડિકેટને કરેલી ભલામણ પરત્વે સિન્ડિકેટે મહેનતાણાનો પ્રશ્ન આ લેખોમાં યથાયિત ફેરફાર કરીને તેનો ઉપયોગ થઈ શકશે કે કેમ તથા ન થઈ શકે તો બીજા આલેખો તૈયાર કરાવવામાં કેટલો ખર્ચ આવશે વગેરે મુદ્દાઓનો નિર્ણય થએથી વિચારવો એમ સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૦/૧૧/૫૭ની સભામાં કરાવેલું તે બાબત પરત્વે ચર્ચા દરમ્યાન શ્રી રજિસ્ટ્રારે સમિતિનું ધ્યાન ખેંચ્યું હતું.''

તા. ૧૭-૧૨-૧૯૫૭ના રોજ મળેલી બિલ્ડીંગ સમિતિની ભલામણો વિષે વિચાર કરીને, નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો :-

૧. આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. આત્મારામ ગજજરે કૉન્વોકેશન હૉલ માટે તૈયાર કરેલા મૂળ આલેખો મંજૂર કરવા અને તે મુજબ બાંધકામ કરવું, ૨. આ બાંધકામ માટે બિલ્ડીંગ કમિટીએ જણાવ્યા મુજબ રૂપિયા અગીઆર લાખનો અંદાજ મંજૂર કરવામાં આવે છે. તથા તે મુજબ બાંધકામ કરવા માટે ટેન્ડરો મંગાવી બાંધકામ ઉપાડવામાં આવે.

૨ વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સેનેટ હૉલના બાંધકામની દેખરેખ (સુપરવીઝન)નું કામ માન્ય થએલા સ્થપતિઓની નામાવલિ પૈકીના એક મેસર્સ. આસરપોટા એન્ડ આસરપોટાને ૧ (એક) ટકાના દરે સોંપવું.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (૧) માં માન્ય કરવામાં આવેલ સેનેટ હૉલના આલેખો તૈયાર કરવા માટે, બિલ્ડીંગ કમિટીની તા. ૧૭-૧૨-૧૯૫૭ સભાની ભલામણ અનુસાર, સ્થપતિ શ્રી. આત્મારામ ગજજરને રૂા. ૧૦,૦૦૦ નું મહેનતાણું તેઓ જરૂર પ્રમાણેના detailed plans અને અન્ય વિગતો પૂરી પાડે તે શરતે અને ત્યાર પછી તેમને આપવામાં આવે.

૩૯. વિનયન વિભાગ અને વિજ્ઞાન વિભાગના પરિભાષા સમિતિના ચેરમેન તથા વિનયન વિભાગ તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા ઉપસમિતિઓના ચેરમેનોની તથા કન્વીનરોની તા. ૨૦-૧૧-૫૭ ના રોજ મળેલ સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તૈયાર થયેલા મજકૂર પરિભાષા સાહિત્યને ગુજરાતી ભાષા સાહિત્ય ભવન તે જોઈ તપાસી પ્રકાશન માટે તૈયાર કરી આપવા તેને આપવું ત્યારબાદ તે પરિભાષાના સાહિત્યને વહેંચતા વિભાગો પાડીને છપાવવા માટે કાર્યાલયને તજવીજ કરવી.

૪૦. સેનેટની તા. ૨૮/૨૯-૬-૫૭ ના રોજ મળેલ સભામાં કેટલાંક સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

અને

૪૩. જુન ૧૯૫૬ ની સેનેટની વાર્ષિક સભામાં થયેલી ચર્ચાઓ ઉપરથી ઉપસ્થિત થયેલ મુદ્દાઓ અંગે વ્યવહારિક પગલાં સૂચવવા સિન્ડિકેટને તેની તા. ૩૦/૩૧-૮-૫૭ ના રોજ મળેલી બેઠકમાં નીમેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૪૦ અને ૪૩ ની એકસાથે વિચારણા કરવામાં આવી અને તે પરત્વે ઠરાવવામાં આવ્યું કે આ સૂચનો પૈકી જે સૂચનો ઉપયોગી અને વ્યવહારૂ હોય તે જોઈ-તપાસીને યોગ્ય કરવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૪૧. ૧૯૫૮ ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે સભામાં કરવામાં આવેલા ફેરફાર સહિત પરીક્ષકોની નિમણૂકો માટેની યાદી મંજૂર કરવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ઈયરની પરીક્ષાના કેટલાક વિષયોમાં પૂરતી સંખ્યામાં ઓછામાં ઓછા બે વર્ષના શિક્ષણિક અનુભવ અંગેની જરૂરી લાયકાત ધરાવનાર શિક્ષકો મળી શકતા ન હોવાથી કોલેજોમાં કામ કરતા કેટલાક એક વર્ષનાં શિક્ષણિક અનુભવવાળા શિક્ષકોને અપવાદ તરીકે પરીક્ષકો તરીકે નીમવા માટે પરીક્ષા સમિતિઓને સૂચન કરવાં પડયાં છે તે માન્ય કરવાં. તથા પરીક્ષકને સામાન્ય રીતે ૫૦૦ ઉતરવહી સોંપવાની મર્યાદા છે તેમાં વધારો કરવો પડે તો તેમ કરવાની પરવાનગી અપવાદ ગણીને આપવામાં આવે છે.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ઈયર પ્રી-યુનિવર્સિટી ી આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની પરીક્ષાઓ માટે પરીક્ષકો, પ્રાઝિકો, મોડરેટરો તથા અધ્યક્ષોને તેમનાં કામ અંગે જરૂરી સૂચનાઓ આપવા માટે શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબની સંમતિ લઈને શ્રી. રજિસ્ટ્રાર આ વરસે ઘટતાં પગલાં લે.

૪૨. તા. ૬-૧૧-૫૭ ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરની અગિઆરમી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧. ઉનાળાની રજામાં વિદ્યાર્થીઓની શ્રમશિબિર પર્યટન ટ્રેન યોજવા અંગે.

"આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે યોજના પ્રમાણે જરૂરી વિગતો તૈયાર કરી તે માટે જરૂરી પગલાં વિચારી તેનો અમલ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. એચ. એ. ડિસોઝા
૨. ડૉ. પી. સી. વૈદ્ય
૩. પ્રોફેસર એચ. એ. મિસ્ત્રી
૪. પ્રોફેસર ચિમનભાઇ પટેલ
૫. શ્રી. છગનભાઈ પટેલ
૬. શ્રી. વી. પી. મહેતા

૨. યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓના શ્રમદાનથી હાથ ધરાનારા પ્રોજેક્ટની સંકલીન યોજના

"આથી ઠરાવવામાં આવે છે કે આવતે વર્ષે વિદ્યાર્થીઓના શ્રમદાનથી હાથ ધરવાની યોજનાઓમાં, મધ્યસ્થ સરકાર તરફથી ગ્રાન્ટ મેળવવા માટે સ્વીમીંગ પૂલની યોજના હાથ ધરવા માટે તથા સ્પોર્ટસ કાઉન્સિલની ગ્રાન્ટ મેળવવા માટે ઓડમિન્ટન હૉલ બાંધવા માટેની યોજનાઓ હાથ પર લેવા મંજૂરી આપવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યોજના પ્રમાણે યુનિવર્સિટી કેમ્પસ પર આ માટે સ્થળ નક્કી કરવા બિલ્ડીંગ કમિટી આગળ આ કામ રજૂ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

૩. હોસ્ટેલોની સામાયિક તપાસ અંગે

"આથી આ બાબતમાં સિન્ડિકેટ તરફથી એક સમિતિ નીમવા માટે તથા તે ઉપર બૉર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેરના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એ. શાહને આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થીઓની શ્રમશિબિર તથા પર્યટન-ટ્રેન યોજવા માટે બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરે સૂચવેલા સભ્યો ઉપરાંત એક સભ્ય

શ્રી જુગલકિશોર મિશ્રાને ઉમેરીને તે સભ્યોની બનેલી સમિતિ નીમવી તથા તે સમિતિને યોજના તથા તે અંગે ખર્ચના અંદાજ તૈયાર કરીને રજૂ કરવા માટે વિનંતી કરવી.

૪૪. વ્હીટ લોન મંડળમાંથી મળેલા વૈજ્ઞાનિક સાધનો માટે નીચે જણાવેલી સાયન્સ કૉલેજોમાંથી આવેલી માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત.

૧.	થીસ્કોનીમીટર	૧. એમ. ટી. બી. કૉલેજ, સૂરત ૨. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ૩. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ ૪. ડી. કે. વી. કૉલેજ, ભાવનગર ૫. શામળદાસ કૉલેજ, ભાવનગર ૬. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨.	પોલરોગ્રાફીક એનાલીસીસ એપરેટસ	૧. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ૨. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ ૩. ડી. કે. વી. કૉલેજ, જામનગર ૪. શામળદાસ કૉલેજ, ભાવનગર ૫. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ ૬. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૩.	કૉર્બન એન્ડ હાઇડ્રોજન એપરેટસ.	૧. એમ. ટી. બી. કૉલેજ, સૂરત ૨. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી ૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ ૪. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ ૫. ડી. કે. વી. કૉલેજ, જામનગર ૬. એમ. એન. કૉલેજ, વીસનગર ૭. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર ૮. શામળદાસ કૉલેજ, ભાવનગર ૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ૧૦. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદ ૧૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ ૧૨. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ

આથી ઠરાવવામાં આવે છે કે "બ્રીટ લોન ફંડ" માંથી મંગાવેલી વૈજ્ઞાનિક સાધનસામગ્રીની નીચે પ્રમાણે વહેંચણી કરવીઃ

૧.	વિસ્કોસી મીટર	એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, સ્થાપવામાં આવેલા ફિઝિકસનો અનુસ્નાતક અભ્યાસના કેન્દ્રને.
૨.	પોલરોગ્રાફિક એનાલિસીસ એપરેટસ.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટમાં સ્થાપવામાં આવેલા કેમિસ્ટ્રીના અનુસ્નાતક અભ્યાસના કેન્દ્રને.
૩.	કાર્બન ઍન્ડ હાઇડ્રોજન એપરેટસ.	એમ. ટી. બી. કૉલેજ, સુરતમાં સ્થાપવામાં આવેલા કેમિસ્ટ્રીના અનુસ્નાતક અભ્યાસના કેન્દ્રને.

/૪૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ગ્રાન્ટ માટે સમાજ વિદ્યાભવનનાં મંજૂર થયેલા નીચેની બધી જગાઓ પૂરવા માટે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧.	રીડર ઇન ઇકોનોમિકસ	બે
૨.	લેકચરર ઇન ,,	બે
૩.	પ્રોફેસર ઇન સોશિયોલોજી	એક
૪.	લેકચરર ઇન પોલિટિકસ	એક
૫.	લેકચરર ઇન સ્ટેટીસ્ટીકસ	એક
૬.	ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીકસ ફીકસ્ડ પે. રૂા. ૨૫૦ માસિક	એક

(નોંધ :-જગ્યા મંજૂર થયાના એક વર્ષમાં તે ન પૂરાય તો યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આપેલી મંજૂરી લેપ્સ થવાનો સંભવ છે

તથા

બે રિડર્સ ઇન ઇકોનોમિકસ અને એક પ્રોફેસર ઇન સોશિયોલોજીની જગાઓ ભરવાનું ઠરાવવામાં આવે તો એ. ૬૬ અનુસાર સેનેટના સભ્ય કે શિક્ષક ન હોય એવા ત્રણ સભ્યોની નિમણૂંક કરવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યાભવન માટે ઉપર જણાવેલી તમામ જગાઓ પૂરવા માટે આગળ પગલાં લેવા કાર્યાલયને જણાવવું. તે અંગે સુચવવામાં આવે છે કે આ જગાઓની લાયકાતનું ધોરણ અનુસ્નાતક શિક્ષકોને માન્ય રાખવાના ઓર્ડિનન્સમાં આંકેલું છે તે ઓછામાં ઓછું હોવું જોઇએ એ ધ્યાનમાં રાખવામાં આવે.

પ્રોફેસર

પીએચ.ડી. અને અનુસ્નાતક શિક્ષણ તથા સંશોધનના કામ માટે માન્ય થઇ શકે એવી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

રીડર

અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય રાખી શકાય એવો હોવો જોઇએ ઉપરાંત સંશોધનના કામમાં દોરવણી આપી શકે એવી લાયકાત ધરાવતો હોય તેને પહેલી પસંદગી આપવી યોગ્ય ગણાય.

લેક્ચરર

ઓછામાં ઓછી સ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે કામ કરી શકે એવી યોગ્યતા ધરાવતો હોવો જોઇએ. અનુસ્નાતક શિક્ષક તરીકે યોગ્યતા ધરાવતો હોય તેને પહેલી પસંદગી આપવી યોગ્ય મનાય.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઇન સાયકોલોજી એક જગા તથા રીડર્સ ઇન ઇકોનોમિકસની બે જગાની નીમણૂક માટે વરણી સમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે ઓ. ૬૬ મુજબ નીચેના નિષ્ણાતોને નીમવા :

પ્રોફેસર ઇન સાયકોલોજી :	૧. ડૉ. ડી. એન. મજમૂદાર
	૨. શ્રીમતી ઇરાવતી કર્વે.
	૩. શ્રી. કે. એમ. કાપડિયા.
રીડર્સ ઇન ઇકોનોમિકસ	૧. પ્રોફેસર સી. એન વકીલ
	૨. ડૉ. વી. કે. આર. વી. રાવ
	૩. પ્રિન્સિપલ વી. વાય. કોલ્હાટકર.

૪૬. ૧૯૫૮ માં દિવાળી ૧૦મી નવેમ્બરથી શરૂ થતી હોવાથી જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં દિવાળી વેકેશનની તારીખો બદલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૮ ના વર્ષમાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તથા માન્ય સંસ્થાઓમા દિવાળીની રજાઓ તા. ૧૭ મી ઓકટોબરથી તા. ૧૯ મી નવેમ્બર સુધીની રાખવી.

૪૭. યુનિવર્સિટી તરફથી ચાલતા યુ.પી.એસ.સી. ના વર્ગોમાં ૧૯૫૭-૫૮ ના વર્ષમાં પ્રથમ સત્રમાં આઠ વિદ્યાર્થીઓ દાખલ થયા હતા તેમાંથી બીજા સત્રમાં ફક્ત એકજ

વિદ્યાર્થિની ચાલુ રહ્યા છે આ વર્ગો આવતે વર્ષે ચાલુ રાખવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ-આ કલાસીસ ચલાવવા અંગે તે આર્થિક બોટ જાય છે તેના ૨/૩ જેટલી રકમ મુંબઈ સરકાર તરફથી આપવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. સમાજ વિદ્યાભવનના મકાનના વધારાના કામ અંદરના ફીનીશીંગ અંગેના દરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યાભવનના મકાનના વધારાના કામકાજ અંગેના દરો આ સાથે રજૂ કરેલ સૂચિ અનુસાર મંજૂર કરવા.

(સૂચિની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૯. યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કર્મચારીઓની નીચેની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

૧. માર્ચ-એપ્રિલ ૧૯૫૭ દરમિયાન લેવાયેલી પરીક્ષાના પરિણામો તૈયાર કરવામાં તથા તે પરીક્ષાઓ અંગેની તૈયારીના કામમાં કર્મચારીઓએ કરેલી ભૂલને માટે દંડ કરવામાં આવ્યો છે તે બધી ભૂલો ઓનાફાઈડ મીસ્ટેક હોવાથી તેમજ કોઇપણ જાતની ગેરરીતીને લીધે થઇ ન હોવાથી આ બધા દંડો માફ કરવા માટેની વિનંતી.

૨. આ પ્રમાણે જે દંડ થાય છે તે હાલમાં જે તે કર્મચારીઓની સર્વિસ બુકમાં નોંધવામાં આવતા નથી પરંતુ અગાઉ ભૂતકાળમાં જે થોડા દંડો સર્વિસ બુકમાં નોંધાયા હોય તેને રદ કરવાની વિનંતી.

આથી ઠરાવવામાં આવે છે કે-

૧. માર્ચ-એપ્રિલ ૧૯૫૭ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓનાં પરિણામ તૈયાર કરતાં તથા તે પરીક્ષાઓ અંગેની તૈયારી અંગેના કામમાં યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓએ કરેલી ભૂલોને માટે કરવામાં આવેલો દંડ માફ કરવાની કર્મચારીઓની વિનંતી મંજૂર કરવી નહિ.

૨. જે કેસોમાં કર્મચારીઓનો દંડ કોઇ Malafied ભૂલને કારણે કરવામાં આવ્યો હોય તો તે કર્મચારીઓની સર્વિસ બૂકમાં તેનો ઉલ્લેખ રાખવો; પણ તે સિવાયના દંડની બાબતનો ઉલ્લેખ સર્વિસ બુકમાં હોય તે ત્યાંથી કાઢી નાખવા શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૫૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. વી. એમ. દેસાઇનું રાજીનામું સ્વીકારવાના શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવા બાબત તથા શ્રી. દેસાઇની પ્રોવિડંટ ફંડની રકમ નિયમ મુજબ પાછી આપવા તથા નિયમ મુજબ તેમની

નોકરીને ૭ વર્ષ પૂરાં થયા હોવાથી તેમને ગ્રેજ્યુઇટી આપવાની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑફિસ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી. વી. એમ. દેસાઇનું રાજીનામું સ્વીકારવા ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી તથા શ્રી. દેસાઈને પ્રોવીડંટ ફંડની તેમના તથા યુનિવર્સિટીના ફંડ ફાળાની તેમના ખાતે નીકળતી રકમ વ્યાજ સાથે આપવી તથા તે ઉપરાંત તેમના ખાતે નીકળતી ગ્રેજ્યુઈટીની રકમ પણ આપવી.

૫૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટની જગા રાજીનામાથી ખાલી પડી હોવાથી તે પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટની ખાલી પડેલી જગા માટે વર્તમાન-પત્રોમાં જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી તથા ઉમેદવારોની ઓછામાં ઓછી લાયકાત અંગે નીચે મુજબની બાબતો જણાવવામાં આવે છે–

સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ, ૩૦ વર્ષથી ઓછી ઉંમર નહીં; તથા ઓછામાં ઓછા સાત વર્ષનો વહીવટી અનુભવ.

૫૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો પ્રોબેશન સમય પૂરો થયો હોવાથી તેમને તેમની જગાએ કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

નામ	જગા	તારીખ
૧. શ્રી. બી. વી. મહેતા	ટાઇપીસ્ટ સી. એમ. ઓ. ઓફિસ.	૧૨–૧૧–૫૭
૨. શ્રી. મુળજી કાળુજી	ચોકીદાર	૧૭–૧૧–૫૭
૩. શ્રી. જ્યાનસિંગ પ્રિતમસિંહ	,,	૧૯–૧૧–૫૭
૪. શ્રી રામદીન અનંગ	માળી	૧૫–૧૦–૫૭
૫. શ્રી ગુરૂદીન અરજુજી	માળી	૧૫–૧૦–૫૭
૬. શ્રી. ચુનીલાલ કોઠરદાસ	પટાવાળા લાયબ્રેરી	૧—૮–૫૭

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલી જગા અને તારીખથી કાયમ કરવા :-

૧. શ્રી. મૂળજી કાળુજી	ચોકીદાર	તા. ૧૭–૧૧–૧૯૫૭
૨. શ્રી. રામદીન અનંગ	માળી	તા. ૧૫–૧૦–૧૯૫૭
૩. શ્રી. ગુરૂદીન અરજુજી	માળી	તા. ૧૫–૧૦–૧૯૫૭
૪. શ્રી. ચૂનીલાલ કોઠરદાસ	પટાવાળા	તા ૧—૮–૧૯૫૭

અને ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. વી. મહેતાને હાલ કાયમ નહીં કરતાં તેમનો પ્રોબેશન સમય વધુ એક વર્ષ લંબાવવો. તેમજ ઠરાવવામાં આવે છે કે ગ્યાનસિંગને હાલ કાયમ નહીં કરતાં તેમનો પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો.

૫૩. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી "ડે સ્ટુડન્ટસ" માટે સ્ટુડન્ટસ હોમ ચાલુ કરવાની યોજના અંગે યુનિવર્સિટીએ બે યુનીટની યોજના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને મોકલી હતી પણ મુંબઈ સરકારે આ અંગે તેમને ફાળે આવતી આર્થિક જવાબદારી સ્વીકારવાની ના પડી હોવાથી એકજ યુનીટની યોજના ફરીથી યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને મોકલવામાં આવી હતી. સાથે સાથે ફરીથી મુંબઈ સરકારને ગ્રાન્ટ ન આપવા બાબતના તેમના નિર્ણયની પુનર્વિચારણા કરવા અંગે પણ સિન્ડિકેટના ઠરાવ અનુસાર લખવામાં અર્થ આવ્યું હતું પરંતુ તેમના તરફથી નકારાત્મક જવાબ આવ્યો હોવાથી એક યુનીટની યોજના અમલમાં મૂકવા અંગેની આર્થિક જવાબદારી યુનિવર્સિટી લેવા તૈયાર છે એમ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને જણાવવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને યુનિવર્સિટી એક યુનીટની યોજના અમલમાં મુકવા તૈયાર છે એમ જણાવ્યું છે પરંતુ તેની આર્થિક જવાબદારી અંગે પાછળથી જણાવવામાં આવશે એમ કમિશનને જણાવાયું છે.

૨. એક યુનીટની યોજનામાં નીચે મુજબ આર્થિક જવાબદારી યુનિવર્સિટીને આવે એમ છે:

૧. નોન-રીકરીંગ	રૂ. ૨,૧૫,૦૦૦ ના $\frac{1}{3}$ = રૂ. ૭૧,૬૬૬ આશરે	
૨. રીકરીંગ	રૂ. ૨૨,૧૦૦ ના $\frac{1}{2}$ = રૂ. ૧૧,૦૫૦	વાર્ષિક

આથી ઠરાવવામાં આવે છે કે "ડે સ્ટુડન્ટસ" માટે "સ્ટુડન્ટસ હોમ" ના એક યુનીટની યોજના મંજૂર કરવી તથા તે માટેના રિકેરન્ટ અને નોને-રિકરન્ટ અર્થની જવાબદારી સ્વીકારવી.

૫૪. આગામી ડિસેમ્બર માસમાં ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસનું અધિવેશન યુનિવર્સિટીના આશ્રય હેઠળ અમદાવાદમાં મળનાર હોવાથી તે અંગે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદ હેઠળ એક સ્વાગત સમિતિની રચના કરવા બાબત તથા અધિવેશન અંગે એક અથવા બે સ્થાનિક મંત્રીઓની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી ડિસેમ્બર માસમાં ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસના અધિવેશન માટે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદ હેઠળ રચવાની સ્વાગતસમિતિમાં મનોવિજ્ઞાન-ભવનના ડૉ. એમ. કે. ઠેને મંત્રી તરીકે તથા પ્રોફેસર વી. વી. આકોલકરને સંયુક્ત મંત્રી તરીકે નીમવા. તેઓ સમિતિની આગળની રચના કરવાનું કામ વિચારીને યોગ્ય સમયે રજૂ કરે.

૫૫. આગ્રા ખાતે તા. ૬ થી ૮ ફેબ્રૂઆરી ૧૯૫૮ સુધી મળનાર ત્રીજી ઇન્ડિયન સોશિયોલૉજીકલ કોન્ફરન્સ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર પરિષદના અધિવેશનમાં આહ્વાહક તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજવિદ્યાભવનના રીડર શ્રીમતી તારાબેન પટેલને મોકલવાં.

૫૬. ઇન્ટરનેશનલ લૉ એસોશિએશનની ભારતીય શાખા તરફથી શિકાગો યુનિવર્સિટીના પ્રો. ફિન્સી રાઇટના દિલ્હી ખાતે તા. ૧૦મી માર્ચથી ૨૨મી માર્ચ સુધી ઇન્ટરનેશનલ લૉ ઉપર યોજાનારા ઓરિએન્ટેશન લેક્ચર્સ માટે આ યુનિવર્સિટીના લૉ ફૅકલ્ટીના કોઈ સિનિયર શિક્ષકને મોકલવા બાબત મજકૂર એસોશિએશનના ઉપપ્રમુખ શ્રી. એમ. સી. સેતલવાડ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ:** યુનિવર્સિટી તરફથી એલ.એલ.એમ. માટે નીચેના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે.

૧. પ્રિન્સિ. એમ. એમ. ડાંકોર,
૨. પ્રિન્સિ. સી. ડી. વ્યાસ
૩. પ્રો. એમ. એસ. પંડિત

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એસોશિએશન તરફથી દિલ્હી ખાતે યોજવામાં આવેલ "ઇન્ટરનેશનલ લૉ" ઉપરના ઓરિએન્ટેશન વ્યાખ્યાનોમાં હાજરી આપવા માટે આ યુનિવર્સિટી તરફથી સાર્વજનિક લૉ કૉલેજ, સૂરતના આચાર્ય શ્રી. સી. ડી. વ્યાસને મોકલવા.

૫૭. સિંદરી ખાતે મળનારા એસોશિએશન ઑફ પ્રિન્સિપલ્સ ઑફ ટેકનીકલ ઇન્સ્ટિટ્યુશન્સ ઑફ ઇન્ડિયાના ૧૭ મા વાર્ષિક અધિવેશન માટે પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર એસોશિએશનના પ્રમુખ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ:-** મજકૂર પત્રમાં યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે પ્રિન્સિ. એસ. વી. સી. આઈયાનું નામ સૂચવાય એવી તેમની ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એસોશિએશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઇને મોકલવા જરૂર નથી.

૫૮. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તથા મુંબઇ રાજ્ય સરકાર બંને તરફથી કુલ રૂા. 30,000 ની ગ્રાન્ટ યુનિવર્સિટીની સેન્ટ્રલ વર્કશોપ માટે મળી હોવાથી તે અંગેની યોજના સિન્ડિકેટના ઠરાવ અનુસાર ટેકનોલૉજી ફૅકલ્ટીના ડીને તૈયાર કરેલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સેન્ટ્રલ વર્કશોપ માટે ટેકનોલોજી ઇન્કલ્યૂડીંગ એન્જિનીયરીંગની ફૅકલ્ટીના ડીને તૈયાર કરેલી યોજના મંજૂર કરવી.

૫૯. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓ તરફથી જે યોજનાઓ મંજૂર થાય તે અંગે Matching grants મુંબઇ સરકાર તરફથી અપાશે તે બાબત મુંબઇ સરકાર તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૬૦. ફર્સ્ટ ઇયર પ્રિ–યુનિવર્સિટી પરીક્ષાઓ હવે યુનિવર્સિટી તરફથી લેવાનાર હોવાથી ઍા–૮૯ માં નીચે પ્રમાણે સુધારો કરવા બાબત પેટલાદ કૉલેજ, પેટલાદના પ્રિન્સિપલ તરફથી આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

સુધારેલો ઓર્ડિ. ૮૯ નીચે મુજબ વંચાશે :

O. 89 "If as the result of a student leaving one college, to join another, it is necessary for him to count the attendance registered in more than one college to enable him to make up the necessary number of attendance, transference Certificate shall not be granted except,

(i) In case the parent or guardian with whom the student has been residing is transferred to another place;

(ii) When a change of air for the improvement of the students health has been recommended by a recognised medical practioner;

*(iii) For such other reasons as may be found satisfactory to the Vice-Chancellor.

ઉપરના સુધારાની ફર્સ્ટ ઇયરના વિદ્યાર્થીઓ પણ એક ટર્મની આખરે કૉલેજ બદલી શકશે.

આથી ઠરાવવામાં આવે છે ઑર્ડિનન્સ ૮૯ ને ઉપર મુજબ સુધારવો તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૬૧. નીચેના અનુસ્નાતક વિદ્યાર્થીઓના સત્ર માટે ખૂટતી હાજરી માફ કરવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(આ બધા કેસોમાં ૫૦ ટકા કરતાં વધુ હાજરી ખૂટતી હોવાથી સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવ્યા છે.

---

*It will be competant for the Syndicate to permit a student to join another college when a town in which the college attended by the student is situated, is declared infected with plague or other epidemic disease.

૧. વિદ્યાર્થીનું નામ :– શ્રી. જે. આર. પટેલ

કૉલેજનું નામ :– સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર

વિષય :	કુલ હાજરી	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી	સત્ર
ગુજરાતી	૭૮	૫૨	૪૩	–૯	પહેલું
સંસ્કૃત	૧૨	૮	૪	–૪	

નોંધ :– ડૉકટરોનું સર્ટિફીકેટ છે.

૨. વિદ્યાર્થીનું નામ :– આર. એમ. શર્મા

કૉલેજનું નામ :– સ્કૂલ ઑફ ગુજરાતી એન્ડ લિટરેચર

વિષય :	કુલ હાજરી	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી	સત્ર
ગુજરાતી	૭૮	૫૨	૭૦	૧૮	પહેલું
સંસ્કૃત	૧૨	૮	૫	–૩	

નોંધ :– ૧. ડૉકટરનું સર્ટિફીકેટ છે.

૨. મુખ્ય વિષયમાં ૧૮ હાજરી વધારે ભરેલ છે.

નામ	કૉલેજ	વિષય	કુલ હાજરી	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી	સત્ર	નોંધ
૩. શ્રી. એન. જે. શુકલ.	ગુજરાતી સ્કૂલ	ગુજરાતી	૭૮	૫૨	૩૯	–૧૩	પહેલું	ડૉકટરનું સર્ટિફી-
		ઈંગ્લીશ	૧૮	૧૨	૫	–૭	,,	કેટ છે.
૪. શ્રી. બી એમ. પંડિત.	,,	ગુજરાતી	૭૮	૫૨	૫૪	૨	,,	,,
		સંસ્કૃત	૧૨	૮	૫	–૩		

નોંધ:– મુખ્ય વિષયમાં ૨ વ્યાખ્યાનની હાજરી વધારે ભરેલ છે.

૫. શ્રી. એન. આર. કલ્યાણી.	ગુજરાતી સ્કૂલ	ગુજરાતી	૭૮	૫૨	૫૪	૨	,,	,,
		હિન્દી	૩૪	૨૩	૧૨	–૧૧		

નોંધ:– મુખ્ય વિષયમાં ૨ વ્યાખ્યાનની હાજરી વધારે છે.

નામ	કૉલેજ	વિષય	કુલ હાજરી	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી	સત્ર	નોંધ
૬. શ્રી. બી. એ. પટેલ.	સેંટ ઝેવિયર્સ	હિન્દી	૬૬	૪૪	૩૫	–૯	,,	,,
		ગુજરાતી	૨૧	૧૪	૧૦	–૪		
૭. શ્રી. એમ. આર. મહેતા.	એ જી. ટિચર્સ	એમ.એડ.	૨૭	૧૮	૯	–૯	ત્રીજું	,,

નોંધઃ– પહેલા સત્રમાં ૪ અને બીજા સત્રમાં ૨ હાજરી વધારે ભરેલ છે.

૮. શ્રી. જે. પી. ઠક્કર.	એલ. એ શાહ	એલએલ. એમ.	૩૯	૨૬	૧૯	–૭	પહેલું	,,

આથી અપવાદ તરીકે ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના પ્રથમ સત્રમાં ફલુના વાવરને લઇને જે અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી તેની માંદગીના કારણે ખૂટતી હોય તે વિદ્યાર્થીઓની બંને સત્રોની ભેગી હાજરી ગણીને જરૂરી નિર્ણય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

આ પછી સભાનું કામકાજ તે દિવસે બંધ કરવામાં આવ્યું હતું અને સભા તા. ૧૯-૧-૧૯૫૮ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ફરી કામકાજ શરૂ થયું.

૬૨. હાલ પ્રોવિડંટ ફંડની રકમો સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયામાં મૂકાતી હોવાથી તેના ઉપર કાંઇ વ્યાજ મળતું નથી. આ રકમો નિયમ પ્રમાણે શીડયુલ બેંકમાં પણ મૂકી શકાતી હોવાથી તેમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડ માટે કોઇ શેડયુલ બેંકમાં સેવીંગ બેંક એકાઉન્ટ ખોલવા માટે શ્રી. ઉપકુલપતિની મંજૂરી લઇને ઘટતું કરવાની શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી. અને તેને ઓપરેટ પણ કરવાની સત્તા શ્રી. રજિસ્ટ્રારને આપવી.

૬૩. એમ.એ. માં શંકર વેદાંત લઇ ફર્સ્ટ કલાસ સાથે પાસ થનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક આપવા આનંદાશ્રમ બિલખાના ટ્રસ્ટીમંડળ વતી શ્રી. કે. કે. ઓઝા તરફથી આવેલા રૂા. ૫૩૦૦ ની ૩ ટકા ગવર્મેન્ટ લોનની દરખાસ્ત સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– આ બાબત સિન્ડિકેટની તા. ૧૬/૧૭–૧૧–૧૯૫૭ ની સભા સમક્ષ મૂકી હતી પરંતુ દાનની રકમ રૂા. ૧૫૦ જેટલું વાર્ષિક વ્યાજ મળે એવડી ન હોવાથી ઉપર મુજબની દાનની રકમમાં વધારો કરવા દાતાઓને સૂચવવામાં આવતાં તેમણે રકમ ઉપર મુજબ વધારવા તૈયારી બતાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. માં શંકર વેદાંત લઈ ફર્સ્ટ કલાસ સાથે પાસ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા આનંદાશ્રમ બિલખાના ટ્રસ્ટી મંડળ તરફથી રૂા. ૫૩૦૦ની ત્રણ ટકાની કન્વર્ઝન લોનના દાનની દરખાસ્ત આવે તેનો સાભાર સ્વીકાર કરવો.

૬૪. ઈન્ટર સાયન્સ બી-ગ્રુપમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી. શરદ એ. ઝાલા ગોલ્ડ મેડલ" આપવા માટે પ્રો. એ. ડી. ઝાલા તરફથી ૩ ટકાની રૂા. ૫૩૦૦ ની કન્વર્ઝન લોન આપવાની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત. તથા ચાલુ વર્ષમાં મેડલ આપવા માટે રૂા. ૧૫૦ ની વધારાની રકમ આપવા અંગે તેમના તરફથી આવેલા પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ બાબત સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧૧-૫૭ ની સભા સમક્ષ મૂકી હતી પરંતુ દાનની રકમ રૂા. ૧૫૦ જેટલું વાર્ષિક વ્યાજ મળે એવડી ન હોવાથી ઉપર મુજબ દાનની રકમમાં વધારો કરવા શ્રી. ઝાલાને જણાવવામાં આવ્યું હતું તેઓએ જુલાઇ ૧૯૫૮ માં ઉપર મુજબની રકમ આપવા તૈયારી બતાવી છે તેમજ આ વર્ષના મેડલ માટે રૂા. ૧૫૦ તાત્કાલિક આપવા તૈયારી બતાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર સાયન્સ "બી" ગ્રુપમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી શરદ એ. ઝાલા સુવર્ણચંદ્રક" આપવા માટે પ્રોફેસર એ. ડી. ઝાલા તરફથી ત્રણ ટકાની રૂા. ૫૩૦૦ની કન્વર્ઝન લોન આપવાની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૬૫. ગ્રાન્ટ યુનિલાઇઝેશન કમિટીના તા. ૧૬-૧૨-૫૭ ના રોજ મળેલી સભાના નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના નીચેના અધ્યાપકોને તેઓ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ આપવા સિન્ડિકેટને **ભલામણ કરવી :**

(૧)	ડો. વિક્રમ સારાભાઇ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી **અમદાવાદ.**	રૂા. ૨૦૦૦ સામાન્ય જર્નલમાં કામ પ્રસિદ્ધ કરવાની શરતે
(૨)	પ્રિ. ડો. આર. ડી. દેશાઇ એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	રૂા. ૫૦૦ની રદ (લેપ્સ) થયેલી સંશોધન અંગેની મદદ તાજી કરવી.

૨. (૩) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. જે. ઝવેરીને આપેલ સંશોધન ગ્રાન્ટના બીજા હપ્તાની ગ્રાન્ટ ચાલુ વર્ષ માટે (રીન્યુ) તાજી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ડો એ. ડી. જોસેફને આપેલ સંશોધન ગ્રાન્ટના બીજા હપ્તાની ગ્રાન્ટ ચાલુ વર્ષ માટે તાજી (રીન્યુ) કરવી.

૪) આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૬-૫૭ના વર્ષ માટે જેઓને ગ્રાન્ટ આપી હતી અને જેઓના હપ્તા આપવાના બાકી છે તેમની ગ્રાન્ટ ચાલુ વર્ષ માટે તાજી (રીન્યુ) કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંશોધન માટેની ગ્રાન્ટ લીધા બાદ છ માસમાં પ્રથમ હપ્તો લઇ કરેલ કાર્ય બાબતમાં હિસાબની સાથે છ માસિક કાર્યનું પ્રગતિ અંગેનું નિવેદન-પ્રોગ્રેસ રિપોર્ટ પણ અચૂક મંગાવવાનો આગ્રહ રાખવો અને પ્રથમ હપ્તા અંગેનો છ માસિક રિપોર્ટ આવ્યા સિવાય બીજો હપ્તો અદા કરવો જોઇએ નહિ એમ પણ ઠરાવવામાં આવ્યું.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટસ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૬-૧૨-૧૯૫૭ની સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૬. "ડિપ્લોમા ઇન ફાર્મસી" ના સર્ટિફીકેટનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે રજૂ કરેલો "ડિપ્લોમા ઇન ફાર્મસી" ના પ્રમાણ-પત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬૭. એમ.બી.બી.એસ. ની પરીક્ષા પસાર કર્યા પછી "ઇન્ટર્નશિપ" માટે આ યુનિવર્સિટીની હદમાં આવેલી રેકગ્નાઇઝડ હોસ્પિટલોની યાદી તૈયાર કરવા અંગે મેડિકલ ફેકલ્ટીએ નીમેલી સમિતિની ભલામણ તથા તે ઉપર મેડિકલ ફેકલ્ટીના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણ:

આથી આ સમિતિ ફેકલ્ટી ઑફ મેડિસિનને ભલામણ કરે છે કે એમ.બી.,બી.એસ. ની પરીક્ષા પસાર કર્યા બાદ વિદ્યાર્થીએ ઇન્ટર્નશીપ કરવી જરૂરી હોવાથી તે માટે તૈયાર કરવામાં આવેલ હોસ્પિટલોની યાદી તે તે હોસ્પિટલોને રેકગ્નાઇઝ કરવા સારૂ સ્વીકારવી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે તે યાદીમાં જણાવેલ હોસ્પિટલોમાં ઇન્ટર્નીઝ માટે પૂરતી સગવડ ફેસીલીટીઝ છે કે કેમ વગેરે બાબતો સારૂ નીચે જણાવેલ સભ્યોને તે તે હોસ્પિ-ટલોની મુલાકાતે મોકલવા અને તેમણે તે અંગે વિગતવાર અહેવાલ મોકલવોઃ

૧. ડૉ. એસ. બી. અંકલેસરીઆ
૨. ડૉ. એમ. ડી. પટેલ

૩. ડૉ. જે. જે. દેસાઇ
૪. ડૉ. જી. વી. ખર્વે
૫. ડૉ. એન. એચ. દેસાઇ
૬. ડૉ. પી. સી. રક્ષિત

ઉપરના ૬ સભ્યો પૈકી બબ્બેના ગ્રુપમાં હૉસ્પિટલોની મુલાકાતે જવું અને તેમણે દરેક હૉસ્પિટલો વિષે વિગતવાર અહેવાલ રજૂ કરવો.

નીચેની હૉસ્પિટલો પાસેથી વિગતો મંગાવવી:

૧. મ્યુનિસિપલ હૉસ્પિટલ, વલસાડ.
૨. વિક્ટોરીયા મેટરનીટી હૉસ્પિટલ, પાંચકુવા દરવાજા બહાર, અમદાવાદ.
૩. પાર્વતીબાઇ મેટરનીટી હૉસ્પિટલ, જોર્ડન રોડ, દરિયાપુર, અમદાવાદ-૧.
૪. ગુલાબબાઇ હૉસ્પિટલ, ધનાસુથારની પોળ, રિલીફ રોડ અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. ની પરીક્ષા પસાર કર્યા પછી અને મેડિકલ પ્રકટીશનર તરીકેના રજીસ્ટ્રેશન પહેલાં વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ માટે મ્યુનિસિપલ કોરપોરેશન હસ્તક મેટર્નીટી અને બીજી મેડિકલ સંસ્થાઓમાં ઇન્ટર્નીઝ તરીકે મોકલવા ગુજરાત યુનિવર્સિટી વિચાર કરે છે તો તે વિદ્યાર્થીઓને કોરપોરેશન એમની સંસ્થાઓમાં ઇન્ટર્નીઝ તરીકે સ્વીકાર કરશે કે કેમ અને તેમને ઇન્ટર્નશીપ દરમ્યાન બોર્ડિંગ અને લોજીંગની સગવડ આપશે કે કેમ તે અંગે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના કમિશ્નરને પૂછાવવું અને જરૂરી માહિતી મંગાવવા."

મેડિકલ ફૅકલ્ટીનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ફૅકલ્ટીએ રેકગ્નાઇઝડ હૉસ્પિટલોની યાદી તૈયાર કરવા માટે જે સમિતિ નીમી હતી તેનો અહેવાલ મંજૂર કરવો અને તે સ્વીકારવા આથી આ ફૅકલ્ટી સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફૅકલ્ટીના ઠરાવ મુજબ નીચે જણાવેલા સભ્યોને હૉસ્પિટલોની મુલાકાત લઇને હૉસ્પિટલો અને મેડિકલ ઑફિસરોને ઑર્ડિ. ૨૭૨-એ. મુજબ માન્ય કરવા માટેની તપાસ કરી રિપોર્ટ કરવા વિનંતી કરવી.

૧. ડૉ. એસ. બી. અંકલેસરીઆ
૨. ડૉ. મોતીભાઇ ડી. પટેલ
૩. ડૉ. જે. જે. દેસાઈ
૪. પ્રિન્સિ. ડૉ. જી. વી. ખર્વે
૫. ડૉ. એન. એચ. દેસાઇ
૬. પ્રિન્સિ. ડૉ. પી. સી. રક્ષિત

૬૮. ૧૯૫૮ અને તે પછીની પરીક્ષાઓ માટે પરીક્ષકો વિ. માટે મહેનતાણા તથા અન્ય ઠરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે રજૂ કરવામાં આવેલી સૂચિ અનુસાર ૧૯૫૮ અને તે પછીની પરીક્ષાઓ માટે પરીક્ષકો, પ્રાશ્નિકો વગેરે માટે મહેનતાણાના તથા અન્ય ઠરો મંજૂર કરવા.

ઠરોની સૂચિની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે હવે પછી મોકલવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની ફૅકલ્ટીઓમાં ફર્સ્ટ ઈયર પ્રિ-યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે અગાઉ મંજૂર કરવામાં આવેલા ઠરો રદ કરીને નીચે પ્રમાણે મહેનતાણાના ઠરો રાખવાઃ

કુલ ઉત્તરપત્રો તપાસવાનું જે મહેનતાણું થાય તેમાં તથા તેના પાંચ ટકા જેટલા ઉત્તરપત્રો ફરી તપાસવા (મોડરેટ કરવા) માટે ઉત્તરપત્રો તપાસવાના ઠરે જે મહેનતાણું થાય તે મહેનતાણું ઉમેરવું અને કુલ રકમ મહેનતાણા પેટે થાય તેને ચેરમેન-મોડરેટર, મોડરેટર-પ્રાશ્નિકો તથા પરીક્ષકોએ સૌમાં સરખે ભાગે વહેંચી આપવી તથા પ્રત્યેક મોડરેટરે પ્રાશ્નિકને ઉચક રૂા. ૫૦ની રકમ વધારે આપવી તથા પ્રત્યેક ચેરમેન મોડરેટરને ઉચક રૂા. ૧૦૦ની રકમ વધારે આપવી.

૬૯. પ્રેસ મેનેજરની નિમણૂક અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તારીખ ૧૭-૧-૧૯૫૮ના રોજ મળનારી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રેસ મેનેજર તરીકે કામ કરી શકે તેવા કોઈ નિષ્ણાતની સેવાઓ નવજીવન ટ્રસ્ટ પાસેથી ઉછીની મળી શકે તો તે મેળવવા ઉપકુલપતીશ્રીને સત્તા આપવી.

૭૦. એસ્ટાબ્લીશમેન્ટ અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તારીખ ૧૫-૧-૧૯૫૮ ના રોજ મળનારી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સ્થાયી સમિતિની તારીખ ૧૫-૧-૧૯૫૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી,

(ભલામણો પરિશિષ્ટ " ઘ " તરીકે સામેલ છે.)

૭૧. ફાઇનાન્સ કમિટીની તા. ૧૬-૧-૧૯૫૮ ના રોજ મળનારી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની તા. ૧૬-૧-૫૮ ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(ભલામણોની નકલ પરિશિષ્ટ " ચ " તરીકે સામેલ છે.)

૭૨. અન ફેર મીન્સ કમિટીની તા. ૧૫-૧-૫૮ ના રોજ મળનારી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "મિસ્ટેકસ ઍન્ડ અનફેર મીન્સ" કમિટીની તા. ૧૯-૧-૧૯૫૮ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવી.

(નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૩. લેક્ચરર ઇન સ્ટેટીસ્ટિકસની નિમણૂક અંગે સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિની તા. ૧૫-૧-૧૯૫૮ ના રોજ મળેલી સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણ અનુસાર શ્રી. એસ એમ. શાહને ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં સ્ટેટીસ્ટિકસના લેકચરર તરીકે માસિક રૂા. ૩૨૫ વત્તા રૂા. ૫ (આ રૂા. ૫ ભાવિ વાર્ષિક પગાર વધારામાં મળી જાય) ના પગારથી એક વર્ષના પ્રોબેશન પર નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિના હેવાલની કંડિકા ૫ પરત્વેની વિચારણા હવે પછીની સભા માટે મોકૂફ રાખવી.

૭૪. નીચે જણાવેલ વિદ્યાર્થી તરફથી તેના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબત તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

નામ	ડીગ્રી	વિષય
૧. શ્રી. આઈ. ડી. દેસાઈ	એમ.એસસી. એગ્રિ.	"Effect of Thyroxine on the yield and composition of milk of Kankraj cows."

(નોંધ:- એગ્રિકલ્ચરની અભ્યાસસમિતિ નહિ હોવાથી આ બાબત બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના આચાર્યને રેફરીઓના નામ સૂચવવા ભલામણ કરવામાં આવેલ હોવાથી મજકૂર આચાર્ય તરફથી નીચેના નામો સૂચવવામાં આવેલ છે:

(1) Dr. S. C. Ray, M.Sc., Ph.D., A.R.I.C.,
Milk Commissioner to the Govt. of West Bengal
Writers Building, Calcutta.

(2) Shri V. Mahadevan,
Prof. of Animal Nutrition, Veternary College,
Madras-7.

(3) Dr. C. P. Anantkishnan,
National Dairy Research Institute,
Karnal (Punjab).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઝની તેમના ક્રમાનુસાર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ મજકૂર મહાનિબંધ તપાસવા માટે નીચે પ્રમાણે રેફરીઓની નિમણૂક ક્રમ અનુસાર કરવી:

(1) Dr. S. C. Ray, M.Sc., Ph.D., A.R.I.C.,
Milk Commissioner to the Govt. of West Bengal,
Writers Building, Calcutta.

(2) Shri V. Mahadevan,
Prof. of Animal Nutrition, Veternary College,
Madras-7.

(3) Dr. C. P. Anantkrishnan,
National Dairy Research Institution,
Karnal (Punjab).

૭૫. નીચેના વિદ્યાર્થીની પીએચ.ડી. ડીગ્રી માટે આવેલ મહાનિબંધ ઉપર રેફરીઝની નિમણૂક અંગે કૉમર્સની અભ્યાસસમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

વિદ્યાર્થીનું નામ	વિષય
શ્રી. એમ. એન. જકાતે	"Cotton co-operatives with special reference to South Gujarat."

અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના વિદ્યાર્થી તરફથી આવેલ મહાનિબંધ માટે તેમના નામની સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી.

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
શ્રી. એમ. એન. જકાતે	૧. શ્રી. આર. જી. સરૈયા નવસારી ચેમ્બર્સ, આઉટરામ રોડ, મુંબઇ. અથવા ૨. શ્રી. બી. કે. વૈશંમ્પાયન માર્કેટીંગ રિસર્ચ ઑફિસર, કો-ઓપરેટીવ ડિપાર્ટમેન્ટ, મુંબઇ રાજ્ય, મુંબઇ. અથવા ૩. પ્રો. વોકર મીશીગન યુનિવર્સિટી, મીશીગન. યુ.એસ.એ. "

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઓની તેમના ક્રમાનુસાર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૬. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂક કરવા અંગે કેમિસ્ટ્રીની અભ્યાસ-સમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય
૧. શ્રી. ડી. બી. ઘડાવાલા	એમ.એસસી.	1. " Chemistry " Synthesis of Chalkanes and studies in fries rearrangements.
૨. શ્રી. ડી. આર. દેસાઇ	"	2. " Chemistry " Synthesis of 4-Ketoquinazoline Derivatives.
૩. શ્રી. કે. જે. શાહ	"	3. Synthesis of Thiazolidones and Substituted Thioureas.

કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધો માટે તેમના નામની સામે જણાવેલ નીચેના રેફરીની નિમણૂક કરવી:

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
૧. શ્રી. ડી. બી. ધડાવાલા	1. G. V. Jadhav, Subhadra Mahal, Gokhale Road, Dadar (North) Bombay. Or 2. Dr. R. C. Shah, National Chemical Laboratory, Poona.
૨. શ્રી. ડી. આર. દેસાઇ	1. Dr. R. C. Shah, National Chemical Laboratory, Poona Or 2. Dr. G. V. Jadhav, Subhadra Mahal, Gokhle Road, Dadar, (North) Bombay.
૩. શ્રી. કે. જે. શાહ	1. Dr. M. S. Sethna, M. S. University of Baroda, Baroda. Or 2. Dr. K. S Nargund, Karnatak University, Dharwar."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઝની તેમના ક્રમાનુસાર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૯૭. નીચે જણાવેલ વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂક અંગે માયકોબાયોલૉજીની અભ્યાસ-સમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય
જયોર્જ યુસુફાસન	એમ.એસસી.	Microbiology-Studies on the Bacterial Blight of Tomato Chilies and Egg-Plant."

માયકોબાયોલૉજીની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચે જણાવેલ વિદ્યાર્થી તરફથી પીએચ.ડી. ની ડીગ્રી માટે આવેલ મહાનિબંધ માટે તેમના નામની સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી.

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
જયોર્જ યુસુફાસન	Dr. M. K. Patel, Ph.D. Agriculture College, Bombay-Poona Road, Poona-3. Or Dr. J. V. Bhat, Ph.D.,D.Sc, Head of the Fermantation Technology Section, Indian Institute of Science, Bangalore-3. Or Dr. F. Fernadez, Director, C.F.T R I, Mysore."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઓની તેમના ક્રમ અનુસાર નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૮. **નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂક કરવા અંગે ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:**

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય
શ્રી. જે. બી. દવે	પીએચ.ડી.	"Physics" Studies in the options of the Atmospher with special reference to twilights sky intensities and to the vertical distribution of "Ozone". **Internal Reference** Dr. K. R Ramnathan.
શ્રી. પી. ડી. ભાવસાર	પીએચ.ડી.	"Studies in cosmic Rays."

ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેના વિદ્યાર્થીઓ તરફથી આવેલ પીએચ.ડી. ડીગ્રી માટેના મહાનિબંધ માટે તેમના નામની સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી."

વિદ્યાર્થીનું નામ	વિષય
૧. શ્રી. પી. ડી. ભાવસાર	1. Prof. D. C. Rose, National Research Council, Otawa–2. (Canada) Or 2. Prof. Y. Sekido, Physical Institute, Nagaya University, Chikesarker, Nagoya (Japan) Or 3. Prof. A. Ehmert, Max Planck, Institute, Weissenau bei, Ravensburg W. Germany.
૨. શ્રી. જે. બી. દવે	1. Prof. Sydney Chopman F.R.S. Geophysical Institute, University of Alaska, Alaska (U.S.A) Or 2. Prof. *Z.* Sekora, D.Sc. Dept. of Mateorology 405, Hilgard Avenue, Uni. of California, Los Angeles, California (U.S A.)"

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઝની તેમના ક્રમ અનુસાર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૯. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય અંગે આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂક અંગે ગુજરાતીનો અભ્યાસસમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

	નામ	ડીગ્રી	વિષય
૧.	શ્રી. આઈ. કે. દવે ગુજરાત કૉલેજ, અમદાવાદ.	પીએચ.ડી.	'Kalapi' - A study with special reference of his mind and Literature.
૨.	શ્રી. ઉપેન્દ્ર આર. ભટ્ટ	,,	ગુજરાતી ચારિત્રવાઙમયની ટૂકી રૂપરેખા અને નિરૂપણ.
૩.	શ્રી. સત્યદેવ આઈ. પટેલ	,,	રણછોડભાઈ ઉદયરામ એક નાટ્યકાર તરીકે.

ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઉપરના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ નીચેના રેફરીઓની નિમણૂક કરવી:

નામ	રેફરીનું નામ
૧. શ્રી. આઈ. કે. દવે	૧. શ્રી. મનસુખભાઈ ઝવેરી, ૧-૭ સામન્ત બ્લોક, કામા રોડ, અંધેરી-મુંબઈ. અથવા ૨. પ્રો. શ્રી. સુંદરજી બેટાઈ ૧૫, દાદાભાઈ રોડ, વિલેપાર્લે, મુંબઈ-૨૪.

નામ	રેફરીનું નામ
૨. ઉપેન્દ્ર આર. ભટ્ટ	૧. શ્રી. વિજયરાય વૈદ્ય તંત્રી "માનસી" કૃષ્ણનગર, ભાવનગર અથવા ૨. ડૉ. મંજૂલા મજમૂદાર પ્રતાપગંજ, વડોદરા.
૩. સત્યદેવ આઇ. પટેલ	૧. જ્યોતિન્દ્ર દવે, પરમાનંદ બિલ્ડીંગ, ફોરજેટ સ્ટ્રીટ, પો. ગ્રાન્ટરોડ, મુંબઈ-૭. અથવા ૨. શ્રી. ચંદ્રવદન મહેતા, ફૅકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સ, વડોદરા યુનિ. વડોદરા-૨."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલા રેફરીઝની તેમના ક્રમ અનુસાર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૦. બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરનો તા. ૬-૧૨-૫૭ના રોજ મળેલી ૧૧મી સભાની નીચેની ભલામણ અનુસાર સમિતિ રચવા પરવાનગી આપવા બાબત.

વિદ્યાર્થીઓની શારીરિક તપાસના આંકડા ઉપરથી નોર્મ્સ સ્ટેન્ડર્ડ ડેવીએશન વિ. કાઢવા બાબત.

"આ અંગે સ્ટેટીસ્ટિકલ બ્રાન્ચના વડા શ્રી. વશી સભામાં હાજર રહ્યા હતા અને ચર્ચાને અંતે તેમના અભિપ્રાય કે નોર્મ્સ કાઢવા માટે બધાજ વર્ગના વિદ્યાર્થીઓનો સેમ્પલ સર્વે કરવો જોઇએ તે સાથે સૌ સંમત થયા હતા અને ઠરાવવામાં આવ્યું હતું કે આ માટે નવેસરથી યોજના ઘડવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. નાનુભાઇ દેસાઇ
૨. ડૉ. જી. વી. ખર્વે
૩. પ્રો. ડી. જી. વશી
૪. રજિસ્ટ્રાર

૫. સી. એમ. ઓ.

૬. ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલ્ફેરની ભલામણ અનુસાર મજકૂર બાબત અંગે સમિતિ રચવા માટે તેને પરવાનગી આપવી.

૮૧. યુનિવર્સિટી સેનેટ ઉપર પ્રિન્સિપલ સહિતના શિક્ષક વિભાગમાંથી ટેકનોલૉજી સહિતના ઍન્જિનિયરીંગ ફૅકલ્ટીમાંથી ખાલી પડેલી ત્રણ જગાઓ માટેની પેટા ચૂંટણી માટે મતદાન મથકો નક્કી કરવા બાબત.

(અમદાવાદમાં યુનિ. કાર્યાલયમાં અને મોરબીમાં લખધીરજી ઍન્જિનિયરીંગ કૉલેજમાં મતદાન મથક રાખવા કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પેટા ચૂંટણી માટે અમદાવાદમાં યુનિવર્સિટી કાર્યાલયમાં અને મોરબીમાં લખધીરજી ઍન્જિનિયરીંગ કૉલેજમાં મતદાન મથકો રાખવાની કાર્યાલયની સૂચના મંજૂર કરવી.

૮૨. પરીક્ષા પદ્ધતિમાં સુધારા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની ચોથી બેઠકની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને મોકલતા પહેલાં મજકૂર બાબત પર યુનિવર્સિટીની આર્થિક જવાબદારી કેટલી થશે તથા ભલામણોમાં સૂચવવામાં આવેલ બૉર્ડને કેટલો વખત કામ કરવાનું થશે, વગેરે બાબતો અંગે અંદાજ કાઢીને તેની સાથે મજકૂર સૂચના વિષે વિગતે યોજના રજૂ કરવાની વિનંતી સાથે આ બાબત મજકૂર સમિતિની પુનર્વિચારણા માટે મોકલી આપવી.

૮૩. નીચેના સભ્યોની ફૅકલ્ટી નક્કી કરવા એસાઇન કરવા બાબત.

૧. શ્રી. સી. સી. દેસાઇ

૨. શ્રી. એ. બી. પંડયા

૩. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનના નીચેના ત્રણે સભ્યોને ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડીંગ એજ્યુકેશન "એસાઈન" કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. શ્રી. સી. સી. દેસાઇ

૨. શ્રી. એ. બી. પંડયા

૩. જુલગકિશોર મિસ્ત્રી"

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. સી. દેસાઈ, શ્રી. એ. બી. પંડયા તથા શ્રી. જુગલકિશોર મિશ્રાને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઈન્ક્લ્યુડીંગ એજ્યુકેશન "એસાઈન" કરવી.

૮૪. સેનેટના સભ્ય શ્રી. રમણીકલાલ મણિયારને ફૅકલ્ટી ઑફ લૉ ને બદલે આર્ટ્સ ફૅકલ્ટી એસાઇન કરવા અંગે તેમણે કરેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમણિકલાલ ત્રિકમલાલ મણિયારને "એસાઇન" કરવામાં આવેલી ફૅકલ્ટી ઑફ લૉ રદ કરીને તેમને ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લ્યુડીંગ એજ્યુકેશન "એસાઈન" કરવા સિન્ડિકેટને ભલામણ કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમણિકલાલ ત્રિકમલાલ મણિયારને ફૅકલ્ટી ઑફ લૉ ને બદલે ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઈન્ક્લ્યુડીંગ એજ્યુકેશન "એસાઈન" કરવી.

૮૫. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ એસોશિએશનના મદ્રાસ ખાતે તા. ૬-૧-૫૮ થી તા. ૧૧-૧-૫૮ સુધી મળનારા અધિવેશન માટે ડૉ. કે. જી. નાયક, ડૉ. વાય. જી. નાયક અને ડૉ. આર. ડી. દેસાઇ જઇ શકે એમ ન હોવાથી તેમની જગ્યાએ ડૉ. એ. એમ. ત્રિવેદીને મોકલવા અંગે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપી.

૮૬. સોઇલ કોન્ઝર્વેશન સોસાયટી ઑફ ઇન્ડિયાના ત્રિવેન્દ્રમ ખાતે તા. ૨૬ થી ૨૯ ડિસેમ્બર સુધી મળેલા ૬ ઠ્ઠા વાર્ષિક અધિવેશન માટે સિન્ડિકેટે અગાઉ પ્રતિનિધિ ન મોકલવા એમ નક્કી કર્યું હતું પરંતુ સાયન્સ ફૅકલ્ટીના ડીનની ભલામણ અનુસાર ઉપકુલપતિશ્રીએ શ્રી. આર. કે. શાહને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યા તે કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપી.

૮૭. ૧૯૫૭ ના ઑક્ટોબરમાં લેવાએલી પહેલી એમ.બી.,બી.એસ. ની પરીક્ષામાં ઉમેદવાર નં. ૬૫ ની ઉત્તરપત્રોની ચકાસણી થતાં તેમને પાસ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપી.

૮૮. નીચેની નિમણૂકો યુનિવર્સિટી કાર્યાલયમાં કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧. શ્રી. બી. ટી. પઠાણ–સ્ટેનોગ્રાફર તા ૩-૧-૧૯૫૮ થી યુનિ. સ્કૂલ ઑફ સાયકોલૉજી

હંગામી ક્લાર્કસ

૧.	શ્રી. એ. એન ટેમાઈ	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૨.	શ્રી. આઇ. એમ. કપ્પર	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૩.	શ્રી. સી. સી. શાહ	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૪-૫૮
૪.	શ્રી. પી. સી. શાહ	તા ૫-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૫.	શ્રી. ડબલ્યુ એન. કિશ્ચન	તા. ૩-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૬.	શ્રી. કે. બી. ઢવે	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૭.	શ્રી. એ. ટી. મિસ્ત્રી.	તા ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૮.	શ્રી. સી. સી. ઢવે	તા. ૧૬-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૯.	શ્રી. બી. એલ. જડાવાલા	તા. ૨૭-૨-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૧૦.	એમ. એ. ત્રિવેદી	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૪-૫૮
૧૧.	શ્રી. એચ. એમ. શાહ	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮
૧૨.	શ્રી. મંજૂલ એમ. શાહ	તા. ૧-૧-૫૮	થી	તા. ૩૦-૬-૫૮

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮૯. સિન્ડિકેટે ૧૯૫૮ ના વર્ષ માટે મંજૂર કરેલ રજાઓ ઉપરાંત તારીખ ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાન્તિનો તહેવાર હોવાથી તે દિવસે રજા જાહેર કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૦. ચાલુ વર્ષ દરમ્યાન આપવામાં આવેલ એકસ્ટર્નલ તથા કૉલેજોના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કામચલાઉ એનરોલમેન્ટ સર્ટિફીકેટોને કાયમી સર્ટિફીકેટો તરીકે ગણી લેવા અંગે ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૧. ગ્રાન્ટસ યુટિલાઇઝેશન કમિટીના હરાવ અનુસાર નીચેના ત્રણ અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલી ગ્રાન્ટ આપવા બાબત ડૉ. કે. જી. નાયક અને ડૉ. આર. ડી.

ફેસાઈની બનેલી સમિતિએ ભલામણ કરી હોવાથી તેમને તે ગ્રાન્ટ આપવાના ઉપકુલપતિ-શ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧.	શ્રી. જી. સી અમીન	૩. ૫૦૦
૨.	શ્રી. એમ. જે. પટ્ટણી	૩. ૨૫૦
૩.	શ્રી. વી. ટી. ઓઝા	૩. ૫૦૦

૬૨. ગ્રાન્ટસ યુટિલાઈઝેશન કમિટીની ભલામણ અનુસાર નીચેના ત્રણ અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલી સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવા બાબત.

૧.	શ્રી. જી. સી. અમીન	૩. ૫૦૦
૨.	શ્રી. એમ. જે. પટ્ટણી	૩. ૨૫૦
૩.	શ્રી. વી. ટી. ઓઝા	૩. ૫૦૦

આથી ઠરાવવમાં આવે છે કે મજકૂર સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

ત્યારપછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. ૮૭૫૫-૧-૧૯૫૮,
અમદાવાદ-૯ તા. ૩૦-૧-૧૯૫૮.

કં. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૪૮

Revised estimate for the extra work (outside finishing) of the school of social sciences as under :-

		Quantity	*Rate*	*Per*	*Amount.*
1.	Supplying and fixing 2" Thick R.C.C. horizontal Sun-breaking including finish complete.	575 0 Sft.	1-12	Sft.	1006.25
2.	4" Asbeatos cement rain water down take pipes including fixing.	830.0 Rft.	2-8--0	Rft.	2075.00
3.	Cutting recess for down take pipes and filling them with cement mortar etc.	524.0 Rft.	0-8--0	Rft.	262.00
4.	Finishing in terraso Dase of R.C.C. Railing.	210.0 Rft.	2-8--0	Rft.	525.00
5.	Patent Stone 2" Thick in Hall.	700.0 Sft.	80-0--0	Sft.	350 00
6.	Extra Steel used in slab etc.	63.0 Cwt.	45-0--0	Cwt.	2700.00
				Total ...	6915 25
				Unforseen ... 10% ...	691 82
				Total ...	7610.07

Say Rs. 7610.00

Sd/- **Atmaram. M. Gajjar,**
G.D. Arch. F.I.I A. Architect.
Astodia Road, Ahmedabad.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૬૬

Certified that the withinsigned



of L. M. College of Pharmacy
having been examined for the Diploma in Pharmacy and placed in the _____ Class and having completed the necessary practical training for the same,

the said

DIPLOMA IN PHARMACY

has been conferred on h____ in the year one thcusand nine hundred and fifty_____

IN TESTIMONY whereof are set the seal of the Gujarat University and the signature of the Vice-Chancellor of the said University.

_____

Vice-Chancellor

પરિશિષ્ટ "ચ"

કામકાજ ૭૧

તા. ૧૬-૧-૫૮ ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની સિન્ડિકેટને ભલામણો.

૧. યુનિ. પ્રેસ, ગુજરાતી સ્કુલ તથા સાયકોલૉજી ડિપાર્ટમેન્ટની લેબોરેટરી માટે મંગાવેલ ફરનીચરના ભાવ તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે પ્રમાણેનું ફરનીચર ખરીદવું:

અનુ. નં. તથા વિગત	જરૂરીયાત	વેપારીનું નામ	ભાવ રૂા. નયે પૈસા	નોંધ
૧. રેકઝીન ટેબલ ૫'-૬'-૨૫'.	૧ પ્રેસ ૨ ગુ. સ્કુલ.	જયકલા ફરનીચર માર્ટ	૧૪૨.૦૦	ભાવ સૌથી ઓછા હોવાને લીધે.
૨. ખુરશી.	૩ ગુ. સ્કુલ. ૧૫ પ્રેસ માટે	ન્યુ ફરનીચર માર્ટ નં. ૮. જયકલા ફર. માર્ટ નં. ૧૦.	૨૫.૨૦ ૨૫.૦૦	બંને વેપારીના ભાવ લગભગ સરખા હોવા ને લીધે.
૩. ઈઝી ચેર	૧ ગુ. સ્કુલ.	,, ,,	૪૫.૦૦	ભાવ સૌથી ઓછા હોવાને લીધે.
૪. ટેબલ ફેન માટેના સ્ટુલ.	૧ ગુ. સ્કુલ. ૧ પ્રેસ ૨ સાયકોલૉજી	ન્યુ ફરનીચર માર્ટ	૧૯.૯૫	,, ,,
૫. પટાવાળાના સ્ટુલ	૨ ગુ. સ્કુલ. ૧ પ્રેસ ૮ સાયકોલૉજી	જયકલા ફર. માર્ટ	૧૪.૦૦	,, ,,
૬. ટેબલ બુક સ્ટેન્ડ	૧ ગુ. સ્કુલ. ૧ પ્રેસ	ન્યુ ફરનીચર માર્ટ	૮.૦૦	,, ,,
૭. ટેબલ- ૪'-૨'-૨૫'.	૨ પ્રેસ માટે	,, ,,	૧૩૦.૦૦	,, ,,
૮. કમિટી ટેબલ ૬'-૩'-૨૫'.	૧ ,, ,,	,, ,,	૧૬૫.૦૦	,, ,,

તા. ૧૮/૧૯-૧-૧૯૫૮

અનુ નં.	તથા વિગત	જરૂરીયાત		વેપારીનું નામ	ભાવ રૂા. નયે પૈસા	નોંધ
૯.	સાઇડ રેક.	૨ ૧	ઑફીસ પ્રેસ	ન્યુ ફરનીચર માર્ટ	૪૨.૦૦	ભાવ સૌથી ઓછા હોવાથી.
૧૦.	ટેબલો– ૪′–૨′–૩′. પડઘાવાળા.	૫	પ્રેસ માટે	નરોત્તમ ભાણાભાઇ પંચાલ. એક નમુનો બનાવી આપ્યા પછી બાકીનો ઓર્ડર આપવો.	૮૧.૦૦	,, ,,
૧૧.	ટેબલ– ૪૫′–૪′–૪′ પડઘાવાળા.	૧	પ્રેસ માટે	નરોત્તમ ભાણાભાઇ પંચાલ.	૧૧૧.૦૦	,, ,,
૧૨.	સેક્રેટરી માટેના ટેબલ ૫′–૩′–૩૦″	૬	સાયકોલૉજી	,, ,, એક નમુનો જોઇ પછી બાકીનો ઓર્ડર આપવો.	૧૨૧.૦૦	,, ,,
૧૩.	સેક્રેટરી ટેબલો– ૩′–૩′–૩૦″	૬	સાયકોલૉજી	ન્યુ ફરનીચર માર્ટ	૬૮.૨૫	,, ,,
૧૪.	સેક્રેટરી ટેબલ– ૨૫′–૨૫′–૩૪′	૨	,, ,,	,, ,,	૩૭.૮૦	,, ,,

૨. યુનિ. ની ૧૯૫૭ ના વર્ષની પરીક્ષાના જવાબપત્રો તથા પરચુરણ રદ્દી વેચવા મંગાવેલા ભાવ તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:નીચે પ્રમાણે એનસરણુક વિ. નું વેચાણ કરવું.

આ વખતે મેસર્સ એસોસીએટેડ સપ્લાયર્સનું સીલબંધ ટેન્ડર કમિટી સમક્ષ ખોલવામાં આવ્યું હતું.

	વિગત	વેપારીનું નામ	ભાવ રૂા. ન. પૈ.	નોંધ
૧.	જુની એન્સરણુક	ન્યુ બોટલ એન્ડ પસ્તી સ્ટોર્સ	રૂા. ૧૪.૦૦ કાચા મણના	યુ. પી. સાઇડ પર મોકલી આપવાની શરતે

વિગત	વેપારીનું નામ	ભાવ રૂા. ન. પૈ.	નોંધ
૨. પરચુરણ રદ્દી	ન્યુ બોટલ એન્ડ પસ્તી સ્ટોર્સ	૧૧.૩૧ કાચા મણના	ભાવ સૌથી વધારે હોવાથી
૩. છાપાઓ	,, ,,	૧૯.૩૧ કાચા મણના	,, ,,
૪. પ્રેસની કતરણ.	એસોસીએટેડ સપ્લાયર્સ	૪.૨૫.	,, ,,

૩. યુનિ. પ્રેસ માટે ફુલ્સકેપ તથા ક્રાઉન પ્રિન્ટીંગ કાગળ ખરીદવા મંગાવેલ ટેન્ડરો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ખલામણ કરવામાં આવે છે કે નીચે પ્રમાણે કાગળો યુનિ. પ્રેસ માટે ખરીદવા.

વિગત	જરૂરીયાત	વેપારીનું નામ	ભાવ	કાગળની જાત
૧. ફુલ્સકેપ ક્રોમલેઈડ	૧૦૦. રીમ	મે. આર. ઓચ્છવલાલની કું.	૧૫.૦૦	સીરપુર ૧૬॥ રતલી.
૨. સફેદ પ્રિન્ટીંગ ૨૦"-૩૦"-૨૪	૧૦૦ ,,	પ્રમોદ પેપર માર્ટ	૦.૮૫ રતલના	સીરપુર ૨૪ રતલી.
૩. સફેદ પ્રિન્ટીંગ ૧૮"-૨૩"-૧૪ રતલી.	૪૦ ,,	,, ,,	૧૩.૭૭ રીમના.	સીરપુર.

૪. સને ૧૯૫૮ની પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો છપાવવા માટે જુદા જુદા સેન્ટરો પરના પ્રેસોના મંગાવેલ ભાવ તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ખલામણ કરવામાં આવે છે કે જુદા જુદા સેન્ટરો ઉપર નીચે જણાવેલ પ્રેસો પર તે સામે જણાવેલ દરે સને ૧૯૫૮ની પરીક્ષાના પ્રશ્નપત્રો છપાવવા.

૧. અમદાવાદ સેન્ટર:

એડવાન્સ પ્રિન્ટરી. દરેક પ્રશ્નપત્રના ૪૫ રૂા. ૫૦૦ કોપીના દર. વધારાની ૧૦૦ કોપીના રૂા. ૨. જે પ્રશ્નપત્રમાં ગુજરાતી તથા અંગ્રેજી બંન્ને હોય તેના રૂા. ૮૦. કાગળ તથા પેકીંગ ચાર્જીસ અલગ.

૨. નડિયાદ સેન્ટર :

આથી ઠરાવવામાં આવે છે કે લોકમત પ્રિન્ટીંગ પ્રેસને ગઇ સાલના દરે એટલે કે નીચેના દરે કામ આપવું.

રૂા. ૩૫. એક બાજુના ૫૦૦ નકલના.
,, ૫૦. દરેક પેપરના ,, ,,
,, ૮૦. દરેક પેપરના જ્યારે અંગ્રેજી તથા ગુજરાતી બંન્ને ભાષામાં હોય ત્યારે કાગળ યુનિવર્સિટીએ આપવાના રહેશે.

૩. પેટલાદ સેન્ટર :

મે. ક્રિશ્ન પ્રિન્ટરી ને એસ.એસ.સી. ના દરો જે નીચે પ્રમાણે છે તે દરે કામ આપવું.

નકલ	એક પાન	બે પાન	ત્રણ પાન	ચાર પાન
	રૂા.	રૂા.	રૂા.	રૂા.
૫૦	૨૧	૪૧	૬૨	૮૦ કાગળના
૧૦૦	૨૩	૪૪	૬૪	૮૪ સાથેના ભાવ.
૫૦૦	૨૫	૪૫	૭૦	૯૦
૧૦૦૦	૩૨	૫૨	૮૦	૧૦૪

૪. ભરૂચ સેન્ટર

પદ્મવિલાસ ઇલેકટ્રીક પ્રિન્ટીંગ પ્રેસને નીચેના દરે કામ આપવું :

દરેક સાઇડના પહેલી	૨૦૦	નકલના	રૂ. ૨૦	
વધારાની	૧૦૦	,,	,, ૫	
	૫૦૦	,,	,, ૩૦	કાગળના પૈસા અલગ.
વધારાની	૧૦૦	,,	,, ૫	રીમે રૂા. ૧૪ આપવા રહેશે.
	૧૦૦૦	,,	,, ૪૦	
વધારાની	૧૦૦	,,	,, ૫	

૫. સુરત સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે આઈ. પી. મીશન પ્રેસને ગયા વર્ષના દરે કામ આપવું.

ગયા વર્ષના દરો નીચે પ્રમાણે હતા:

રૂા. ૫૦ દરેક પેપરના
,, ૧૦૦ જ્યારે ઈંગ્લીશ અને ગુજરાતી બન્ને ભાષામાં છાપવાનું હોય ત્યારે.
ભાવ કાગળ સાથેના છે.

૬. **નવસારી સેન્ટર**

આથી ઠરાવવામાં આવે છે કે મણિ મુદ્રણાલયને એસ.એસ.સી. બૉર્ડના દરે એટલે કે નીચેના દરે કામ સોંપવું:

નકલ	૧ પાનું	૨ પાના	૩ પાના	૪ પાના	
૫૦	૨૮.૫૦	૫૬.૫૦	૮૫.૦૦	૧૧૩.	
૧૦૦	૨૯.૦૦	૫૭.૦૦	૮૬.૦૦	૧૧૪.	
૫૦૦	૩૨.૦૦	૬૦.૦૦	૯૬.૦૦	૧૨૦.	કાગળો સાથેના
૧૦૦૦	૪૦.૦૦	૬૮.૦૦	૧૦૮.૦૦	૧૩૬.	ભાવ છે.

૭. **વલસાડ સેન્ટર**

આનંદ સાગર પ્રેસને નીચેના દરે કામ આપવું :

	નકલ	એક સાઇડ	બે સાઇડ	ત્રણ સાઇડ	
	૨૦૦	૪૨.	૮૨.	૧૨૪.	
વધારાની	૧૦૦	૪.	૫.	૬.	
	૫૦૦	૫૫.	૧૦૫.	૧૬૦.	ભાવ કાગળ
,,	૧૦૦	૫.	૬.	૭.	સાથેના છે.
	૧૦૦૦	૬૫.	૧૨૦.	૧૮૫.	
,,	૧૦૦	૬.	૭.	૮.	

૮. **વિસનગર સેન્ટર**

આથી ઠરાવવામાં આવે છે કે એસ.એસ.સી. બૉર્ડના દરે વિસનગર પ્રિન્ટરીને કામ આપવું.

નકલ	પાના નં. ૧	બે બાજુ	ત્રણ બાજુ	ચાર બાજુ
૫૦	૧૬.	૨૮.	૪૧.	૫૩.
૧૦૦	૧૮.	૩૧.	૪૬.	૫૯.
૫૦૦	૨૩.	૩૭.	૫૮.	૭૨.
૧૦૦૦	૩૪.	૫૦.	૭૯.	૯૫.

ઉપરના દર ઉપરાંત કુલ રકમમાં દસ ટકા વધારે આપવાના રહેશે. કાગળ સાથેના ભાવ છે.

૯. **ભાવનગર સેન્ટર**

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ પ્રિન્ટીંગ પ્રેસને સરકારી દરે કામ આપવું.

૧૦. મોરબી સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે પી. એચ. ખોખાનીને એસ.એસ.સી. બૉર્ડના નીચેના દરે કામ આપવું :

નકલ	એક પાનું	બે પાના	ત્રણ બાજુ	ચાર બાજુ	
૫૦	૨૭.	૫૪.	૮૧.	૧૦૮.	
૧૦૦	૨૮.	૫૬.	૮૪.	૧૧૨.	કાગળ સાથેના
૫૦૦	૩૧.	૬૨.	૯૩.	૧૨૪.	ભાવ છે.

૧૧. રાજકોટ સેન્ટર

ગવર્નમેન્ટ પ્રિન્ટીંગ પ્રેસને સરકારી દરે કામ આપવું.

૧૨. જુનાગઢ સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે દોશી પ્રિન્ટીંગ પ્રેસને નીચેના એસ.એસ.સી. બૉર્ડના દરે કામ આપવું.

નકલ	૧ બાજુ	૨ બાજુ	૩ પાના	૪ પાના
૫૦	૨૬.	૫૮.	૮૭.	૧૧૬.
૧૦૦	૨૬.૫૦	૫૬.	૮૮.૫૦	૧૧૮.
૫૦૦	૩૫.	૬૪.	૯૭.	૧૨૮.

૧૩. પોરબંદર સેન્ટર

મહાવીર પ્રિન્ટીંગ પ્રેસને દરેક બાજુના રૂા. ૨૦. ના ૨૦૦ કોપીના દરે કામ આપવું. કાગળની કિંમત રીમના રૂા. ૧૫. જુદા આપવા.

૧૪. જામનગર સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસને નીચેના દરે કામ આપવું.

	૨૦૦ નકલ	વધારાની ૧૦૦ નકલ	૫૦૦ નકલ	વધારાની ૧૦૦ નકલ	૧૦૦૦ નકલ	વધારાની ૧૦૦ નકલ
પહેલી બાજુ	૧૦.	૩.	૧૮.	૩.	૨૫.	૩.
બીજી બાજુ	૮.	૫.	૧૪.	૫.	૨૪.	૫.

ભાવ કાગળ સાથેના છે. સંસ્કૃત અને ગણિત માટે દરેક બાજુના રૂા. ૨ આપવાના રહેશે.

૧૫. સુરેન્દ્રનગર સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસને એસ.એસ.સી. બૉર્ડના નીચેના દરે કામ આપવું.

નકલ	૧ બાજુ	૨ બાજુ	૩ બાજુ	૪ બાજુ	
૫૦	૧૪	૨૯.	૪૫.	૫૮.	
૧૦૦	૧૬.	૩૦.	૪૬.	૫૮.	કાગળ સાથેના
૫૦૦	૨૨.૫૦	૩૬.	૫૬.	૭૦.	ભાવ છે.

૧૬. ભુજ સેન્ટર

આથી ઠરાવવામાં આવે છે કે કચ્છ મિત્ર પ્રિન્ટીંગ પ્રેસને નીચેના દરે કામ આપવું.

નકલ	૧ બાજુ	૨ બાજુ	૩ બાજુ	૪ બાજુ
૫૦	૨૬.	૫૨.	૭૮.	૧૦૪
૧૦૦	૨૭.	૫૪.	૮૧.	૧૦૮.
૫૦૦	૪૧.	૫૮.	૮૯.	૧૧૬.

૧૭. અલીઆબાડા સેન્ટર

આ સેન્ટર ઉપરના પ્રશ્નપત્રો જામનગર છપાવવાની વ્યવસ્થા કરવી.

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૭૨

૧૯૫૭ ના બીજા છ માસ દરમ્યાનની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો (Unfair means) નો ઉપયોગ કર્યો હોય તેવા કેસો તથા જે પ્રાધ્યિકો, પરીક્ષકો, સુપરવાઈઝરો તેમજ સ્ટાફના સભ્યોએ ભૂલો કરી હોય તેમના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલ Unfair means and Mistake Committee ની એક સભા બુધવાર તા. ૧૫-૧-૫૮ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં નીચેના સભાસદો હાજર હતા :

૧. શ્રી. વાઈસ-ચાન્સેલર
૨. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ
૩. શ્રી. એસ. એમ. શાહ
૪. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ

મજકૂર સમિતિએ તેની આગળ મૂકવામાં આવેલ દરેક કેસોને લગતાં કાગળો તપાસી વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

ગેરવ્યાજબી ઇલાજો અંગેના કેસ

પરીક્ષા	સમિતિનો રિપોર્ટ
નં. ૭૯ બી. કોમ.	ઑક્ટોબર ૧૯૫૭ની પરીક્ષામાં નાપાસ જાહેર કરવા અને માર્ચ ૧૯૫૮ની બી કોમ. ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી.

પ્રશ્નપત્ર કાઢનાર પરીક્ષક તેમજ સુપરવાઇઝરની ભૂલો

પ્રો. પી. એ. ત્રિવેદી	ભવિષ્યમાં પ્રશ્નપત્રના દરેક પ્રશ્નો તદ્દન સ્પષ્ટ રીતે અને વિદ્યાર્થીને સમજવામાં કોઇપણ પ્રકારની ગેરસમજુતી ન થાય એ રીતે કાઢવાની કાળજી રાખવાનું તેમને જણાવવું.
ડૉ. ડી. એન બાગચી	બે વિદ્યાર્થીઓના ઉત્તરપત્રો આવેલા નથી તેમ તેમને લાગતાં તે તેમની પાસે આવેલા નથી તેમ તે વિદ્યાર્થીઓએ સીધી પૂછપરછ કરવા માટે તેમજ પ્રૂફ રીડીંગમાં કરેલી ભૂલ માટે તેમને એક વર્ષ સુધી પ્રાધ્યિક કે પરીક્ષક તરીકે તેમજ

પ્રુફ રીડર તરીકે નીમવા નહી અને પ્રુફ રીડર તરીકેનું તેમનું એક દિવસનું મહેનતાણું આપવું નહી.

મિન્સિ. એસ. વી. સી. આઇયા
સિનિયર સુપરવાઇઝર

ઑકટોબર ૧૯૫૭ માં લેવાએલ બી.ઈ. ની પરીક્ષાના બીઝનેઝ ઓરગેનાઇઝેશન અને વર્કશોપ મેનેજમેન્ટના વિષયના પરીક્ષકે જણાવેલ કે તેમને સિનિયર સુપરવાઇઝર તરફથી સુપરવાઇઝરના રિપોર્ટની નકલ મોકલવામાં આવેલ નહિ આ અંગે તેમનો ખુલાસો જોતાં આ બાબતમાં કાંઇ પગલાં લેવા જરૂરી નથી.

શ્રી. ડી. વી. પરમાર
જુનિ. સુપરવાઇઝર
બી.ઈ. એકઝામિનેશન ઑકટોબર ૧૯૫૭

ઉમેદવારોને આપવામાં આવેલા ઉત્તરપત્રો આપતી વખતે તેના પર સહી નહિ કરવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપી લેવા.

ડૉ. પી. પી. શેઠ

ઑકટોબર ૧૯૫૭ માં લેવાએલ થર્ડ એમ બી., બી.એસ. માં બેઠેલ વિદ્યાર્થીના એક સવાલના માર્કસ બીજા સવાલના પાના ઉપર મૂકેલા હતા, તે બાબતમાં તેમને ભવિષ્યમાં વધુ કાળજીથી કામ કરવા માટે તાકીદ આપવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરૂં થયું હતું.

નં. એકઝામ-એ. -૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા.

ક્ષ. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

ખાનગી :

સિન્ડિકેટ (ફેબ્રુઆરી)
તા. ૧-૨-૧૯૫૮ ૧૨.૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ફેબ્રુઆરી ૧૯૫૮ની સભા શનિવાર તારીખ ૧-૨-૧૯૫૮ ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ઉપકુલપતિ શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇના પ્રમુખસ્થાને ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી મગનભાઇ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર,
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઇ રાજ્ય	ગેરહાજર,
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર,
૫.	શ્રી. બટુભાઇ હ દેસાઈ	હાજર,
૬.	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ	હાજર,
૭.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૮.	શ્રી. નવનીતલાલ એસ. શેાધન	હાજર,
૯.	ડૉ. નાનુભાઈ આર. દેસાઇ	હાજર,
૧૦.	શ્રી. બિહારીલાલ પેા. શાહ	હાજર,
૧૧.	ડૉ. વિક્રમ એ. સારાભાઇ	હાજર,

૧૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૧૩.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર,
૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એસ. વી દેસાઈ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૭.	પ્રિન્સિપલ એમ. એમ. કાકોર	બેરહાજર.

૧. તા. ૧૮/૧૯-૧-૫૮ ના રોજ મળેલી સિન્ડિકેટની ૧૯૫૮ ની પ્રથમ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૮/૧૯-૧-૧૯૫૮ના રોજ મળેલી જનેવારી ૧૯૫૮નાં સભાના કામકાજની નોંધને સભાગૃહે બહાલી આપી તથા તે પર ઉપકુલપતિશ્રાએ સહી કરી.

૨. સ્ટે. ૧૯૬ માં સુધારો કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

S. 173. For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce and the First Year Diploma Class in Pharmacy, a candidate must have passed the S.S C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an equivalent Examination, in each of the seven subjects, provided he has passed in English (at higher or lower level) and/or as a separate head or a sub-head.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના સ્ટેટયૂટ નં. ૧૭૩ સુધારવા માટેના ઍકેડેમિક કાઉન્સિલના મુસદ્દામાં "In each of the" એ શબ્દોને બદલે "in at least" એ શબ્દો મૂકીને તથા "(at higher or lower level)" એ શબ્દો પછી આવતા "and/or as a separate head or a sub-head" એ શબ્દો રદ કરીને સુધારેલો રૂટે ન. ૧૭૩ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી. સુધારેલો સ્ટેટયૂટ નં. ૧૭૩ નીચે મુજબ વંચાશે:

"**S. 173** : For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce and the First Year Diploma Class in Pharmacy a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an equivalent Examination, in at least seven subjects, provided he has passed in English (at higher or lower level) "

૩. તા. ૧૩-૧-૧૯૫૮ ના રોજ મળેલી બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૮મી ની બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૧-૫૮ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝમાં ઑર્ડિ. ૪૭ (૫) અને (૬) હેઠળ નીમાતા સભ્યોના સભ્યપદની મુદત તા. ૩-૨-૧૯૫૮ ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝ પર ઑર્ડિ. નં. ૪૭(૫) અનુસાર શ્રી. લલ્લુભાઇ એચ. પટેલ અને શ્રી. સી. સી. દેસાઈની નિમણૂક કરવા તથા ઑર્ડિનન્સ નં. ૪૭(૬) પ્રમાણે બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝ પર નીચેના સભ્યોની નિમણૂક કરવીઃ

૧. શ્રી. પી. જી. શાહ
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ
૩. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ
૪. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૫. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૬. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ
૭. પ્રિન્સિપલ પ્રેમશંકર એચ. ભટ્ટ

૫. લાયબ્રેરી કમિટી ઉપર સિન્ડિકેટ તરફથી નીમાયેલા સભ્ય શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ હવે ઉપકુલપતિશ્રી તરીકે મજકૂર સમિતિના અધ્યક્ષ હોવાથી તેમની ખાલી પડેલી જગાએ બીજા સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટી પર ખાલી પડેલી મજકૂર જગાએ સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ એલ. આર. દેસાઈની નિમણૂંક કરવી.

૬. ૧૯૫૬-૫૭ ના વર્ષનો હેવાલ (એન્યુઅલ રિપોર્ટ) તૈયાર કરવા અંગે સમિતિની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૬-૫૭નો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવીઃ

૧. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૩. પ્રિન્સિપલ એલ આર. દેસાઇ

૭. ૧૯૫૮-૫૯ ના નાણાંકીય વર્ષનું અંદાજપત્રક તૈયાર કરવા માટે સમિતિનો નિમણૂંક કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ ના નાણાંકીય વર્ષનું અંદાજપત્રક તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવીઃ

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ

૩. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ
૫. ડૉ. વિક્રમ એ. સારાભાઈ

૮. ચાલુ વર્ષે માર્ચ માસમાં લેવાનારી પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે માર્ચ માસમાં લેવામાં આવનાર ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) ની પરીક્ષાઓ માટે આ સાથે જોડેલી સૂચિ અનુસાર સિનિયર સુપરવાઇઝરોની નિમણૂંક કરવી. (સૂચિની નકલ પરિશિષ્ટ 'ખ" તરીકે સામેલ છે.)

૯. સ્કોલરશિપ, રિસર્ચ સ્કોલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૭-૧-૫૮ ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ:

ભલામણ:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ત્રણ દક્ષિણા ફેલોશિપ નીચેના વિદ્યાર્થી-ઓને આપવી અને જૂન ૧૯૫૭ થી અપાયેલી ગણવી.

૧.	શ્રી. રાજપરા એન. જી.	એમ.એ.	બી.એ.	૪૮૮
	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	ગુજરાતી		૮૦૦
૨.	શ્રી. વૉરા એસ એસ.	એમ.એસસી.,	બી.એસસી.	૪૧૦
	સામળદાસ કૉલેજ, ભાવનગર	મેથેમેટિકસ		૬૦૦
૩.	શ્રી. પટેલ આર. એલ.	એમ.એ.	બી.એ.	૫૨૪
	યુનિ. સ્કૂલ ઑફ સાયકૉલૉજી અમદાવાદ.	સાયકૉલોજી		૮૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણ અનુસાર, નીચે જણાવેલા વિદ્યાર્થીઓને, જૂન ૧૯૫૭ થી દક્ષિણા ફેલોશિપ આપવી:

૧.	શ્રી. રાજપરા એન. જી. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	એમ એ. ગુજરાતી
૨.	શ્રી. વૉરા એસ એસ. સામળદાસ કૉલેજ, ભાવનગર	એમ.એસસી. મેથેમેટિકસ
૩.	શ્રી. પટેલ આર. એલ. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલૉજી, અમદાવાદ.	એમ. એ. સાયકૉલૉજી

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાંથી રાજીનામું આપી છૂટા થયેલા પટાવાળા ચુનીલાલ દોલાજી બારોટના પ્રોવીડન્ટ ફંડની જમા થએલી રકમ નિયમ મુજબ તેમને પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ચુનીલાલ દોલાજી બારોટને, યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર, તેમના પ્રોવીડંટ ફંડ ફાળાની તથા યુનિવર્સિટીના ફાળાની તેમના ખતે જમા થએલી રકમ વ્યાજ સાથે આપવી

૧૧. પદવીદાનની હાલ પ્રવર્તતી પ્રથામાં સુધારા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પદવીદાનની હાલ પ્રવર્તતી પ્રથામાં કોઈ ફેરફાર કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૨. યુનિવર્સિટીના નિયમ મુજબ એમ.એસસી. (મેડ.) ના પોસ્ટ-ગ્રેજ્યુએટ અભ્યાસ-ક્રમમાં વિદ્યાર્થીએ બે ઍકેડેમિક વર્ષનો અભ્યાસક્રમ કરવો જોઇએ એમ નિયત થયેલું છે પરંતુ તેને માટે રજિસ્ટ્રેશન કયારે કરવું તેનો કોઇ નિયમ નથી. પરિણામે હોવાથી એક વિદ્યાર્થીએ એમ.એસસી. (મેડ.) નો અભ્યાસક્રમ ૧ લી ઓગસ્ટ ૧૯૫૩ થી શરૂ કર્યો અને રજિસ્ટ્રેશન જાન્યુઆરી ૧૯૫૫ માં કરાવ્યું છે તો એમ.એસસી. (મેડ) ના અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન કરાવ્યા પહેલાનો સમય તે પરીક્ષામાં બેસવા માટે ગણી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા મેડિકલ ફેકલ્ટીની ભલામણ પ્રી-ક્લીનીકલ વિષયોની અભ્યાસસમિતિને મોકલી હતી તે ઉપર મજકૂર અભ્યાસસમિતિની તથા મેડિકલ ફેકલ્ટીની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ :

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિદ્યાર્થીના કેસમાં તેમની અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નોંધણી કરવામાં આવી તે પહેલાંના સમય દરમિયાન, તેમણે ૧ લી ઓગસ્ટ ૧૯૫૩થી અભ્યાસ શરૂ કરેલો તે વખત પણ તેમની પરીક્ષા પ્રવેશની લાયકાત માટે ગણતરીમાં લેવો

૧૩. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લેવાની મુદત તારીખ ૨૦ જાન્યુઆરી ૧૯૫૮ સુધી લંબાવવામાં આવી હતી પણ હજુ સુધી લગભગ ૫૦ રેગ્યુલર વિદ્યાર્થીઓએ તથા ૪૫ એક્સ્ટર્નલ પરીક્ષાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવ્યા નથી તો તેઓ જરૂરી પ્રમાણપત્ર કઢાવે ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવાની શરતે પરીક્ષામાં બેસવામાં માટે તેમને કામચલાઉ (પ્રોવિઝનલ) પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવ્યાં ન હોય તેમને તેઓ સર્ટિફીકેટ કઢાવી ન આપે ત્યાં સુધી તેમનાં પરિણામ અનામત રાખવાં અને તેમને તે શરતે પરીક્ષામાં બેસવા માટે કામચલાઉ (પ્રોવિઝનલ) પરવાનગી આપવી.

૧૪. ૧૯૫૫ની ઇન્ટર આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. સુમતિલાલ હ. કાપડીયાને એક વિષય સિવાય બધા વિષયોમાં એકઝમ્પશન માર્કસ મલ્યા હોવાથી તેમને ઓર્ડિ. ૧૪૨ મુજબ બી.એ.ના સત્રો ભરવાની છૂટ મળી શકે. આ આધારે તેઓ ૧૯૫૮ની બી.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છે છે તો તે અંગે તેમની વિનંતી નામંજૂર કર્યાના સિન્ડિકેટના નિર્ણયની પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સુમતિલાલ હ. કાપડીયાને ૧૯૫૮ની બી.એ. ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી

૧૫. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને સિન્ડિકેટે નીમેલી પ્રેસ કમિટીની સિન્ડિકેટે મંજૂર કરેલી ભલામણ અનુસાર ગ્રેજ્યુઇટી મળતી ન હોવાથી સ્ટે. ૧૯૩-એ. ને નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

S. 193A : The employee of the University both teaching and non-teaching except those employed in the University press be paid gratuity under the following rules :

1. Gratuity cannot be claimed as a matter of right but will depend upon satisfactory record of service and good conduct of which the Syndicate shall be the final judge.

2. No gratuity shall be payable to an employee dismissed from service for any reason whatever.

3. Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service at a rate of ½ months basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service; the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service, on completion of 15 years' service. The total amount of the gratuity shall be a maximum of 15 months' salary or Rs. 15,000/- whichever is less.

4. Salary for the purpose of gratuity shall mean the average basic salary (excluding all allowances) drawn by an employee during the twelve months period of active service immediately preceding death, retirement, resignation or termination of service

5. The University shall establish a Fund known as gratuity Fund for the purpose by providing 5% on basic salary paid to its employees during every accounting year which shall be invested and regulated as may be approved by the Syndicate.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયની સૂચના અનુસાર, સ્ટે. ૧૯૩-એ. માં ફેરફાર કરવો તથા સુધારેલા સ્ટેટયુટ ૧૯૩-એ. ને મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૧૬. સિન્ડિકેટે નવો ઘડેલો ઍાર્ડિ. રૂલ્સ-ઍ. સેનેટે ન્યિુક્ત કરેલ તે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મેડિકલ ફૅકલ્ટીની તરફ વિચારણા માટે મોકલતાં તે ઉપર આવેલી મજકૂર ફૅકલ્ટીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

O. 272 - A : The scheme of internship for post-examination training prescribed for the students after passing the Final M.B.,B.S. Examination shall be as under :

1. Every student after passing the 3rd M.B.,B.S. examination work as an Internee for post-examination training for a period of one year before the degree of M.B ,B.S. is conferred on him.

2. After the results of the 3rd or Final M B ,B.S. examination are declared, the successful candidates shall fill in the prescribe form for Internship or Post Examination Training and handover the form to the Principal of the college concerned, who will transmit the forms to the Registrar of the University concerned.

3. The Registrar shall then communicate, to each student the name of the hospital and institution where the student has to work, in consultation with the Principal of the college.

4. The Internship shall commence on 1st of July and the 1st of December every year

5. The students will be deputed to the Hospital recognised by the University. It shall, as far as possible, be a hospital in mofussil place, situated any where in Bombay State, and will not be a teaching hospital already attached to a Medical College, to work, there as an Internee. Such hospital will as far as possible provide accommodation for medical, surgical and Maternity beds and O P.D. and in charge of a Medical Officer Possessing the minimum qualification of M.B ,B.S. degree of a recognised University recognised by the University for the purpose of post-examination trainin of Internees.

6 Clause vi)-The Internees shall work for a period of nine months in the Medical Surgical and Obstetrics Gynaecology departments of a hospital recognised by the University for this purpose, under a recognised Medical Officer. The Internee may also work in the other departments of a hospital, if such departments are available there

7. The minimum number of beds per internee shall be five.

8 During the period of Internship the Internee shall reside in a hospital or institution where he/she is deputed for training, or in its immediate neighbourhood.

9. The Internee in addition to the hospital training shall also work for a period of three months in a Public Health institute or a combined Medical and public Health Unit or Primary Health Center under the approved Medical Officer of Health, for public Health work.

10. The Internee shall not be charged any fee for the post-examination training He shall be provided with rent-free accommodation and free messing or in lieu of free messing shall be granted a stipend of Rs. 50/- per mensem each.

11 The Internee shall during this period, be under the disciplinary control of the head of the hospital or institution where he works

12. On completion of the period of internship the Internee shall forward to the Principal of the Medical College concerned a certificate each from the head of the hospital and head of the Public Health Institution, of having carried out his training to their satisfaction

13. The names of recognised hospitals and Public Health Institutions and Medical Officers and Practitioners recognised for the purpose will be notified by the University concerned to the Principals of the medical Colleges under the respective University, to the heads of the hospitals and institutions and the Medical Officers and practitioners concerned, from time to time.

મેડિકલ ફૅકલ્ટીની ભલામણ :

"આથી આ ફૅકલ્ટી સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૨૭૨-એ જે સેનેટે રિફર બેક કર્યા હતા અને આ ફૅકલ્ટી તરફ વિચારણા માટે મોકલ્યા હતા તે પૈકી ઑર્ડિ. ૨૭૨-એ. (૫) માંથી નીચેના શબ્દો કમી કરીને સ્વીકારવો તથા ઑર્ડિ ૬૫-એમ. ની વિચારણા મુલતવી રાખવી. ઑર્ડિ. ૨૭૨-એ. (૫) માંથી નીચેના શબ્દો કમી કરવા.

"It, shall, as far as possible, be a Hospital in a Mofussil place suitable anywhere in Bombay State."

આથી ઠરાવવામાં આવે છે કે, હાલનો ઑર્ડિનન્સ નં. ૨૭૨-એ. સુધારીને તેને સ્થાને નીચે જણાવેલો ઑર્ડિનન્સ ૨૭૨-એ. મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો:

"O. 272-A : The scheme of internship for post-examination training prescribed for the students after passing the Final M B.,B.S. Examination shall be as under:-

1. Every student shall, after passing the Third M.B.,B.S. Examination and before the Degree of M.B.,B.S. is conferred on him, work as an internee to the satisfaction of the Principal of a Medical College affiliated to this University for a period of one year.

2 After the results of the Third or Final M.B,B.S. Examination are declared, the successful candidates shall, within a fortnight of the declaration of the results fill in the prescribed form for the prescribed internship and submit to the Principal of the Medical College from which he has passed his Third or Final M.B.,B.S. Examination.

3. The principal of the College concerned will then communicate to each such student the name of the Hospital and/or the Institution where he has to work as an internee in consultation with the authorities of the Hospital and/or the Institution concerned

4. The internship shall commence in the month of July and the month ol December every year. The actual date of commencement of internship shall be intimated by the Principal of the College concerned to the candidates.

5 The students will be deputed by the Principal of the College concerned to the Hospitals recognised for the purpose of internship by the University. The Hospital shall, as far as possible, be a Hospital in a mofussil place situated anywhere in the State of Bombay and shall not be a teaching Hospital already attached to an affiliated Medical College or a recognised Medical Institution. Such a Hospital will, as far as possible provided accommodation for medical, surgical and maternity beds and O.P.D. and be in charge of a Medical Officer possessing the minimum qualification of M.B.,B.S. Degree of a recognised University for the purpose of post-examination training of internees.

6 The University will recognise Hospitals and Public Health Institutions as also Medical Officers and Practitioners for the purpose of internship in consultation with the Surgeon General. The names of these Hospitals and Public Health Institutions as also of the Medical Officers and Practitioners so recognised will be communicated to the Surgeon General and intimated from time to time to the Principals of the Medical Colleges, Heads of recognised Hospitals and Institutions and to the Medical Officers and Practitioners concerned.

7. The internees shall work for a period of nine months in the medical, surgical and obstetrics and gynaecology Departments of a Hospital recognised by the University for this purpose under a recognised Medical Officer. The internee may also work in other Departments, if any, of a Hospital.

8. The internee, in addition to the Hospital training shall also work for a period of three months in a public health Institution or a combined medical and public health Institution or a combined medical and public health unit or primary health centre under the approved Medical Officer of Health, for public health work.

9. The minimum number of beds per internee shall be five.

10. The internee shall, during his period of internship be under the disciplinary control of the Head of the Hospital or the Institution where he is posted for training.

11. On completion of the period of internship, the candidate shall report to the Principal of the Medical College concerned. Thereupon the Principal shall obtain a certificate each from the Heads of the Hospitals and the Heads of the Public Health Institutions of the internee having carried out his training prescribed under No. 5 above to their satisfaction. Thereupon the Principal shall report to the University in a prescribed form certifying that the candidate concerned has undergone the necessary period of internship to the former's satisfaction.

12. No candidate who is not duly certified by the Principal of the Medical College as required under 11 above, shall be considered admissible to the Degree of M.B.,B.S. of this University.

(નોંધ:–એમ. બી.,બી.એસ. ની છેલ્લી પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને તેમના ઈન્ટર્ન-શિપના સમય દરમિયાન પ્રોવીઝનલ રજિસ્ટ્રેશન કરવા માટે જરૂરી પગલાં લેવાં માટે સર્જન જનરલને વિનંતી કરવી.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાએ માન્ય કરેલી હૉસ્પિટલોને આ યુનિવર્સિટીના મેડિકલ વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ તાલીમ માટે માન્ય કરવી. તથા તા. ૧૮–૧૯ જાન્યુઆરી ૧૯૫૮ની સિન્ડિકેટની સભામાં બાબત નં. ૬૭ પર થયેલા ઠરાવ અનુસાર જે સભ્યોને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી હૉસ્પિટલોની મુલાકાત લઈને રિપોર્ટ કરવા જણાવવામાં આવ્યું છે તેમને આ ઠરાવ અનુસાર માન્ય કરવામાં આવેલી હૉસ્પિટલો તપાસવાની રહેતી નથી; એટલે તે સિવાયના વિભાગમાં આવેલી બીજી હૉસ્પિટલોની તપાસ કરવાની છે એમ જણાવવું.

૧૯. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્ટીફીક રીસર્ચ એન્ડ ટેકનીકલ એજ્યૂકેશન તરફથી ગુજરાત યુનિવર્સિટીના નીચેના રિસર્ચ કાર્યકરોને તેમના નામ સામે જણાવવામાં આવેલી ગ્રાન્ટ મંજૂર કર્યા બાબત.

નામ:	ગ્રાન્ટ:	હેતુ:
૧. ડૉ. વી. એન. ઠાકોર ગુજરાત કૉલેજ, અમદાવાદ.	રૂા. ૩૬૫૦	માયક્રો કમ્બશન ફરનેસ માટે.
૨. બી. સી. હલદાર ગુજરાત કૉલેજ, અમદાવાદ.	રૂા. ૫૦૦૦	એલ.એન્ડએન.પી.એચ ઈન્ડીકેટર સ્કેલર અને પાવર સપ્લાઈ માટે.
૩. ડૉ. જે. જે. ત્રિવેદી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટયુટ, અમદાવાદ.	રૂા. ૧૨૦૦	માયક્રો બેલેન્સ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૧૮. ફર્સ્ટ બી.ફાર્મ. ને લગતા ઑર્ડિ. ૩૦૧-સી. માં સુધારો કરવાની બાબત સિન્ડિકેટની ભલામણ ઉપરથી ઍકેડેમિક કાઉન્સિલે ફાર્મસીની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલી આપી હતી તે અંગેની ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ :

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ ઑર્ડિ. ૩૦૧-સી. સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઑર્ડિનન્સ નં. ૩૦૧-સી. ને સુધારવો તથા એ મુજબ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો. (સુધારેલા ઑર્ડિ. નં. ૩૦૧-સી. ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૯. સિવિલ એન્જિનીયરીંગ, મિકેનીકલ એન્જિનીયરીંગ અને ઇલેકટ્રીકલ એન્જિનીયરીંગની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાની ભલામણ ઉપરથી ઍકેડેમિક કાઉન્સિલે સુધારેલો રેગ્યૂલેશન ૯૨ મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એન્જિનીયરીંગની અભ્યાસસમિતિઓની સંયુક્ત ભલામણ સ્વીકારવા તથા રેગ્યૂલેશન ૯૨ માં ઉપર સૂચવ્યા મુજબનો ઉમેરો કરવા તથા સુધારેલા રેગ્યૂલેશનને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સુધારેલો રેગ્યૂલેશન નં. ૯૨ મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો. (સુધારેલા રેગ્યૂ. નં. ૯૨ ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૦. વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદના ડૉ. એસ. જે. દમનીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા બાબતમાં તેમનો શૈક્ષણિક અનુભવ તેમજ પરદેશમાં કરેલા સંશોધનકાર્ય વગેરે અંગે આવેલ માહિતી બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તારીખ ૧૮-૮-૫૬ ના રોજ મળેલ બેઠકના ઠરાવ ઉપર ઍકેડેમિક કાઉન્સિલના તથા સિન્ડિકેટના ઠરાવો ઉપર પુનર્વિચારણા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૨-૫૭ની બેઠકમાં આબાબત મૂકવામાં આવેલી તે ઉપર ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર ફેકલ્ટી ઑફ મેડિસિનની ભલામણ ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના ઠરાવ અનુસાર ડૉ. દમનને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ બૉર્ડની ભલામણ મુજબ ડૉ. એસ. જે. દમનીને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા.

૨૧. પ્રી-યુનિવર્સિટી પરીક્ષા યુનિવર્સિટી તરફથી લેવામાં આવે ત્યારે કૉલેજની ફર્સ્ટ ડયર પરીક્ષામાં જે વિષય કે વિષયોમાં વિદ્યાર્થીઓને એક્ઝમ્પ્શન માર્કસ મળ્યા હોય તે વિષયોમાં તેમને એક્ઝમ્પ્શન ચાલુ રાખવા માટેનો કામચલાઉ રે. ૨ નો ખરડો મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે કામચલાઉ રેગ્યૂલેશન ૨ ના કાર્યાલયે સૂચવેલા ખરડાને બદલે નીચે આવેલો રેગ્યૂલેશન ૨ મંજૂર કરવો. તથા તેને તાત્કાલિક અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

કામચલાઉ રેગ્યુ ૨

રેગ્યુ. ૨

"A candidate who has obtained –

1. 40% of total marks in any subject or head in the case of Pre-University **Exa**mination in Arts;
2. 40% total marks in the head 'Languages' or in any of the papers under that head or 44% of marks in other heads in the case of F.Y. (Pre-University) Examination in Science and
3. 50% of total marks in a paper or a group in the case of F.Y. (Pre-University) Examination in Commerce shall at his option be excused from appearing in that head or paper or as the case may be at a subsequent examination and will be declared to have passed the whole examination when he has passed in all the remaining subjects of the examination in which he appears in last occasion he must obtain the minimum number of the marks in each paper or subject required under the relevant regulations The candidate passing Examination in this manner by compartments shall not be eligible for a class or for any prize or scholarship to be awarded at the examination.

It is further provided that a candidate who obtains exemptions in any college or University Examination in one subject only which has under revised syllabus been placed as a sub head under a joint head shall be excused from appearing in the individual subject in which he has earned exemption and shall be required to obtain 25% of total marks in the remaining subject or subjects of that joint head in order to pass in that joint head "

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઉપર મુજબનો કામચલાઉ રેગ્યૂલેશન નં. ૨ મંજૂર કરવો.

૨૨. પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ભાષાના ગુણ શ્રેણી આપતી વખતે ગણત્રીમાં લેવા કે કેમ તે અંગે નીચેના સૂચન ઉપર ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ:

સૂ ચ ન :

"Marks earned in paper of Languages etc. need not be counted towards according a class of the candidate that is present regulations governing Intermediate Examination will apply to F. Y. Sc. Examination. Thus marks obtained under the head of Languages by the candidates shall not be counted in deciding the class at I. Sc. Examination."

(નોંધ-૧. આ બાબતમાં ફર્સ્ટ ઈયર સાયન્સ પ્રી-યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં રેગ્યુ. ૮માં નીચે મુજબની નોંધ છે:

The marks obtained under the head of Languages by the candidate shall not be counted indeciding the class at the F.Y.Sc. Examination.

૨. પ્રી-યુનિવર્સિટીના કામચલાઉ રેગ્યુ. ૧ માં સાયન્સ ફૅકલ્ટીના વિભાગમાં નીચેની નોંધ ઉમેરવા ઑફિસનું સૂચન છે.

N.B:-The marks obtained under the head of Languages by the candidates shall not be counted in deciding the class at the Pre-University (Science.). Examination.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન મુજબ કામચલાઉ રેગ્યુલેશન ૧ માં ઉપર જણાવેલી નોંધ ઉમેરવી તથા સુધારેલા કામચલાઉ રેગ્યુલેશન ૧ ને તાત્કાલિક અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર કામચલાઉ રેગ્યુલેશન ૧ માં ઉપર જણાવેલી નોંધ ઉમેરવી તથા સુધારેલા કામચલાઉ રેગ્યુલેશન ૧ને તાત્કાલિક અમલમાં લાવવો

૨૩. માર્ચ ૧૯૫૮માં ઇન્ટર સાયન્સની પરીક્ષા નવા અભ્યાસક્રમ મુજબ લેવાની હોવાથી જે વિદ્યાર્થીઓ ભાષામાં એક્ઝમ્પશન સ્વીકારીને પરીક્ષા આપે તેમને શ્રેણી-ક્લાસ આપી શકાય તે પરત્વે ઍકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ :

(નોંધ-નવા અભ્યાસક્રમ મુજબ ભાષાના માર્કસ ક્લાસ આપવામાં ગણાતા નથી.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ ૧૯૫૮ અને તે પછી લેવાનાર ઈન્ટર સાયન્સની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ભાષામાં એક્ઝમ્પ્શન સ્વીકારીને પરીક્ષા આપી હોય તેમને શ્રેણી

કલાસ માટે અધિકારી ગણવા તથા તે મુજબ રેગ્યૂલેશન ૭૩ માં સુધારો કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર રેગ્યૂલેશન ૭૩માં સુધારો કરવો તથા સુધારેલા રેગ્યૂલેશન ૭૩ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો. (સુધારેલા રેગ્યૂલેશન ૭૩ ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલૉજીમાં દર વર્ષે લાયકાત ધરાવતા વિદ્યાર્થીને મેરિટ સ્કૉલરશિપો તેમજ ફ્રી સ્ટુડન્ટશિપ આપવા અંગે મજકૂર સ્કૂલના રિડર ઇન સાયકૉલૉજીના પત્ર ઉપર ઍકેડેમિક કાઉંન્સિલની ભલામણ.

(નોંધઃ- હાલ સમાજવિદ્યાભવનમાં અને ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં શિષ્યવૃત્તિઓ અને ફ્રી સ્ટુડન્ટશિપ માટે નીચે પ્રમાણે જોગવાઇ છે.

ફ્રી સ્ટુડન્ટશિપ : કુલ વિદ્યાર્થીઓના ૫ ટકા.

મેરિટ સ્કૉલરશિપ : ૧. સમાજ વિદ્યાભવન-માસિક રૂા. ૨૦ ની ૧૦ સ્કૉલરશિપ.

૨. ગુજરાતી ભાષા સાહિત્ય ભવન-માસિક રૂા. ૨૦ ની ૬ સ્કૉલરશિપ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં મેરિટ સ્કૉલરશિપો તથા ફ્રી સ્ટુડન્ટશિપ સ્થાપવા માટે સમાજવિદ્યાભવન અને ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં જે ધોરણ અપનાવ્યું છે તે ધોરણ અપનાવવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલૉજીમાં માસિક રૂા. ૨૦ની એક એવી ૬ મેરિટ સ્કૉલરશિપો તથા મજકૂર સ્કૂલના કૂલ વિદ્યાર્થીઓની સંખ્યાના પાંચ ટકા જેટલી ફ્રી સ્ટુડન્ટશિપ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૫. ફર્સ્ટ બી.ફાર્મ. માં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓ તરફથી ફાર્મસી કૉલેજના પ્રિન્સિપલની સહી સાથે રેગ્યૂલેશન ૧૯૮-ટી. માં સુધારો કરવા આવેલ અરજી ઉપર ફાર્મસીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ :

ફાર્મસી કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવામાં આવી હતી અને તે અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં લઈને આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના ઑર્ડિનાન્સો અને રેગ્યૂલેશનોમાં સુધારા કરવામાં આવ્યા હતા અને સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યૂલેશનો સ્વીકારવા આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ માન્ય કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૩૦૨–ડી, ૩૦૧–એ, અને ૩૦૧–એફ. તથા રેગ્યૂ. નં. ૨૦૨–જી (એ) ૨૦૨–જી (બી) ૧૯૬–સી., ૧૯૬–ઈ તથા ૧૯૬–એફ. મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઑર્ડિ. ૩૦૨–ડી, ૩૦૧–એ અને ૩૦૧–એફ તથા રેગ્યુલેશન ૨૦૨–જી (એ) ૨૦૨–જી (બી) ૧૯૬–સી, ૧૯૬–ઈ તથા ૧૯૬–એફ. માં સુધારા કરવા તથા સુધારેલા આ ઑર્ડિનન્સ નં. ૩૦૨–ડી, ૩૦૧–એ અને ૩૦૧–એફ. તથા રેગ્યુલેશન નં. ૨૦૨–જી (એ) તથા ૨૦૨–જી (બી) ૧૯૬–સી., ૧૯૬–ઈ, તથા ૧૯૬–એફ. ને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા. (સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યૂલેશનોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૬. ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"The Physics Board is of the opinion that only such teachers should be appointed examiners at B.Sc. Principal Examination who have experience of teaching the Principal subject."

ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ :

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઉપરનો ઠરાવ સ્વીકારવો."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી નહિ.'

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર ફિઝિકસની અભ્યાસસમિતિનું ઉપર જણાવેલું સૂચન માન્ય કરવું નહિ.

૨૭. સેનેટ સભ્ય ડૉ. મ. દ અવસારે તરફથી આગામી સેનેટની સભા સમક્ષ રજૂ કરવા માટે આવેલા નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત

ઠરાવો :

૧. આ સેનેટની સભા સિન્ડિકેટને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૦ (ii) ની રૂએ ઘડાયેલા વટહુકમોનો અમલ કરવાની વિનંતી કરે છે.

૨. સેનેટની આ સભા સિન્ડિકેટને યુનિવર્સિટીની એકસ્ટ્રા મ્યૂરલ પ્રવૃત્તિને ગ્રામ વિસ્તારમાં વિસ્તારવાની વિનંતિ કરે છે.

ઠરાવ નં. ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મ. ઇ. અવસારેના ઉપર જણાવેલા ઠરાવ પર સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા માગતી નથી આમ સેનેટને જણાવવું.

ઠરાવ નં. ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મ. ઇ. અવસારેના ઉપર જણાવેલા ઠરાવ પર સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા માગતી નથી આમ સેનેટને જણાવવું,

૨૮. સેનેટ સભ્ય રણજીત શાસ્ત્રી તરફથી આગામી સેનેટની સભા સમક્ષ રજૂ કરવા માટે આવેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટને તથા લાગતીવળગતી કમિટીઓને જણાવે છે કે ગુજરાત યુનિવર્સિટી એકટની ૧૬મી કલમના સામાન્ય સભ્ય-ઑર્ડિનરી મેમ્બર્સ'-ખી ભાગમાં To be nominated by the Chancellor છે તેની જગ્યાએ To be coopted by the elected members of the Senate શબ્દો મૂકવા મુંબઇ સરકારને ભલામણ કરવી."

સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

(B) Twenty members to be cooped by the elected members of the Senate including distinguished educationists, social workers and representatives of backward communities."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા શ્રી. રણજિતરાય શાસ્ત્રીના ઠરાવ સાથે સિન્ડિકેટ સંમત નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૯. સેનેટના સભ્ય શ્રી. સી. સી. શાહ તરફથી આગામી સેનેટની સભા સમક્ષ રજૂ કરવા માટે આવેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૧ :

"યુનિવર્સિટી શિક્ષણનું ધોરણ નીચે જતું અટકાવવાના હેતુથી તેમજ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી યુનિવર્સિટી શિક્ષણનો વધુ સારો લાભ ઉઠાવી શકે એટલા ખાતર તે હાલનાં કરતાં વધુ પરિપકવ મેચ્યોર હોય એ આવશ્યક હોવાથી ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા સિન્ડિકેટને એવી ભલામણ કરે છે કે તેણે સેનેટની આગામી સભામાં યુનિવર્સિટી પ્રવેશના સ્ટે. ૧૭૩મા એવો સુધારો રજુ કરવો કે મુંબઈ રાજ્યની માધ્યમિક શાળાંત પરીક્ષામાં જે કે બીજી માન્ય સમકક્ષ પરીક્ષામાં જે વિદ્યાર્થીના કુલ ૪૫ ટકા ગુણ આવ્યા હશે અને જેણે તા. ૧લી જૂને ૧૬ વર્ષ પૂરાં કર્યાં હશે તેનેજ ગુજરાત યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાના પહેલા વર્ષમાં પ્રવેશ આપવામાં આવશે."

ઠરાવ નં. ૨ :

"પ્રથમ સ્નાતક પદવીના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ યુનિવર્સિટીના પહેલા વર્ષના અભ્યાસની હાલની કક્ષા હાંસલ કરેલી હશે એમ માનીનેજ ગુજરાત

યુનિવર્સિટી એ ત્રણ વર્ષના પદવી–અભ્યાસક્રમની યોજના માન્ય રાખી હોવાથી અને એ કક્ષાએ હાલના કુલ ૧૧ વર્ષના શાળાકીય અભ્યાસથી સામાન્ય રીતે નહીં પહોંચાય એવો આ સભાનો ચોક્કસ અભિપ્રાય હોવાથી શાળાકીય અભ્યાસનો કુલ સમય ૧૧ ને બદલે ૧૨ વર્ષનો કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા મુંબઇ રાજ્યની સરકારને આગ્રહભરી વિનંતી કરે છે."

ઠરાવ નં. ૩:

"માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમજ પાઠ્ય–પુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઇએ તેટલી પ્રગતી થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિશે પોતાની ઉંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારૂ તેમજ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં ક્રમશ: પણ અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજનાને સમય-પત્રક ઘડી કાઢવા સારૂ અને વચગાળા સમયમાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિશે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા–પ્રતિકુળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારૂ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે જૂન ૧૯૫૮ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

ઠરાવ નં. ૪:

"પ્રથમ સ્નાતક પદવી માટે ત્રણ વર્ષના અભ્યાસક્રમની યોજના અપનાવ્યા પછી નક્કી કરેલી મુદતથી એનો અમલ થઈ શકે એ પ્રમાણે આવશ્યક પૂર્વ–તૈયારી કરવામાં ગુજરાત યુનિવર્સિટીના સતાધિશો નિષ્ફળ નિવડ્યા એ માટે સેનેટની આ સભા પોતાનો અસંતોષ વ્યક્ત કરે છે અને હવે સઘળી તૈયારી કરવાનો પૂરતો અવકાશ રહે એ રીતે એ યોજનાને અમલમાં મૂકવા માટેની તારીખ મુકરર કરવા અને તે માટે ઘટતો પ્રબંધ કરવાને જરૂરી ચક્રો વેળાસર ગતિમાન કરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ નં. ૧:

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. સી. શાહના ઉપર જણાવેલા ઠરાવની સિન્ડિકેટ તરફેણ કરતી નથી એવો સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ નં. ૨:

આથી ઠરાવવામાં આવે છે કે હાલના એસ.એસ.સી. નો જે ૧૧ વર્ષનો અભ્યાસક્રમ પ્રવર્તે છે તેની મુદત કમી કરવી જોઇએ નહિ એમ સિન્ડિકેટ માને છે, તેવો અભિપ્રાય સેનેટને જણાવવો.

ઠરાવ નં. ૩:

ઉપરના ઠરાવમાં સૂચવાઇ છે તેવી સમિતિ રચવાથી કામમાં ખાસ લાભ નહિ થાય તેથી તે નીમવાની જરૂર નથી એવો અભિપ્રાય સેનેટને જણાવવો. સિન્ડિકેટે અત્યાર સુધીમાં આ કામને અંગે શું વિચાર્યું છે તે જણાવતી નોંધ સેનેટ આગળ રજૂ કરવી.

ઠરાવ નં. ૪:

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં હકીકત પરત્વે ભાઇ શ્રી. સી. સી. શાહની સમજફેર થઇ હોય એમ સિન્ડિકેટ માને છે; અને મજકૂર બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે નીચેનો ઠરાવ કર્યો છે તેની સેનેટને જાણ કરવી:

"પૂરી ચર્ચા-વિચારણા કર્યા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

૧. ઍકેડેમિક કાઉન્સિલે ત્રણ વર્ષના સુયોજિત અભ્યાસક્રમ તથા જનરલ એજ્યુકેશન અંગે નીચેની સમિતિની નોંધની વિચારણા ઍકેડેમિક કાઉન્સિલે અચોક્કસ મુદત સુધી મુલતવી રાખી તેની સભાગૃહ નોંધ લે છે.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રણ વર્ષના સળંગ અભ્યાસક્રમનો અમલ ૧૯૫૯ના જૂનથી શરૂ નહી કરતાં હાલ તરત મોકૂફ રાખવો."

૩૦. સેનેટ સભ્ય ડૉ. એ. એમ. ત્રિવેદી તરફથી આગામી સેનેટની સભા સમક્ષ રજૂ કરવા માટે આવેલા નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

Resolution No. 1

Resolved that Ordinance No. 120-B be cancelled.

Resolution No. 2

Statute No 208(2) (i) be cancelled as follows:-

A student or a teacher will have an option to use English for examination and instruction respectively upto Nov. 1960, (rest as in the original Statute).

Resolution No. 3

Statute No. 209 (2) (i) be amended as follows:-

A student or a teacher will have an option to use English for examination and instructions respectively upto November 1960 (rest as in the original statute).

Resolution No. 4

Resolved that the relevant authorities may be moved to add Clause (iii) to Section 25 2) as follows:-

(iii) Six teachers elected, from amongst themselves by teachers in the subject or subjects of the Board of Studies.

ઠરાવ નં. ૧:

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. એમ. ત્રિવેદીના ઉપર જણાવેલા ઠરાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એવો અભિપ્રાય સેનેટને જણાવવો.

ઠરાવ નં. ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા ડૉ. એ. એમ. ત્રિવેદીના ઠરાવનો આશય હાલના સ્ટેટયૂટમાં છે જ, તેથી તે સિન્ડિકેટને બિનજરૂરી લાગે છે એવો અભિપ્રાય સેનેટને જણાવવો.

ઠરાવ નં. ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલો ડૉ. એ. એમ. ત્રિવેદીના ઠરાવનો આશય હાલના સ્ટેટયૂટમાં છે જ, તેથી તે સિન્ડિકેટને બિનજરૂરી લાગે છે, એવો અભિપ્રાય સેનેટને જણાવવો.

ઠરાવ નં. ૪ :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલો ડૉ. એ.એમ. ત્રિવેદીનો ઠરાવ અસ્પષ્ટ છે એમ સિન્ડિકેટને લાગે છે, એવો અભિપ્રાય સેનેટને જણાવવો.

આ કલમ સુધારવાની બાબતમાં સેનેટની તા. ૨૮-૨૯ જૂન ૧૯૫૭ની સભામાં રજૂ કરવામાં આવેલો ડૉ. એચ. જી. શાસ્ત્રીનો ઠરાવ સિન્ડિકેટને પુનર્વિચારણા માટે પાછો સોંપાયો છે તે વિષે સેનેટને રિપોર્ટ કરવો કે, નીચે પ્રમાણે તે બાબતનો ઠરાવ મંજૂર કરવા માટે સિન્ડિકેટની આ સભા સેનેટને ભલામણ કરે છે:

"That the Senate requests the Bombay Government to add the following at the end of Section 25(2) of the Gujarat University Act:

'Provided further that in the event of there being no ex-officio member actually teaching the subject or group of subjects, as the case may be, in any of the affiliated Colleges, recognised Institutions or University Departments, the Board shall co-opt, notwithstanding anything contained in this sub-clause, at least one person, if any, who actually teaches the subject or group of subjects in any of the affiliated Colleges, recognised Institutions or University Departments.' "

૩૧. તારીખ ૩૧-૧-૫૮ના રોજ મળનારી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત

તા. ૩૧-૧-૫૮ના રોજ મળનારી ફાઇનાન્સ સમિતિની બેઠક કોરમના અભાવે મળી શકી ન હતી તેની શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જાણ કરી હતી.

૩૨. લેક્ચરર ઇન સ્ટેટીસ્ટિકસની નિમણૂંક માટે સિન્ડિકેટે નિમેલી સમિતિની તા. ૧૫-૧-૫૮ના રોજ મળેલી બેઠકની નીચેની ભલામણ.

"As regards the selection of the candidates to be called for interview, the committee is of the opinion that this should be left to the discretion of the Committee. If a member of the Syndicate should feel that the claims of any candidates have been overlooked, such names should be forwarded to the Committee for consideration. This question arose because in the present case all eligible applicants were called for interview though the Committee had selected only six for the purpose."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ઉપરની ભલામણ માન્ય કરવી નહીં.

૩૩. સિન્ડિકેટની તા. ૧૬-૧૧-૫૭ની સભામાં થએલા ઠરાવ અનુસાર રજિસ્ટ્રારના પાર્યાલયનું બાનગી કામ કરવા માટે માસિક રૂા. ૩૦. ના "પર્શનલ એલાવન્સ" થી પ્રયોગ રીકે ત્રણ માસ માટે એક સ્ટેનોગ્રાફરની શ્રી. બી. એમ. વૈશ્યની રજિસ્ટ્રારના અંગત મદદનીશ તરીકે નિમણૂંક કરેલી તે નિમણૂંકની અવધિ ચાલુ માસ દરમ્યાન પૂરી થતી હોવાથી તે બાબત પર આગળ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેનોગ્રાફર શ્રી બી. એમ. વૈશ્યને શ્રી. રજિસ્ટ્રારના અંગત મદદનીશ તરીકે માસિક રૂા. ૩૦ના પર્શનલ એલાવન્સથી ચાલુ રાખવા તથા તેઓ એક વર્ષ માટે પ્રોબેશન પર છે તેમ ગણવું.

૩૪. બૅા. ૧૨૯ મુજબ નીચેની પરીક્ષાઓ તા. ૧૪-૪-૫૮ થી શરૂ થવી જોઇએ પરંતુ તેજ તારીખથી શરૂ થતી બીજી પરીક્ષાઓના પ્રશ્નપત્રો છાપવામાં પડતી મુશ્કેલીને ધ્યાનમાં લઇ તે પરીક્ષાઓ તા. ૭-૪-૫૮ થી શરૂ કરવા એટલે કે એક અઠવાડિયું વહેલા શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. એમ.એસ.સી. પેપર્સ મેથેમેટિકસ સિવાયની
૨. લૉ. પ્રિલિમિનરી
૩. પહેલી એલએલ.બી.
૪. બીજી એલએલ.બી

આથી ઠરાવવામા આવે છે કે, એમ એસ.સી., લૉ પ્રિલિમિનરી, પહેલી એલએલ.બી. તથા બીજી એલએલ.બી.નો પરીક્ષાઓ ચાલુ વર્ષે એક અઠવાડિયું વહેલી એટલે કે તા. ૭-૪-૧૯૫૮ થી શરૂ કરવી.

૩૫. સમાજ વિદ્યાભવનમાં નીચેની જગ્યાઓ પૂરવા માટે વરણી સમિતિની નિમણૂંક કરવા બાબત.

૧.	લેકચરર ઇન ઇકોનોમિકસ	બે
૨.	લેકચરર ઇન પોલિટિકસ	એક
૩.	લેકચરર ઇન સ્ટેટીસ્ટિકસ	બે
૪.	ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટિકસ ફીકસ્ડ પે રૂા. ૨૫૦ દર મહિને.	એક

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર જગ્યાઓ માટે સિન્ડિકેટના બધા સભ્યોની વરણી સમિતિ નીમવી. પ્રત્યેક સમિતિ પર જરૂર પ્રમાણે યોગ્ય નિષ્ણાતોની સલાહ લેવા માટે નીમવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૩૬. ભારત સરકારના એટમીક એનર્જી ડિપાર્ટમેન્ટ તરફથી મુંબઇ ખાતે "કેમિકલ રેઝ" ઉપર તા. ૨૫-૨૬-૨-૧૯૫૮ના રોજ યોજનારા સીમ્પોઝીયમ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર ડિપાર્ટમેન્ટના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "કોસ્મિક રેઝ" ઉપર ભારત સરકારના "એટમિક એનર્જી ડિપાર્ટમેન્ટ" તરફથી મુંબઈ ખાતે તા. ૨૫/૨૬-૨-૧૯૫૮ના રોજ યોજનારા સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સુધીર પંડ્યા (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી) ને મોકલવા.

૩૭. **ભારત સરકારના એટમીક એનર્જી ડિપાર્ટમેન્ટ તરફથી મુંબઇ ખાતે 'લો એનર્જી ન્યુકલીઅર ફિઝિકસ" ઉપર તા. ૨૭-૨૮-૨-૫૮ ના રોજ યોજનારા સિમ્પોઝીયમ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર ડિપાર્ટમેન્ટના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત**

આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સરકારના "એટમિક એનર્જી ડિપાર્ટમેન્ટ તરફથી "લૉ એનર્જી ન્યુકલીઅર ફિઝિકસ" પર તા. ૨૭/૨૮-૨-૧૯૫૮ના રોજ યોજવામાં આવેલ સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયકને મોકલવા.

૩૮. **નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ ડીગ્રી અંગેના અહાનિબંધ રેફરીઓ તરફથી મંજૂર થયા હોવાથી તેમને તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા જાહેર કરવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.**

નામ :		ડીગ્રી :
૧.	શ્રી. એસ. સી. ગાંધી	એમ.એસ.સી. કેમિસ્ટ્રી
૨.	શ્રી. જે. પી. ત્રિવેદી	પીએચ.ડી. કેમિસ્ટ્રી
૩.	શ્રી. એમ. ટી. ચીપ્લોનકર	પીએચ.ડી. ઇંગ્લીશ

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૩૯. **ટી.ડી. પાર્ટ "૨" અને બી.એડ. પાર્ટ "૨" ની પરીક્ષા ઑ. ૧૨૯ મુજબ અનુક્રમે તા. ૨૦-૨-૧૯૫૮ અને ૧૯-૨-૧૯૫૮ ના રોજ શરૂ થાય છે. પરંતુ વચ્ચે રવિવાર આવતો હોવાથી વિદ્યાર્થીઓની મુશ્કેલી તથા પરીક્ષકોને હોલ્ડીંગ એલાવન્સ વગેરે આપવું પડે એ ધ્યાનમાં લઇ આ વર્ષે બન્ને પરીક્ષાઓ તા. ૧૭-૨-૫૮ ના રોજ શરૂ કરવા બાબતના ઉપકુલપતિશ્રીએ આપેલા આદેશને બહાલી આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૦. **એમ.એ. મેથેમેટિકસ પેપર્સની પરીક્ષાની ફી ઑ. ૧૨૯ મુજબ રૂા. ૭૫ છે પરંતુ એમ એસસી. મેથેમેટિકસ પેપર્સ ની પરીક્ષાની ફી તેજ ઑર્ડિનાન્સ મુજબ રૂા. ૧૦૦ છે. આ બન્ને પરીક્ષાના પેપરો તેમજ પરીક્ષકો એક જ હોવાથી ફીનું ધોરણ પણ એક જ રાખવું જોઇએ માટે ઑર્ડિનાન્સ ૧૨૯ માં જરૂરી સુધારો કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. મેથેમેટિકસ બાય પેપર્સની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની પરીક્ષા ફી રૂા. ૭૫ રાખવી તથા તે મુજબ ઑર્ડિનન્સ ૧૨૯ મુજબ સુધારવો. સુધારેલા ઑર્ડિનાન્સ ૧૨૯ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો તથા તેનો લાભ એપ્રિલ ૧૯૫૮ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને પણ આપવો.

૪૧. સ્ટે. ૨૦૯ (૩) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

"Students who desire to choose Gujarati or Hindi as the Medium of Examination at the M.A. (by papers or by Thesis) or Ph.D. Examination shall be permitted to do so with effect from the year 1958."

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૨૦૯ (૩) માં કાર્યાલયની સૂચના મુજબ ફેરફાર કરવો તથા સુધારેલા સ્ટે. ૨૦૯ (૩) ને મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૪૨. યુનિવર્સિટી લાયબ્રેરી માટે મેસર્સ ઓરિએન્ટલ બુક હાઉસ, પૂના પાસેથી મંગાવેલા પુસ્તકો ગેરવલ્લે ગયાં છે તે બાબતમાં તે પુસ્તકોની કિંમત વસુલ કરવા પૂનાની સ્મૉલ કૉઝ કૉર્ટમાં ઓરિએન્ટલ બુક હાઉસે યુનિવર્સિટી ઉપર દાવો માંડ્યો છે તેની મુદત તા. ૧૮-૨-૧૯૫૮ ના રોજની પડી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર દીવાની દાવામાં પ્રતિવાદી તરીકે યુનિવર્સિટીનો કેસ ચલાવવા માટે યોગ્ય વકીલની નિમણૂંક કરવી તથા તે સંબંધમાં ઘટતાં પગલાં લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવામાં આવે છે.

૪૩. બી. ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરતા કુ. વેદકુમારી શેઠે ઇંગ્લીશ હાયર લેવલમાં ૨૬ ગુણ મેળવ્યા હોવાથી યુનિવર્સિટીના નિયમ અનુસાર તેમને યુનિવર્સિટીમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવ્યા નથી. હવે આ વિદ્યાર્થિનીને ગ્રાજ વિષયમાં એસ.એસ.સી. બૉર્ડ તેમના નિયમ અનુસાર બેસવાની પરવાનગી આપી શકે તેમ નથી તો અપવાદ તરીકે પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં વિદ્યાર્થિની કુ. વેદકુમારી શેઠને તેમના વિશિષ્ટ સંજોગો લક્ષમાં લઈને, અપવાદ તરીકે યુનિવર્સિટીમાં પ્રવેશ-પાત્ર ગણવાં તથા તેમને એલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચે જણાવેલ વ્યક્તિઓને તેમના નામ સામે જણાવેલ સમય સુધી ટેમ્પરરી ક્લાર્ક તરીકે નિમણૂંક કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧.	શ્રીમતી વિમળા ડી. વશી	૩૦-૬-૧૯૫૮ સુધી
૨.	શ્રી. એ. સી. ઠાકર	૩૦-૬-૧૯૫૮ સુધી
૩.	શ્રી. ચીનુભાઇ એમ. શાહ	૩૦-૬-૧૯૫૮ સુધી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૫. પ્રમુખશ્રીની પરવાનગીથી નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીનો તા. ૧-૨-૧૯૫૮ નો પત્ર સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યો અને તે પરત્વે ઠરાવવામાં આવ્યું કે શ્રી. પોપટલાલ પટવારીને રૂબરૂ મળવા બોલાવી તેમની સાથે વાતચીત કરીને યોગ્ય લાગે તો યુનિવર્સિટી પ્રેસના વ્યવસ્થાપક તરીકે મંજૂર કરવામાં આવેલ પગારધોરણ મુજબ ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તે પગારે એક વર્ષ માટે પ્રોબેશનર તરીકે નિમણૂંક કરવા માટે સત્તા આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૭૬૧૦-૨૬-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૧-૨-૫૮.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૩

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની અઢારમી બેઠક યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિશ્રી મગનભાઈ પ્ર. દેસાઈના અધ્યક્ષપદે સોમવાર તા. ૧૩-૧-૧૯૫૮ના રોજ બપોરના ૩-૦૦ કલાકે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિ. કે. એલ. દેસાઇ	હાજર,
૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	ગેરહાજર,
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઇ	ગેરહાજર,
૫.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર,
૭.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	હાજર,
૮.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	હાજર,
૯.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૦.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર,
૧૧.	પ્રો. બી. આર. શેનોય	હાજર,
૧૨.	પ્રો. ઉમાશંકર જોશી	હાજર,
૧૩.	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર,
૧૪.	પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઈ	હાજર,
૧૫.	પ્રો. એમ. એસ. પંડિત	હાજર,
૧૬.	ડૉ. એમ. ડી. દેસાઇ	હાજર,
૧૭	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	ગેરહાજર,

૧. તારીખ ૧૫-૯-૧૯૫૭ના રોજ મળેલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની સત્તરમી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૫-૭-૧૯૫૭ના રોજ મળેલી સત્તરમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા ઉપકુલપતિશ્રીએ તેના ઉપર સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના નવા ઑર્ડિનન્સ મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબતમાં જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલ અરજીઓ તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:

અઃ–નીચે દર્શાવેલ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નામઃ	વિષયઃ	ડિગ્રીઃ	શિક્ષણ અને અથવા સંશોધન જેને માટે માન્ય કરવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થાઃ
૧. શ્રી. ડી. એમ. દેસાઇ.	ફિઝિકલ અને ઓર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ અને સંશોધન	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. આર. સીઃ મોશી.	ફકત હિસ્ટ્રી ગ્રૂપ–સી.	એમ.એ.	શિક્ષણ	જયેન્દ્રપુરી કૉલેજ, ભરૂચ.
૩. શ્રી. એચ. વી. કશ્યપ.	ઝૂલોજી	એમ.એસસી.	શિક્ષણ	એમ.એન.કૉલેજ, વિસનગર.
૪. શ્રી. એસ. એસ. બેલસારે	બ્રાન્ચ–૪	એલએલ. એમ.	શિક્ષણ	સર એલ.એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.
૫. શ્રી. આઈ. એન. સોલંકી	બોટાની	એમ.એસસી.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૬. શ્રી. એચ. એન. પાટીલ.	ફિઝિકસ	એમ.એસસી.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૭. ડૉ. એમ ડી. અવસારે.	ઇનોર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રી	,,	સંશોધન	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ

આ :– નીચે દર્શાવેલ શિક્ષકોની બાબતમાં તેમના નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં.

૧. શ્રી ડી. એમ. દેસાઇ	પીએચ. ડી. ફિઝિકસ અને ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી.	તેમના માર્ગદર્શન હેઠળ ઓછામાં ઓછા બે વિદ્યાર્થીઓએ તેમની માસ્ટર્સ ડિગ્રી મેળવી છે કે કેમ તે બાબત તેમને પૂછાવવું અને તે હકીકત આવ્યા બાદ તેમને માન્ય કરવા બાબતમાં શ્રી. ઉપકુલપતિને સત્તા આપવી.
૨. શ્રી. કે. એસ. ભી. શાસ્ત્રી	એમ.એ. મેથેમેટિકસ	તેમણે તેમની બી.એ. અને એમ.એ.ની ઉપાધિઓ મેથેમેટિકસના કયા ગ્રૂપ સાથે મેળવી છે. તેઓ માન્યતા કયા ગ્રૂપ માટે માંગે છે તે અંગે તેમની પાસેથી વિગતો મંગાવવી અને તે આવ્યા બાદ તેમને માન્ય કરવા બાબતમાં શ્રી. ઉપકુલપતિને સત્તા આપવી.

૩. શ્રી. પી એમ. શ્રીનીવાસાચારી	એમ.એ. હિસ્ટ્રી ગ્રૂપ-ઇ.	તેમણે "ઇ" ગ્રૂપમાં કેટલું શિક્ષણ આપ્યું છે અને તે અંગેનો શૈક્ષણિક અનુભવ કેટલો છે તે બાબત તેમજ જો તેમને "ઇ" ગ્રૂપને બદલે "સી" ગ્રૂપમાં માન્યતા આપવામાં આવે ("એ" ગ્રૂપની તેમના જણાવ્યા પ્રમાણે માન્યતા રદ કરીને) તો અનુકૂળ આવશે કે કેમ તે અંગે વિગતો મંગાવવી અને તે આવ્યા બાદ તેમને માન્ય કરવા બાબતમાં શ્રી. ઉપકુલપતિને સત્તા આપવી.
૪. શ્રી. એમ. જે. પટણી.	એમ.એસસી. ફિઝિકલ કેમિસ્ટ્રી સંશોધન	તેમનાં પ્રકાશનો મંગાવવા અને તે ડૉ. આર. ડી. દેસાઇ અને ડૉ. કે. જી. નાયકને મોકલી તેઓ સંશોધન માટે માન્ય થવા પાત્ર છે કે કેમ તે બાબત તેમનો અભિપ્રાય મંગાવવો.
૫. શ્રી. આર. એચ. શાહ	એમ.એસસી. ઇનોર્ગેનિક અને ઓર્ગેનિક કેમિસ્ટ્રી સંશોધન.	- સદર -

ઇ:- નીચે દર્શાવેલ શિક્ષકને ઓર્ડિનન્સ ૬૫-આઈ અનુસાર વિશિષ્ટ વિદ્વાન તરીકે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. શ્રી. આર. પી. પટેલ.	ફાર્માસ્યૂટીકલ ટેકનોલૉજી અને ફાર્માકોલૉજી.	પીએચ.ડી. સંશોધન	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.

ઈ:- નીચે દર્શાવેલ શિક્ષકોની અરજી માન્ય ન કરવી :

નામ:	વિષય:	ડીગ્રી:
૧. શ્રી. આર. એમ. પંચોલી	ઇંગ્લીશ	એમ.એ.
૨. શ્રી. ડી. સી. ત્રિવેદી	ક્રીમીનલ લૉ અને બધા વિષયો.	એલએલ.એમ.
૩. શ્રી. આર. ડી. મિશ્રા	હિન્દી	એમ.એ.
૪. મીસ સવિતા એમ. સોલંકી	સંસ્કૃત	એમ.એ.
૫. શ્રી. પી. સી. શાહ	અર્ધમાગધી	એમ.એ.

૩. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ તરીકે માન્યતા અંગેની અરજીઓ બાબતમાં ઉપકુલપતિશ્રીને સત્તા આપ્યા પ્રમાણે તેઓશ્રીએ માન્ય કરેલ અનુસ્નાતક શિક્ષકોની યાદીની નોંધ લેવા બાબત. યાદીની નકલ આ સાથે સામેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી.

૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૫-૯-૧૯૫૭ ના રોજ મળેલ બેઠકમાં નં. ૨-બ. માં ઠરાવ્યા પ્રમાણે નીચે દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક માન્યતા માટેની અરજી બાબતમાં તેની સામે દર્શાવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.

૧.	શ્રી. પટેલ એસ. આર. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	પીએચ.ડી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી	પીએચ.ડી. ના સંશોધન માટે કૉલેજમાં લેબોરેટરી ઇકવીપમેન્ટ અને અન્ય સગવડો બાબતમાં કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી માહિતી પરત્વે વિચારણા કરવા બાબત.
૨.	શ્રી. પટેલ એન. ઝેડ. શામળદાસ કૉલેજ, ભાવનગર.	એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સંશોધન માટે કૉલેજમાં લેબોરેટરી ઇકવીપમેન્ટ અને અન્ય સગવડો વગેરે બાબત પ્રિન્સિપલ તરફથી નીચે પ્રમાણે માહિતી આવેલ છે: "Necessary facilities of Laboratory and Library for conducting M.Sc. research in Organic Chemistry are available in the college."
૩.	શ્રી ક્ષત્રિય કે. સી. એલ. ડી. આર્ટસ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી સંશોધન.	તેમનાં પ્રકાશનો ડૉ. એમ. ડી. અવસારેને અભિપ્રાય માટે મોકલી તેઓ સંશોધન માટે પાત્ર છે કે કેમ તે બાબત અભિપ્રાય મંગાવતા ડૉ. અવસારે નીચે પ્રમાણે જણાવે છે: "I am of the opinion that though Shri K. C. Kshatriya has no published work done independently by himself he may be recognised for guiding M.Sc. students by research in view of his long standing as a Teacher and recognition granted to him for teaching M.Sc. students in Organic Chemistry. The recognition if granted, be subject to the condition that atleast one student is successfully guided within three years."
૪.	શ્રી. દેસાઇ કે. જી. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદ.	એમ.ઈડી. સંશોધન.	તેમનાં પ્રકાશનો મીસ પાલન્દીકરને અભિપ્રાય માટે મોકલી તેઓ સંશોધનને માટે પાત્ર છે કે કેમ તે બાબત અભિપ્રાય

મંગાવતાં તેમનો અભિપ્રાય નીચે પ્રમાણે છે.

"I am, therefore, of the opinion that these books of Shri K. G. Desai are worthy of recognised merit and the author can be recognised as a post-graduate teacher in research in Education on the strength of these books."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે દર્શાવેલા શિક્ષકોને તેમના નામ સામે જણાવેલ પદવી માટે જૂન ૧૯૬૧ સુધી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧.	૨.	૩	૪.	૫.
૧. શ્રી. એસ. આર. પટેલ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૨. શ્રી. એન. ઝેડ. પટેલ	,,	એમ.એસસી.	,,	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૩. શ્રી. કે. જી. દેસાઈ	એજ્યુકેશન	એમ.ઇડી.	,,	એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.

નીચે દર્શાવેલ શિક્ષકને માન્ય કરવા નહિ :–

નામ :	વિષય :	ડીગ્રી :
૧. શ્રી. કે. સી. ક્ષત્રિય	ઑર્ગેનિક કેમિસ્ટ્રી સંશોધન	એમ.એસસી.

૫. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૫-૬-૫૭ ના રોજ મળેલ બેઠકમાં પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ શ્રીમતી રાવ લક્ષ્મીએ એમ.એ. ડીગ્રીના શિક્ષણ માટે ઇંગ્લીશ વિષયમાં અનુસ્નાતક માન્યતા માટે કરેલી સંબંધમાં મજકૂર કૉલેજને માન્યતા મળે ત્યારે ફરી રજૂ કરવી એમ ઠરાવેલું તો મજકૂર કૉલેજને હવે માન્યતા મળી હોવાથી તે અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ :–શ્રીમતી રાવ ઑ.૬૫–એફ એ ૪ અનુસાર શિક્ષણ માટે માન્ય થવા પાત્ર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી લક્ષ્મી એ. રાવને ઈંગ્લીશ વિષયમાં એમ.એ. ડીગ્રી માટે શિક્ષણ માટે જૂન ૧૯૬૧ સુધી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. સાયન્સ ફેકલ્ટીમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા સભ્યોને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ (આસિસ્ટન્ટ) તરીકે નિયમ પ્રમાણે તેમની અન્ય બાબતોમાં પાત્રતા હોય તો માન્ય કરી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. આ બાબત તા. ૧૫-૭-૫૭ ના રોજ મળેલ બેઠકમાં મુલતવી રાખવામાં આવી હતી.

(નોંધ :-બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૩૦-૫-૫૬ ના રોજ મળેલ સભામાં બાબત ૬ ઉપર નીચે પ્રમાણે ઠરાવ થયેલ છે :-

"શૈક્ષણિક અનુભવની બાબતમાં ડેમોન્સ્ટ્રેટર-ટ્યૂટર તરીકેનો અનુભવ હોય તો તે ઑર્ડિનન્સની જરૂરિયાત પ્રમાણે Teaching Experience ગણવો નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ ફૅકલ્ટીમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા સભ્યોને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવા નહિ.

૭. ડી. કે. વી. કૉલેજ, જામનગરના પ્રોફેસર એ. વાય. કેસકરને એમ. એસસી. ઈનોર્ગેનિક કેમિસ્ટ્રીમાં શિક્ષણ માટે અનુસ્નાતક માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં આપી છે તેમની તેમને ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં માન્યતા આપવા માટે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ :-૧. શ્રી. કેસકરને જો ઑર્ગેનિક કેમિસ્ટ્રી માટે માન્યતા આપવામાં આવે તો તેઓ તેમની ઈનોર્ગેનિક માટેની માન્યતા રદ કરવા તૈયાર છે.

૨. શ્રી. કેસકરે તેમની અનુસ્નાતક માન્યતા માટેની અરજીમાં ઈનોર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં ૯ વર્ષનો ડીગ્રી કલાસમાં તેમજ ૪ વર્ષનો અનુસ્નાતક વર્ગનો અનુભવ દર્શાવેલો છે.

૩. ઑર્ગેનિક કેમિસ્ટ્રીના અનુભવ વિષે તેમને ગયે વર્ષે બૉર્ડે પૂછાવતાં તેમણે તે સમયે નીચે પ્રમાણે જણાવેલું :

"I have taught the subject of Organic Chemistry to the B.Sc. classes in both Junior as well as Senior for a period of 5 years during the course of my 9 years of teaching experience mainly from 1947 to 1952 in collaboration with Prof. V.A. Vyas by dividing the portion in half to half. I am M.Sc. by Research in Organic Chemistry.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એ. વાય. કેસકરને તેમની એમ.એસસી. ડીગ્રી માટેની ઈનોર્ગેનિક કેમિસ્ટ્રી માટેની અનુસ્નાતક માન્યતા રદ કરી ઑર્ગેનિક કેમિસ્ટ્રીના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા.

૮. સામળદાસ કૉલેજ, ભાવનગરના પર્શિયના લેક્ચરર શ્રી મારૂફ મોહીદ્દીન વી. કે જેઓ એમ.એ. ડીગ્રી માટે પર્શિયન વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની એમ.એ.માં ઉર્દુ વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે તેમને માન્ય કરવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ :-૧. શ્રી. માઝ્કે તેમની પરીક્ષાઓ નીચે પ્રમાણે પસાર કરેલ છે.

M.A. 1st Class-Entire Persian.

M.A. IInd Class-Persian and Urdu.

હવે શ્રી. માઝ્કે તેમની એમ.એ.ની પરીક્ષામાં ઉર્દુ વિષય ફક્ત ગૌણ ભાષા તરીકે પાસ કરેલ હોવાથી તેમને મદદનીશ તરીકે માન્ય કરી શકાય કે કેમ તે પ્રશ્ન છે.

૨. ભૂતકાળમાં કેટલાક કેસોમાં બી.એ. અગર એમ.એ. એમાંથી ગમે તે એકમાં જે માગણી કરેલ વિષય પ્રિન્સિપલ તરીકે માન્ય કર્યો હોય તો તેવાને માન્યતા આપવામાં આવેલ છે.

ઉપરાંત એક શ્રી. શેખના કેસ બાબતમાં તેમની મુખ્ય ભાષા પર્શિયન અને ગૌણ ભાષા ઉર્દુ હોવા છતાં પણ તેમને ઉર્દુ માટે માન્ય કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. માઝ્ક મોઇદ્દીન વી. ને એમ.એ. માં ઉર્દુ વિષયના શિક્ષક માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવા નહિ.

૯ અમદાવાદ ઝોનમાં ફિઝિકસના શિક્ષણ માટેનું અનુસ્નાતક કેન્દ્ર એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને આપવામાં આવેલું છે. કેન્દ્ર મજબૂરના લીધે ૧૯૫૭-૫૮ની સાલના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષકોની સંમતિએ કામકાજની વહેચણી બાબતમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના શ્રી. કે. એમ. કોટડીયા અને શ્રી. યુ. ડી. દેસાઇને એમ એસસી. કલાસમાં ઇલેકટ્રોનિકસ ખાસ વિષય લેનાર વિદ્યાર્થીઓને શીખવવા માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગે કરેલ નીચે પ્રમાણેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત. આ બાબત તા. ૧૫-૯-૫૭ના રોજ મળેલ બેઠકમાં મુલતવી રાખવામાં આવી હતી.

સમિતિનો ઠરાવ :

"The meeting further resolves that Dr. U. D Desai (Reader in Electronics, Physical Research Laboratory) and Shri K. M. Kotadia, (Senior Scientific Officer, Physical Research Laboratory) are in our opinion competent persons in the subject of Electronics and as there is no other qualified teacher available to teach this subject to the Post-graduate students taking Electronics as their special subjects, we recommend that Dr. U. D. Desai and Shri K. M. Kotadia be recognised as Post-graduate teachers for this subject"

(નોંધ:-૧. ગયે વર્ષે શ્રી કોટડીયાની મદદ લેવાની કેન્દ્રને પરવાનગી આપવામાં આવી હતી. પરંતુ તેમનાં વ્યાખ્યાનો, વિદ્યાર્થીઓની હાજરી તેમજ મહેનતાણા માટે ગણી શકાય નહિ એમ જણાવેલું.

૨. શ્રી. કોટડીયાની ડીગ્રીઓ જોતાં તેઓ અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષક તરીકે માન્ય થવા પાત્ર નથી કારણ કે તેમણે માસ્ટર્સ ડીગ્રી મેળવેલ નથી.

૩. શ્રી. યુ. ડી. દેસાઈની ડીગ્રીઓ જોતાં તેઓ પીએચ.ડી. હોવાથી અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય થવા પાત્ર થાય છે તેઓ અત્રેની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં રીડર તરીકે હોઈ તેમને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવા કે કેમ તે પ્રશ્ન પણ વિચારવાનો છે.

૪. શ્રી. કોટડીયા તેમજ શ્રી. દેસાઇને અનુસ્નાતક શિક્ષક તરીકે અગર મદદનીશ તરીકે માન્ય કરી કેન્દ્રમાં શિક્ષણ આપવા પરવાનગી આપવી કે કેમ તે પ્રશ્ન પણ વિચારવાનો છે.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એમ. કોટડીઆને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા નહિ.

૨ શ્રી. યુ. ડી. દેસાઇને અનુસ્નાતક શિક્ષકની લાયકાતના નિયમો મુજબ માન્ય કરી શકાતા નથી; પરંતુ તેમને ઓ-૬૫ (i) મુજબ વિશિષ્ટ વિદ્વાન ગણીને માન્ય કરવા એવી શ્રી. વિક્રમભાઇ સારાભાઇએ દરખાસ્ત મૂકી તે વિષે ઠરાવવામાં આવ્યું કે શ્રી. યુ. ડી. દેસાઇને ઑર્ડિનન્સ ૬૫-આઇ અનુસાર વિશિષ્ટ વિદ્વાન તરીકે Eminent ગણીને તેમને એમ.એસસી. માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવાના હેતુ અર્થે તેમનાં સંશોધન અંગેનુ સાહિત્ય તપાસાવવું. તે સારૂ પ્રથમ તે ડૉ. વાય. જી. નાયકને જોવા આપવું અને મજકૂર પ્રકાશનો તેમને ઑ-૬૫ માં કહેલી એમીનેન્સને પાત્ર દર્શાવે છે કે કેમ તે તપાસાવવાને માટે આ વિષયના બહારના કોઇ તજજ્ઞ અને વિદ્વાન રૂબરૂને મોકલી આપવા પાત્ર છે કે કેમ તે વિષે પહેલાં ડૉ. વાય. જી. નાયકનો અભિપ્રાય મંગાવવો. અને તેમનો અભિપ્રાય હકારમાં આવે તો તે પ્રકાશનો તાતા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટરને એમીનન્સ બાબતના અભિપ્રાયાર્થે મોકલી આપવા. તેમનો અભિપ્રાય આવ્યેથી આ બાબત આગળ વિચારણાને માટે રજૂ કરવી.

૧૦. શ્રી. ડી. એન. શાહુ કે જેઓ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રીના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની તેમને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં સંશોધન માટે પણ માન્ય કરવા પ્રિન્સિપલ મારફત આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત. આ બાબત તા. ૧૫-૭-૫૭ના રોજ મળેલ બેઠકમાં મુલતવી રાખવામાં આવી હતી.

(**નોંધ** :-૧. શ્રી. શાહની તેમને શિક્ષણ અને સંશોધન માટે એમ.એસસી. ડીગ્રી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે અરજી આવેલ તે પૈકી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૪-૫૭ના રોજ મળેલ બેઠકે **તેમને ફક્ત શિક્ષણ માટેજ માન્ય કરેલ છે.**

૨. તેમણે સાત પ્રકાશનો પબ્લિકેશન્સ ઈન્ડિયન અને ફોરેન કેમિકલ જર્નલોમાં પ્રસિદ્ધ કર્યા છે. બે પ્રકાશનો પ્રસિદ્ધી માટે મોકલ્યાં છે અને બે તૈયાર થાય છે.

૩. જુના નિયમો પ્રમાણે તેઓ શિક્ષણ અને સંશોધન માટે માન્ય થયેલ હતા ત્યારે એક વિદ્યાર્થીએ સંશોધન માટે તેમની દોરવણી નીચે ડીગ્રી લીધેલી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. શાહુને એમ.એસસી. ડીગ્રી માટે ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમા સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા.

૧૧. પ્રોફેસર ઈન્દ્રવદન કાશીનાથ દવે જેઓ ગુજરાત કૉલેજ, અમદાવાદમાં એમ.એ. ડીગ્રી માટે ગુજરાતી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની મહિલા કૉલેજ, પોરબંદરમાં હવે નિમણૂંક થયેલ હોવાથી તેમની અનુસ્નાતક માન્યતા મહિલા કૉલેજ, પોરબંદરમાં ટ્રાન્સફર કરવાની તેમની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઈન્દ્રવદન કે. દવેની એમ.એ. ડીગ્રી માટે ગુજરાતી વિષયના શિક્ષણ માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી મહિલા કૉલેજ, પોરબંદરમાં બદલી આપવી.

૧૨. ગુજરાત કૉલેજ, અમદાવાદના ઈંગ્લીશના લેક્ચરર શ્રી. વી. વી. યાર્ડી કે જેઓની એમ. એન. કૉલેજ, વીસનગરમાં બદલી થયેલ છે તેમની એમ.એ. ડીગ્રી માટેના ઈંગ્લીશ વિષયમાંની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા અંગે આવેલ તેમની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. વી. યાર્ડીની એમ એ. ડીગ્રી માટે ઈંગ્લીશ વિષયના શિક્ષણ માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી એમ. એન. કૉલેજ, વીસનગરમાં બદલી આપવી.

૧૩. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના શ્રી. એચ. આર ઠક્કર કે જેઓ ફિલોસોફી વિષયમાં એમ.એ.ના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા છે તેમની હવે અહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં બદલી થયેલ હોવાથી તેમની અનુસ્નાતક માન્યતા હવે અહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ટ્રાન્સફર કરવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. આર. ઠક્કરની એમ. એ. ડીગ્રી માટે ફિલોસોફી વિષયના શિક્ષણ માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાંથી અહાઉદ્દીન કૉલેજ જૂનાગઢમાં બદલી આપવી.

૧૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના ઈંગ્લીશના પ્રોફેસર એસ. એમ. શાહ જેઓ હાલ ડી. કે. વી કૉલેજ જામનગરમાં જોડાયા છે તેમની એમ.એ. ડીગ્રીના ઈંગ્લીશ વિષયની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ડી. કે. વી. કૉલેજ, જામનગરમાં બદલી આપવા માટે આવેલી તેમની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એસ. એમ. શાહની એમ. એ. ડીગ્રી માટે ઈંગ્લીશ વિષયના શિક્ષણ માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી ડી. કે. વી. કૉલેજ, જામનગરમાં બદલી આપવી.

૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રોફેસર આર. બી. શ્રીવાસ્તવ કે જેઓ એમ.એ. ડીગ્રી માટે હિસ્ટ્રી ગ્રૂપ "એ" અને "બી" માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની હવે એમ. એન. કૉલેજ, વિસનગરમાં બદલી થવાથી તેમની અનુસ્નાતક શિક્ષક

તરીકેની માન્યતા એમ. એન. કૉલેજ, વિસનગરમાં બદલી આપવા માટે આવેલ તેમની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આર. બી. શ્રીવાસ્તવની એમ.એ. ડીગ્રી માટે હિસ્ટરી ગ્રૂપ "એ" અને "બી" ના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની મ ન્યતા ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી એમ.એન. કૉલેજ, વીસનગરમાં બદલી આપવી.

૧૬. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૫-૬-૫૭ના રોજ મળેલ બેઠકમાં બાબત નં. ૨-૫ માં ઠરાવ્યા પ્રમાણે એમ. એન. કૉલેજ વિસનગરના શ્રી. ત્રિવેદી પી. એલ. ને તેમનાં પ્રકાશનો બાબતમાં આવેલ આચાર્ય આર. ડી. દેસાઇનાં અભિપ્રાય પ્રમાણે એમ.એસ.સી. ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં સંશોધન માટે માન્ય કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૧૭. પી. ડી. એમ. કૉલેજ ઑફ કોમર્સ, રાજકોટના ઇંગ્લીશના ઓનરરી પ્રોફેસર ડૉ. આર. કે. યાજ્ઞિકને બૉર્ડની મંજુરીની અપેક્ષાએ એમ. એ. ડીગ્રી માટે ઇંગ્લીશના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલો આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૧૮. ગુજરાત કૉલેજ, અમદાવાદના ઇંગ્લીશના લેકચરર શ્રી. સી. એન. પટેલની એમ.એ. ડીગ્રી માટે ઇંગ્લીશ વિષયમાં અનુસ્નાતક માન્યતા મળવા માટે અરજી આવેલી તે બાબતમાં તેઓ અનુસ્નાતક માન્યતા માટે પાત્ર થતા હોઇ તેમજ અમદાવાદ માટેના કેન્દ્રમાં સ્ટાફમાં ફેરફારના કારણે તાત્કાલીક માન્યતાની જરૂર હોઇ શ્રી. પટેલને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કર્યા બાબતના શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૧૯. એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપલ સી. ડી. દેશપાંડે કે જેઓ હિસ્ટરી ગ્રૂપ "એ" અને "સી" માટે એમ એ. માં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા તેમની હવે ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરીકે બદલી થયેલ હોવાથી ઑર્ડિનન્સ ૬૫-એન અન્વયે તેમની અનુસ્નાતક માન્યતા ગુજરાત કૉલેજમાં ટ્રાન્સફર કરવા અંગે તેમજ ગ્રુપ "સી" ને બદલે ગ્રૂપ "બી" માં માન્યતા ટ્રાન્સફર કરવા અંગે આવેલ અરજી બાબતમાં તેમની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કર્યા બાબત શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૨૦. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના લેકચરર શ્રી. આર. એસ. ત્રિવેદી કે તેઓ પ્રિન્સિપલ એલ. આર. દેસાઇના હાથ નીચે પીએચ. ડી. ડીગ્રી માટે સન ૧૯૫૩માં

રજિસ્ટર થયેલ છે અને જેઓએ મોડામાં મોડા તેમનો મહાનિબંધ તા. ૧૮-૧૨-૫૭ સુધીમાં અનુસ્નાતક નિયમ ૨૦ અનુસાર રજુ કરવો જોઇએ તેમની વિષયની વ્યાપકતા અને સંશોધન અંગેના કેટલાક દસ્તાવેજી પૂરાવા વગેરે ન મળી શકવાથી નિર્ણિત સમયમાં સંશોધનનું કામ તેઓ પૂરું કરી શકે તેમ ન હોવાથી તેમની તેમને મહાનિબંધ રજૂ કરવા માટે વધુ એક વર્ષનો વધારો આપવા બાબત તેમના અનુસ્નાતક શિક્ષક તેમજ આચાર્ય મારફત આવેલ માગણી અનુસાર તેમને એક વર્ષનો વધારો આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૨૧. ગુજરાત વિધાસભાના શ્રી. મધુસુદન એચ. પારેખ કે જેઓ સન ૧૯૫૨ માં પીએચ.ડી. ડીગ્રી માટે ગુજરાતી વિષયમાં રજિસ્ટર થયેલા છે અને જેઓ તેમનો મહાનિબંધ નિયમ પ્રમાણે મોડામાં મોડો ૧૯૫૬ના ઓકટોબર માસમાં રજૂ કરવા પાત્ર થાય અને જેમને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તેની તા. ૧૩-૬-૫૬ના રોજ મળેલ બેઠકમાં વધુ એક વર્ષની મુદત આપેલ છે તે અનુસાર તેમણે મહાનિબંધ ૧૯૫૭ના ઓકટોબરમાં રજૂ કરવો જોઇએ તે તેમણે લીધેલ વિષયમાં કેટલુંક નવું વસ્તુ પ્રાપ્ત થવાથી સંશોધનમાં થોડો વિલંબ થાય તેમ હોવાથી મહાનિબંધ રજૂ કરવા માટે વધુ ત્રણ માસની તેમના અનુસ્નાતક શિક્ષક પ્રિન્સિપલ યશવંત શુકલ મારફત આવેલી માગણી પરથી તેમને ત્રણ માસનો વધારો આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૨૨. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક મજકૂર કૉલેજમાંથી છૂટા થયેલ હોવાથી તેમને સ્થાને ડૉ. એમ. ડી. અવસારે નિમાયેલ હોવાથી તેમજ કૉલેજ મજકૂરને કેમિસ્ટ્રી વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર આપેલ હોવાથી ત્યાં નિયમ પ્રમાણે સ્થાનિક સ્ટાફની જરૂરિયાતને લીધે કેન્દ્ર અન્યત્ર ખસેડવામાં ન મૂકાય તે દૃષ્ટિથી ડૉ. એમ. ડી અવસારેને ઇનોર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રીના વિષયના શિક્ષણ માટે એમ એસસી. ડીગ્રી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કર્યા બાબતના તેમજ તેમને કેન્દ્ર મજકૂરના કેમિસ્ટ્રી વિષયના કેન્દ્ર માટેના પ્રેફેસર-ઇન-ચાર્જ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તેમજ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ નીમ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલો આપવી.

૨૩. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં એમ એ. ડીગ્રીના શિક્ષણ માટે ગુજરાતી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શ્રો એન. કે. પંડ્યા એમણે ગાર્ડા કૉલેજ છોડીને સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડમાં જોડાયા હોવાથી તેમની અનુસ્નાતક માન્યતા ઑ. ફપ-એન. ૫ અનુસાર રીન્યૂ કરવા માટે આવેલ માગણી પરત્વે વિચારણા કરી તેઓ એમ. ટી. બી. કૉલેજ, સુરતમાં પણ મુલાકાતી શિક્ષક તરીકે કામ કરતા હોવાથી

એમ. ટી. બી. કૉલેજ, સુરતના પ્રિન્સિપલની કેન્દ્ર ચાલુ રાખવાની મુશ્કેલી ધ્યાનમાં લઈ શ્રી પંડ્યાની અનુસ્નાતક માન્યતા બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ અને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ રીન્યૂ કરી આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૨૪. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના શ્રી. સત્યપ્રકાશ કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે રજિસ્ટર થયેલા છે અને જેમને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તા. ૬-૫-૫૭ ના રોજ મળેલ બેઠકમાં તેમનો મહાનિબંધ રજૂ કરવા ખાસ કેસ તરીકે એક વર્ષનો વધારો તા. ૧૬-૨-૫૮ સુધીનો આપેલો તેમને અનિવાર્ય કારણસર તેમનો મહાનિબંધ પૂરો કરવા વધુ સમય લાગે તેમ હોઇ તેમનો મહાનિબંધ રજૂ કરવા તેમના અનુસ્નાતક શિક્ષક ડૉ. વિક્રમ સારાભાઈ મારફત વધુ છ માસની મુદત આપવા અંગે આવેલ માગણી ઉપરથી તેમનો મહાનિબંધ રજૂ કરવા તા. ૧૬-૮-૧૯૫૮ સુધીનો વધારો બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ આપ્યા બાબતના કાર્યને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિના કાર્યને બહાલી આપવી.

૨૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. ઉપેન્દ્ર આર. ભટ્ટ કે જેઓ પીએચ. ડી. ડીગ્રી માટે ગુજરાતી વિષયમાં પ્રોફેસર એ એમ. રાવળના હાથ નીચે રજિસ્ટર થયેલા છે અને જેઓને તેમનો મહાનિબંધ ગુજરાતી ભાષામાં લખવા તેમજ તે તા. ૨૫-૬-૫૭ સુધીમાં રજુ કરવા બૉર્ડની તા. ૧૮-૧૨-૫૬ના રોજ મળેલ બેઠકમાં પરવાનગી આપવામાં આવી છે. તેમની કૌટુંબીક માંદગીને અંગે તેઓ ઠરાવેલ મુદતમાં કામ પૂરૂં કરી શકે તેમ ન હોવાથી તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે તા. ૨૫-૬-૫૭ થી વધુ છ માસનો વધારો આપવા બાબત તેમના અનુસ્નાતક શિક્ષક પ્રો. એ. એમ. રાવળ તેમજ કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપેન્દ્ર આર. ભટ્ટને તેમનો પીએચ. ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા વધુ છ માસની એટલે કે તા. ૨૫-૧-૫૮ સુધીની મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઈપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

આ તબક્કે, મહાનિબંધ રજૂ કરવા બાબતમાં સભાગૃહે એવી ચર્ચા ઉપાડી કે મહાનિબંધ અનિશ્ચિત મુદત સુધી રજૂ કરવાનું જે ચાલે છે તે ઉપર નિયમ દ્વારા કાંઈ નિયંત્રણ મૂકવું આવશ્યક છે તેથી એવું ઠરાવવામાં આવ્યું કે હવે પછી મહાનિબંધ રજૂ કરવાની બાબતમાં નિયમ પ્રમાણે તે રજૂ કરવાની ચાર વર્ષની મુદત પૂરી થાય ત્યારપછી એક વર્ષ સુધી યોગ્ય કારણો હોય તો મુદત વધારવાની આ બૉર્ડ શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપે છે અને તે મુદતમાં પણ જો મહાનિબંધ રજૂ કરવામાં ન આવે તો વિદ્યાર્થીએ તેજ વિષય માટે ફરીથી રજિસ્ટ્રેશન કરાવવું પડશે, અને તે એકજ વર્ષ માટે રહેશે. હવે પછી બૉર્ડ આ બાબતમાં આ રીત અખત્યાર કરશે એવી ભલામણ સિન્ડિકેટને કરવી.

૨૬. શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદમાં પીએચ. ડી. ડીગ્રી માટે ગુજરાતી વિષયમાં સન ૧૯૫૧માં શ્રી. ઇન્દુપ્રસાદ જે. ભટ્ટ સ્વર્ગસ્થ શ્રી. રામનારાયણ પાઠકની દોરવણી નીચે રજિસ્ટર થયેલા હતા. નિયમ પ્રમાણે મોડામાં મોડા તેમણે તેમનો મહાનિબંધ ૧૯૫૫માં રજુ કરવો જોઇતો હતો. તેમણે તેમનાં ચાર સત્રો ૧૯૫૪માં પૂરાં કર્યાં. પરંતુ મહાનિબંધના વિષય અંગેની માહિતીની શોધખોળ કરવામાં સમય વધારે ગયો તેમજ ત્યારપછી શ્રી. રામનારાયણ પાઠક વિદેહ થયા. તેમજ બીજા માર્ગદર્શકની જરૂર નહિ લાગવાથી મહાનિબંધ રજુ કરવા માટે બીજા માર્ગદર્શકની તેમજ તે માટે મુદતના વધારા માટેની ભૂલને લીધે તેઓ માગણી કરી શકયા નહિ. તેમની ભુલને માટે દિલગીરી વ્યક્ત કરતાં તેઓ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી તેમને તેમનો મહાનિબંધ ૧૯૫૮ ના મે માસ સુધીમાં રજૂ કરવા દેવાની પરવાનગી આપવા વિનંતી કરે છે તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઇન્દુપ્રસાદ જે. ભટ્ટને તેમનો પીએચ.ડી. માટેનો મહાનિબંધ રજૂ કરવા મે ૧૯૫૮ સુધીની મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઈપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૨૭. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના શ્રી. આર. એન. કુલકર્ણી કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે ડૉ. રામનાથનના હાથ નીચે રજિસ્ટર થયેલ છે અને જેમને ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તેની તારીખ ૧૮-૧૦-૧૯૫૬ના રોજ મળેલ બેઠકમાં તેમના મહાનિબંધ રજૂ કરવા માટે એક વર્ષનો વધારો તા. ૧૪-૯-૧૯૫૭ સુધી આપવામાં આવેલો પરંતુ તેમના માર્ગદર્શક ડૉ. રામનાથન થોડા મહિનાઓ માટે વિદેશમાં હોવાથી તેમજ તેમના મહાનિબંધ વિષયમાં નવાં તત્વનો સમાવેશ કરવાનો હોવાથી વધુ સમય જાય તેમ હોઈ તેમને હજુ પણ વધુ એક વર્ષનો વધારો તા ૧૪-૯-૫૮ સુધીનો આપવા લેબોરેટરીના ડિરેક્ટર મારફતે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-માગણી પ્રમાણે સમય વધારી આપવા ડૉ. રામનાથન વિદેશમાં હોવાથી ડૉ. વિક્રમ સારાભાઇએ ખાસ ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. કુલકર્ણીને તેમનો પીએચ. ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા તા. ૧૪-૯-૫૮ સુધીની મુદત વધારી આપવી તેમ જ જણાવવું કે હવે પછી કોઈપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ,

૨૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના શ્રી. એસ. એમ. પટેલ કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે તા. ૧૮-૧૨-૧૯૫૨ થી પ્રિન્સિપલ એલ. આર. દેસાઇના હાથ નીચે રજિસ્ટર થયા છે અને જેઓ તેમનો મહાનિબંધ રજૂ કરવા સન ૧૯૫૪ માં પાત્ર થાય અને અનુસ્નાતક નિયમ નં. ૧૮ અનુસાર જેમણે તે મોડામાં મોડો તા. ૧૮-૧૨-૫૬ સુધીમાં રજૂ કરવો જોઇએ તેમની તેમના સંશોધન કાર્યને વધુ સમય લાગે તેમ હોવાથી તેમનો મહાનિબંધ રજૂ કરવાને માટે જૂન ૧૯૫૮ સુધીની મુદત આપવા અંગે તેમના માન્ય

અનુસ્નાતક શિક્ષક અને પ્રિન્સિપલ એલ. આર. દેસાઇની મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ એમ. પટેલને તેમનો પીએચ. ડી. માટેનો મહાનિબંધ રજૂ કરવા જૂન ૧૯૫૮ સુધી મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઇપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૨૯. એમ. એન. કૉલેજ, વીસનગરના શ્રી. આર. વી. શાહ કે જેઓ સન ૧૯૫૧ માં એમ.એસસી. ડીગ્રી માટે સંશોધન માટે રજીસ્ટર થયેલા અને જેમને ડૉ. એમ. એલ શાહ નિવૃત્ત થવાથી તેમનું બાકીનું કામ ડૉ. જી. સી. અમીનના હાથ નીચે પૂરૂં કરવા સન ૧૯૫૫ માં ઑર્ડર પરવાનગી આપેલી ત્યારબાદ ડૉ. જી સી. અમીનની પણ અન્યત્ર બદલી થવાથી તેમજ કેટલાંક કૌટુંબીક કારણોને અંગે તેમનું સંશોધન કાર્ય પૂરૂં કરી શકેલા નહિ તેમની તેમનો મહાનિબંધ રજૂ કરવા એક વર્ષની એટલે કે માર્ચ ૧૯૫૯ માં રજૂ કરવા દેવા પ્રિન્સિપલ મારફત આવેલી વિનંતી પરત્વે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. વી. શાહને તેમનો એમ.એસસી. ડીગ્રી માટેનો મહા નિબંધ રજૂ કરવા માટે માર્ચ ૧૯૫૯ સુધી મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઇપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૩૦. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના પીએચ.ડી. ડીગ્રી માટે સન ૧૯૫૪ માં પ્રોફેસર બી. આર. શેનોયના હાથ નીચે રજીસ્ટર થયેલા શ્રી. જે. એલ. ધોળકીયા કે જેઓ તેમનો મહાનિબંધ જુલાઇ ૧૯૫૮ માં રજૂ કરવા પાત્ર થાય છે તેમની તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે વધુ છ માસનો સમય આપવા એટલે કે જાન્યુઆરી ૧૯૫૯ સુધીમાં રજૂ કરવા દેવા પરવાનગી આપવા બાબત ભવનના અધ્યક્ષ મારફત આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એલ. ધોળકીયાને તેમનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહા નિબંધ રજૂ કરવા જાન્યુઆરી ૧૯૫૯ સુધીની મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઇપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૩૧. ગણદેવીના ફ્રૂટ રિસર્ચ સ્ટેશનના એગ્રિકલ્ચરલ ઑફીસર શ્રી. એચ. ડી. અમીન કે જેઓ એમ.એસસી. (એગ્રી.) ડીગ્રી પરીક્ષા માટે હોર્ટીકલ્ચર વિષયમાં ડૉ. આર. એલ. નાગપાલના હાથ નીચે સન ૧૯૫૩ માં રજિસ્ટર થયેલ છે અને નિયમાનુસાર જેઓ તેમનો મહાનિબંધ તા. ૨૬-૧૧-૫૭ માં રજૂ કરવા પાત્ર થાય છે પરંતુ તેમના શિક્ષક લગભગ એકાદ માસ બહાર હોવાથી તેઓ ફેબ્રૂઆરી ૧૯૫૮ ના અંત સુધીમાં તે રજૂ કરી શકે તેમ ન હોવાથી તેમને મુદતનો વધારો આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. ડી. અમીનને તેમનો એમ.એસસી. એગ્રિકલ્ચર ડીગ્રી માટેનો મહા નિબંધ રજૂ કરવા માર્ચ ૧૯૫૮ના અંત સુધીની મુદત વધારી આપવી તેમજ જણાવવું કે હવે પછી કોઇપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૩૨. ગુજરાત વિદ્યાસભાના શ્રી. મધુસુદન એચ. પારેખ કે જેઓ "ગુજરાતી વાર્તા-સાહિત્યમાં પારસી લેખકોનો ફાળો" એ વિષય માટે પીએચ.ડી. ડીગ્રી માટે ગુજરાતી વિષયમાં રજિસ્ટર થયેલા છે અને જેઓને તેમનો મહાનિબંધ રજૂ કરવાની વધુ ત્રણ માસની એટલે કે ડિસેમ્બર ૧૯૫૯ માં રજૂ કરવાની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ પરવાનગી આપેલ છે તેમની તેમનો મહાનિબંધ ગુજરાતી ભાષામાં રજૂ કરવા દેવા પરવાનગી આપવા બાબત અને જો તેવી પરવાનગી આપવામાં આવે તો મહાનિબંધ તૈયાર કરવા વધુ એક માસની એટલે કે તા. ૨૦ જાન્યુઆરી ૧૯૫૮ સુધીની સમય મર્યાદા આપવા બાબત આવેલ તેમના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રિન્સિ. વાય. પી. શુકલની મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.
(નોંધ :- ૧. શ્રી. પારેખે તેમની સિનોપ્સીસ ગુજરાતી ભાષામાં રજૂ કરેલી છે.

૨. ગુજરાતી ભાષામાં મહાનિબંધ લખવાની પરવાનગી પહેલાં એક કેસમાં આપવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મધુસુદન એચ. પારેખને તેમનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ ગુજરાતી ભાષામાં રજૂ કરવા ખાસ કેસ તરીકે પરવાનગી આપવી; તેમજ તે રજૂ કરવા તા. ૨૦-૧-૫૮ સુધીની મુદત વધારી આપવી; તેમજ જણાવવું કે હવે પછી કોઈપણ સંજોગોમાં વધારો આપવામાં આવશે નહિ.

૩૩. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના ફિલોસોફીના લેક્ચરર શ્રી. આર. સી. ખડવે કે જેઓ ફિલે.સોફી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે શિક્ષણ માટે માન્ય થયેલ છે તેમની પીએચ.ડી. ડીગ્રી માટે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલ એ. કે. ત્રિવેદીના હાથ નીચે તેમનો વારંવાર સંપર્ક સાધી સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. ખડવેને પીએચ. ડી. ડીગ્રી માટે ફિલોસોફી વિષયમાં આચાર્ય એ. કે. ત્રિવેદીના માર્ગદર્શન નીચે સંશોધન કરવા પરવાનગી આપવી.

૩૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના ઝૂલૉજી વિષયના લેક્ચરર શ્રી. ગીરીન્દ્ર ટી. પંડ્યાની તેમને પીએચ.ડી. ડીગ્રી માટે ઝૂલૉજી વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધઃ-શ્રી. પંડ્યા તેમની અરજીના સમર્થનમાં નીચે પ્રમાણે વિગતો જણાવે છે.

(1) I am a B.Sc. (I class Hons.) with Zoology & Botany and M.Sc. in Zoology with part papers and part research of the Bombay University.

(2) I am in the teaching profession for the last 17 years and have worked in various capacities at the Elphinston College and the Institute of Science, Bombay for 8 years and since last 9 years I am working as a lecturer in Zoology at the Gujarat College, Ahmedabad.

(3) I have lectured to the Post-Graduate classes in Zoology at the Bombay University for 5 years and am a recognised teacher of this University to teach

M Sc. in Zoology since 1954. Two students have taken their degree of M.Sc. in Zoology (with papers) in 1957 under my guidance.

(4) I am attaching a paper published by me in the Bombay University Journal.

I propose to carry out my work at the Gujarat College during the working days of the terms and Veternity Research Instiitute at Mukteshwar (U. P.) during vacations."

અને

૩૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ટેકનીશીયન કમ ડેમોન્સ્ટ્રેટર શ્રી. એન. બી. વસાવડાની તેમને એમ.એસસી. ડીગ્રીના મેડિકલ બાયોકેમિસ્ટ્રી માટેનો અભ્યાસ થિસિસ સાથે સ્વતંત્ર રીતે અગર ડૉ. આર. એમ. વૈદ્યની દોરવણી નીચે કરવા દેવા પરવાનગી આપવા અંગે પ્રોફેસર ઑફ પેથોલૉજી તેમજ કૉલેજના પ્રિન્સિપલની મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:- બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં મેડિકલ બાયોકેમિસ્ટ્રી વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવ્યું છે. પરંતુ ત્યાં આ વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક નથી. ફક્ત ડૉ. આર. એમ. વૈદ્ય મેડિકલ બાયોકેમિસ્ટ્રી વિષય માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય થયેલ છે.)

અને

૩૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના શ્રી. વી. જી. સરપોતદારની તેમને પીએચ.ડી. ડીગ્રી માટે ઇંગ્લીશ વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-પીએચ. ડી. ડીગ્રી માટે ઇંગ્લીશ વિષયમાં અત્યારે કોઇ માન્ય અનુસ્નાતક શિક્ષક નથી.)

અને

૩૭. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં કામ કરતા પોલિટિકલ સાયન્સના લેકચરર શ્રી. વી. વી. રમણમૂર્થિની તેમને પીએચ.ડી. ડીગ્રી માટે પોલિટિકલ સાયન્સ વિષયમાં સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-પીએચ. ડી. ડીગ્રી માટે પોલિટિકલ સાયન્સ વિષયમાં અત્યારે કોઇ માન્ય અનુસ્નાતક શિક્ષક નથી.)

અને

૩૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના હિન્દીના પ્રોફેસર રણવીર વી. ઉપાધ્યાયની તેમને હિન્દી વિષયમાં પીએચ.ડી. ડીગ્રી માટે

સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

૧. શ્રી ઉપાધ્યાય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે હિન્દી વિષયમાં માન્ય થયેલ છે.

૨. હાલ હિન્દી વિષયમાં પીએચ ડી. ડીગ્રી માટે દોરવણી આપનાર કોઈ માન્ય અનુસ્નાતક શિક્ષક નથી.

અને

૩૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રોફેસર એ. વાય. કેસકરની ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં સ્વતંત્ર રીતે પીએચ.ડી. ડીગ્રી માટે સંશોધન કરવા દેવા ધર્મેન્દ્રસિંહજી કૉલેજના આચાર્યની મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આ કામો અંગે એ સવાલ ચર્ચાએ કે, યુનિવર્સિટી સાથે સંકળાયેલા શિક્ષકો, અમુક અમુક વિષયમાં માન્ય થયેલા અનુસ્નાતક શિક્ષકો હોય છતાં કે ન હોય તો, સ્વતંત્ર રીતે પીએચ ડી. નું સંશોધન કાર્ય કરવા દેવા માગણી કરે છે તે બાબતમાં ચર્ચા કરી બૉર્ડે એવો અભિપ્રાય બાંધ્યો કે શિક્ષકોને સ્વતંત્ર રીતે પીએચ.ડી. નું સંશોધન કાર્ય કરવાની રજા આપવી નહિ. તેઓએ પણ માન્ય અનુસ્નાતક શિક્ષણની દોરવણી, સલાહ મસલત મેળવીને કામ કરવું જોઇએ. તેથી બૉર્ડે ઠરાવ્યું કે

૧. યુનિ. વિસ્તારમાં માન્ય અનુસ્નાતક (પીએચ.ડી.) શિક્ષક હોય તો તેમને ગાઈડ તરીકે કે સલાહ મસલત માટે લેવા જોઇએ. પરંતુ તે માટે તે એકજ સ્થળે રહેલા હોવા જોઇએ એ બાબતમાં યુનિ. ના શિક્ષકોને છૂટ આપવી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં માન્ય અનુસ્નાતક (પીએચ.ડી.) શિક્ષક ન હોય તો તેવી યોગ્યતા ધરાવતી વ્યક્તિને બહારથી પણ પસંદ કરીને લેવી જોઇએ.

૩. આવા કેસોમાં ફી ભરવાની બાબતમાં કોઇ ફેરફાર કરી ન શકાય. મતલબ કે, દરેક શિક્ષકે નિયમ અનુસાર સત્ર ફી ભરવી જોઇએ.

ઉપર મુજબનું ધોરણ અનુસરીને, બાબત નં. ૩૪ થી ૩૯ અંગે ઠરાવવામાં આવે છે કે આ શિક્ષકોને, ઉપર બતાવેલા ધોરણે, કોઈ માર્ગદર્શકના હાથ નીચે સંશોધન કાર્ય કરવું આવશ્યક છે એમ જણાવી તેમને યુનિવર્સિટી બહારના કોઈપણ નિષ્ણાત કે જેના હાથ નીચે તેઓ કાર્ય કરશે, તેનું નામ અત્રે મંજૂરી માટે સૂચવવા જણાવવું.

૪૦. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને એમ.એસસી. ડીગ્રીના શિક્ષણ માટે ફિઝિયોલૉજી અને બાયોકેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર આપવા માટે પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત. આ બાબત તા. ૧૫-૭-૫૭ ના રોજ મળેલ સભામાં મુલતવી રાખવામાં આવી હતી. અને કૉલેજ મજકૂર અંગે વધુ માહિતી મેળવવા ઠરાવવમાં આવ્યું હતું.

(નોંધ:-૧. શરૂઆતમાં એમ.એસસી. ફિઝિયોલૉજી માટે શિક્ષણ શરૂ કરી તેજ વિષયમાં ધીમે ધીમે પીએચ.ડી. માટે વિકાસ કરવાનું કૉલેજના આચાર્યનું સૂચન છે.

૨. કૉલેજના ફિઝિયોલૉજી ડિપાર્ટમેન્ટમાં નીચે પ્રમાણે સ્ટાફ છે:-

સિનિયર લેકચરર	એક
જુનિયર લેકચરર	ચાર

શ્રી બાગચી હ્યુમન ફિઝિયોલૉજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા છે અને શ્રી અગ્રવાલ બાયોકેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થએલ છે.

૩. યોગ્ય પુસ્તકો માટે વાર્ષિક ખર્ચ રૂા. ૨૦,૦૦૦ કરવાનું વિચારાયું છે તેમજ પુસ્તકો અને પિરિયોડીકલ્સ વગેરે માટે સને ૧૯૫૬-૫૭ માટે રૂા. ૫૬,૭૦૦ ખર્ચ કરેલ છે.

૪. આ કૉલેજને હજી બીજી અને ત્રીજી એમ. બી, બી. એસ. ની પરીક્ષા માટે જોડાણ આપવામાં આવ્યું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪૧. એસ. બી. ગાર્ડા કૉલેજ, અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીના પ્રિન્સિપલ તરફથી કૉલેજ મજકૂરને એમ.એ. ડીગ્રી માટે પર્શિયન વિષયના શિક્ષણ માટે એડહોક અનુસ્નાતક કેન્દ્ર આપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧. સૂરત ઝોનમાં પર્શિયન માટે કોઇ અનુસ્નાતક કેન્દ્ર નથી.

૨. ગાર્ડા કૉલેજમાં ફક્ત પ્રો. કુરેશી એકલાજ માન્ય અનુસ્નાતક શિક્ષક છે. ઝોનમાં નીચે પ્રમાણે પ્રસ્તુત વિષય માટે માન્ય અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ છે:

૧. પ્રો. એમ. જે. ઠાકુર, એમ. ટી. બી. કૉલેજ, સુરત

અને

૨. મદદનીશ શિક્ષક શ્રી. એ. વાય. મીર્ઝા, જયેન્દ્રપુરી કૉલેજ, ભરૂચ.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં એમ.એ. ડીગ્રી માટે પર્શિયન વિષયના શિક્ષણ માટે એડહોક અનુસ્નાતક કેન્દ્ર આપવું નહિ.

૪૨. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષની મજકૂર સંસ્થામાં પર્શિયન વિષયના શિક્ષણ માટે કાયમી અનુસ્નાતક કેન્દ્ર ખોલવા પરવાનગી આપવા બાબત આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧. બી. જે. ઇન્સ્ટિટ્યૂટને પર્શિયન વિષય માટે એડહોક સેન્ટર આપવામાં આવેલ છે.

૨. હાલ મજકૂર સંસ્થામાં નીચે પ્રમાણે માન્ય અનુસ્નાતક શિક્ષકો છે:

૧. ડૉ. સી. આર. નાયક-માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. પ્રો. એસ. એ. ઝેડ નંદવી-માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ અમદાવાદને પર્શિયન વિષયના શિક્ષણ માટે એડહોક કેન્દ્ર તરીકે માન્ય રાખેલું હતે ત્યાં નિયમ મુજબ બે માન્ય શિક્ષક છે તે જોતાં તે કેન્દ્રને નિયમિત અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૩. અમદાવાદ ખાતેના સંસ્કૃત ભાષાના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. આર. સી. પરીખ તરફથી સન ૧૯૫૭-૫૮ ના વર્ષ માટેની કેન્દ્રના વિષયોના અભ્યાસ-કાર્યની વહેંચણી તેમજ સમયપત્રક માટે સંસ્કૃત વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકો તેમજ માર્ગદર્શકોની જે બેઠક મળી તે બેઠકે કરેલા નીચે દર્શાવ્યા પ્રમાણેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ:

"While discussing the distribution of work for both the terms it was found that under the present rule No. 33 injustice would be done in the payment of honorarium to these teachers who get less than 10 lectures in one term and more 10 lectures in the other term. In order to remove this discrepancy, this meeting resolves to request the Vice-Chancellor, Gujarat University to amend the third sentence of rule No. 33 as under:

Substitute the word "Rs. 300/- per year' for "Rs. 150/- per term." The amended sentence will read as follows:

The Centre shall pay the teachers from the fund provided that no teacher shall be paid more than Rs. 300/- per year for the lectures delivered or the seminars conducted by him"

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષકોને આપવાના મહેનતાણા બાબતમાં સૂચવ્યા પ્રમાણે અનુસ્નાતક નિયમ નં. ૩૩ માં ફેરફાર કરવાની માગણી નામંજૂર કરવી.

૪૪. અનુસ્નાતક કેન્દ્રો અંગેના નિયમ ૪૪ અનુસાર આર્થિક સહાય (સબ્સિડી) આપવા બાબતમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ડૉ. વિક્રમ સારાભાઈની નીચેની માગણીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

૧. ફિઝિકસ માટે રૂા. ૧૫૦ ને બદલે રૂા. ૩૦૦ મહત્ત આપવા ઠરાવી તે પ્રમાણે નિયમ નં. ૪૪ માં ઘટતો ફેરફાર કરવો.

તેમજ

૨. આ આર્થિક સહાય પીએચ.ડી. ડીગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓની બાબતમાં પણ વિસ્તારવી.

(નોંધ:-અનુસ્નાતક કેન્દ્રો અંગેના નિયમ ૪૪ અનુસાર સાયન્સ ફૅકલ્ટીમાં એમ.એસસી. ડીગ્રી માટે શિક્ષણ અથવા સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને કેમિકલ્સ તેમજ અન્ય પદાર્થોને માટે આર્થિક સહાય (સબ્સિડી) આપવા નીચે પ્રમાણે ધોરણ ઠરાવેલ છે:

Chemistry per student per year For all other subjects under the Science Faculty except Chemistry and Mathematics.	Rs. 300/- Rs. 150/-
For M.Pharm, the Institution will be paid at the rate of ...	Rs. 300/-)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત શ્રી ઉપકુલપતિને સોંપવી.

૪૫. અટીરામાં નોંધાયેલા અનુસ્નાતક વિદ્યાર્થીઓની નિયમ પ્રમાણે ટ્યૂશન ફી મંગાવતા તે સંસ્થાએ ફી વાંધા સાથે મોકલી તે બાબતમાં તેની નીચે પ્રમાણે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

સંસ્થા જણાવે છે કે એમ.એસ.સી. અગર પીએચ.ડી. માટે સંશોધન કરનાર વિદ્યાર્થીઓની બાબતમાં ટ્યૂશન ફી ચાર્જ કરવાનો તે ઈરાદો ધરાવતી નથી. તેથી આવી સંસ્થાઓમાં ટ્યૂશન ફી લેવાનું ધોરણ રદ કરવું જોઇએ.

(નોંધઃ-૧. અનુસ્નાતક નિયમ નં. ૨૬ અનુસાર સાયન્સ ફૅકલ્ટીમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ બાબતમાં એક સત્રની ફી રૂા. ૧૨૫ છે તે નં. ૨૬-બી. અનુસાર માસ્ટર ડીગ્રી માટે સંશોધન કરનાર પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓએ તેમની ટ્યૂશન ફી યુનિવર્સિટીને ભરવાનું કરેલું છે.

૨. આવીજ માગણી આગળ આઈટેમ નં. ૪૪ પર ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી તરફથી થયેલ અને ઉપરાંત નં. ૪૪ થી સાયન્સ ફૅકલ્ટીમાં શિક્ષણ તેમજ સંશોધન માટે માસ્ટર ડીગ્રી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓને આર્થિક સહાય (સબ્સિડી) આપવાની જે જાણ કરેલી તેમાં વધારો કરવા માટે તેમજ તે સગવડ પી.એચ.ડી. માટેના વિદ્યાર્થીઓ સુધી વિસ્તારવા પણ માગણી કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે અટીરાના ડિરેકટરની માગણી નામંજૂર કરવી.

૪૬. ૧૯૫૬-૫૭ ના વર્ષમાં અનુસ્નાતક શિક્ષણ અંગેની યોજના દ્વારા મળેલ અનુભવને આધારે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના આચાર્યોએ બન્ને સંસ્થાઓના સિનિયર અધ્યાપકો સાથે વિચાર વિનિમય કરી યુનિવર્સિટી તરફથી કેન્દ્રોને વહીવટી ખર્ચ (Administrative expences) અંગે જે રકમ આપવામાં આવે છે તે પૂરતી ન હોવાથી તે રકમમાં વધારો કરવા અંગેના ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ :- નિયમ નં. ૩૬ (c) અનુસાર વહીવટી ખર્ચ આપવાનું ધોરણ નીચે પ્રમાણે કરેલું છે :

(i) The following administrative cost is admissible. Rs. 100/- basic minimum plus Rs. 2/- per student per year i.e. Re. 1/- per term per student admissible for administrative expenses for staff, peons etc. for all the centres taken together.
(ii) Re. 1/- per year per student i e. annas 0-8-0 per term per student for postage, stationary, etc. for all the centres taken together.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં તપાસ કરીને જરૂરી પગલાં લેવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૪૭. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીના આચાર્ય તરફથી અનુસ્નાતક નિયમ ૪૪ અનુસાર સાયન્સ ફૅકલ્ટીમાંના વિષય માટે જે આર્થિક સહાય આપવામાં આવે છે તે બાયોલૉજી માટે પણ કેમિસ્ટ્રીની બાબત

પ્રમાણે રૂા ૩૦૦ ની સહાય આપવા બાબતમાં આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધઃ-અનુસ્નાતક નિયમ નં. ૪૪ અનુસાર સાયન્સ ફૅકલ્ટીમાંના વિષયને માટે મુકરર થયેલ કેન્દ્રને એમ.એસસી. ના શિક્ષણ અને સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની બાબતમાં કેમિકલ્સ વગેરેના ખર્ચને માટે નીચે પ્રમાણે આર્થિક સહાય (સબ્સીડી) કેન્દ્રને આપવાને માટે ધોરણ કરેલું છે:—

Chemistry per student per year	Rs. 300/-
For all other subjects under the science Faculty except Chemistry and Mathematics.	Rs. 150/-
For M. Pharm. the Institution will be paid at the rate of	Rs. 300/-)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઉપકુલપતિશ્રીને તપાસ કરીને જરૂરી પગલાં લેવાં માટે વિનંતી કરવી.

૪૮. **સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ તરફથી ગુજરાત કૉલેજ કે જ્યાં હિસ્ટ્રી ગ્રૂપ "એ" અને "બી" માટે અમદાવાદ ઝોનમાં અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવ્યું છે ત્યાં કૉલેજે હિસ્ટ્રી ગ્રૂપ "એ" અને "ડી" માટે દાખલ કરેલ શ્રી. યુ. એમ. ત્રિવેદીને ગ્રૂપ "ડી" માટેના વ્યાખ્યાનો ભવનમાં ભરવા દેવા અંગે પ્રિન્સિપલ તરફથી પત્ર આવેલ તે બાબતમાં સ્કૂલના ડિરેક્ટરે જે વિષયો સ્કૂલમાં શિખવાડાતા હોય તે વિષયો માટે વિદ્યાર્થીઓને અમદાવાદના અન્ય કેન્દ્રોમાં દાખલ કરી શકાય કે કેમ તે બાબત સ્પષ્ટીકરણ માગેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ :-૧ યુનિવર્સિટી સ્કૂલમાં "ઇકોનોમિક્સ" "પોલિટિક્સ", "સોશિયોલૉજી" અને "સ્ટેટીસ્ટીક્સ" શિખાવાય છે. ગ્રૂપ "ડી" અને "એફ" સોશિયોલૉજી માટે છે.

૨. અમદાવાદ ઝોનમાં ગુજરાત કૉલેજમાં હિસ્ટરી ગ્રૂપ "એ" અને "ડી" માટે રજિસ્ટર થયેલ હોવાથી તેણે ગ્રૂપ "એ" માટે ગુજરાત કૉલેજમાં અને ગ્રૂપ "ડી" માટે ભવનમાં આવવું પડે તેથી આ પ્રશ્ન નીતિ (Policy) અંગેનો હોવાથી તે માટે નિર્ણય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ વિદ્યાર્થીએ લીધેલા ગ્રૂપો પૈકીનું એક પણ ગ્રપ યુનિવર્સિટી સ્કૂલમાં શિખાવાતું હોય તો તેણે યુનિવર્સિટી સ્કૂલમાંજ રજિસ્ટર થવું આવશ્યક લેખવું.

૪૯. **સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૧૨ અનુસાર ગૌણ ભાષા બદલવાની બાબતમાં પ્રથમ સત્રમાં જો અરજી કરવામાં આવે તો તે વિદ્યાર્થીને નવેસર રજિસ્ટ્રેશન ફર્યા બાદ તેવી પરવાનગી આપી શકાય એવી જોગવાઇ છે. આ નિયમ નં. ૧૨ માં ગૌણ ભાષા બદલવાની પરવાનગી બાબતમાં જે નવેસર રજિસ્ટ્રેશન કરવાનું છે તે બાબતમાં પુનર્વિચારણા કરવા અંગે ગુજરાતી ભાષા સાહિત્ય ભવના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત. અધ્યક્ષ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:**

"I feel that the University should reconsider the question of fresh payment of the Registration fee in the case of an application for a change in the subordinate language. I would like to invite your attention to the fact that no such fresh payment of his Registration fee was to be made under the old rules"

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૧૨માં ગૌણ ભાષા બદલવાની પરવાનગી આપવા બાબતના ધોરણમાં ફેરફાર કરવા અંગેની ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષની વિનંતી સ્વીકારવી નહિ.

૫૦. અનુસ્નાતક નિયમ નં. ૨૫ અનુસાર કોઈપણ અનુસ્નાતક શિક્ષક પીએચ.ડી ની દોરવણી માટે પાંચથી વધુ વિદ્યાર્થીઓને લઈ શકે નહિ એવું ધોરણ ઠરેલ છે. યુનિવર્સિટીનાં પોતાનાં ખાતાંના અનુસ્નાતક શિક્ષણ કેન્દ્રમાં આ નિયમમાં થોડો અપવાદ કરવા પરત્વે ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષની નીચે દર્શાવ્યા પ્રમાણે આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

"હાલના યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કોઇપણ અનુસ્નાતક શિક્ષક પાંચ કરતાં વધારે વિદ્યાર્થીઓને પીએચ.ડી. ની ડીગ્રી માટે નોંધી શકે નહિ. "અન્ડર ગ્રેજ્યુએટ" શિક્ષણ માટેની સંસ્થાઓમાં કામ કરતા માન્ય અનુસ્નાતક શિક્ષકોને પીએચ.ડી ના વિદ્યાર્થીઓને દોરવણી આપવા ઉપરાંત "અન્ડર ગ્રેજ્યુએટ" વર્ગોનું અધ્યાપન કાર્ય પણ કરવાનું હોય છે, એટલે ઉપરનો નિયમ "અન્ડર ગ્રેજ્યુએટ" સંસ્થામાં કામ કરતા શિક્ષકોનું કામભારણ ધ્યાનમાં લેતાં યોગ્યજ છે. પણ ગુજરાતી ભાષા સાહિત્ય ભવન જેવાં યુનિવર્સિટીનાં પોતાનાં અનુસ્નાતક શિક્ષણ માટેનાં કેન્દ્રોનું એક મુખ્ય કાર્ય સંશોધનની પ્રવૃતિને વેગ આપવાનું હોઇ તેમને આવી મર્યાદામાંથી મુક્ત રાખવામાં આવે અને એમની સગવડ પ્રમાણે વધુ પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓ લેવાની રજા આપવામાં આવે એ ઇચ્છવા જેવું છે. તો આ અંગે ઘટતું કરવા વિનંતી છે"

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પીએચ.ડી. ડીગ્રી માટે માર્ગદર્શન આપનારા અધ્યાપકો જો તેઓ ફક્ત અનુસ્નાતક શિક્ષણ તથા સંશોધનનું જ કામ કરતા હોય, એટલે કે યુનિ. સ્કૂલ કે અનુસ્નાતક સંસ્થામાં જ કામ કરતા હોય, તો તેવા શિક્ષક પીએચ.ડી. ડીગ્રીના સંશોધન માટે સાત સુધી વિદ્યાર્થીઓ લઈ શકે એવું ધોરણ ઠરાવવા તેમજ તે અનુસાર અનુસ્નાતક નિયમ નં. ૨૫માં યોગ્ય ફેરફાર કરવાની આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૫૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને ઇંગ્લીશ માટેનું અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવેલું છે. મજકૂર કેન્દ્રનું સન ૧૯૫૭-૫૮ ની સાલ માટેનું સમયપત્રક આવ્યું તેમાં પ્રિન્સિ. એસ. આર. ભટ્ટને લેવાના સમયની યોજના ખાસ અપવાદ તરીકે પ્રોફેસર-ઇન-ચાર્જની સંમતીથી અને વિદ્યાર્થીઓની સગવડ લક્ષમાં રાખવા ઉપરાંત પ્રિન્સિપલ ભટ્ટને તેમની કૉલેજના વહીવટી કાર્યની વ્યવસ્થા વગેરે ધ્યાનમાં લઈ તેમનાં ઇંગ્લીશ વિષયનાં એમ.એ.નાં વ્યાખ્યાનો બી. ડી. આર્ટ્સ કૉલેજમાં લેવા દેવા માટે માગણી કરવામાં આવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧. એક કૉલેજમાં કેન્દ્ર આપવામાં આવ્યું હોય તેમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે તે કૉલેજ સિવાય અન્યત્ર પણ તેજ વિષય માટે તેજ ઝોનમાં અનુસ્નાતક વ્યાખ્યાનો રાખવા

દેવાની પરવાનગી આપી શકાય કે કેમ તે પ્રશ્ન અત્રે આ નીતિની બાબત હોવાથી વિચારવાનો છે.

૨. પ્રિન્સિપલ ભટ્ટને તેમણે તેમનાં વર્ગો એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં લેવા જોઇએ એવું એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપલ મારફત જણાવતાં શ્રી. ભટ્ટ જણાવે છે કે:-

"Please note that the place and date of my lectures to students of M.A. English class were fixed after ascertaining the convenience of the students and with the approval of the Convener, in order to avoid conflict with the Time-Tables of optional language. I may also add that with the administrative work at my college the present arrangement gives me proper scops for detailed discussion with the students. I trust the arrangement will not be disturbed.")

જે કૉલેજ અગર અનુસ્નાતક શિક્ષણ સંસ્થામાં અનુસ્નાતક કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું હોય ત્યાંજ તેનું કાર્ય થવું જોઇએ તેથી પ્રોફેસર એસ. આર. ભટ્ટની તેમને બી. ડી. આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાનો આપવા દેવાની માગણી સ્વીકારવી નહિ.

૫૨. અનુસ્નાતક કેન્દ્રમાં બહારની યુનિવર્સિટીના નામાંકિત પ્રોફેસરો (Professor of outstanding merit) ને વ્યાખ્યાનો આપવા માટે આમંત્રણ આપી શકાય કે નહિ તે અંગે વિચારણા કરવા બાબત. આ બાબત સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૭-૧૧-૧૯૫૭ના રોજ મળેલ સભામાં આઇટેમ નં. ૮૩ ઉપર આ બૉર્ડને અભિપ્રાય માટે મોકલી આપેલ છે.

(નોંધ:-ગુજરાત કૉલેજ, અમદાવાદમાં આ અંગે ઇતિહાસના કેન્દ્ર "એ" અને "બી" ગ્રૂપ માટે તેમજ મેથેમેટિકસ કેન્દ્રે આવા પ્રોફેસરોને બોલાવવા બાબત કેન્દ્રની બચતમાંથી ખર્ચ કરવાની પરવાનગી માગી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે તે કેન્દ્રોએ આવી જાતના બહારના વિદ્વાનોને બોલાવવા હોય તો તેઓ તે અંગેનો કાંઇપણ ખર્ચ કેન્દ્રના ખર્ચ ખાતે કરી શકે નહિ. તે અંગેની સગવડ તેમણે તેમના કૉલેજના જ બજેટમાંથી અગર અન્ય રીતે કરી શકે એમ તેમને જણાવવું.

૫૩. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બૉટાની વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવેલ છે કેન્દ્ર મજબૂરની શિક્ષણ કાર્ય વગેરે અંગેની વહેંચણી તેમજ સમયપત્રક ઇત્યાદિ નક્કી કરવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષકોની બેઠક મળી તે બેઠકનો હેવાલ (મિનિટસ) પ્રોફેસર-ઇન-ચાર્જ તેમજ પ્રિન્સિપલ મારફત અત્રે આવ્યો તેમાંના નીચે દર્શાવેલા ઠરાવનં. ૩ પરત્વે વિચારણા કરવા બાબત.

ઠ રા વ :

"All teachers were unanimously of opinion that the M.Sc students accompanied by at least two staff members, should make at least one long excursion and 3 to 4 local excursions per year. The long excursion should cover about 12-15 days and the short excursion 1-3 days The long excursions should be to places like, Mussorie, Dehradun and Kashmir in the North, or to Mysore, Kodai Kanel, Octacamond, Pahav and if possible Peridenia Gardens, Ceylon in the South.

During the excursions the students should not only make collections of plants of various types but should also visit Botanical and Agricultural Forest and Biochemical Research Stations in India, in order to acquaint them with the practical applications of Botany and the progress of botanical research schemes in India. The average costs of T. A. to the students and T.A. and H.A to the staff accompanying (at concessions rates) was calculated to be approximately Rs. 1000/- The professor in charge was requested to ask the University for a special grant and and make suitable proposals in this connection."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર ટાંકેલા ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણે આર્થિક મદદ આપી શકાય નહિ એમ કેન્દ્રને જણાવવું. આવી જાતના ખર્ચ માટે જે તે કૉલેજ અગર સંસ્થાએ તેમના બજેટમાં અગર અન્ય રીતે જોગવાઈઓ કરવી જોઇએ. કેન્દ્રના ખર્ચ ખાતે તેમના બજેટમાં અગર કેન્દ્રની બચતમાં આ અંગેનો ખર્ચ પડી શકે નહિ એમ વધુમાં જણાવવું.

બાબત ૫૪ થી ૫૭ સુધીની વિચારણા મુલતવી રાખવામાં આવી હતી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૭૭૪૩-૬૭-૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૪-૧-૫૮

જે. એમ. મહેતા.
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી

નીચે જણાવેલ અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલ પરીક્ષાના વિષયો માટે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ આસીસ્ટન્ટ તરીકે તા. ૨૦ મી જૂન ૧૯૬૧ સુધી શ્રી. ઉપકુલપતિએ માન્ય કર્યા છે તેની યાદીઃ—

યાદી

અ. નં.	નામ	વિષય	ડીગ્રી	કૉલેજ અથવા સંસ્થા
૧.	શ્રી. કે. વી. વસાવડા	હીસ્ટ્રી "એ" અને "સી"	એમ.એ.	ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર.
૨.	શ્રી. સી. જી. લોટીયા	૧. લેબર એડમીનીસ્ટ્રેશન ૨. ઓર્ગેનાઇઝેડ માર્કેટ	એમ. કોમ.	જી. એલ. એસ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ.
૩.	શ્રીમતી વી. બી. ત્રિપાઠી	મેથેમેટીક્સ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ. એસ.સી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૪.	શ્રી. પી. જી. માવલંકર	હીસ્ટ્રી ગ્રુપ "જી"	એમ.એ	એલ.ડી.આર્ટ્સ કૉલેજ અમદાવાદ.
૫.	શ્રી. એમ. જી. કોટેચા	ઇન ઓર્ગેનીક કેમીસ્ટ્રી	એમ.એસ સી.	બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૬.	શ્રી. એચ. કે. ત્રિવેદી	હીસ્ટ્રી ગ્રુપ "સી" અને "ઇ"	એમ એ.	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.
૭.	શ્રી. ડી. જે પંડયા	હીસ્ટ્રી ગ્રપ "સી"	એમ.એ.	નુતન કેળવણી મંડળ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડ.
૮.	શ્રીમતી લક્ષ્મી રાવ	ઈંગ્લીશ	એમ.એ.	પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૯.	શ્રી. એમ. એન. જીંદાલ	એમ. ડી. ફાર્મેકોલૉજી.	એમ.ડી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

૧૦.	શ્રી. એમ. સી. જાની	ફિલોસોફી	એમ.એ.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૧૧.	શ્રી. આર. એસ. આઢવ	ફિઝીક્સ	એમ. એસ સી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૧૨.	શ્રી. બી. એમ. ભટ્ટ	હીસ્ટ્રી ગ્રુપ "સી" અને "ઇ"	એમ.એ.	શામળદાસ કૉલેજ, અમદાવાદ.
૧૩.	શ્રી. વી. એમ. ત્રિવેદી	ફિઝીક્સ	એમ.એસસી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૧૪.	શ્રી. આર. બી. કુલસેસ્હરા	ઈંગ્લીશ	એમ.એ.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.
૧૫.	શ્રી. આર. ડી. મિશ્રા	હિંદી	એમ એ.	સેન્ટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદ.
૧૬.	શ્રી. દર્શનસિંગ બશન	મેથેમેટિક્સ એપ્લાઇડ	એમ.એ. અને એમ. એસસી.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૧૭.	શ્રી. જી. ટી. શાહ	મેથેમેટીક્સ ગ્રુપ "એ"	સદર	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૧૮.	શ્રી. એમ. ટી. બુચ	સંસ્કૃત	એમ.એ.	નુતન કેળવણી મંડળ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડ.
૧૯.	શ્રી. સી. બી. શેઠ	હીસ્ટ્રી ગ્રુપ "બી"	એમ.એ.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨૦.	શ્રી. આર. બી. શ્રીવાસ્તવ	હીસ્ટ્રી ગ્રુપ "સી" અને "ઇ"	એમ.એ.	એમ. એન. કૉલેજ, વિસનગર.
૨૧.	શ્રી. વી. એસ. વણીકર	૧. ફિલોસોફી ઑફ એજ્યુકેશન ૨. સાયકોલૉજી ઑફ એજ્યુકેશન	એમ. ઇડી.	એ જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.

તા. ૧-૨-૧૯૫૮

૨૨.	શ્રી. બી. એસ. અગ્રવાલ	હિંદી	એમ.એ.	શ્રેયસ્ મહાવિદ્યાલય, અમદાવાદ.
૨૩.	શ્રી. એન. એન. ભગત	ઈંગ્લીશ	એમ.એ.	બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨૪.	શ્રી. વી. કે. શિંગ	સાયકૉલૉજી	એમ.એ.	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલૉજી, અમદાવાદ.
૨૫.	શ્રી. ટી. આર. દવે	કેમેસ્ટ્રી ઇનઓર્ગેનીક અને ફિઝીકલ	એમ. એસસી.	જે. એન્ડ જે. કૉલેજ નડિયાદ.
૨૬.	શ્રી. એન. જે. દેસાઇ	કેમેસ્ટ્રી ઓર્ગેનીક	એમ. એસસી.	એમ. એન. કૉલેજ, વિસનગર
૨૭.	શ્રી. જે. આઈ. દેસાઈ	કેમેસ્ટ્રી ઇનઓર્ગેનીક	એમ. એસસી,	બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૨૮.	શ્રીમતી યુ. જે. મહેતા	ઓબસ્ટેટ્રીક્સ અને ગાયનેકૉલૉજી	એમ.ડી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

પરિશિષ્ટ "ખ"
કામકાજ નં. ૮

પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરોની યાદી

કેન્દ્ર :	કુલ વિદ્યાર્થીઓની સંખ્યા :	સિનિયર સુપરવાઇઝરો :
૧. વલસાડ	૨૦૦	૧. ડૉ. કે. જી. નાયક ૨. શ્રી. સી. સી. શાહ
૨. નવસારી	૪૮૨	૧. પ્રિન્સિ અ. ક. ત્રિવેદી ૨. પ્રો. વી. એન. ઉપાધ્યાય
૩. એમ.ટી.બી. કૉલેજ સુરત	૧૧૦૦	૧. પ્રો. આર. આઈ. પટેલ ૨. પ્રો. કે. એમ. તલાટી ૩. પ્રો. જી. ટી. શાહ ૪. પ્રો. પી. બી. વૈદ્ય
૪. ભરૂચ	૨૧૦	૧. પ્રિન્સિ. કે. વી. દેસાઇ ૨. પ્રો. જી. કે. જી. જોશી
૫. પેટલાદ	૨૭૦	૧. પ્રિન્સિ. ડૉ. એસ. વી. શાહ ૨. પ્રો. વી. સી. ઉપાધ્યાય
૬. નડિયાદ	૪૨૫	૧. પ્રો. કે. એન. ચોકસી ૨. પ્રો. એમ. સી. શાહ
૭. વીસનગર	૪૭૦	૧. પ્રો. એમ. એન. કોરગાંવકર ૨. પ્રો. એચ. એચ. ખુચ
૮. જૂનાગઢ	૫૯૦	૧. પ્રિન્સિ. એન. એન. ભરૂચા ૨. પ્રો. એ. આર. રાવ ૩. પ્રો. જી. એ. કાપડિયા
૯. રાજકોટ ૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ	૮૯૦	૧. પ્રો. એમ. જી. દેસાઇ ૨. શ્રી. આર. આર. મિશ્ર ૩. શ્રી. એ. વાય. કેસકર

તા. ૧-૨-૧૯૫૮

	૨. પી. ડી. માલવીયા કૉમર્સ કૉલેજ.	૨૭૦	૧. પ્રિન્સિ. ખી. પી. દુતિયા ૨. શ્રી. આર. કે. ગાંધી
૧૦.	ભાવનગર શામળદાસ કૉલેજ.	૧૦૧૦	૧. પ્રિન્સિ. જે. બી. સાણ્ડલ ૨. શ્રી. એમ. સી. ભટ્ટ ૩. પ્રિન્સિ. એસ. સી. પાઠક ૪. પ્રિન્સિ. ડી. પી. જોશી
૧૧.	જામનગર ડી. કે. વી. કૉલેજ.	૪૫૦	૧. પ્રિન્સિ. આઈ. વી. ત્રિવેદી ૨. પ્રો. એસ. એમ. શાહ ૩. પ્રો. એસ. જી. દેસાઈ
૧૨.	અલિયાબાડા	૩૭	૧. પ્રો. એમ. એસ. પટેલ
૧૩.	સુરેન્દ્રનગર	૨૬૦	૧. પ્રિન્સિ. એમ. એમ. પારેખ ૨. પ્રો. એસ. જે. ત્રિવેદી
૧૪.	પોરબંદર મહિલા મહાવિદ્યાલય.	૭૬	૧. પ્રિન્સિ. એન. એન. પટેલ ૨. પ્રો. આઇ. કે. દવે
૧૫.	ભૂજ	૧૫૦	૧. પ્રિન્સિ. વાય. ડી. ભાવે ૨. ડૉ. એ. જી. મુનશી
૧૬.	અમદાવાદ.		
	પ્રી-યુનિ. આર્ટ્સ.	૧. ગુજરાત કૉલેજ-૧૦૦૦	૧. પ્રો. પી. વી. પારેખ ૨. પ્રો જી. એલ. અભ્યંકર ૩. પ્રો. આર. એમ. રાવળ
	૨૬૦૦	૨. રામાનંદ કૉલેજ-૭૦૦	૧. પ્રો. જે. એસ. જેટલી ૨. પ્રો. એલ. એચ. ટેંગશે
		૩. લૉ કૉલેજ - ૭૦૦	૧. પ્રો. આર. એમ. જોશી ૨. પ્રિન્સિ. એમ. સી. દેસાઇ
		૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ -	૧. ફાધર એફ પ્રેગેન્ઝા ૨. ફાધર જે પ્રેગેન્ઝા

૨. ભથ્થાંની આ વ્યવસ્થા અને તેમાંથી થતું મળતર ધ્યાનમા લેવું જોઇએ અને તે આધારે પગારની ગ્રેડ વિચારવી જોઈએ. એટલે કે મુંબઈ સરકાર મુંબઇ શહેર સિવાયના રાજ્યના વિસ્તારને માટે જે ધારાધોરણ માન્ય રાખ્યું છે અને જેનો અમલ અમદાવાદની ગુજરાત કૉલેજ જેવી સંસ્થા તથા સરકારી ખાતામાં થાય છે તેનો આધાર આપણે રાખવો જોઈએ, કે જે આધાર રાખીને યુનિવર્સિટી આજસુધી કામ કરતી આવી છે.

૩. ઉપર ભૂમિકા રજૂ કરતાં હું કહી ગયો હતો તેમ, મુંબઇ શહેરનો ખાસ કેસ બાદ કરી યુનિવર્સિટીને સમાન ગણાતી રાજ્યની તથા બીજી ખાનગી સંસ્થાઓના પગારદરો અને ફુલ મળતર જોતાં આપણો પગારદર, ભથ્થાં વગેરેનું મળતર ઓછું નથી, બલ્કે તુલનામાં ઠીક ઠીક ઉપર પણ જાય તેવું છે. આમ છતાં સિન્ડિકેટે ગયે વર્ષે સ્ટાફની અરજી ઉપરથી પગારદર વગેરેમાં અને તેટલો સુધારો વિચારવાની વાત સ્વીકારી છે. તેથી ઉપર જણાવ્યું તેમ, મને સોંપવામાં આવેલા પગારદર વગેરેનો આધાર ધ્યાનમાં લઇને તથા શ્રી. બટુભાઇ સાથે આ બાબતમાં મસલત કરીને નીચે પ્રમાણે સૂચના રજૂ કરૂં છું. આ સૂચના જો માન્ય ન થાય અને સ્ટાફ તે ન માને તો યુનિવર્સિટીએ પોતાની જવાબદારી જોતાં સરકાર પાસે આખા પ્રશ્નનું અડજુડિકેશન કરાવવાને વિનંતિ કરવી જોઇએ.

૪ મારી સૂચના પગારધોરણ સુધારવા વિષે નીચે પ્રમાણે છેઃ—

૫. ઉપરની ગ્રેડ સ્વીકારવામાં આવે તો તે ક્યારથી અમલમાં આણવી અને અમલમાં આવવાને કારણે રીફીક્સેશન વગેરે જેવા પ્રશ્નો વિચારવા રહે છે. જુલાઇ ૧૯૫૭ થી અમલમાં આણવાનું રાખીએ તો મને લાગે છે કે યોગ્ય ગણાય. રીફીક્સેશનનો ખાસ કોઈ સવાલ એટલા બધા જાગશે નહીં એમ માનું છું. આને કારણે કોઇને ઓછું મળે તેવું તો ન જ થવું જોઇએ તે સ્પષ્ટ છે.

ઉપરની ભલામણો, મને લાગે છે કે, અત્યારનું સામાન્ય ધોરણ સરકારમાં, કૉલેજમાં તથા બીજી યુનિવર્સિટીઓમાં છે તેના કરતાં ચઢીયાતું અને વધારે લાભકારી બને છે. આને લઇને ઉત્તરોત્તર વર્ષોમાં આપણો ખર્ચ વધશે. છતાં એટલું આજે યુનિવર્સિટીએ માથે લેવું એ એણે પગારસુધારો કરવા સ્વીકાર્યું તેમાંથી ફલીત થતી જવાબદારી છે એમ ગણાય. છતાં જો તે સ્વીકાર્ય ન લાગે તો આપણે એક જાહેર કાનુની સંસ્થા તરીકે સરકાર પાસેથી ઍડજુડિકેશન દ્વારા તોડ મેળવવો જોઇએ, એ આપણી જવાબદારી બને છે. મને આશા છે કે સિન્ડિકેટ આ ભલામણ સ્વીકારશે.

પ્રી-યુનિ. સાયન્સ:	૧. એલ. ડી. આર્ટ્સ-૧૦૦૦	૧. પ્રો. આર. બી. આથવલે
	કૉલેજ	૨. પ્રો. સી. એમ. પટેલ
૧૨૦૦		૩. પ્રો. એચ. સી. ત્રિવેદી
	૨. સેંટ ઝેવિયર્સ - ૨૫૦	૧. ફાધર એફ. બ્રેગેન્ઝા
		૨. ફાધર જે બ્રેગેન્ઝા
પ્રી-યુનિ. કૉમર્સ.	૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	
	૨. પ્રો. કે. બી. વ્યાસ	
૧૦૦૦	૩. પ્રો. એ. ડી. ઝાલા	

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૧૮

O. 301-C. A candidate who obtains 50% of the total marks in subjects of Group A and passes in all the subjects of A & B but one or who obtains exemption marks in all the subjects but one at the First B Pharm. Examination as mentioned in R. 196-C will be allowed to keep terms and appear for the Second B.Pharm. Examination after keeping two terms but will not be declared to have passed the Second B.Pharm. Examination unless he has passed in the remaining subjects of the First B.Pharm. Examination held either in the previous or in the same examination season.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૧૯

R. 92 : The following is the scheme of instruction and examination for the First Examination in Engineering, Second Examination in Engineering (Civil) and for the Examination in the degree of Bachelor of Engineering (Civil):-

A. Civil Engineering

First Examination in Engineering (C.M.E.)

1. C.M.E. Mathematics I (One paper of 100 marks, 3 hours)
2. C.M.E. Mathematics II (One paper of 100 marks, 3 hours)
3. C.M.E. Applied Mechanics (One Paper of 100 marks 3 hours)
4. C.M.E. Engineering Drawing (One paper of 100 marks, 4 hours)
   (Term work 50 marks)
5. C.M.E. Surveying I (One paper of 100 marks, 3 hours)
   (Term work 50 marks)
   (Practical Examination 50 marks)
6. C.M.E. Electrical Engineering I (One paper of 100 marks, 3 hours)
7. C.M.E. Heat Engines I (One paper of 100 marks, 3 hours)
8. C.M.E. Workshop Practice (Practical Examination 100 marks)
   (Term work 50 marks)
9. C.M.E. Engineering Materials and Elementary Building construction)
   (One paper of 100 marks, 3 hours)

Second Examination in Engineering (Civil)

10. C.M.E. Mathematics III (One paper of 100 marks, 3 hours)
11. C.M.E. Hydraulics (One paper of 100 marks, 3 hours)
    (Term work 25 marks)
12. C.M.E. Materials and Structures I (One paper of 100 marks, 3 hours)
13. C.M.E. Testing of Materials (College certificate; term works 25 marks)
14. C. Theory of Structures I (One paper of 100 marks, 3 hours)
15. C. Railways, Docks and Harbours (One paper of 100 marks, 3 hours)
16. C. Surveying II (One paper of 100 marks, 3 hours)
    (Term work 50 marks) (Practical examination 50 marks)
17. C. Construction I (One paper of 100 marks, 3 hours)
18. C. Engineering Drawing and Design I (One paper of 100 marks, 4 hours)
    (Term work 50 marks)
    (Oral and Sketching 50 marks)

19. C. Elements of Economics, (One paper of 100 marks, 3 hours)

20. C. Engineering Geology (One paper of 75 marks, 2 hours) (Practical Examination 25 marks)

Degree Examination in Engineering (Civil)

21. C. Hydraulics and Hydraulic Machinery (One paper of 100 marks, 3 hours Term work 25 marks)

22. C. Theory of Structures II (One paper of 100 marks, 3 hours)

23. C. Structural Drawing and Design (One paper of 100 marks, 4 hours) (Term work 100 marks) (Oral & Sketching 50 marks)

24. C. Roads and Bridges (One paper of 100 marks, 3 hours)

25. C. Water Supply and Sanitary Engineering (One paper of 100 marks, 3 hours)

26. C. Construction II (One paper of 100 marks, 3 hours)

27. C. Civil Engineering Drawing and Design II (Term work 150 marks, Oral and Sketching 50 marks)

28. C. Irrigation Engineering (One paper of 100 marks, 3 hours)

29. C. Quantity Surveying and Costing (One paper of 100 marks, 4 hours) (Term work 50 marks, Oral and Sketching 50 marks)

30. C. Soil Mechanics and Applied Geology (One paper of 100 marks, 3 hours) (Term work 50 marks) (25 marks for Soil Mechanics and 25 marks for Applied Geology on the experimental work based on the theoritical syllabii.)

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૨૩

Reg. 73 : "A candidate who has obtained 40% of the marks in Head I or in individual subject under head 1 or 44 percent of the total marks, in any of the other subjects (including the practicals) at an examination may, at his option, be excused from appearing in that subject provided he has obtained the minimum in each paper and practical of that subject required by Regulation 72 at a subsequent examination, and will be declared to have passed the whole examination when he has passed in all the subject of the examination, provided further that in the head or heads in which he appears on the last occasion, he shall obtain the minimum in each had of passing as required by Regulation 72. Candidates passing the examination in this manner in compartments will not be eligible for a prize or a scholarship to be awarded at the examination.

A candidate, however, who has earned exemption in languages or who has earned exemptions at one sitting in all subject except the languages shall be entitled to a class in accordance with the R. 72 on his passing in the remaining subject or subjects at a subsequent examination."

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૨૫

Intermediate Pharmacy

R. 202 G (a) : A student who secures 45% marks of the total marks in the aggregate of all the subjects and passes in all subjects but one at the First Year examination in Pharmacy, as mentioned in R. 202 D, will be allowed to keep terms at the Intermediate Pharmacy and appear for the Intermediate Pharmacy Examination after keeping two terms but will not be declared to have passed the Intermediate Pharmacy Examination unless he has in the subject in which he failed at the First Year Pharmacy Examination, held either in previous or in the same examination season.

R. 202 G (b) : A candidate who has secured 50% of the total marks in any subject at the First Year Pharmacy Examination may, at his option be exempted from appearing in the subject at the subsequent examination provided he has passed in all the heads of passing in that subjects and will be declared to have passed the whole examination when he has passed in all the remaining subjects and has obtained the total marks in those as required under R. 202 F.

Candidates passing the examination in this manner by compartments will not be eligible for a class, a prize or a scholarship to be awarded at the examination.

O. 302-D : Every candidate for the admission to the Intermediate Examination in Pharmacy shall be required to have passed the First Year Examination in Pharmacy of this University or of any other University recognised as equivalent to the examination of this University or Intermediate Science with A or B group or Pre-medical examination or a First Year Examination of a three years' integrated degree course with Physics, Chemistry, Botany or Mathematics as subjects and in addition he must have completed the course of study as laid down in 202-K in an institution recognised by the University for the purposes.

First B.Pharm.

O. 301-A : A candidate for the examination of First B.Pharm. must produce a certificate to the effect that he has passed the Intermediate Examination in Pharmacy, or Diploma in Pharmacy or Intermediate Science (B Group Exam.) of this University or an examination equivalent thereto in English, Physics, Chemistry and Biology, or B.Sc. Examination with Chemistry and Botany as their subjects or Pre-medical Examination or a first year examination of a three years integrated degree course with Chemistry, Physics and Botany as their subjects and in addition he must have completed the course of study as laid down in R. 196-G in an institution recognised by the University for the purpose.

R. 196-C : Candidate for the First B.Pharm. Examination shall be examined after they have satisfactorily completed the prescribed courses of study as laid down in R. 196-G. and have kept two terms for the purpose at an affiliated college in the following subjects :

Scheme of Examination.

Subject of Examination.	Total marks for Theory including sessional.	Total marks for practical examination including sessional
Group A.		
1. General Pharmacy	100 marks	100 marks
2. Pharmaceutical Chemistry - II (Inorganic, Physical & Analytical)	100 marks	100 marks
3. Pharmaceutical Chemistry-II (Organic)	100 marks	—
4 Pharmacognosy I	100 marks	100 marks
5. Pharmaceutical Economics & Accounting.	75 marks	—
Group B.		
6. Dispensing Pharmacy	100 marks	100 marks
7. Forensic Pharmacy	75 marks	—
8. Mathematics	100 marks	—

N.B. All written and practical examinations shall be of three hours' duration. Candidates who have passed the Intermediate Pharmacy Examination or Diploma in Pharmacy Examination will be required to study Mathematics and pass with at least 40% marks and will be exempted from dispensing Pharmacy and Forensic Pharmacy.

Candidates who have passed the Intermediate Science Examination or the B.Sc. Examination with Chemistry and Botany as their subjects will be required to study dispensing Pharmacy and Forensic Pharmacy of Diploma standard and pass with at least 40% marks and will be exempted from Mathematics.

The marks of Group B subjects viz. in Mathematics, Dispensing Pharmacy and Forensic Pharmacy shall not be considered for passing the examination according to R. 196-E. (b).

R. 196-E : To pass an examination, candidates must obtain (a) at least 40 percent of the marks in Theory (including sessional) and Practical (including sessional) separately of each subject under Group A, viz. General Pharmacy, Pharmaceutical Chemistry I & II, Pharmacognosy I, and Pharmaceutical Economics and Accounting; (b) in addition must obtain at least 50% of the total marks assigned to the examination in the subjects under Group A and (c) 40 percent of the marks in theory (including sessional) and Practical (including sessional) separately in each subject under Group B. viz. Dispensing Pharmacy, Forensic Pharmacy and Mathematics.

The marks obtained in subjects under group B, shall not be considered for 50% of the total marks assigned to the whole examination or for passing the examination by compartments as mentioned in R. 196-T. No class shall be awarded to the successful candidates at the I B.Pharm. examination.

R. 196-F : A candidate who has secured 50 percent of the total marks (including sessional marks) in any subject under Group A and 40% in any subject under Group B at the First B.Pharm. Examination, may, at his option, be exempted from appearing in that subject at a subsequent examination, provided he has passed in all the heads of passing in that subject and will be declared to have passed the whole examination when he has passed in all the remaining subjects and has obtained the total marks in those subjects as required under R. 196-E. Candidates passing the examination under Group A subjects in this manner by compartments will not br eligible for a class, prize or scholarship to be awarded at the Examination. Candidates claiming exemption in subject or subjects under Group B shall not be debarred from class, prize or Scholarship under R. 196-T.

O. 301-F : A candidate who passess in all subjects but one and secures 50 percent of the total marks assigned to the whole examination or who obtains exemption marks in all subjects but one at the II B.Pharm. Examination as mentioned in R. 196. J. will be allowed to keep terms and appear at the final B.Pharm. Examination after keeping two terms but will not be declared to have passed the final B.Pharm. Examination unless he has passed in that remaining subject of the second B.Pharm. held either in previous or in the same examination season.

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૧૫-૩-'૫૮

આનગી :

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ ૧૯૫૮ની સભા શનિવાર તા. ૧૫–૩–૧૯૫૮ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ ડેપ્યૂટી ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન	હાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુક્લ	હાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૭.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૮.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૯.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર
૧૧.	ડૉ. વિક્રમ અં. સારાભાઈ	હાજર
૧૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર

૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ એમ. એમ. સરકાર	ગેરહાજર
૧૮.	શ્રી. એ. એમ. નાયક	હાજર

૧. સિન્ડિકેટની તા. ૧-૨-૧૯૫૮ના રોજ મળેલી ફેબ્રુઆરી ૧૯૫૮ની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૧-૨-૧૯૫૮ના રોજ મળેલી ફેબ્રુઆરી ૧૯૫૮ની સભાના કામકાજની નોંધને મંજૂર રાખવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. બિલ્ડીંગ કમિટીની તા. ૭-૨-૧૯૫૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. સાયકલ શેડ તથા મોટર ગેરેજ અંગે.

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આત્મારામ એમ. ગજ્જરે તૈયાર કરેલા આલેખો અને અંદાજ મુજબ બે સાયકલ શેડ (સાયકલ મૂકવાના સ્ટેન્ડ સિવાય) અને બે મોટર ગેરેજ લાયબ્રેરી બિલ્ડિંગની પાછલી બાજુ ઉપર બાંધવા અને તેના અંદાજી ખર્ચ અનુક્રમે રૂા. ૬,૦૦૦ અને રૂા. ૫,૧૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. સમાજવિદ્યાભવન અને ગુજરાતી ભાષા-સાહિત્યભવન માટેના સાયકલ શેડ બન્ને ભવનના મકાનની વચ્ચેના ભાગમાં જરૂર જણાયેથી ભવિષ્યમાં બાંધવા."

૨. સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટે આર્કિટેક્ટ શ્રી. દોશીની રિપિટેશન્સના અર્ધા ટકાને બદલે એક ટકા લેખે મહેનતાણાની માંગણી અંગે.

"ચર્ચા દરમ્યાન શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ જણાવ્યું હતું કે તેઓશ્રી શ્રી. બી. વી. દોશીને રિપિટેશન્સ માટે બા ટકા લેવા સમજાવશે. એટલે આ બાબત કંઈ કરવાનું રહેતું નથી. પરંતુ શ્રી. દોશીની માગણી ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે, દરેક જાતનાં પહેલાં બે મકાનોનો એક યુનિટ ગણવો અને દરેક જાતના આવા પહેલા યુનિટ લેઆ આલેખ અને દેખરેખના તમામ કામ માટે કુલ ખર્ચના ૩ા ટકાના દરે મહેનતાણું આપવા તથા બાકીના બધા રિપિટેશન્સ માટે કુલ ખર્ચના બા ટકાના દરે મહેનતાણું આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. યુનિવર્સિટી પ્રેસમાં વેન્ટીલેટર્સ ઉપર જાળિયાં કરાવવા તથા બાથરૂમ, સંડાસની વ્યવસ્થા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે વેન્ટીલેટર્સ ઉપર જાળિયાં બંધાવવાં તથા બાથરૂમ અને સંડાસની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. તથા આ માટે ગટરનું જોડાણ કરવા માટે ખર્ચનો અંદાજ કઢાવી આ કામ ફરીથી આ સમિતિ સમક્ષ રજૂ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે:-

(૧) બિલ્ડીંગ કમિટીની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર શ્રી. આત્મારામ એમ. ગજ્જરે તૈયાર કરેલા આલેખો અને અંદાજ મુજબ બે સાયકલ શેડ (સાયકલ મૂકવાના સ્ટેન્ડ સિવાય) અને બે મોટર ગેરેજ લાયબ્રેરી વિન્ગની પાછલી બાજુ પર બાંધવા અને તેનો અંદાજી ખર્ચ અનુક્રમે રૂા. ૬,૦૦૦ અને ૫,૧૦૦ મંજૂર કરવો. સમાજવિદ્યાભવન તથા ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટેના સાયકલ શેડ બન્ને ભવનોનાં મકાનોની વચ્ચેના ભાગમાં જરૂર જણાયેથી ભવિષ્યમાં બાંધવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કામનું સુપરવિઝન મેસર્સ. આસરપોટા એન્ડ આસરપોટાને આપવું તથા તે માટેનું મહેનતાણું કુલ ખર્ચના એક ટકા લેખે આપવું,

(૨) બિલ્ડીંગ કમિટીની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે સ્ટાફ ક્વાર્ટર્સનું કામ જે સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧૧-૧૯૫૭ની સભાના ઠરાવથી આર્કિટેક્ટ શ્રી. બી. વી. દોશીને સોંપવામાં આવ્યું છે તે કામમાં દરેક જાતનાં પહેલાં બે મકાનોનો એક યુનિટ ગણવો અને દરેક જાતના આવા પહેલા યુનિટ દીઠ આલેખ અને દેખરેખના તમામ કામ માટે કુલ ખર્ચના ૩॥ ટકાના દરે તેમને મહેનતાણું આપવું તથા બાકીનાં બધાં "રિપિટીશન્સ" માટે કુલ ખર્ચના ૦॥ ટકાના દરે મહેનતાણું આપવું.

(૩) બિલ્ડીંગ કમિટીની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ભોંયરાની જે વિન્ગમાં યુનિવર્સિટીનું મુદ્રણાલય સ્થાપવામાં આવ્યું છે તે વિન્ગમાં "વેન્ટીલેટર્સ" ઉપર જાળિયાં નંખાવવાં તથા બાથરૂમ અને સંડાસની જોગવાઈ કરવી તથા તે માટે જરૂરી ખર્ચ મંજૂર કરવો.

૩. લિગલ કમિટીની તા. ૧૪-૨-૧૯૫૮ ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના આદેશથી લીધેલાં પગલાંને બહાલી આપવા બાબત.

૧. શ્રી. બી. એ. પટેલના મુકદ્દમા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના માજી રજીસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલે યુનિવર્સિટી વિરૂદ્ધ કરેલા દિવાની મુકદ્દમા માટે શ્રી. વામનરાવ ઘોળકિયાને વકીલ તરીકે રોકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૨. શ્રી. એમ. એમ. ઠાકોરના ચૂંટણી અંગેના મુકદ્દમા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આપણા વકીલ શ્રી. અરૂણ મહેતાને સૂચના આપવી કે શ્રી. એમ. એમ. ઠાકોર તેઓની અપીલ કોઈપણ જાતના કારણ બતાવ્યા સિવાય પાછી ખેંચી લે તો ખર્ચ લેવા માટે આગ્રહ રાખવો નહિ. ઉપરાંત તેઓને જણાવવું કે યુનિવર્સિટી ફરી સૂચના ન આપે ત્યાં સુધી શ્રી. એમ. પી. અમીનને એડવોકેટ તરીકે રોકવા નહિ."

૨. લાયબ્રેરીના પુસ્તકો અંગેના મુકદ્દમા બાબત.

"શ્રી. રજિસ્ટ્રારે ઓરિએન્ટલ બુક હાઉસ સામેના કેસમાં મે. વાઈસ-ચાન્સેલર સાહેબના હુકમથી શ્રી. બી. એમ. તારકુન્ડેને રોકવા નક્કી કર્યું હતું પરંતુ તેઓ તેમના બીજા રોકાણને લીધે આ કેસ લઈ શકે તેમ ન હોવાથી શ્રી. એસ. કે. વૈદ્યને રોકવા અંગેની જાણ સમિતિને કરી હતી જેને કમિટીએ મંજૂરી આપી હતી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના માજી રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલે યુનિવર્સિટી સામે કરેલા દિવાની મુકદ્દમા માટે શ્રી. વામનરાવ ઘોળકાઆને વકીલ તરીકે શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબે લિગલ કમિટીની સલાહ લઈને રોકયાના કાર્યને બહાલી આપવી તથા તે માટે જરૂરી ખર્ચ કરવાની તેઓશ્રીને સત્તા આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એમ. ઠાકોર તેઓની અપીલ કોઈપણ જાતનું કારણ બતાવ્યા સિવાય પાછી ખેંચી લે તો તેમ કરવા માટે લિગલ કમિટીની સલાહ લઈને પરવાનગી આપ્યાના શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવી.

(નોંધ:-શ્રી. એમ. એમ. ઠાકોરે પોતાની અપીલ કોઈપણ જાતનાં કારણ બતાવ્યા સિવાય પાછી ખેંચી લેવાની સંમતિ દર્શાવી છે તે માહિતી શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને આપી હતી.)

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ઓરિએન્ટલ બુક હાઉસ, પૂનાએ, યુનિવર્સિટી સામે માંડેલા મુકદ્દમામાં શ્રી. બી. એમ. તારકુન્ડેની જગાએ વકીલ તરીકે લિગલ કમિટીની સલાહ લઈને શ્રી. એસ. કે. વૈદ્યને રોકવાના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી તથા મજકૂર બાબત પર ફરી વિચારણા કરવા માટે "લિગલ કમિટી"ને વિનંતી કરવી તથા "લિગલ કમિટી"ના અભિપ્રાય પ્રમાણે જરૂરી પગલાં લેવાની શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજો તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની ચૌદમી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૮-૧-૧૯૫૮ ના રોજ મળેલી મજકૂર સ્ટેન્ડીંગ કમિટીની ચૌદમી બેઠકના કામકાજની નોંધ મંજૂર કરવી. (સ્ટેન્ડીંગ કમિટીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. શ્રી. અંબેલાલ મ. નાયક હવે સિન્ડિકેટના સભ્ય થયા હોવાથી બોર્ડ ઓફ એકાઉન્ટ્સ ઉપર ખાલી પડેલી જગ્યાએ સ્ટે. ૧૨૯ સી અનુસાર અન્ય સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ એકાઉન્ટ્સ ઉપર શ્રી. અંબેલાલ મ. નાયકની ખાલી પડેલી જગાએ શ્રી. એચ. વી. વસાની નિમણૂંક કરવી.

૬. ભારત સરકારના શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન અંગેના ખાતા તરફથી સપ્ટેમ્બર ૧૯૫૮ માં પરીક્ષા પદ્ધતિનો અભ્યાસ કરવા યુનાઇટેડ સ્ટેટસની અગ્રગણ્ય યુનિવર્સિટીઓની મુલાકાતે મોકલવાની દશ માણસોની ટુકડી માટે નીચે જણાવેલ ક્ષેત્રોના નિષ્ણાતો માટેની આપણી યુનિવર્સિટી તરફથી એક એક નામ સૂચવવા અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. હ્યુમેનીટીઝ
૨. નેચરલ સાયન્સીઝ
૩. સોશિયલ સાયન્સીઝ
૪. સાયકોમેટ્રિસીયન
૫. એજ્યુકેશનીસ્ટ
૬. એડમિનિસ્ટ્રેટર

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા પદ્ધતિનો અભ્યાસ કરવા માટે યુનાઇટેડ સ્ટેટસની અગ્રગણ્ય યુનિવર્સિટીઓની મુલાકાતે મોકલાનાર ૧૦ માણસોની ટુકડીમાં સમાવેશ કરવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોનાં નામ ભારત સરકારને સૂચવવાં.

૧. હ્યુમેનિટીઝ :	૧. પ્રિન્સિપલ હર્બર્ટ એ. ડિસોઝા, પ્રિન્સિપલ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.
૨. નેચરલ સાયન્સીઝ :	૨. ડૉ. એ. એમ. ત્રિવેદી, ડીન, ફેકલ્ટી ઑફ સાયન્સ.
૩. સૉશિયલ સાયન્સીઝ :	૩. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ, પ્રિન્સિપલ, એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ.
૪. સાયકોમેટ્રિસીયન :	કોઈ નહીં.
૫. એજ્યુકેશનીસ્ટ :	૪. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ. પ્રિન્સિપલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૬. એડમિનિસ્ટ્રેટર :	૫. શ્રી. જે. એમ. મહેતા, ડેપ્યૂટી રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી.

૭. ગુજરાત યુનિવર્સિટી એસોસીએશન યુનિયનના પ્રતિનિધિઓ જોડે યુનિવર્સિટી કાર્યાલયના કેટલીક કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણ તથા નોકરીની અન્ય શરતો અંગે વાટાઘાટો કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ચર્ચા-વિચારણા પછી આ બાબતની વિચારણા પાછળથી હાથ ધરવી એમ નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ સભાનું બાકીનું કામકાજ પૂરું થયા પછી બાબત નં. ૭ વિચારણા માટે લેવામાં આવી હતી અને તેની વધુ વિચારણા મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૮. સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૬-૧-૧૯૫૮ની સભામાં મંજૂર કરેલ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ એકઝામિનેશન્સની જગા પૂરવા માટે તથા તે માટેની ઑફરમાં ઓછી લાયકાત અને પગારધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર જગ્યા માટેનું અભિધાન "ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, (એકઝામિનેશન્સ)" રાખવું તથા તે માટે ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટનું એટલે કે રૂા. ૨૦૦-૧૦-૩૦૦ નું પગારધોરણ રાખવું. આ જગા માટે ઓછામાં ઓછી લાયકાત ગ્રેજ્યૂએટની તથા લાયકાતની બીજી બાબતો તરીકે, ઓછામાં ઓછો જરૂરી વર્ષાવટી અનુભવ, (જેમાં ૪ વર્ષનો પરીક્ષાના તંત્રનો વહીવટી અનુભવ હોય, તે સહિત) કુલ સાત વર્ષનો અનુભવ નક્કી કરવો અને ઉમેદવારની ઓછામાં ઓછી ઉંમર ૩૦ વર્ષની હોવી જોઇએ.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૫૮ ની સભામાં મંજૂર કરેલ એસ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટની જગા પૂરવા માટે તથા તે માટેની ઓછામાં ઓછી લાયકાત અને પગારધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટની જગાનું પગારધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૦૦નું રાખવું તથા તે માટે ઓછામાં ઓછી લાયકાત નીચે પ્રમાણે રાખવી.

ડિપ્લોમા ઇન સિવિલ એન્જિનિયરીંગ તથા પાંચ વર્ષનો અનુભવ

અથવા

બેચેલર ઑફ એન્જિનિયરીંગ (સિવિલ) અને ત્રણ વર્ષનો અનુભવ.

૧૦. યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. કે. એ. શાહની નિમણૂક રૂા.૪૦૦-૨૫-૬૦૦ ઇ. બી. ૩૦-૯૦૦ ના ગ્રેડમાં થઇ છે તેઓને હવે પછી આપવાના વાર્ષિક વધારામાં એફિસિયન્સી બાર આવે છે તો હવે પછીનો પગાર વધારો તેમને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચીફ મેડીકલ ઓફિસર ડૉ. કે. એ. શાહને તા. ૨-૧૨-૧૯૫૭ થી "એફિસિયન્સી બાર" ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૧. યુનિવર્સિટીના માળીઓની તેમને ગણવેશ આપવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

હાલ યુનિવર્સિટીના પટાવાળાઓ તથા હમાલોને દર વર્ષે બબ્બે જોડ કપડાં અને દર પાંચ વર્ષે એક જોડ ગરમ કપડાં આપવામાં આવે છે, તે ધ્યાનમાં લઇને તે કક્ષાના અન્ય કર્મચારીઓને પણ દર વર્ષે બબ્બે જોડ કપડાં તથા દર પાંચ વર્ષે એક ગરમ કપડાંની જોડ આપવી. આમાં પટાવાળાઓ, હમાલો તથા ચોકીદારોને અર્ધી બાંયના બુશકોટ, પાટલૂન તથા ટોપી અગર તો સાફાનો ગણવેશ રાખવો તથા માળી, સફાઈ કામદાર વગેરે ચોથા વર્ગના અન્ય કર્મચારીઓ માટે અર્ધી બાંયનું ખમીશ, ચડ્ડી તથા ટોપી ગણવેશ તરીકે રાખવો.

૧૨. સાયકોલોજીના અનુસ્નાતક ભવનમાં લેબોરેટરી એસિસ્ટન્ટની જગા કાઢવા બાબત તથા તે અંગે લાયકાતનું ધોરણ અને પગાર દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં લેબોરેટરી એસિસ્ટન્ટની જગ્યા સ્થાપવી તથા તે માટેનું પગારધોરણ તથા લાયકાતનું ધોરણ જુનિયર કલાર્કના પગારધોરણ અને લાયકાતના ધોરણ મુજબ રાખવા.

૧૩. યુનિવર્સિટીની નોકરીમાં પછાતવર્ગ માટે નીચે પ્રમાણે જગ્યાઓ અનામત રાખવા મુંબઇ સરકારના શિક્ષણખાતા તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. ઑલ સ્ટેટ સર્વિસીઝ એન્ડ પોસ્ટ કક્ષાની જગ્યાઓ : ૧૨ ટકા

૨. ક્લાસ ૩ કક્ષાની જગ્યાઓ :

૧. શીડ્યુલ કાસ્ટ	.....	૬ ટકા
૨. શીડ્યુલ ટ્રાઇબ્સ	.....	૭ ટકા
૩. બીજા બૅકવર્ડ ક્લાસ	.....	૯ ટકા

૩. ક્લાસ ૪ કક્ષાની જગ્યાઓ :

૧. શીડ્યુલ કાસ્ટ	.....	૭ ટકા
૨. શીડ્યુલ ટ્રાઇબ્સ	.....	૯ ટકા
૩. બીજા બૅકવર્ડ ક્લાસ	.....	૧૧ ટકા

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો. પણ લાયકાતનાં નક્કી કરેલાં ધોરણમાં પછાત વર્ગ માટે કશી છૂટછાટ મૂકવી નહીં, બાકી તેમને પહેલી પસંદગી મળે એ જોવું.

૧૪. યુનિવર્સિટી જર્નલ "વિદ્યા" અંગેના કામકાજ પેટે શું મહેનતાણું આપવું તે નક્કી કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૦/૨૧-૭-૧૯૫૭ના રોજ મળેલી બેઠકની નીચેની ભલામણ.

ભલામણ

"વધુમાં હાલ ઑફિસમાં આ જાતનાં જે જૅમ્સ એલાવન્સીસ અપાય છે તે ઉપર સિન્ડિકેટે ફરી વિચારણા કરવાની જરૂર છે તે તરફ કમિટી ધ્યાન દોરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં હાલ જે "જૅમ્સ એલાવન્સીસ" અપાય છે તેમાં કશો ફેરફાર કરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બુલેટિનના તંત્રીની કામગીરી ઑફિસએટીંગ ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. એચ. બી. ખારોડને સોંપવી તથા તે માટે તેમને પ્રત્યેક અંક દીઠ રૂા. ૭૫ નું વેતન "પર્સનલ એલાવન્સ" તરીકે આપવું.

૧૫. વ્યાજના દર વધ્યા હોવાથી પ્રોવિડન્ટ ફંડ ઉપર કર્મચારીઓને અપાતા વ્યાજના દરના પ્રશ્ન ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ સરકાર પોતાના કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ ઉપર વ્યાજના જે દર વખતોવખત નક્કી કરે તે દર વખતોવખત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ માટે પણ તા. ૧-૭-૫૮ થી લાગુ પાડવા અને તે માટે ઑર્ડિનન્સમાં ઘટતો ફેરફાર કરવો.

(**નોંધ:**-પ્રત્યેક વર્ષે જુલાઈની પહેલી તારીખે મુંબઈ સરકારના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ પર વ્યાજનો જે દર હોય તે તે તારીખથી શરૂ થતા યુનિવર્સિટીના આર્થિક વર્ષ માટે અમલી ગણવો.)

૧૬. ત્રણે અનુસ્નાતક ભવનો માટે ટેલિફોન સરકાર તરફથી મંજુર થયા છે પણ બે વર્ષ સુધી કેબલ વગેરે નાખવાના ન હોવાથી તે મળી શકે એમ નથી તો હાલની બે લાઇનો ઉપર વધારાના પાંચ એક્સ્ટેન્શન માંગવા બાબત તથા તે અંગે જરૂરી ખર્ચ મંજુર કરવા બાબત.

(**નોંધ:**-આ અંગે એક્સ્ટેન્શન દીઠ રૂા. ૨૫ ઇન્સ્ટોલેશન ખર્ચ થશે તેમજ દર એક્સ્ટેન્શન દીઠ વાર્ષિક રૂા. ૭૫ નું ખર્ચ વધુ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ટેલિફોનના વધારાના પાંચ એક્સ્ટેન્શન મંજુર કરવા તથા તે માટે જરૂરી ઇન્સ્ટોલેશન ખર્ચ તથા લવાજમનો ખર્ચ મંજુર કરવો.

૧૭. પોસ્ટ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગોમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી થતું હોવાથી જુદા જુદા વિષયમાં ગુજરાતી પુસ્તકો લખાય તે આશયથી ઇનામો તથા આર્થિક મદદ કરવાના આશયથી મુક્ત હરિફાઈ રૂપે હસ્તપ્રતો મંગાવવા સિન્ડિકેટે નક્કી કર્યું હતું તે મુજબ આવેલ નીચેની બે હસ્તપ્રતો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આર્યોનાં ષડ્ દર્શન...શ્રી. કે. એ. હક્કર

૨. સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો... ડૉ. તારા પટેલ.

આથી ઠરાવવામાં આવે છે કે "આર્યોનાં ષડ્દર્શન" નામની શ્રી કે. એ. હક્કરની હસ્તપ્રત શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખને અભિપ્રાય માટે મોકલી આપવી તથા "સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો" એ નામની ડૉ. તારાબેન પટેલની હસ્તપ્રત પ્રોફેસર કે. ટી. મર્ચન્ટને અભિપ્રાય માટે મોકલી આપવી, અને આ બે વિદ્વાનોને વિનંતી કરવી કે, મજકૂર પુસ્તકો

(૧) યુનિવર્સિટીએ પોતે પ્રકાશન કરવા કે કેમ, અગર તો

(૨) તે પુસ્તકો યુનિવર્સિટીની કોઈ મદદને પાત્ર છે કે કેમ, અને હોય તો અંદાજે કેટલી, તે વિષે માર્ગદર્શન પૂરું પાડે તેવો અભિપ્રાય આપે.

૧૮. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ફિલોસોફીનાં લેક્ચરર આ સત્રની અધવચ્ચમાં રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેમની જગ્યાએ યોગ્ય લાયકાતવાળા શિક્ષકના અભાવે ચાલુ સત્ર પૂરતી કુ. એસ. આર. પટેલની કે જેઓ યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાત ધરાવતાં નથી તેમની કૉલેજ કરેલી નિમણૂંકને ચાલુ સત્ર પૂરતી મંજુરી આપવા બદલ ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુ. એસ. આર. પટેલને ગુજરાત કૉલેજમાં ફિલોસોફીનાં લેક્ચરર તરીકે તા. ૧૫-૩-૧૯૫૮ સુધીની મુદત માટે કામ કરવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે આપેલી પરવાનગીની નોંધ લેવી.

૧૯. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાં હિંદીના લેક્ચરર બીજા સત્રમાં રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી આ સત્ર પૂરતી શ્રી. આર. બી. વર્માની ટ્યુટર તરીકેની નિમણૂંક ચાલુ સત્ર પૂરતી મંજુર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાં હિન્દીના લેક્ચરરની જગાએ ટ્યુટર શ્રી. આર. બી. વર્માની તા. ૧૫-૩-૧૯૫૮ સુધીની નિમણૂંકને મંજુર કરવી.

૨૦. મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓ પુરતી અપનાવવામાં આવેલી એલિજિબિલિટી સર્ટિફીકેટની સહેલી પ્રથામાં મુશ્કેલી જણાતી હોવાથી તેમજ જુની પ્રથા વધુ સગવડભરી અને ઉપયોગી હોવાથી તે અપનાવવા અંગે વિચારણા કરવા બાબત તથા તે અંગેના સુધારેલા ઓ. ૬૦, ૮૪, તથા ૮૮-એ. મંજુર કરવા બાબત તથા સહેલી પ્રથાના ઓ. ૬૦ એ. બી. સી. અને ૮૮- બી. ને રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મારગ્રેશન તથા એલિજિબિલિટી સર્ટિફીકેટની બાબતમાં જૂની પદ્ધતિ અખત્યાર કરવી તથા મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે મારગ્રેશન ફી રૂા. ૨.૦૦ રાખવી અને તે પ્રમાણે સુધારાયેલા ઑર્ડિનન્સ ૬૦, ૮૪ તથા ૮૮-એ. મંજુર કરવા તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા તથા હાલના ઑર્ડિનન્સ ૬૦-એ-બી-સી. અને ૮૮-બી. ને રદ્દ કરવા. (સુધારાયેલા ઑર્ડિનન્સ ૬૦, ૮૪ અને ૮૮-એ. ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

(**નોંધ:**-મજકૂર બાબતને મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોના જોઇન્ટ બોર્ડનું સમર્થન પણ મળેલું છે તેની જાણ શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને કરી હતી.)

૨૧. જબલપુર ખાતે આગામી એપ્રિલના બીજા અઠવાડિયામાં મળનારી ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ એન્ડ વૉકેશનલ ગાઇડન્સ એસોસિએશનની વાર્ષિક સભા તથા કૉલેજો અને સેકન્ડરી સ્કૂલોમાં ગાઇડન્સ અને સ્ટડન્ટ પર્સોનેલ વર્ક અંગેની કૉન્ફરન્સ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર એસોસિએશનના મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજદૂર પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવા નહીં.

૨૨. ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રીલેશન્સ ઉપર યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ તરીકે શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા તથા પ્રો. ઉમાશંકર જોશી છે. હવે શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા ઉપકુલપતિ તરીકે નિવૃત્ત થયા હોવાથી તેમની જગાએ અન્ય કોઇ સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રીલેશન્સ ઉપર શ્રી. એચ. વી. દિવેટિયા હવે વાઇસ-ચાન્સેલર ન હોઇને તે જગાએ શ્રી. મગનભાઇ દેસાઇની (હોદ્દાની રૂએ) સભ્ય તરીકે નિમણૂંક કરવી.

૨૩. લાયબ્રેરી કમિટીની તા. ૨૯-૧-૧૯૫૮ના રોજ મળેલી સભાના નીચેના બે ઠરાવો.

ઠરાવ નં. ૩૧૬ : "લાયબ્રેરીના તા. ૧-૭-૧૯૫૬ થી તા. ૩૦-૬-૧૯૫૭ સુધીના વાર્ષિક આવક ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવા."

ઠરાવ નં. ૩૧૭ : "લાયબ્રેરીના તા. ૧-૭-૧૯૫૭ થી તા. ૩૦-૯-૧૯૫૭ સુધીના ત્રિમાસિક આવક ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીની તા. ૨૯-૧-૧૯૫૮ના રોજ મળેલી સભાના ઠરાવ નં. ૩૧૬ અને ૩૧૭ ની નોંધ લેવી.

૨૪. ઉનાળાની રજાઓમાં બોર્ડ ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેર તરફથી યોજનારી શ્રમશિબિર તથા પ્રવાસ યાત્રા ટ્રેનની યોજના કાઢવા માટે નીમાયેલી સમિતિની યોજના મંજુર કરવા બાબત તથા તે સમિતિના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

"મધ્યસ્થ સરકાર તરફથી આવા શ્રમશિબિરો માટે જે ગ્રાન્ટ મળે છે તેના કરતાં વધુ ખર્ચ થવાનો સંભવ છે અને તેથી આ સમિતિને એમ લાગે કે મધ્યસ્થ સરકાર પાસેથી મળતી સહાય ઉપરાંતના વધારાના ખર્ચ માટે યુનિવર્સિટી તરફથી ૧૦૦ વિદ્યાર્થીઓના શ્રમશિબિર માટે આશરે રૂા. ૩,૦૦૦ની રકમ મંજુર કરવા આ સમિતિ સિન્ડિકેટને વિનંતી કરે છે. ખર્ચની વિગતો સરકાર તરફથી મળનાર ગ્રાન્ટની વિગત સાથે, આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે રજૂ કરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના દૈનિક ખાધાખોરાકીના ખર્ચ પેટે રૂા. ૨.૫૦ ને બદલે રૂા. ૨.૦૦ રાખવા, એટલા ફેરફાર સહિત શ્રમશિબિરની યોજના મંજુર કરવી તથા આ શિબિર માટે રૂા. ૩,૦૦૦ સુધીનો ખર્ચ મંજુર કરવો.

૨૫. યુનિવર્સિટી તરફથી ચાલતા યુ. પી. એસ. સી. ના વર્ગોના વર્ષમાં પ્રથમ સત્રમાં આઠ વિદ્યાર્થી દાખલ થયા હતા તેમાંથી બીજા સત્રમાં ફકત એક જ વિદ્યાર્થિની ચાલુ રહ્યા છે આ જોતાં આ વર્ગો આવતે વર્ષ ચાલુ રાખવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ:**–આ કલાસીસ ચલાવવા અંગે જે આર્થિક ખોટ જાય છે તેના ૨/૩ જેટલી રકમ મુંબઇ સરકાર તરફથી આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી ચાલતા યુ. પી. એસ. સી.ના વર્ગો ૧૯૫૮–૫૯ ના વર્ષ દરમિયાન બંધ કરવાનું વિચારવું નહીં.

૨૬. યુ. પી. એસ. સી. વર્ગો માટે માસિક રૂા. ૫૦ ની એક સ્કોલરશિપ તથા ત્રણ ફ્રિશિપ આપવાનું નક્કી થયેલ છે તે અંગેના ડ્રાફ્ટ નિયમો મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. એસ. સી. ના વર્ગો માટે માસિક રૂા. ૫૦ ની એક સ્કોલરશિપ તથા ત્રણ ફ્રિશિપ આપવા માટેના કાર્યાલયે ઘડેલા નિયમો મંજુર કરવા.

(કાર્યાલયે ઘડેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૭. માન્ટસ યુટિલાઇઝેશન કમિટીએ આપેલી સત્તા અનુસાર ઉપકુલપતિશ્રીએ નીચેની ચિસર્ચ ગ્રાન્ટને ભલામણ કરી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

સંશોધક :	વિષય :	રકમ :	સંસ્થા :
૧. ડૉ. આર. સી. શાહ	Investigations, the incidence of stone cases and source of the etiological factor.	રૂા. ૧૮૦૦	શેઠ વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ
૨. ડૉ. એમ ટી. મહેતા	Experimental Diaphysectomy and bone regeneration.	રૂા. ૧૮૧૦	,,
૩. ડૉ. મિસ એસ. સી. પંડ્યા	A study of Genital Hypoplasia and aplasia.	રૂા. ૧૮૦૦	,,
૪. ડૉ. વાય. જી. નાયક	Optical properties of films of metal.	રૂા. ૫૦૦૦	ગુજરાત કૉલેજ, અમદાવાદ. (રીફ્લેકશન માઇક્રોસ્કોપ તથા ફોટોગ્રાફીક ઇક્વીપમેન્ટ માટે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. સી. શાહ, ડૉ. એમ. ટી. મહેતા, ડૉ. મિસ એસ. સી. પંડ્યા તથા ડૉ. વાય. જી. નાયકને તેમનાં નામ સામે જણાવેલા વિષય માટે સંશોધન કરવા માટે તેમનાં નામ સામે જણાવેલ રકમ સંશોધન ગ્રાન્ટ તરીકે આપવી.

૨૮. ગુજરાત કૉલેજમાં પી. એચ. ડી. માટે રા. શ્રીરૂભાઈ પી. દાકરના હાથ નીચે રજીસ્ટર્ડ થએલા શ્રીમતી કમલા કે. મજમુદારને ૧૯૫૬-૧૯૫૭નું રિસર્ચ સ્કૉલરશિપ મળતી હતી તો તેમને ચાલુ વર્ષે પણ આપવા અંગે તેમના તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- તેમના શિક્ષક તરફથી તેમનું કામ સંતોષકારક છે એવો રિપોર્ટ આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી કમલા કે. મજમુદારને ૧૯૫૮ના જાન્યુઆરીના પહેલા તારીખથી એક વર્ષ માટે રિસર્ચ સ્કૉલરશિપ ફરીથી ચાલુ કરી આપવી.

૨૯. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં રજિસ્ટરમાં થએલી આવેલ રૂ. ૧૦૦ની **કેલોશિપ** તા. ૯-૨-૫૭થી એક વર્ષ માટે **શ્રી. એસ. આર. કાનેને સિન્ડિકેટે** આપવા ઠરાવ્યું **હતું** તેને એક વધુ વર્ષ માટે **ચાલુ રાખવાની મજકૂર** લેબોરેટરીના અધ્યક્ષની **ભલામણ ઉપર** વિચારણા કરવા **બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. કાનેને માસિક રૂ. ૧૦૦નો કેલોશિપ તા. ૯-૨-૧૯૫૮થી વધુ એક વર્ષ માટે ચાલુ કરી આપવો.

૩૦. એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલા **પ્રી-યુનિવર્સિટી પરીક્ષાને** લગતા **સુધારેલા કામચલાઉ રેગ્યુલેશન ૧ ને મંજુર** કરવા **બાબત.**

(નોંધ:- આ રેગ્યુલેશન એકેડેમિક કાઉન્સિલની તા. ૩૪-૧-૫૮ની કરેલી સભાના કામકાજ નં. ૪૮, ૫૦ અને ૬૦ના ઠરાવથી સુધારવામાં આવ્યો છે. તેમાં પહેલી બાબત ને લગતો સુધારો સિન્ડિકેટની તા. ૧-૨ ફેબ્રુઆરી ૧૯૫૮ની સભા સમક્ષ રજુ થઈ ગયો છે હવે ઉપરની બંને બાબતોને આવરી લેતો તથા એકઝમ્પશન અંગે કામચલાઉ રેગ્યુલેશન નવો ઘડાયો હોવાથી એકઝમ્પશન અંગેનો જાના રેગ્યુલેશન ૧ ના બંને વિભાગ આર્ટસ, સાયન્સ અને કોમર્સમાંથી રદ કરી નવો કામચલાઉ રે. ૧ ઘડવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલા કામચલાઉ રેગ્યુલેશન ૧ ને મંજુર કરવો. (સુધારેલા રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "બી" તરીકે સામેલ છે.)

૩૧. એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સુધારેલા નીચેના રેગ્યુલેશન હરને મંજુર કરવા બાબત.

R. 72 : To pass the examination a candidate must obtain except in the heads of English, Modern Indian Language or an additional paper in English and the Compulsory paper in Hindi, 33 percent of the full marks in papers in each Head and in each practical examination. In Mathematics a candidate must obtain 33 percent of the total marks.

In the Head of (1) English (2) Modern Indian Language or an additional paper in English, and the compulsory paper in Hindi a candidate must obtain 30 percent of the total marks in the said papers taken together. Those of the successful candidates who obtain 60 percent of the total marks obtainable will be placed in the First Class and those obtaining 45 percent in the Second Class. The marks obtained under the Head of Languages shall not be counted in determining the class at the Intermediate Science Examination.

આથી ફરાવવામાં આવે છે કે ઉપર મુજબ સુધારેલા રેગ્યુલેશન ૭૨ ને મંજૂર કરવો.

૩૨. સેનેટે સિન્ડિકેટને રિફર બેક કરેલા બી. કુ-એમ. ને મેડિકલ ફેકલ્ટીની ભલામણ અનુસાર નીચે મુજબ વંચાય તે રીતે સુધારી સેનેટને રિપોર્ટ કરવા બાબત.

O. 65 M : (1) A teacher to be recognised as an assistant for the Master's degree by papers shall have in the subject;

(a) A Master's degree by papers in the First Class;

OR

(b) (i) A Master's degree in the Second Class with First Class Bechelor's degree;

OR

(ii) A Master's degree in the Second Class and five years' experience as a teacher in a College;

OR

(iii) A Master's degree obtained partly by papers and partly by thesis with Second Class Bachelor's degree and five years' experience as a teacher in a College;

OR

(c) A Master's degree in the Third Class with Bachelor's degree in the Second Class, provided he has to his credit some original published work of recognised merit and possesses teaching experience in a college for at least ten years;

OR

(d) A Ph.D. degree.

(Note:– (1) In the Medical Faculty, any one who holds the degree of M.D. or M.S or its equivalent in the Branch for which he is applying and has worked as a Registrar in the same

branch for three years in a teaching institution, shall be considered eligible for an assistant's post.
In case he has not worked as a Registrar for the requisite period, he will be recognised as an assistant to post-graduate teacher, only after he has filled up the whole or the remaining period in his post as an assistant.

Note :- (2) A person holding the academic qualifications mentioned above shall be held eligible for recognition as an assistant to a post-graduate teacher for the M.Ed. Degree provided he has five years' teaching experience of which not less than three years shall be in a Secondary Teachers' College.)

(2) For Shastris and Moulvis, i. e. Teachers in Sanskrit, Prakrit, Pali, Persian and Arabic, the above qualifications will not be insisted upon; but they must have qualifications of having passed special examinations in these subjects which are equivalent to those mentioned above.

(3) If an assistant teacher is an honorary worker, he shall be approved as an assistant only if he puts in at least four periods of teaching work per week throughout the year. Such an Honorary Assistant shall not be considered as a regular teacher of that college or institution for the purpose of enrolment as a teacher.

આથી ફરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલા ઓર્ડિનાન્સ ૬૫-એમ. ને મંજુર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૩૩. જે વિદ્યાર્થીએ બી. એ. માં અર્થશાસ્ત્ર અને ઇન્ટર આર્ટસની પરીક્ષામાં વૈકલ્પિક વિષય તરીકે ગણિત લીધું હોય અને બી. કોમ.ની પરીક્ષા સ્ટેટીસ્ટિકસ મુખ્ય વિષય લઇ પસાર કરવા ઇચ્છતો હોય તેણે ઇન્ટર કોમર્સમાં એકાઉન્ટન્સી ઉપરાંત ગણિતની પરીક્ષા પણ પસાર કરેલી જરૂરી હોવાથી ઓ. ૩૦૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

O. 309 : A candidate who has passed the B.A.(General) or the B.A. (Special) Examination or the B.A. Examination with Honours under old rules of the Bombay University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions :-

(i) that he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a commerce college affiliated to this University;

(ii) that he appears for the Intermediate Commerce Examination in Accountancy and is declared successful therein either before or in the same Examination season in which he appears for the B.Com. Examination.

A candidate who appears for the B.Com. Examination under the provision of this ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively. A candidate however offering statistics as an optional subject at the B.Com. Examination will have to appear and pass in Mathematics also at the I.Com. Examination.

B.Com.	B.A.
Principles of Economics	Principles of Economics
Modern Economic Development	Indian Economic Problems and/or Economic History.
Statistics and Scientific Methods.	Statistics or Statistical Methods.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલા ઑર્ડિનાન્સ ૩૦૯ને મંજુર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૩૪. ઍકેડેમિક કાઉન્સિલના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ નં. ૧૨૦–બી. ની પેટા કલમ (ii)માં "a thousand students" ને બદલે "1500 students" એ શબ્દો મૂકવા તથા પેટા કલમ (v) માંથી "No college shall have more than three divisions of a class and" એટલા શબ્દો કમી કરીને તથા પેટા કલમ (૪)માં "One thousand students" એ શબ્દોને બદલે "fifteen hundred students" એમ શબ્દો મૂકીને મજકૂર ઑર્ડિનન્સ સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

સુધારેલો ઑર્ડિનન્સ નં. ૧૨૦–બી. નીચે મુજબ વંચાશે:

"O. 120 B : (i) The provision under this ordinance except when expressly otherwise stated, shall come into force with effect from 20th June 1958;

(ii) There shall not be more than 1500 students in a College;

(iii) If a College has more units than one, the total strength of such units shall not exceed one thousand students:;

(iv) If the total strength in two or more units of a College exceeds fifteen hundred students, there shall be two or more different Principals as may be required at the rate of one Principal per one thousand students provided always that no Principal shall be in charge of more than two units.
This sub-clause shall come into force from 20-6-58.

(v) No division shall consist of more than a hundred students provided the Vice-Chancellor may, in his discretion and at the request of a college, allow it to admit such number of more students as does not exceed ten percent of the maximum number permissible in each class or a division thereof.
This sub-clause shall come into effect from June 1958 and shall be progressively implemented by all colleges."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલો ઓર્ડિનન્સ ૧૨૦-બી ઘોડાક શાબ્દિક ફેરફાર સહિત મંજુર કરવો. સુધારેલો ઓર્ડિનાન્સ ૧૨૦-બી. નીચે મુજબ વંચાશે :

O. 120 B : (i) The privisions under this ordinance shall come into force with effect from 20th June 1958;

(ii) There shall not be more than 1500 students in a College;

(iii) If a college has more units than one, the total strength of such units taken together shall not exceed 1500 students;

(iv) If the total strength in two or more units of a College taken together exceeds fifteenhundred students, there shall be two or more different Principals as may be required at the rate of one Principal per 1500 students provided always that no Principal shall be incharge of more than two units.

(v) No Division shall consist of more than a hundred students provided the Vice-Chancellor may, in his discretion and at the request of a College, allow it to admit such number of more students as does not exceed ten percent of the maximum number permissible in each class or a division thereof.
This sub-clause shall come into effect from 20th June 1958 and shall be progressively implemented."

૩૫. મેડિસિન સર્જરીની સમિતિએ ઘડેલા અને એકેડેમિક કાઉન્સિલે મંજુર કરેલા ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા (ડી. એ.)ના અભ્યાસક્રમો મંજુર કરવા બાબત.

મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની ભલામણ

"ડિપ્લોમા ઇન એનેસ્થેસિયાનો અભ્યાસક્રમ ઘડવા માટે મજકૂર અભ્યાસસમિતિએ જે પેટા સમિતિ નીમી હતી તેણે ઘડેલા ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા (ડી. એ.)ના અભ્યાસક્રમમાં ચર્ચા વિચારણાને અંતે જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

આથી મજકૂર અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ સાથે આપવામાં આવ્યા મુજબનો ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા (ડી. એ.)નો અભ્યાસક્રમ સ્વીકારવો અને તેને જુન ૧૯૫૮થી અમલમાં લાવવો."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારવા તથા તેણે ઘડેલા અભ્યાસક્રમ મંજુર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન એનેસ્થેસિયાનો અભ્યાસક્રમ મંજુર કરવો તથા એ અભ્યાસક્રમને લગતા રેગ્યૂલેશન નં. ૧૯૫ સી થી ૧૯૫ ઇ અને ઑ. નં. ૩૦૦ જી થી ૩૦૦ કે ને જુન ૧૯૫૮થી અમલમાં લાવવા. (નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૬. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા અંગે વ્યાખ્યાતાની પસંદગી કરવા નીમેલી સમિતિની તા. ૧-૩-૫૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વ્યાખ્યાનમાળા અંગે વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ નીચેના ક્રમમાં ગમે તે એક વ્યક્તિને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. વી. આર. ત્રિવેદી,
૨. શ્રી. આર. સી. પરીખ,
૩. શ્રી. વિજયરાય વૈદ્ય".

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે ૧૯૫૮-૫૯ના વર્ષ માટે વ્યાખ્યાતા તરીકે પ્રોફેસર વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદીની નિમણૂક કરવી, તથા તે માટે તેમને નિયમ પ્રમાણે ઓનોરેરિયમ આપવું.

૩૭. શ્રી. પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સમાં કામચલાઉ આચાર્ય તરીકે ૧લી માર્ચ ૧૯૫૮થી ડૉ. આર. કે. યાજ્ઞિક, એમ. એ., પીએચ. ડી.ની નિમણૂંક કરવામાં આવી છે પરંતુ તેઓનો વિષય અંગ્રેજી હોઈ તેઓની કૉમર્સ કૉલેજના આચાર્ય તરીકેની નિમણૂંક મંજૂર રાખી શકાય કે કેમ તે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં ડૉ. આર. કે. યાજ્ઞિકની આચાર્ય તરીકે નિમણૂંક કામચલાઉ કરી છે તે બાબત ધ્યાનમાં લઈને આ જાતની નિમણૂંક અંગેની આ બાબત અત્યારે એટલે છોડવી.

૩૮. જૂનિયર કલાર્ક શ્રી. આર. સી. શાહ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને તેમના પ્રોવિડંટ ફંડની રકમ નિયમ મુજબ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જૂનિયર કલાર્ક શ્રી. આર સી. શાહના પ્રોવિડંટ ફંડફાળાની રકમ વ્યાજ સાથે તેમને પાછી આપવી.

૩૯. પટાવાળા શ્રી. સી. એસ. જરદોશ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને તેમના પ્રોવિડંટ ફંડની રકમ નિયમ મુજબ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પટાવાળા શ્રી. સી. એસ. જરદોશના પ્રોવિડંટ ફંડફાળાની રકમ વ્યાજ સાથે તેમને પાછી આપવી.

૪૦. પ્રી-યુનિવર્સિટી (સાયન્સ)ની પ્રાયોગિક પરીક્ષાઓનાં સાધનો તથા એક્ષપર્ટ એસિસ્ટંટ, પ્યૂન, હમાલ વિ. ના દરો ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સ માટેની પ્રાયોગિક પરીક્ષાનાં સાધનો તથા એક્ષપર્ટ એસિસ્ટંટ, પ્યૂન, હમાલ વગેરે માટે નીચે પ્રમાણેના દરો મંજુર કરવા.

૧. નીચેની પ્રાયોગિક પરીક્ષાઓ માટે કૉલેજને પ્રત્યેક વિદ્યાર્થી દીઠ સાધનો માટે નીચે મુજબ દર રાખવાં :

ફિઝિકસ	રૂા. ૦-૭૫
કેમિસ્ટ્રી	રૂા. ૧-૫૦
બાયોલોજી	રૂા. ૧-૦૦

૨. એક્સપર્ટ એસિસ્ટન્ટ વગેરેના મહેનતાણાના દર વિદ્યાર્થીઓની એક "બેચ" હોય તો રૂા. ૨.૫૦ ન.પૈ. લેખે અને બે "બેચ" હોય તો રૂા. ૩.૭૫ ન.પૈ. લેખે મંજુર કરવા.

૩. પ્યૂન, હમાલ વગેરેને માટે વિદ્યાર્થીઓની એક "બેચ" હોય તો રોજનો રૂા. ૧.૫૦ અને બે "બેચ" હોય તો રોજના રૂા. ૨.૫૦ લેખે મહેનતાણાના દર મંજુર કરવા.

(નોંધઃ- એક્સપર્ટ એસિસ્ટન્ટ, હમાલ, પટાવાળા વગેરેની સંખ્યા જે તે વિષયમાં ઈન્ટર સાયન્સની પરિક્ષાના ધોરણે રાખવી.)

૪૧. ગ્રાંટસ્રોત ફંડમાંથી આવેલા ત્રણ વધારાનાં સાયન્ટીફીક એપરેટસોની યુનિવર્સિટીના સાયન્સના અનુસ્નાતક કેન્દ્રોમાં વહેંચણી કરવા બાબત.

(નોંધઃ- નીચે પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોમાંથી માંગણી આવી છે.)

એપરેટસનું નામ :	માગણી કરેલ પોસ્ટગ્રેજ્યુએટ સેન્ટરનાં નામ :
૧. સ્પેકટ્રોફોટોમીટર	૧. પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર ઇનઓર્ગેનિક એન્ડ ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. (નોંધઃ–ફિઝિકસ સેન્ટરને પણ કામ લાગશે.) ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત. ૩. માઇક્રોબાયોલોજી સેન્ટર, નવસારી. ૪. ફિઝિકસ સેન્ટર, એલ. ડી. આર્ટસ કોલેજ. ૫. ઓર્ગેનિક કેમિસ્ટ્રી, એલ. ડી. આર્ટસ કોલેજ. ૬. બોટેની સેન્ટર, ગુજરાત કોલેજ. ૭. ઝુલોજી સેન્ટર, એલ. ડી. આર્ટસ કોલેજ. ૮. પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ ડિપાર્ટમેન્ટ, સામળદાસ કોલેજ.
૨. રિફ્રેકટોમિટર	૧. પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર, ઓર્ગેનિક એન્ડ ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત. ૩. ફિઝિકસ સેન્ટર, એલ. ડી. આર્ટસ કોલેજ. ૪. ધી ઓર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી, એલ. ડી. આર્ટસ કોલેજ. ૫. ઓર્ગેનિક કેમિસ્ટ્રી, એલ. ડી. આર્ટસ કોલેજ. ૬. પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ ડિપાર્ટમેન્ટ, સામળદાસ કોલેજ.
૩. શાર્પ્સ લેબોરેટરી સુપર સેન્ટ્રી ફયુજ	૧. પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર ઓર્ગેનિક એન્ડ ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત. ૩. માઇક્રોબાયોલોજી સેન્ટર, નવસારી. ૪. ધી ઓર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી, એલ. ડી. આર્ટસ કોલેજ. ૫. ફિઝિકસ સેન્ટર, ગુજરાત કોલેજ. ૬. બોટેની સેન્ટર, ગુજરાત કોલેજ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. ધર્મેન્દ્રસિંહજી કોલેજ, રાજકોટને ભૂગોળમાં બી.એ. (જનરલ) ના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન થયું હોવાથી તે બાબતનો મુંબઈ સરકારને રિપોર્ટ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રાસહજી કોલેજ, રાજકોટને બી.એ. (જનરલ)ને માટે ભૂગોળનો વિષય શિખવવા માટે જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૪૩. પુરી ખાતે તા. ૧૨ અને ૧૩ એપ્રિલ ૧૯૫૮ના રોજ મળનાર છઠ્ઠી સંસ્કૃત વિશ્વ પરિષદ માટે યુનિવર્સિટીનો એક પ્રતિનિધિ મોકલવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સંસ્કૃત પરિષદના અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહીં.

૪૪. તા. ૭-૨-૧૯૫૮ તથા ૧૪-૩-૫૮ના રોજ મળનાર ફાઇનાન્સ કમિટીની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૭-૨-૧૯૫૮ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની સભાની નોંધ મંજૂર કરવી તથા તે નોંધની બાબત નં. ૨ માં યુનિવર્સિટી હેન્ડ બુકના છાપકામ માટે ત્રણ માસની મુદતથી વધારે વિલંબ થાય તો વિલંબના પ્રત્યેક દિવસ દીઠ રૂા. ૫ લેખે "પેનલ્ટી" વસૂલ કરવામાં આવશે તેવી શરત ઉમેરવી તથા પ્રૂફ રિડીંગ માટે જરૂરી વ્યવસ્થા અને ખર્ચ કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧૪-૩-૧૯૫૮ ની સભાની નોંધ મંજુર કરવી.
(તા. ૭-૨-૧૯૫૮ તથા તા. ૧૪-૩-૧૯૫૮ ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૪૫ યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. દેવીસિંહ બાલુભા ગોવિંદાણીની કાયમી પટાવાળા તરીકેની નિમણૂંક કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. દેવીસિંહ બાલુભા ગોવિંદાણીની પટાવાળાની ખાલી જગા ઉપર એક વર્ષના પ્રોબેશનથી નિમણૂંક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૬. પહેલી બી.એ.એમ.એસ. પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પહેલી એમ.બી.બી.એસ.ની માફક પરીક્ષામાં બેસતાં અગાઉ એક સત્ર ફરીથી ભરવું જોઈએ એ જાતનો નિયમ કરવા માટે ફેકલ્ટી ઓફ આયુર્વેદિક મેડિસિનના ડીન તરફથી આવેલાં સૂચને ઉપર વિચારણા કરવા બાબત તથા તે અંગે સુધારેલા ડ્રાફ્ટ ઓ. ૩૪૩-એ. તા. ૯-૧૧-૫૭ મંજુર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધઃ–આ બાબતની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩–૧–૫૮ ની સભામાં બહાલી આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી. (સુધારેલા એ. ૩૪૩–એ. ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૭. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલી ઉપાધીઓ માટેના બહાનિબંધો રેફરીઓ તરફથી મંજુર થયા હોવાથી તેમને તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા જાહેર કરવાનાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ :	ઉપાધિ :
૧. શ્રી. ઉપેન્દ્ર રવિશંકર ભટ્ટ	પી. એચ. ડી. ગુજરાતી
૨. શ્રી. કિશોરકાંત જમનાદાસ શાહ	એમ. એસ. સી. કેમિસ્ટ્રી
૩. શ્રી. મહેન્દ્ર નાનુભાઇ દેસાઈ	પી. એચ. ડી. કેમિસ્ટ્રી

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૮. જયેન્દ્રપુરી આર્ટસ તથા સાયન્સ કૉલેજ, ભરૂચના બી. એ. ના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શ્રી. એમ.બી.મોદી તથા શ્રી. એમ. આર. દવેની જુનિયર બી. એ. ના પ્રથમ ખૂટતી સત્રોની હાજરી માફ કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૯. એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડો. એસ. એમ. સેનને પ્રોફેસર ઓફ ઓબ્સ્ટેટ્રીક્સની નિમણૂંક માટે જરૂરી અનુભવ કરતાં એક મહિના જેટલા સમયનો ઓછો અનુભવ હોવાથી તે ઉણપ માફ કર્યા બદલ ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી..

૫૦. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરના જોડાણના સરકારી જાહેરનામા પર વિચારણા કરવા બાબત. (જોડાણની શરતોનું પરિપાલન થયાનો સિન્ડિકેટે રિપોર્ટ કરેલ નથી.)

૨૩. યુનિવર્સિટી કાર્યાલયમાં આફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ અને ગુજરાતી ભાષા સાહિત્ય-ભવનમાં રિસર્ચ એસિસ્ટન્ટની જગાઓ પર નિમણૂંક કરવા માટે સિન્ડિકેટની વરણી સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણો :

૧. "આ બાબત પરત્વે ચર્ચા-વિચારણા દરમિયાન સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે, પરીક્ષા વિભાગ માટે એક ઑફિસ સુપ્રીન્ટેન્ડેન્ટની બીજી જગા પણ સ્થાપવામાં આવેલી છે અને તે માટેની ઉમેદવારોની ઓછામાં ઓછી લાયકાત નીચે પ્રમાણે નક્કી કરવામાં આવી છે :

"ગ્રેજ્યુએટ તથા ઓછામાં ઓછો જરૂરી વહીવટી અનુભવ (જેમાં ચાર વર્ષનો પરીક્ષાના તંત્રનો અનુભવ હોય, તે સહિત) કુલ સાત વર્ષનો અનુભવ અને ઉમેદવારની ઓછામાં ઓછી ઉંમર ૩૦ વર્ષની હોવી જોઈએ."

ઉપરની બાબત લક્ષમાં લઈને સભાગૃહે ઠરાવ્યું કે, પરીક્ષા વિભાગના ઑફિસ સુપ્રીન્ટેન્ડેન્ટની જગા માટે જાહેરખબર આપી નવેસરથી અરજીઓ ન મંગાવવી અને રજૂ થયેલા ઉમેદવારોમાંથી તેમને માટે ઠરાવેલી લાયકાત મુજબ યોગ્ય લાગે તેવા બે જણની પસંદગી કરવી, જેથી બીજી નિમણૂંક માટે વખત કે ખર્ચ કરવો ન પડે. આ સમિતિનો આ અભિપ્રાય સિન્ડિકેટને જણાવવો અને તે સ્વીકારવા ભલામણ કરવી.

આમ વિચારીને સમિતિએ ઑફિસ સુપ્રીન્ટેન્ડેન્ટની આ બે જગાઓ માટે નીચેના બે ઉમેદવારો, કે જેઓ હાલ યુનિવર્સિટી કાર્યાલયમાં હેડકલાર્ક તરીકે કામ કરે છે, તેમની પસંદગી કરી હતી.

૧. શ્રી. એચ. બી. ખારોડ
૨. શ્રી. કે. સી. જની "

૨. "ગુજરાતી ભાષા સાહિત્યભવનમાં રિસર્ચ એસિસ્ટન્ટની એક જગા માટે નીચેની વ્યક્તિઓની ક્રમાનુસાર પસંદગી કરવામાં આવે છે :

૧. કુ. મૃદુલા એડનવાલા
૨. શ્રી. એન. એમ. વોરા
૩. શ્રીમતી પ્રવીણા ન્યાયા "

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણો સ્વીકારવી તથા તે મુજબ ૧. શ્રી. એચ. બી. ખારોડ અને શ્રી કે. સી. જનીની યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ

તરીકે નિમણૂંક કરવી; તથા ૨. ગુજરાતી ભાષા સાહિત્યભવનમાં રિસર્ચ એસિસ્ટન્ટની એક જગા ઉપર નીચે પ્રમાણે ક્રમાનુવર્તી એક વ્યક્તિની નિમણૂંક કરવી :

૧. કુ. મૃદુલા એડનવાલા
૨. શ્રી. એન. એમ. વોરા
૩. શ્રીમતી પ્રવીણા ન્યાયા

૨૪. યુનિવર્સિટીના ત્રણ અનુસ્નાતક ભવનોમાં એકેક એમ ત્રણ એકાઉન્ટસ ક્લાર્કની જગાઓ સ્થાપવામાં આવી છે પરંતુ પ્રત્યેક ભવનમાં જુદા હિસાબ રાખવાની વ્યવસ્થા ખર્ચાળ અને અનઅનુકૂળ થવા સંભવ હોઇ તે પૈકીની બે જગાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં સ્થાપવા તથા ત્રીજી જગાને સમાજશાસ્ત્ર ભવનમાં ક્લાર્ક ટાઇપીસ્ટની જગામાં ફેરવવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) યુનિવર્સિટીમાં ત્રણ અનુસ્નાતક ભવનોમાં એકેક એમ ત્રણ એકાઉન્ટસ ક્લાર્કની જગાઓ સ્થાપવામાં આવી છે તે રદ કરવી અને તેને બદલે યુનિવર્સિટી કાર્યાલયમાં બે જુનિયર ક્લાર્કની જગાઓ હિસાબ વિભાગ માટે સ્થાપવી નવી ઉભી કરવી અને તે જગાઓ ભરવી. અને (૨) સમાજ વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપીસ્ટની નવી જગા ઉભી કરવાની બાબત સિન્ડિકેટની તે કામ માટેની સ્થાયી કમિટી તરફ વિચારણા માટે મોકલી આપવી.

૨૫. નીચેના કર્મચારીઓની અજમાયસી નિમણૂંકનો સમય પૂરો થતો હોવાથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

	નામ	જગા	જોડાયાની તારીખ	વર્ષ પૂરું થયાની તારીખ
૧.	શ્રી. પી. પી. મહેતા	ટાઇપીસ્ટ ક્લાર્ક લાયબ્રેરી	૨-૪-૫૭	૨-૪-૫૮
૨.	શ્રી. એ. જે. સોલંકી	હમાલ રજીસ્ટ્રારનું કાર્યાલય	૩૦-૩-૫૭	૩૦-૩-૫૮
૩.	શ્રી. જુગા ચુના	ભંગી યુનિ. છાત્રાલય	૧૭-૭-૫૬	૧૭-૭-૫૭
૪.	શ્રી. વી. પી. શાહ	સ્ટેનોગ્રાફર ગુજરાતી ભાષાસાહિત્ય-ભવન	૧૬-૪-૫૭	૧૬-૪-૫૮

(નોંધ :- ઉપરના કર્મચારીઓની કામગીરી અંગેનો ખાનગી હેવાલ શ્રી. રજિસ્ટ્રાર સભા સમક્ષ રજૂ કરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. પી. મહેતાને ટાઇપીસ્ટ ક્લાર્ક તરીકે તા. ૨-૪-૧૯૫૮થી તેમની જગાએ કાયમ કરવા; શ્રી. એ. જે. સોલંકીને હમાલ તરીકે તા. ૩૦-૩-૧૯૫૮થી તેમની જગાએ કાયમ કરવા; તથા શ્રી. વી. પી. શાહને ગુજરાતી ભાષાસાહિત્ય ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે તા. ૧૬-૪-૧૯૫૮થી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. જુગા ચુનાને યુનિવર્સિટી છાત્રાલયમાં સફાઈ કામદાર તરીકે હાલ કાયમ ન કરતાં તેમના પ્રોબેશનની મુદત એક વર્ષ જેટલી વધારી આપવી તથા તેમની કામગીરી વિષે તેમને લેખિત ચેતવણી આપવી.

૨૬. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૩૧-૩-૫૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણો :

"આથી સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના નીચે પ્રમાણેના બજેટને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે :

૧.	આંતર-મહાવિદ્યાલય	રમતો માટે	રૂા. ૧૦૦૦૦
૨.	આંતર વિભાગીય	,, ,,	રૂા. ૪૦૦૦
૩.	આંતર-યુનિવર્સિટી	,, ,,	રૂા. ૧૫૦૦૦
૪.	કોચીંગ કેમ્પ્સ યોજવા માટે		રૂા. ૫૦૦૦"

આંતર યુનિવર્સિટી : રમતો યુનિવર્સિટીના આશ્રયે યોજવા અંગે

"વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે હુતુતુ અને જે તે ન સ્વીકારાય તો બોખોની આંતર યુનિવર્સિટીની રમતો ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા આમંત્રણ મોકલવા માટે મંજૂરી આપવા આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

આંતર યુનિવર્સિટી વોલીબોલ હરિફાઇ માટે રેફરીઓ વિગેરે ના મહેનતાણા અંગે

"શ્રી. ચેરમેનના પગલાને બહાલી આપવામાં આવે છે અને તેને મંજૂરી આપવા માટે આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

(નોંધ :- રેફરીઓને રૂા. ૮ તથા સ્કોરર્સને રૂા. ૪નું મહેનતાણું આપવાની ભલામણ છે.)

આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે :

૧. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ અનુસાર બોર્ડ ઑફ સ્પોર્ટ્સનું નીચે પ્રમાણેનું અંદાજપત્રક મંજૂર કરવું.

૧.	આંતર-મહાવિદ્યાલય	રમતો માટે	રૂા. ૧૦,૦૦૦
૨.	આંતર વિભાગીય	,, ,,	રૂા. ૪,૦૦૦
૩.	આંતર-યુનિવર્સિટી	,, ,,	રૂા. ૧૫,૦૦૦
૪.	તાલીમ-શિબિરો યોજવા	માટે	રૂા. ૫,૦૦૦

૨. ૧૯૫૮-૫૯ના વર્ષ દરમિયાન હુતુતુ અને જે તે ન સ્વીકારાય તો બોખોની આંતર-યુનિવર્સિટી રમતો ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને આમંત્રણ પાઠવવાની બોર્ડની ભલામણ મંજૂર કરવી.

૩. રેફરીઓને રોજના રૂા. ૮ તથા લાઈન્સમેન રફેારરને રોજના રૂા. ૪નું મહેનતાણું આપવાના બોર્ડ ઑફ યુનિવર્સિટી સ્પોર્ટ્સના ચેરમેનના પગલાને બહાલી આપવી.

૨૭. બ્લીટલોન ફંડમાંથી આવેલ ત્રણ વધારાનાં સાયન્ટીફીક એપેરેટસોની યુનિવર્સિટીના સાયન્સના અનુસ્નાતક કેન્દ્રોમાં વહેંચણી કરવા બાબત.

એપેરેટસનું નામ :	માગણી કરેલ પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટરનાં નામ :
૧. સ્પેકટ્રોફોટોમીટર.	૧. પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર ઇન ઓર્ગેનિક એન્ડ ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. (નોંધ:-ફિઝિકસ સેન્ટરને પણ કામ લાગશે.) ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત ૩. બાર્ક ક્રોબાયોલોજી સેન્ટર, નવસારી ૪. ફિઝિકસ સેન્ટર, એલ. ડી. કૉલેજ ૫. આર્ગેનિક કેમિસ્ટ્રી ,, ,, ૬. બોટેની સેન્ટર, ગુજરાત કૉલેજ ૭. ઝૂલોજી સેન્ટર, એલ. ડી. કૉલેજ ૮. પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ ડિપાર્ટમેન્ટ, સામળદાસ કૉલેજ.
૨. રિફ્રેકટોમીટર	૧. પોસ્ટગ્રેજ્યુએટ સેન્ટર, ઓર્ગેનિક એન્ડ ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત ૩. ફિઝિકસ સેન્ટર, એલ. ડી. કૉલેજ ૪. ધી ઓર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી, એલ. ડી. કૉલેજ. ૫. ઓર્ગેનિક કેમિસ્ટ્રી, એલ. ડી. કૉલેજ ૬. પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ ડિપાર્ટમેન્ટ, સામળદાસ કૉલેજ.
૩. શાર્પલ્સ લેબોરેટરી સુપર સેન્ટ્રીફયુજ	૧. પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર-ઓર્ગેનિક એન્ડ ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી, નડિયાદ. ૨. કેમિસ્ટ્રી સેન્ટર, સુરત ૩. બાર્ક ક્રોબાયોલોજી સેન્ટર, નવસારી ૪. ધી ઓર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી, એલ. ડી કૉલેજ. ૫. ફિઝિકસ સેન્ટર, ગુજરાત કૉલેજ. ૬. બોટેની સેન્ટર, ગુજરાત કૉલેજ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા કરી રિપોર્ટ કરવાને માટે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ નીમવી :

૧. ડૉ. કે. આર. રામનાથન
૨. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૩. પ્રોફેસર જે. ડી ઓઝા

૨૮. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ જોડે યુનિવર્સિટી કાર્યાલયના કેટલીક કક્ષાના કર્મચારીઓનાં પગાર ધોરણ તથા નોકરીની અન્ય શરતો અંગે વાટાઘાટો કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ગઈ બેઠકમાં મોકૂફ રાખેલી ચર્ચા આગળ ચાલી. શરૂમાં સભાને જણાવવામાં આવ્યું કે, ગઈ બેઠકમાં જણાવ્યા મુજબ, (i) લાલ પગારભથ્થાં ઈ. બાબતની જે વ્યવસ્થા છે તેને આવરી લેતો સ્ટેટયૂટ તૈયાર કરવામાં આવે છે; તથા (ii) રાજ્યની યુનિવર્સિટીના જૅઇન્ટ બોર્ડની આગળ આ પ્રશ્નની આખી બાબત ચર્ચા અને વિચારણા માટે મૂકવાનું સૂચન તે બોર્ડને પત્ર લખીને કરવામાં આવ્યું છે

તે પછી, સમિતિએ પગારધોરણના સુધારાને માટે ભલામણો કરી છે, તે વિષે એમ ઠરાવવામાં આવ્યું છે કે જૅઇન્ટ બોર્ડને પ્રેરવામાં આવેલી વિચારણા અને મુંબઇ સરકાર પે-કમિશનના રિપોર્ટ બાદ આખા રાજ્યને માટે નવી પગાર-પદ્ધતિ અમલિયાર કરે તે, આ બધું ધ્યાનમાં લઈને આ જાતની સુધારણા કરવાનું કામ તે પછી હાથ ધરવું જોઈએ.

પરંતુ, ચાલુ પગાર-ભથ્થાં ઈ.ના ધોરણને આધારે અને વચગાળાની રાહત તરીકે કાંઈક કરવા જેવું હોય તો તે કરવું ઘટે છે, એમ ઠરાવવામાં આવે છે અને તેને માટે વચગાળાની ભલામણ શ્રી. અટુભાઈ દેસાઈની સાથે એ વિષે મસલત કરીને, તૈયાર કરી રજૂ કરવાનું કામ, શ્રી. વાઈસ-ચાન્સેલરને સોંપવામાં આવે છે.

૨૯. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ પદવીઓ માટેના મહાનિબંધો રેફરીઓ તરફથી સ્વીકારાયા હોવાથી તેમને તે પદવી માટે પાસ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

નામ :	પદવી :
૧. શ્રી. દિનેશચંદ્ર રસિકલાલ દેસાઈ	એમ. એસસી. કેમિસ્ટ્રી
૨. શ્રી. રમેશચંદ્ર શિવાભાઈ દેસાઈ	એમ. એસસી. કેમિસ્ટ્રી
૩. શ્રી. પ્રવિણકુમાર ત્રિકમલાલ શાહ	એમ. એસસી. કેમિસ્ટ્રી
૪. શ્રી. મનોહર નારાયણ જકાતે	પીએચ. ડી. કોમર્સ
૫. શ્રી. સત્યદેવ ઇચ્છારામ પટેલ	પીએચ. ડી. ગુજરાતી
૬. શ્રી ઇન્દ્રવદન કાશીનાથ દવે	પીએચ. ડી. ગુજરાતી
૭. શ્રી પ્રફુલચંદ્ર દલિભાઈ ભાવસાર	પીએચ. ડી. ફિઝિક્સ

ઉપર મુજબના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ પદવી માટે સ્વીકાર્યાના તથા તેમને પાસ થયેલા જાહેર કરવાની ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવી.

૩૦. ૧૯૫૫-૫૬ના યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૫-૫૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો મંજૂર કરવા.

૩૧. લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૩૨૩ ઉપર વિચારણા કરવા બાબત.

"(૧) સને ૧૯૫૭-૫૮નું રિવાઇઝ્ડ અંદાજપત્રક તથા સને ૧૯૫૮-૫૯નું અંદાજપત્રક જે કાર્યાલય તરફથી તૈયાર કરવામાં આવ્યું છે તે સભામાં થયેલા સુધારાવધારા સાથે મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૨) લાયબ્રેરી સ્ટાફમાં બે જૂનિયર ક્લાર્કની જગ્યાઓ ઉભી કરવાની તથા લાયબ્રેરી સાયન્સનો ડિપ્લોમા ધરાવનાર ટેકનીકલ એસિસ્ટન્ટની રૂા. ૧૫૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં એક જગ્યા ઉભી કરવા માટે પણ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. આનો સમાવેશ સને ૧૯૫૮-૫૯ના અંદાજપત્રકમાં કરવામાં આવેલો છે.

(૩) હાલમાં જે કેટલોગરની જગ્યા છે તેનું નામ બદલી તેને ટેકનીકલ એસિસ્ટન્ટનું નામ આપવા તેમ જ હાલમાં ઇસ્યૂ ક્લાર્ક અને સ્ટોકરૂમ એટેન્ડન્ટની જગ્યાઓ છે તેને અનુક્રમે જૂનિયર ક્લાર્ક અને પટાવાળાનું નામ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે,

લાયબ્રેરી કમિટીના ઠરાવ નં ૩૨૩ની ભલામણો અંગે, લાયબ્રેરીનું (૧) ૧૯૫૭-૫૮નું રિવાઇઝ્ડ અંદાજપત્રક તથા ૧૯૫૮-૫૯નું અંદાજપત્રક મંજૂર કરવું.

(૨) લાયબ્રેરી સ્ટાફમાં બે જૂનિયર ક્લાર્કની કાયમી નવી જગાઓ સ્થાપવી તથા લાયબ્રેરી સાયન્સનો ડિપ્લોમા ધરાવનાર ટેકનીકલ એસિસ્ટન્ટની એક જગા રૂા. ૧૫૦-૧૦-૩૦૦ના પગાર-ધોરણમાં ઉભી કરવી.

(૩) હાલમાં કેટલોગરની જગા છે તેનું નામ બદલીને "ટેકનીકલ એસિસ્ટન્ટનું" નામ આપવું તથા હાલમાં ઇસ્યૂ ક્લાર્ક તથા સ્ટોકરૂમ-એટેન્ડન્ટની જગ્યાઓ છે તેને અનુક્રમે જૂનિયર ક્લાર્ક અને પટાવાળાનું નામ આપવું.

૩૨. બોર્ડ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરની તા ૧૮-૩-૧૯૫૮ના રોજ મળેલી બારમી બેઠકના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે તુલનાત્મક માહિતી માટે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની બાબતોના આગલા બે વર્ષોના સરેરાશના આંકડા તેની યોગ્ય જગ્યાએ ઉમેરીને રિપોર્ટ મંજૂર કરવો."

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૮-૫૯ના વર્ષમાં ફક્ત પ્રથમ વર્ષના જ વિદ્યાર્થીઓની તથા બીજી યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓની જ તબીબી તપાસ કરવી તથા ફોલોઅપનું કામ જે તે વિદ્યાર્થીની કૉલેજ કારકીર્દીના બધા જ સમય દરમિયાન લાગતી વળગતી કૉલેજોના આચાર્યો મારફતે ચાલુ રાખવું."

"આથી ઉપસમિતિએ નક્કી કરેલા કસોટીઓના ધોરણોને મંજૂર કરવામાં આવે છે તથા તે માટે નીચેના સભ્યોની સમિતિને પરીક્ષકો તરીકેની નિમણૂંક કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૧. ડૉ. નાનુભાઇ દેસાઈ
૨. ડૉ. એચ. આર. દેરાસરી
૩. શ્રી. ચીનુભાઇ પી. શાહ
૪. શ્રી. વી. પી. મહેતા
૫. શ્રી. દેવજાલા જાની"

અગર

૬. શ્રી. કપિલાબેન પટવા

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપસમિતિએ તૈયાર કરેલી યોજના માટે રૂા. ૬૦૦૦નું ખર્ચ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી અને આ યોજનાની વિગતે વિચારણા કરવા માટે ફરીથી આ બોર્ડ સમક્ષ તે રજૂ કરવી."

"આથી ઠરાવવામાં આવે છે કે પરિશિષ્ટ "અ"માં આપેલ બોર્ડ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરના સને ૧૯૫૮-૫૯ના અંદાજપત્રને ઉપર બાબત ૫ માં જણાવેલી નોર્મ્સ કાઢવાની યોજનાના અંદાજી ખર્ચના રૂા. ૬૦૦૦ની રકમ સાથે મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આ બાબત પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે :

(૧) તુલનાત્મક માહિતી માટે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની બાબતોના આગલા બે વર્ષોના સરેરાશના આંકડા તેની યોગ્ય જગાએ ઉમેરીને બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરનો વાર્ષિક હેવાલ મંજૂર કરવો.

(૨) "ફોલોઅપ"નું કામ જે તે વિદ્યાર્થીઓની કૉલેજના બધા જ સમય દરમિયાન લાગતી વળગતી કૉલેજના આચાર્ય મારફતે ચાલુ રાખવાની બોર્ડની ભલામણ મંજૂર કરવી.

(૩) બોર્ડે નીમેલી ઉપસમિતિએ ઘડેલાં કસોટીનાં ધોરણો મંજૂર કરવાં તથા તે માટે નીચેના સભ્યોની સમિતિને પરીક્ષકો તરીકે નીમવાની બોર્ડની ભલામણ મંજૂર કરવી :

૧. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ
૨. ડૉ. એચ. આર દેરાસરી

૩. શ્રી. ચીનુભાઇ પી. શાહ
૪. શ્રી. વી. પી. મહેતા
૫. શ્રીમતી દેવબાલા જ્ઞની અગર
૬. શ્રીમતી કપિલાબેન પટવા

(૪) "સ્ટેટીસ્ટીકલ નોર્મ્સ" માટેની યોજના માટે રૂા. ૬૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૩૩. ૧૯૫૮ના પ્રથમ છ માસ દરમ્યાન લેવામાં આવેલી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ લીધેલા ગેરવ્યાજબી ફલાજો તથા પ્રાશ્નિકો, નિરીક્ષકો, કાર્યાલયના સભ્યો વગેરેની ક્ષતિઓ ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સમિતિની નિમણૂંક કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, ૧૯૫૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અખ્તિયાર કરેલી ગેરવ્યાજબી રીતિઓ તથા પ્રાશ્નિકો, નિરીક્ષકો, કાર્યાલયના સભ્યો, વગેરેની ક્ષતિઓ પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબ
૨. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ
૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ
૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ

૩૪. યુનિવર્સિટી લાયબ્રેરીમાંથી રાજીનામું આપી છૂટા થયેલા ટાઇપીસ્ટ શ્રી. એન. ડી. માધુને તેમના પ્રોવીડંટ ફંડની રકમ નિયમ મુજબ પાછી આપવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શ્રી. એન. ડી. માધુને તેમના પ્રોવીડંટ ફંડની રકમ આપવી.

૩૫. સ્વ. પોપટલાલ ગીરધરલાલની એસ્ટેટમાંથી રૂા. ૧૦૦૦૦ની સખાવત જે યુનિવર્સિટીને શિષ્યવૃત્તિ આપવા માટે મળી છે તે પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં વધારે માર્કસ લાવી પાસ થનારને આપવા અંગે સિન્ડિકેટે નક્કી કર્યા મુજબ મજકૂર એસ્ટેટના સોલિસીટર્સને પૂછાવતાં તેઓ જણાવે છે કે આ શિષ્યવૃત્તિ બી. એ. સંસ્કૃત માટે અપાય એવી દાતા શ્રીમતી ઇન્દુમતીબાઈની ઇચ્છા છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, મજકૂર શિષ્યવૃત્તિ, બી. એ. કે ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સની પરીક્ષામાં પાસ થઈ સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને આપવાને બદલે ઇન્ટરમિડિએટ આર્ટ્સની પરીક્ષામાં પાસ થઈ સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને આપવા માટે સ્વ. પોપટલાલ ગીરધરલાલની એસ્ટેટના સોલિસીટર્સને સૂચવવું.

૩૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજીમાં શિષ્યવૃત્તિઓ તથા ફી-માફી કાઢવા અંગે સેનેટની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ :

"સેનેટની આ સભા, સિન્ડિકેટની આ બાબતની ભલામણ મંજૂર રાખે છે અને ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજીમાં નીચે પ્રમાણે મેરીટ શિષ્યવૃત્તિઓ તથા ફી-માફી આપવી અને તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવાં સિન્ડિકેટને ભલામણ કરવી :

મેરીટ શિષ્યવૃત્તિ:-માસિક રૂા. ૨૦ની એક એવી ૬ શિષ્યવૃત્તિઓ.
ફી-માફી:-કુલ વિદ્યાર્થીઓના પાંચ ટકા."

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાનભવનમાં માસિક રૂા. ૨૦ની એક એવી ૬ શિષ્યવૃત્તિઓ તથા કુલ વિદ્યાર્થીઓના પાંચ ટકા જેટલી ફી-માફી જૂન ૧૯૫૮થી આપવાનું શરૂ કરવું.

૩૭. એકસ્ટર્નલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન અંગેનો ઑર્ડિ. ૧૭૪-એ. નીચે પ્રમાણે સુધારવા બાબત.

O. 174-A Registration as external students for the First Year Arts (Pre-University), Intermediate Arts & B.A. Examinations shall be open to :

(1) those whose mother tongue is Gujarati; and

(2) others (i. e. whose mother tongue is not Gujarati) living continuously for a period of at least six months immediatelv preceding the date of their registration. in the Bombay State provided that Army Educational Corps personnel are exempted from the condition about residential qualification.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૧૭૪-એ ને ઉપર મુજબ સુધારવો. સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

ત્યારબાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૩૪૪૦૧-૧૮ -૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા ૨૮-૪-૫૮.

જ. મં. મહેતા
રજિસ્ટ્રાર વતી

PRINTED AT THE GUJARAT UNIVERSITY PRESS, NAVRANGPURA, AHMEDABAD-9.

ગુજરાત યુનિવર્સિટી



સિન્ડિકેટની મે ૧૯૫૮ના માસની સભા બુધવાર તા. ૨૧-૫-૧૯૫૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. અંબેલાલ એમ. નાયક	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	ગેરહાજર

૧૧.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	ગેરહાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. શંકાર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૨-૪-૫૮ ના રોજ મળેલી એપ્રિલ ૧૯૫૮ની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૨-૪-૧૯૫૮ ના રોજ મળેલી સભાની નોંધને સભાગૃહે બહાલી આપી અને તે પર શ્રી વાઇસ-ચાન્સેલર સાહેબે સહી કરી.

૨. ગયા માર્ચ માસમાં લેવાયેલી ઈન્ટર સાયન્સની પરીક્ષાના પરિણામ અંગે ઉપકુલપતિ-શ્રીએ લીધેલાં પગલાંની જાણ થવા બાબત.

આ બાબત પર ચર્ચા-વિચારણા શરૂ થઈ તે પછી પ્રિન્સિપલ એસ. વી. દેસાઇના ટેકાથી પ્રિન્સિપલ એમ. એમ. શંકારે નીચેનો ઠરાવ રજૂ કર્યો :

"શ્રી. વાઇસ-ચાન્સેલરનો રિપોર્ટ વાંચ્યા પછી આ સભા એવું ઠરાવે છે કે, ઈન્ટર સાયન્સના તમામ વિદ્યાર્થીઓનું પરિણામ કહેવાતા "લીકેજ"ની "માલ-પ્રેકટીસ" અંગે જે જાહેર કરવામાં આવ્યું નથી તે જાહેર કરવામાં આવે, અને જે જે વિદ્યાર્થીઓ સામે ગેરરીતિઓ સાબિત થાય તેની સામે પગલાં લેવામાં આવે અને ફેર-પરીક્ષાનો હુકમ રદ કરવામાં આવે."

આ ઠરાવ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ. તેમાં એવાં કાનૂની મુદ્દો પણ ઉઠાવાયો કે સિન્ડિકેટની જાણ માટે રજૂ થએલી આ બાબત પર ઉપરનો ઠરાવ રજૂ થઇ શકે ખરો ? કેટલાક સભ્યોએ શ્રી. વાઇસ-ચાન્સેલર પાસેથી વિગતે "લીકેજ" વિષે હકીકતો જાણવા ઇચ્છા બતાવી.

શ્રી. વાઇસ-ચાન્સેલરે ચર્ચાને અંતે ચૂકાદો આપ્યો કે, એ ઠરાવ કાનૂન બહાર (out of order) છે. બાદ તેમણે વિગતે "લીકેજ" બાબત ખબર આપી, કે જેને "ઓફ રેકર્ડ" ગણીને ચાલવાનું તેમણે કહ્યું.

કામ ૨ની નોંધ લીધા પછી તાકીદની બાબત તરીકે બાબત નં. ૩૩ રજૂ કરવામાં આવી.

૩. ગયા માર્ચ માસમાં લેવાયેલી ફર્સ્ટ ઇયરની (પ્રી-યુનિવર્સિટી) પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ આવ્યા છે; તે બાબત અંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યો, વગેરે તરફથી પરિણામ કડક આવ્યાની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

૧. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ ... ૩૮.૯૫ ટકા
૨. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સ ... ૫૧.૬૮ ટકા
૩. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) કોમર્સ ... ૨૫.૫ ટકા

તે પર ચર્ચા-વિચારણા શરૂ થઈ. ફર્સ્ટ ઇયરના પરિણામ બાબતમાં શી રીતે રાહત આપી શકાય તેનો વિચાર હાથ ધરવામાં આવ્યો. આ દરમિયાન સિન્ડિકેટના નીચેના સાત સભ્યો બાબત નં. ૨ ને સ્પર્શતા મુદ્દાઓ પરત્વે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને એક લખેલો કાગળ આપીને સભાત્યાગ કરી ગયા :

૧. શ્રી. હિંમતલાલ પી. શુકલ
૨. શ્રી. એસ. એમ. શાહ
૩. શ્રી. એ. એમ. નાયક
૪. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૫. ડૉ. વિક્રમ સારાભાઈ
૬. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ
૭. પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર

આ તબક્કે સિન્ડિકેટના કોરમ માટે જરૂરી સભ્યોની હાજરી રહી નહીં, તેથી આ તથા બાકીનું કામ પડતું મૂકી સભા બરખાસ્ત થઈ.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

નં. સિં. ૪૪૭૨૪-૪૧-૧૯૫૮,
અમદાવાદ-૯, તા : ૩૧-૫-૫૮.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ ૯.

ઠરાવ :

" ગુજરાત યુનિવર્સિટીની બધી ફેકલ્ટીઓના પ્રિ-યુનિવર્સિટી પરીક્ષાઓ, ઈન્ટરમિડિયેટ પરીક્ષાઓ તેમજ ડીગ્રી પરીક્ષાઓ માટે જુદા જુદા વિષયના અભ્યાસક્રમો છે, પણ યુનિવર્સિટી પરીક્ષાઓમાં પૂછાતા પ્રશ્નો, કેટલા, કેવા પ્રકારના અને કેટલા ગુણ માટે હશે તેની કોઇ લેખિત અને નિર્ણીત યોજના ન હોવાથી પ્રાશ્નિકોને પ્રશ્નો તૈયાર કરવામાં અને અધ્યાપકોને શિક્ષણ કાર્ય યોજનામાં તથા વિદ્યાર્થીઓને પરીક્ષાઓ માટે તૈયારીઓ કરવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે જુદી જુદી અભ્યાસ સમિતિઓ દ્વારા જુદા જુદા વિષયોના પ્રશ્નપત્રો કાઢવા માટેની માહિતી યોજના (a scheme of paper-setting and marking) તૈયાર કરાવવા ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને ખાસ ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જી. બી. ઓઝાના ઠરાવની સિન્ડિકેટ તરફેણ કરતી નથી એવો અભિપ્રાય સેનેટને આપવો.

૪૬. નીચે દર્શાવેલી કોલેજોની જોડાણ બાબતની અરજી ઉપર પ્રિન્સિપલ કે. એલ. દેસાઇની સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરી હતી. પણ તેઓ પોતાની નાદુરસ્ત તબીયતને લીધે તે સમિતિ ઉપર કામ કરવાની પોતાની અશક્તિ દર્શાવે છે. તો તેમની જગાએ બીજા સભ્યની નિમણૂંક કરવા બાબત.

કોલેજનું નામ	પ્રિન્સિ. કે. એલ. દેસાઇના બીજા સાથીદાર સભ્યો
૧. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ – બીલીમોરા	૧. પ્રિન્સિ. ડો. કે. જી. નાયક
૨. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કોલેજ, ભરૂચ.	૧. પ્રોફેસર વી. આર. ત્રિવેદી તેઓ પોતાની નાદુરસ્ત તબીયતને કારણે આ સમિતિ ઉપર કામ કરવાની અશક્તિ દર્શાવે છે.
	૨. પ્રોફેસર એન. બી. નાયક
૩. આર્ટ્સ કોલેજ, ડભોઇ	૧. પ્રિન્સિ. યશવંત શુકલ
૪. સાયન્સ અને આર્ટ્સ કોલેજ, વલસાડ.	૧. પ્રોફેસર સી. એમ. દેસાઈ

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ચાર સ્થાનિક તપાસસમિતિઓના સભ્ય તરીકે પ્રિન્સિપલ કે. એલ. દેસાઇની જગાએ શ્રી. સી. સી. શાહની નિમણૂંક કરવી.

૪૭. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કોલેજની ચાલુ જોડાણ માટેની આવેલી અરજી ઉપર સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે પ્રોફેસર વી. આર. ત્રિવેદીની નિમણૂંક કરેલી પણ તેઓ પોતાની નાદુરસ્ત તબીયતને લીધે તે સમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવે છે તો તેમની જગાએ બીજા સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્થાનિક તપાસસમિતિ પર પ્રોફેસર વી. આર. ત્રિવેદીની જગાએ પ્રિન્સિપલ વી. એમ. શાહની નિમણૂંક કરવી.

૪૮. ફેકલ્ટી ઑફ મેડિસિનમાં પબ્લિક હેલ્થ અને ચાઈલ્ડ હેલ્થના અનુસ્નાતક ડિપ્લોમા "ડી. પી. એચ." અને "ડી. સી. એચ." સ્થાપવા અંગે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ફેકલ્ટી ઑફ મેડિસીનમાં ડિપ્લોમા ઇન ચાઇલ્ડ હેલ્થ (ડી. સી. એચ.) અને ડિપ્લોમા ઇન પબ્લિક હેલ્થ (ડી. પી. એચ.) સ્થાપવા માટે સિન્ડિકેટને અને સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ફેકલ્ટી ઑફ મેડિસીનમાં ડિપ્લોમા ઇન ચાઇલ્ડ હેલ્થ (ડી.સી.એચ.) અને ડિપ્લોમા ઇન પબ્લિક હેલ્થ (ડી.પી.એચ.) સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવા સેનેટને ભલામણ કરવી.

૪૯. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતી એલ. ડી. આર્ટસ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓ. ૧૨૦-બી. અમલમાં આવતાં બે સંસ્થાઓ તરીકે છૂટી થઇ હોવાથી એલ. ડી. આર્ટ્સ કૉલેજને સરકારી રાહે જોડાણ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that L. D. Arts College Ahmedabad be granted permanent affiliation for teaching courses of studies leading to the B.A. (Special and General)Degrees in the following subjects :

B.A. (Special and General)

1. English
2. Sanskrit
3. Ardhamagadhi
4. Gujarati
5. History
6. Economics
7. Mathematics
8. Philosophy
9. Hindi

B.A. (General)

1. French
2. Persian
3. Urdu
4. Geography.

B.A. (Special and General)

10. Politics
11. Psychology
12. Ancient Indian Culture

(નોંધ : ૧. સિન્ડિકેટે તેની તા. ૨–૩ ઑગસ્ટ ૧૯૫૮ ની સભામાં આ બાબત સ્થાનિક તપાસ-સમિતિ નીમવાની જરૂર નથી એમ ઠરાવ્યું છે.

૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટને બી.એ. (સ્પેશિયલ અને જનરલ) માં ૧. ઇંગ્લીશ, ૨. સંસ્કૃત, ૩. અર્ધમાગધી, ૪. ગુજરાતી, ૫. ઇતિહાસ, ૬. ઇકોનોમિક્સ, ૭. મેથેમેટિક્સ, ૮. ફિલોસોફી, ૯. હિન્દી, ૧૦. પોલિટિક્સ, ૧૧. સાયકોલોજી, ૧૨. એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર, અને બી.એ. (જનરલ) માં ૧. ફ્રેન્ચ, ૨. પર્શિયન, ૩. ઉર્દૂ, અને ૪. જ્યોગ્રાફી માટે કાયમી જોડાણ મળેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ માન્ય કરવા સેનેટને ભલામણ કરવી.

૫૦. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ એ. ૧૨૦–બી. અમલમાં આવતાં બે સંસ્થાઓ તરીકે છૂટી થઈ હોવાથી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટને સરકારી રાહે જોડાણ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

Resolved that it be recommended to the Syndicate and the Senate that M. G. Science Institute, Ahmedabad be granted permanent affiliation for teaching courses of studies leading to the B.Sc. Degree as follows :

B.Sc. (Principal & Subsidiary)

1. Physics
2. Chemistry
3. Mathematics
4. Geology

B.Sc. (Subsidiary) only

1. Geography

(નોંધ : ૧. સિન્ડિકેટે તેની તા. ૨/૩ ઑગસ્ટ ૧૯૫૮ ની સભામાં આ બાબત સ્થાનિક તપાસ-સમિતિ નીમવાની જરૂર નથી એમ ઠરાવ્યું છે.

૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ તથા એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટને બી.એસસી. માટે ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથેમેટિક્સ અને જીયોલોજી (પ્રિન્સિપલ અને સબ્સિડિયરી) અને જ્યોગ્રાફી (સબ્સિડિયરી) ના વિષયોમાં કાયમી જોડાણ આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ માન્ય કરવા સેનેટને ભલામણ કરવી.

૫૧. પ્રી-યુનિવર્સિટી (ફર્સ્ટ ઇયર) ની પરીક્ષાઓ યુનિવર્સિટીએ લેવાનું નક્કી કર્યું હોવાથી નીચેના સુધારેલા ઓર્ડિનન્સો મંજૂર કરવા બાબત તથા ઓર્ડિનન્સ ૧૬૨ અને ૩૦૫ રદ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ઓર્ડિનન્સ નં. ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૯૨, ૧૫૯-એ, ૧૬૧-એ, ૩૦૩, ૩૦૪, ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૯૩ અને ૩૦૬.

(**નોંધ :** ઓ. ૧૫૮ ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને સાયન્સ માટે ભેગો હોવાથી સાયન્સ ફેકલ્ટીમાં જુદો બતાવાયો નથી.)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયે સુધારેલા ઓર્ડિનન્સ ૧૫૭, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૯૨, ૧૫૯-એ, ૧૬૧-એ, ૩૦૩, ૩૦૪, ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૯૩ અને ૩૦૬ મંજૂર કરવા તથા ઓર્ડિ. ૧૬૨ અને ૩૦૫ રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઓર્ડિનન્સ નં. ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૯૨, ૧૫૯-એ, ૧૬૧-એ, ૩૦૩, ૩૦૪, ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૯૩ અને ૩૦૬ને મંજૂર કરવા તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા અને ઓર્ડિનન્સ નં. ૧૬૨ અને ૩૦૫ને રદ કરવા. (મંજૂર થયેલા ઓર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૨. શ્રી. ચંદાગૌરી ગોરધનદાસ સોનાવાલા મહિલા વિદ્યાલય મંડળ તરફથી સૂરત ખાતે જૂન ૧૯૫૯થી મહિલા કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે કામ કરવા પ્રોફેસર વી. આર. ત્રિવેદીએ અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગાએ કોઈ બીજા સભ્યની નિમણૂંક કરવા બાબત.

(નોંધ : આ સમિતિના બીજા સભ્ય પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્થાનિક તપાસસમિતિ પર પ્રોફેસર વી. આર. ત્રિવેદીની જગાએ ડૉ. તારાબેન પટેલની નિમણૂંક કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૯૮૨૧૩-૨૨૯-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૯-૯-૧૯૫૮

ક. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૧૬

ગુજરાત યુનિવર્સિટી

નં. સિ. ૮૧૯૮૮ - ૬૪- ૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯ તા. ૧૬-૮-૫૮

સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા કરવા અંગે રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની પંદરમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરૂવાર તા. ૨૪-૭-૫૮ના રોજ સાંજના ૪-૦૦ કલાકે ઉપકુલપતિ શ્રી. મગનભાઇ દેસાઇના પ્રમુખપદે મળી હતી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર,
૨.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,
૩.	પ્રિન્સિ. કે. એલ. દેસાઈ	ગેરહાજર,
૪.	પ્રિન્સિ. એસ. વી. સી. આઈયા	ગેરહાજર,
૫.	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર,

૧. તા. ૨૮-૧૨-૫૭ના રોજ મળેલી ૧૪મી બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૮-૧૨-૫૭ના રોજ મળેલી ૫૦દરમી બેઠકની નોંધને બહાલી આપી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચેની કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલ ફેરફારો.

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૨. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૩. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૪. ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૫. એમ. ટી. બી. કૉલેજ, સુરત
૬. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૭. એમ. એન. કૉલેજ, વિસનગર.
૮. લખધીરજી એન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.
૯. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર.

૧૦. સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૧૧. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.
૧૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.
૧૩. નૂતન કેળવણી મંડળ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડ.
૧૪. પી. ડી. માલવીઆ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.
૧૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ.
૧૬. સામળદાસ કૉલેજ, ભાવનગર.
૧૭. એલ. ડી. એન્જિનીયરીંગ કૉલેજ, અમદાવાદ.
૧૮. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.
૧૯. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૨૦. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત.
૨૧. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.
૨૨. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.
૨૩. વી. એસ. જનરલ હૉસ્પીટલ, અમદાવાદ.
૨૪. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિઆબાડા.
૨૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામની સામે જણાવેલ શિક્ષકોની નિમણૂંકોને મંજૂર કરવી.

કૉલેજનું નામ	સ્ટાફનું નામ
એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ.	૧. શ્રી. પી. જે. શાહ (પ્રો. ઑફ કૉમર્સ)
	૨. શ્રી. એ. જે. મહેતા (લેક્ચરર ઇન કૉમર્સ)
બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	૧. ડૉ. ઇ. એ. સોલોમોન (પ્રો. ઑફ સંસ્કૃત)
પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. વી. જી. ઉપાધ્યાય (પ્રોફેસર ઑફ ગુજરાતી)
	૨. શ્રી. આર. જે. શાહ (પાર્ટ ટાઇમ લેક્ચરર ઇન હોમ સાયન્સ)
	૩. શ્રી. કે. બી. શાહ (પાર્ટ-ટાઇમ લેક્ચરર ઇન ગુજરાતી)
	૪. ડૉ. એલ. એન. શાહ (પાર્ટ-ટાઇમ લેક્ચરર ઇન હોમ સાયન્સ)
	૫. શ્રી. એસ. એમ. કાઝી (લેક્ચરર ઇન ઇંગ્લીશ)
	૬. શ્રીમતી તારાબેન ત્રિવેદી (લેક્ચરર ઇન લોજીક અને ફિલોસોફી)

૭. શ્રી. એમ. એમ. મહેતા (લેક્ચરર ઇન સંસ્કૃત)
૮. શ્રી. શ્યામસુંદર શુકલ (પ્રોફેસર ઑફ હિન્દી)
૯. શ્રી. બી. એમ. નાન્દકર
(લેક્ચરર ઇન ઇંગ્લીશ)
૧૦. શ્રી. કે. વી. ગજેન્દ્રગડકર
(પ્રો. ઑફ ફિલોસોફી)

રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.

૧. શ્રી. વી. પી. ત્રિવેદી
(લેક્ચરર ઇન ઇંગ્લીશ)
૨. શ્રી. બી. એમ. પરીખ, (લેક્ચરર ઇન ઇંગ્લીશ)
૩. શ્રી. સી. બી. પટેલ, (પી.ટી. ઇન્સ્ટ્રક્ટર)
૪. શ્રીમતી ઉષા પી. દેશપાંડે
(નોંધ:- ૧. આ બહેન મનોવિજ્ઞાનના વિષયમાં લેક્ચરર તરીકે નિમણૂંક માટે પાત્રતા ધરાવે છે.
૨. સમાજશાસ્ત્રના વિષયમાં એમની નિમણૂંકને એક વર્ષ માટે સિન્ડિકેટે મંજૂરી આપી છે તે હકીકત કાર્યાલય તરફથી જણાવવામાં આવી તેની નોંધ લેવામાં આવી.)
૫. શ્રીમતી લક્ષ્મી રાવ, (એાન. પ્રો. ઑફ ઇંગ્લીશ)
૬. શ્રી. પી. સી. દવે, (લેક્ચરર ઇન સંસ્કૃત)
૭. શ્રી. બી. એસ. અગ્રવાલ, (લેક્ચરર ઇન હિન્દી)
૮. શ્રી. વાય. આઈ. દીક્ષિત,
(લેક્ચરર ઇન ઇતિહાસ)
૯. શ્રી. સી. આર. નાયક (પ્રો. ઑફ પર્શિયન)

આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર

૧. શ્રી. કે. એસ. શાહ. (પ્રો. ઑફ સર્જરી)
૨. શ્રી. વૈદ્ય આર. બી જોશી
(લેક્ચરર ઇન નિદાન અને કાયાચીકીત્સા)
૩. શ્રીમતી લીલા વી. શાહે
(પ્રોફેસર ઑફ મીડ વાયેનેકોલોજી)
૪. શ્રીમતી હરબાલા એમ. સોલંકી
(લેક્ચરર ઇન ગાયનેકોલોજી)
૫. શ્રી. એમ. સી. મંકોડી
(લેક્ચરર ઇન ઓર્થોપેડીક્સ)

	૬. શ્રી. કે. એન. અક્ષા, (લેકચરર ઇન રેડીયોલોજી)
	૭. શ્રી. વૈદ્ય અંબિકાદત્ત શાસ્ત્રી (પ્રો. ઓફ ફિઝિયોલોજી)
	૮. શ્રી. વૈદ્ય આઇ. ડી. મહેતા (પ્રો. ઓફ દ્રવ્યગુણ અને રસશાસ્ત્ર)
	૯. શ્રી. વૈદ્ય રઘુવીરપ્રસાદ ત્રિવેદી (પ્રોફેસર ઓફ ફિઝીયોલોજી)
	૧૦. શ્રી. વૈદ્ય શિવચરણ જ્ઞાની (લેકચરર ઇન નિદાન અને કાયાચીકિત્સા)
	૧૧. શ્રી. વૈદ્ય શ્રીકાન્ત શર્મા (લેકચરર ઇન શલ્યશાલક્ય)
	૧૨. શ્રી. એલ. પી. અંગારા (લેકચરર ઇન દ્રવ્યગુણ અને રસશાસ્ત્ર)
એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ, અમદાવાદ.	૧. શ્રી. ટી. એ. દેસાઇ-(પ્રિન્સિપલ)
	૨. શ્રી. બી. ડી. ચૌધરી, (પ્રો. ઓફ ઇલે. એન્જિનીયરીંગ)
	૩. શ્રી. એચ. એસ. જૈન (એસી. પ્રો. ઓફ ઇલે. એન્જિનીયરીંગ)
	૪. શ્રી. એમ. એમ. પટેલ (પ્રો. ઓફ મિકે. એન્જિ.)
	૫. શ્રી. કે. એસ. શંકર (પ્રો. ઓફ સિવિલ એન્જિ.)
સાર્વજનિક લૉ કૉલેજ, સુરત	૧. શ્રી. ડી. સી. ઘીવાલા-લેકચરર
	૨. શ્રી. વી. ટી. પરીખ-લેકચરર
જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.	૧. શ્રી. એસ. ટી. જેસલપુરી-લેકચરર ઇન ગુજરાતી
	૨. શ્રી. આર. એન. પંડ્યા-(પ્રો. ઓફ ગુજરાતી)
	૩. શ્રી. એ. કે. જાગીરદાર-પ્રો. ઓફ ઇંગ્લીશ
	૪. શ્રી. જે. જી. ચાટવાલા-લેકચરર ઇન હિસ્ટ્રી
	૫. શ્રી. એસ. જે. દેસાઇ-લેકચરર ઇન કેમિસ્ટ્રી
	૬. શ્રી. કે. સી. દેસાઇ-લેકચરર ઇન કેમિસ્ટ્રી
એમ. ટી. બી. કૉલેજ, સુરત	૧. શ્રી. એમ. યુ. ત્રિવેદી-લેકચરર ઇન મેથેમેટિક્સ
	૨. શ્રીમતી જયના જે. કલાર્ક-લેકચરર ઇન ઇંગ્લીશ

ગુજરાત કૉલેજ, અમદાવાદ	૧. ડૉ. વાય. જી. નાયક–(પ્રોફેસર ઑફ ફિઝીક્સ) ૨. શ્રી. આર. બી. શ્રીવાસ્તવ–(લેક્ચરર ઇન ઇતિહાસ) ૩. શ્રી. આર. વી. પંડ્યા–લેક્ચરર ઇન લૉજીક
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	૧. ડૉ. એમ. જી. અમીન–લેક્ચરર ઇન ફિઝિયોલોજી ૨. ડૉ. બી. એસ. જાવડેકર–લેક્ચરર ઇન એનેટોમી ૩. ડૉ. એચ. જે. મહેતા–લેક્ચરર ઇન એમ્બ્રીયોલોજી ૪. ડૉ. પી. કે. ક્ષત્રિય–આસી. રેડિયોલોજીસ્ટ ૫. ડૉ. પી. ડી. પરાંજપે–પ્રો. ઑફ પ્રીવેન્ટીવ મેડિસિન
લખધીરજી એન્જિનયરીંગ કૉલેજ, મોરબી	૧. શ્રી. ભૂપેન્દ્ર સી. શાહ–લેક્ચરર ઇન ઇલે. એન્જિ. ૨. શ્રી. બી. સી. શાહ–લેક્ચરર ઇન એપ્લાઇડ મિકેનિકસ
સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રીમતી એચ. એ. કાદરી–લેક્ચરર ઇન પર્શિયન ૨. શ્રી. એ. કે. દવે–લેક્ચરર ઇન ઇકોનોમીક્સ ૩. શ્રી. વાય. પી. છાયા–લેક્ચરર ઇન ઇંગ્લીશ
શેઠ વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદ.	૧. શ્રી. એસ. કે. શાહ–લેક્ચરર ઇન એનેસ્થેશીયા
એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. એસ. વી. જોગ–લેક્ચરર ઇન ઇંગ્લીશ ૨. શ્રી. જી. એમ. પાટીલ–લેક્ચરર ઇન સંસ્કૃત
પી. ડી. માલવીઆ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.	૧. શ્રી. આર. કે. યાજ્ઞિક–પ્રો. ઑફ ઇંગ્લીશ ૨. શ્રી. જે. એચ. અધ્વર્યુ–પ્રો. ઑફ ઇકોનોમિક્સ ૩. શ્રી. સી. એન. હાકાણી–લેક્ચરર ઇન કૉમર્સ ૪. શ્રી. જે. જી. ટહુ–પ્રો. ઑફ એકાઉન્ટન્સી ૫. શ્રી. જે. પી. ગુર્તુ–લેક્ચરર ઇન ઇંગ્લીશ ૬. શ્રી. પી. જી. ઓઝા–લેક્ચરર ઇન મરકેનટાઇલ લો ૭. શ્રી. સી. જી. શરદ–લેક્ચરર ઇન કૉમર્સ ૮. શ્રી. આર. જી. દેસાઈ–પી.ટી. ઇન્સ્ટ્રકટર

દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા.	૧. શ્રી. એન. પી. વ્યાસ–પ્રો. ઑફ ઇકોનોમિક્સ ૨. શ્રી. એન. એચ. શાહ–લેક્ચરર ઇન ઇકોનોમિક્સ
એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત.	૧. શ્રી. બી. જી. વૈદ્ય–પ્રિન્સિપલ અને પ્રો. ઑફ દ્રવ્યગુણ રસ શાસ્ત્ર. ૨. શ્રી. એન. એમ. શુક્લ–લેક્ચરર ઇન સંસ્કૃત ૩. શ્રી. એમ. જી. પટેલ–લેક્ચરર ઇન મટીરીયા–મેડિકા ૪. શ્રી. ડી. એ. ભટ્ટ–લેક્ચરર ઇન જ્યુરીસપ્રુડન્સ ૫. શ્રી. કે. જે. મહેતા–પ્રો. ઑફ પેથોલોજી
કે. પી. કૉલેજ ઑફ કોમર્સ, સુરત.	૧. શ્રી. એમ. જી. રાસ્તા–લેક્ચરર ઇન કોમર્સ ૨. શ્રી. એમ. એન. રાવલ–લેક્ચરર ઇન કોમર્સ
બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રીમતી લક્ષ્મીરાવ–પ્રો. ઑફ ઇંગ્લીશ ૨. શ્રીમતી જી. આર. નીઝામી–લેક્ચરર ઇન ઇંગ્લીશ ૩. શ્રી. ડી. એલ. મુનીમ–પ્રો. ઑફ સંસ્કૃત ૪. શ્રી. એસ. આર. શાહ–લેક્ચરર ઇન ફિઝિક્સ ૫. શ્રી. એચ. એમ. દવે–લેક્ચરર ઇન બાયોલોજી ૬. શ્રીમતી એમ. એ. જાની–લેક્ચરર ઇન લોજીક
પેટલાદ કૉલેજ, પેટલાદ	૧. શ્રી. એમ. આર. મઝમુદાર–પ્રો. ઑફ ગુજરાતી ૨. શ્રી. એ. કે. બેનરજી–પ્રો. ઑફ ઇંગ્લીશ ૩. શ્રી. એન. એ. શાહ–લેક્ચરર ઇન કેમિસ્ટ્રી ૪. શ્રી. પી. એમ. મોદી–પ્રો. ઑફ સંસ્કૃત
શ્રેયસ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એ. એ. રાવળ–લેક્ચરર ઇન કેમિસ્ટ્રી ૨. શ્રી. બી. આર. દૂધારા–લેક્ચરર ઇન ઇકોનોમિક્સ ૩. શ્રી. કે. બી. વારશાને–લેક્ચરર ઇન હિન્દી ૪. શ્રી. પી. સેનગુપ્તા–લેક્ચરર ઇન ફિઝિક્સ ૫. શ્રી. એસ. એન. કાઝી–લેક્ચરર ઇન ઇતિહાસ

બ. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે જણાવેણી કૉલેજોના નામ સામે જણાવેલ સભ્યોની નિમણૂંક મંજૂર કરવી નહીં.

પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રીમતી પી. વી. ભટ્ટ–(પ્રો. ઑફ હોમ સાયન્સ)

સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.	૧. શ્રી. એન. કે. દેસાઈ-(લેક્ચરર)
એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	૧. શ્રી. જે. કે. શાહ (લેક્ચરર ઇન ઇકોનોમિક્સ)
આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર.	૧. શ્રી. બી. એસ. સુખડીયા (પી. ટી. ઇન્સ્ટ્રક્ટર)
સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રીમતી એચ. આર. પંડિત (પ્રો. ઑફ સાયકોલોજી)

ક. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકો પૈકી જે કેસોમાં જોડાણની શરત તરીકે લેક્ચરરને બદલે આસિસ્ટન્ટ લેક્ચરર તરીકે નિમણૂંક કરી છે તેને બદલે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર લેક્ચરરની નિમણૂંક કરવી આવશ્યક છે તેમ તે લાગતીવળગતી કૉલેજોને જણાવવું.

કૉલેજનું નામ:	શિક્ષકનું નામ:
ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એસ. વી. દ્રાવીડ ૨. શ્રી. એસ. જી. ભારતી ૩. શ્રી. જી. એસ. મેવાડા ૪. શ્રી. એન. જી. રાજપુરા ૫. શ્રી. વી. પી. ઓઝા
એમ. એન. કૉલેજ, વિસનગર	૧. શ્રી. એચ. પી. ગાંધી ૨. શ્રી. કૃષ્ણકાન્ત ભુચ ૩. શ્રી, પી. કે. દેશમુખ ૪. શ્રી. એન. એમ. કંસારા
સામળદાસ કૉલેજ, ભાવનગર	૧. શ્રી. એન. એમ. દલાલ
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	૧. શ્રી. એમ. ટી. પાઠક

ડ. નીચે જણાવેલ કૉલેજની સામે જણાવેલ શિક્ષકોને માટે તેમના હોદ્દાની રૂએ યુનિવર્સિટી ધારાધોરણ પ્રમાણે એટલે કે પ્રોફેસરને રૂા. ૩૦૦-૧૫-૪૫૦ અને લેક્ચરરને રૂા ૨૦૦-૧૦-૩૦૦નું પગારધોરણ અપનાવવા લાગતીવળગતી કૉલેજોને જણાવવા સિન્ડિકેટને ભલામણ કરવા.

આર. આર. લાલન કૉલેજ, ભૂજ	શ્રી. આર. બી. પાટનકર (પ્રો. ઑફ ઇંગ્લીશ.)
આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	શ્રી. કે. એલ. ખાન્ડેલકર (લેક્ચરર ઑફ હિસ્ટરી)

ઈ. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જે શિક્ષકોની નિમણૂંકો પાર્ટ-ટાઇમ તરીકે કરવામાં આવી છે. તેઓ બીજે કયાં કામ કરે છે તથા જે જે કૉલેજોમાં કરતા હોય ત્યાં પ્રત્યેક કૉલેજમાં કુલ કેટલા પિરિયડ અને ટ્યુટોરીઅલનું કામ સોંપવામાં આવ્યું છે તેની વધુ વિગતો મંગાવી ફરીથી આ સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવી.

એફ. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે લેક્ચરર ઇન કોમર્સ માટે માસ્ટર્સ ડીગ્રીમાં બીજી શ્રેણી મેળવવી આવશ્યક હોવી જોઇએ તેવો સુધારો વિચારવા એકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

જી. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરના શિક્ષકોને મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે કે નહિ તે માટે પૂછાવવું તથા તેમનો બેઝિક પગાર કેટલો અને મોંઘવારી ભથ્થું કેટલું તેની વિગતો જુદી જુદી દર્શાવવા જણાવવું.

એચ. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ૧. જે. એન્ડ જે. કૉલેજના શ્રી. જે. જી. ચપટવાલાને ઇતિહાસ અથવા અર્થશાસ્ત્ર ગમે તે એક વિષય માટે લેક્ચરર તરીકે માન્ય કરી શકાય તેમ મજકૂર કૉલેજને જણાવવું.

૨. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતના શ્રી. પી. સી. શાહને રેડીઓલોજીનો અનુભવ અથવા તો જરૂરી લાયકાત છે કે કેમ તે નક્કી કરવા માટે જરૂરી વીગતો પૂછાવવી.

૩. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. જે. વી. દેસાઇની નિમણૂંક ફક્ત ટ્યુટોરીઅલ કામ માટે જ માન્ય ગણી શકાય એમ જણાવવું.

૪. શ્રેયસ કૉલેજના શ્રીમતી રેની જીનવાલા જેઓ પાર્ટટાઇમ છે તેમને વધુમાં વધુ આઠ પિરિયડથી વધારે કામ આપી શકાય નહિ તેમ જણાવીને મજકૂર કૉલેજને જરૂરી પગલાં લઇને રિપોર્ટ કરવા જણાવવું.

ત્યારપછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

૮-૮-૫૮

પરિશિષ્ટ "અ"
કામકાજ નં. ૨૩

ગુજરાત યુનિવર્સિટી

સિન્ડિકેટે નીમેલી વરણી સમિતીની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરૂવાર તા. ૨૧-૮-૫૮ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇએ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેકટર ઓફ એજ્યૂકેશન, મુંબઈ રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર
૪.	,, એસ. એમ. શાહ	હાજર
૫.	,, બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬.	,, એ. એમ. નાયક	હાજર
૭.	,, ઝીણાભાઇ ૨. દેસાઇ	હાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૯.	શ્રી. એન. એસ. શોધન	ગેરહાજર
૧૦.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમભાઇ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૫.	પ્રિ. એલ. આર. દેસાઇ	હાજર
૧૬.	,, એસ. વી. દેસાઇ	હાજર
૧૭.	,, ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૮.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર
૧૯.	શ્રી, ડી. એન. પાઠક	હાજર (લેકચરર ઇન પોલિટિકસની નિમણૂંક માટે)
૨૦.	,, ડી. જી. વશી	હાજર (લેકચરર અને અથવા ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીકસની જગા માટે)

૧. લેકચરર ઇન પોલિટિકલ સાયન્સની એક જગા માટે નીચે પ્રમાણે ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. યુ. એન. શુકલ, ૨. શ્રી. કે. સી. બંસાલ,
૩. ,, એ. જે. પીલાઈ, ૪. ,, આર. બી. જૈન
૫. ,, જી. એચ. મહાજન, ૬. ,, એમ. એન. ગુલાંટી.

આ ઉમેદવારો પૈકી એક જ ઉમેદવાર શ્રી. કે. સી. બંસાલ હાજર રહ્યા હતા. તેમની મુલાકાત લઈને સમિતિએ નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવ્યું :

આ સમિતિ લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સની નિમણૂંક માટે કોઈ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી અને તેથી આ જગા પૂરવા માટે ફરીથી જાહેર ખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા માટે સિન્ડિકેટને સૂચવે છે.

(**નોંધ:**– આ બાબતની ફરીથી વિચારણા કરવામાં આવે ત્યારે શ્રી. કે. સી. બંસાલને લક્ષમાં રાખવા, પણ ફરીથી મુલાકાત માટે બોલાવવા નહી તેમ નોંધ લીધી હતી.)

૨. લેક્ચરર અને/અથવા ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સની એક જગા માટે નીચે પ્રમાણે ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. સી. જયસ્વાલ, ૨. શ્રી. પી. એસ. રાવ,
૩. ,, એમ. પી. શાસ્ત્રી, ૩. ,, એ. જે. પટેલ,
૫. ,, બી. એન. નગરશંકર.

આ ઉમેદવારો પૈકી શ્રી. એમ. સી. જયસ્વાલ અને શ્રી. એ. જી. પટેલ એ બે જ ઉમેદવારો હાજર હતા. યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં હાલ ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. આર. સી. પરીખ, કે જેઓને તા. ૨૩-૭-૫૮ ના રોજ મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા, તેમને સમિતિના કેટલાક સભ્યોની વિનંતીથી ફરીથી મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા એમ તેમની સાથે આ ત્રણે ઉમેદવારોનાં વિષે ચર્ચા કરી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

૧. શ્રી. એમ. સી. જયસ્વાલની નિમણૂંક યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં શરૂઆતના માસિક મૂળ પગાર રૂા. ૨૫૦ થી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સની જગા માટે ફરીથી જાહેર ખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

ક. ચં. પરીખ
રજિસ્ટ્રાર

તા. ૨૩-૮-૧૯૫૮.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૨૪

ગુજરાત યુનિવર્સિટી

સને ૧૯૫૮ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો પરીક્ષકો તથા સુપરવાઈઝરો તેમજ સ્ટાફના સભ્યોએ કરેલી ભૂલો વગેરે તપાસી જઈ તે અંગે સિન્ડિકેટને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી પરીક્ષા શુદ્ધિ સમિતિની એક સભા તા. ૨૨-૮-૧૯૫૮ને શુક્રવારે સાંજના ૫-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સંભાળ્યું હતું. તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર,
૩.	શ્રી. નાનુભાઈ ર. દેસાઈ	હાજર,
૪.	શ્રી. લાલભાઈ ર. દેસાઈ,	હાજર,
૫.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર.

સભાના કામકાજ અંગેની બાબતો પર જરૂરી ચર્ચા-વિચારણા કરી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

૧. ઇન્ટર આર્ટ્સની વિદ્યાર્થિની નં. ૧૭૯૩ તરફથી આવેલા ખુલાસાનો વિચાર કર્યા બાદ કમિટીને લાગે છે કે, વિદ્યાર્થિનીએ ગેરરીતિ અજમાવવાનો પ્રયત્ન કર્યો છે. માટે તે સંબંધમાં તહોમતનો કાગળ લખી તે બાબતમાં એ બહેનને જે કાંઈ કહેવાનું હોય તો તે લખી જણાવવા તેમને તક આપવી અને આ બાબત આ સમિતિની હવે પછીની સભામાં રજૂ કરવી.

૨. ઇન્ટર કૉમર્સના વિદ્યાર્થી નં. ૨૩૨ને તા. ૧૩-૮-૧૯૫૮ના લખેલા પત્રના તેના તરફથી આવેલા જવાબની નોંધ લેવામાં આવી.

(**નોંધ :-** શ્રી. ખારોડને હાલ કાર્યાલયના કામકાજથી દૂર રાખવામાં આવ્યા છે તેની ખબર સમિતિને આપવામાં આવી.)

૩. ત્યારબાદ શ્રી. એસ. એમ. શાહ તરફથી આવેલો એક પત્ર, જેમાં તેઓને આ સમિતિએ અગાઉની સમિતિ કરતાં ઉદાર વલણ દાખવ્યું છે એમ સૂચવી શ્રી. જે. એન. ધારપના અને એવા કેસોની ફરી વિચારણા કરવા સૂચવ્યું હતું. તે પત્ર સમિતિ સમક્ષ શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબ તરફથી રજૂ કરવામાં આવ્યો હતો. તે પર વિચારણા કરી ઠરાવ્યું કે, સમિતિએ લીધેલા નિર્ણયમાં ફેરફાર કરવાની જરૂર લાગતી નથી.

૪. પહેલી એલએલ. બી. વિદ્યાર્થી નં. ૧૦૦ના વેરિફીકેશન દરમ્યાન પરીક્ષક શ્રી. એ. બી. પટવાની માલમ પડેલી ભૂલ બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપી લેવા.

૫. આ પછી શ્રી. વાઇસ–ચાન્સેલર સાહેબ તરફથી ઇન્ટર સાયન્સની માર્ચ ૧૯૫૮ની પરીક્ષામાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથેમેટિક્સના પ્રશ્નપત્રોના કેટલાક પ્રશ્નો ફૂટી જવા અંગે તેમને જે માહિતી મળી હતી તે અને તેમની તપાસમાં તેમને જે માલુમ પડયું હતું તેની સમિતિના સભ્યોને સવિસ્તર વિગતો આપી હતી અને તે બાબતમાં હવે આગળ શું પગલાં લેવાં તેની વિચારણા હવે પછીની સભામાં કરવાનું ઠરાવ્યું.

ત્યારબાદ સભા મુલતવી રહી હતી.

નં. એકઝામ–એ. ૮૭૩૫૪–૪૮ –૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. ૨૬–૮–૫૮.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૨૫

ગુજરાત યુનિવર્સિટી

સ્કૉલરશીપ, રિસર્ચ સ્કૉલરશીપ અને ફેલોશીપ વિ. બાબત પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની પાંચમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર તા. ૧૨-૮-૫૮ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

૧.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	હાજર
૨.	પ્રિન્સિ. વાય. જી. નાયક	હાજર
૩.	શ્રી. ઉમાશંકર જોશી	હાજર

બેઠકનું પ્રમુખસ્થાન પ્રિન્સિ. એસ. વી. દેસાઇએ લીધું હતું.

૧. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી આપવામાં આવનારી અનુસ્નાતક અને સંશોધન અંગેની શિષ્યવૃત્તિઓ માટે આવેલી અરજીઓ પર વિચારણા કરી યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને નામોની ભલામણ કરવા બાબત.

આથી આ સમિતિ ાસન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી અપાતી પોસ્ટ-ગ્રેજ્યુએટ અને રિસર્ચ સ્કૉલરશીપ માટે આવેલ અરજીઓમાંથી નીચે મુજબની ક્રમવાર સ્કૉલરશીપો આપવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને ભલામણ કરવી.

૧.	મીસ. કે. ટી. ઝવેરી એમ. ટી. બી. કૉલેજ, સુરત.	એમ.એ. મેથેમેટિક્સ ગ્રુપ્સ "એ"
૨.	શ્રી. શાહ સી. આર. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	એમ.એ. હિસ્ટ્રી ગ્રુપ્સ "એ" અને "બી"
૩.	શ્રી. જોશી એમ. વી. શામળદાસ કૉલેજ, ભાનવગર	એમ.એ. સંસ્કૃત, ગુજરાતી
૪.	શ્રી. પરીખ એન. એમ. યુનિવર્સિટી સ્કુલ ઓફ સાયકૉલોજી અમદાવાદ ૯.	એમ.એ. એન્ટાયર સાયકૉલોજી

૨. સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે માસિક રૂા. ૧૦૦ની એક એવી દસ પીએચ.ડી.ની પદવી માટેના વિદ્યાર્થીઓ માટેની સંશોધન શિષ્યવૃત્તિ કોને આપવી તે નક્કી કરવા બાબત.

પીએચ.ડી.ની પદવી માટેના વિદ્યાર્થી માટેની સંશોધન શિષ્યવૃત્તિની આવેલ અરજીઓમાંથી નીચેના વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ વિષય પરત્વે શિષ્યવૃત્તિ આ વર્ષે ચાલુ રાખવી એમ સિન્ડિકેટને આ સમિતિ ભલામણ કરે છે.

	નામ	વિષય
૧.	શ્રી. ભૃગુરાય દુર્લભજી અંજારીયા, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, અમદાવાદ ૯.	ગુજરાતી કાન્ત
૨.	કુમારી હંસા ત્રિકમલાલ દલાલ ભો. જે. અધ્યયન અને સંશોધન ભવન, અમદાવાદ.	"સંસ્કૃત" હેમચંદ્રાચાર્યના સંસ્કૃત દ્વ્યાશ્રમ કાવ્યનો અભ્યાસ

વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે શ્રી. રજનીકાન્ત કીર્તીકર ગેન્ગેની અરજી નામંજૂર કરવી. જ્યારે નીચેના વિદ્યાર્થીઓની અરજીઓની વિચારણા મુલતવી રાખવી અને આ સંબંધી વધુ અરજીઓ ફરીથી મંગાવવી. કુ. સુધા કે. પરીખ માટે એમ નક્કી કરવામાં આવ્યું હતું કે તેમના શિક્ષકનો કામ સંબંધી હેવાલ મંગાવવો.

૧. કુ. સુધા કે. પરીખ
૨. કુરુપ એન. પરમેશ્વર
૩. કુ. પૂર્ણીમા લાલાજીભાઇ દેસાઈ
૪. શ્રી હકારભાઇ ખંડુભાઈ મહેતા.

ત્યારબાદ બેઠકનું કામકાજ પુરૂં થયું હતું.

જન. નં. ૮૪૭૫૮-૬૦-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઓફીસ,
અમદાવાદ ૯.
તા. ૨૨-૮-૧૯૫૮

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૨૯

ગુજરાત યુનિવર્સિટી

સ્ટેન્ડીંગ કમિટી ઓન ઈક્વીવેલેન્સ ઓફ એકઝામીનેશન્સની (પરીક્ષાઓ સમકક્ષા) સમિતિની એક સભા તા. ૨૨-૭-૧૯૫૮ને મંગળવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે ઉપકુલપતિશ્રી મગનભાઈ દેસાઈના પ્રમુખપદે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	પ્રિન્સિ. કે. એલ. દેસાઈ	હાજર
૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૪.	પ્રિન્સિ ટી. એ. દેસાઈ	હાજર
૫.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર
૬.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર
૭.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	ગેરહાજર
૮.	શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર

૧. તા. ૨૭-૧૨-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૭-૧૨-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને અને તેના પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. આન્ધ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૭-૧-૧૯૫૮ના પત્રાંક નંબર સીસી ૨-૭૭૪૮-૫૭માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પરીક્ષા માન્ય કરી છે તે અરસપરસના ધોરણે માન્ય કરવા બાબત.

Opinion of the Principal, Pharmacy College, Ahmedabad is as under :

" I consider that this B.Pharm. examination can be recommended as equivalent to our B.Pharm. Examination. "

આથી આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, આંધ્ર યુનિવર્સિટીની બી.ફાર્મ. ડીગ્રી આ યુનિવર્સિટીની બી.ફાર્મ. ડીગ્રી તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવી.

૩. પંજાબ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૯-૧૧-૫૭ના પત્રાંક નંબર મીસ-૭૭૯૭માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આપણી બી.ફાર્મ. પરીક્ષા માન્ય કરી છે તો તે અરસપરસના ધોરણે માન્ય કરવા બાબત.

Opinion of the Principal, Pharmacy College, Ahmedabad is as under :-

"I have to inform you that the B. Pharm. Degree examination of the Punjab University can be recommended as equivalent to B. Pharm. Degree examination of the Gujarat University."

આથી આ કમિટી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પંજાબ યુનિવર્સિટીની બી. ફાર્મ. ડીગ્રી આ યુનિવર્સિટીની બી. ફાર્મ. ડીગ્રી તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવી.

વધુમાં એમ ઠરાવવામાં આવ્યું કે, ભવિષ્યમાં લાગતીવળગતી યુનિવર્સિટીની પાસેથી વચગાળાની પરીક્ષાઓના અભ્યાસક્રમની પણ સંપૂર્ણ વિગતો મેળવવી.

૪. મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૮-૫-૧૯૫૮ના પત્રાંક ૧૬૨૩૧માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ નીચે દર્શાવેલી આપણી યુનિવર્સિટીની પરીક્ષાની માન્યતા જૂન ૧૯૫૬ સુધી લંબાવી છે તો તેમની એટલી જ પરીક્ષાઓ એટલી મુદત માટે અરસપરસના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એફ.ઈ., એસ.ઈ. બી.ઈ., લૉ પ્રિલિમિનરી, ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., બી.ઇડી. ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ એમ.બી.બી.એસ., થર્ડ એમ.બી.બી.એસ. ફર્સ્ટ ઇયર એકઝામીનેશન જો વિદ્યાર્થી મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટયૂટ ૨૦૪-એમ. મુજબ પ્રથમ વર્ષમાં દાખલ થવા લાયકાત ધરાવતો હોય તોજ.

આથી આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, મુંબઈ યુનિવર્સિટીની નીચે દર્શાવેલી પરીક્ષાઓ અરસપરસના ધોરણે જૂન, ૧૯૫૯, સુધી માન્ય કરવી :

ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી. કૉમ., એમ.એ., એમ.એસસી., એમ. કૉમ., એફ.ઈ., એસ. ઈ., બી.ઈ., લૉ-પ્રિલિમિનરી., ફર્સ્ટ એલ.એલ.બી., સેકન્ડ એલ.એલ.બી., બી.ઇડી., ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ એમ.બી.બી.એસ., થર્ડ એમ.બી.બી.એસ ફર્સ્ટ ઇયર એકઝામીનેશન્સ.

૫. ગુજરાત વિદ્યાપીઠની સ્નાતક સમાજ સેવા વિશારદ પરીક્ષા ૧૯૪૨ના ઓગસ્ટ સુધીમાં પાસ કરી હોય તો તે આપણી યુનિવર્સિટીની બી.એ. તુલ્ય માન્ય કરી છે. સદરહુ પરીક્ષા ઉપરોક્ત સમય પછી પાસ કરી હોય તેને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, ગુજરાત વિદ્યાપીઠની સ્નાતક પદવી-સમાજ વિદ્યા વિશારદની પરીક્ષા ૧૯૪૭ના ઑગસ્ટ પછી પાસ કરી હોય તેને આ યુનિવર્સિટીની બી.એ. તુલ્ય માન્ય કરવી.

૬. રાજપુતાના યુનિવર્સિટીની બી. કોમ. પરીક્ષા પાસ કરી પ્રથમ એલ.એલ.બી.માં દાખલ થવા માટે શ્રી. ધ્રુવ કીર્તિકાન્તને શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ અનુસાર પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે તેને બહાલી આપવા બાબત.

મુંબઈ યુનિવર્સિટીએ તમામ સ્ટેટયુટરી યુનિવર્સિટીઝની બી.કોમ. પરીક્ષા ફર્સ્ટ એલ.એલ.બી.માં દાખલ થવા માટે માન્ય કરી છે તે મુજબ સામાન્ય નિયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ધ્રુવ કીર્તિકાન્તને ફર્સ્ટ એલ.એલ.બી.માં દાખલ થવા માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે તેને મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ઉપરાંત ઠરાવવામાં આવ્યું કે, જે જે યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા આપણે માન્ય કરી હોય તે તે યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષાને ફર્સ્ટ એલ.એલ.બી.માં દાખલ થવા માટે પણ માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ યુનિવર્સિટીઓ આપણી બી.કોમ. પરીક્ષા એલ.એલ.બીમાં દાખલ થવા માટે અરસ-પરસના ધોરણે માન્ય કરે તે માટે પણ લખવું.

૭. આન્ધ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૧૮-૬-૫૮ના પત્રાંક સીસી ૨-૩૮૧૦-૫૮માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આપણે વિનંતી કર્યા મુજબ આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરી છે.

આ સમિતિ ઉપરોક્ત પત્રની નોંધ લે છે.

૮. રે. ૬ મુજબ રાજપુતાના યુનિવર્સિટીની હાઇસ્કૂલ (મેટ્રીકયુલેશન) એકઝામીનેશન ને ઇંગ્લીશ, એડીશનલ લેન્ગ્વેજ, મેથેમેટિકસ, ઇતિહાસ અગર ભૂગોળ અને બીજો એક વિષય અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો મેટ્રીકયુલેશન તુલ્ય માન્ય કરી છે. રે. ૭ મુજબ ઇન્ટર આર્ટસ, ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કોમર્સ જો દરેક વિષયમાં ૪૦ ટકા સાથે પાસ કરી હોય તો તે આપણી સમકક્ષાની પરીક્ષા તુલ્ય ગણી છે.

ઉપરોક્ત પરીક્ષાઓ હવે બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન લેતું હોવાથી તે પરીક્ષાઓની માન્યતા ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

૧. શ્રી. એચ. બી. શાહને પ્રથમ વર્ષમાં દાખલ થવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ અનુસાર પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે તેને બહાલી આપવા બાબત શ્રી. શાહે બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાનની હાઇસ્કૂલ પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પાસ કરી છે.

રાજપુતાના યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓને આપણે માન્ય કરેલી છે. આ પરીક્ષાઓ હવેથી બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન રાજસ્થાને લેવાનું કર્યું હોવાથી તેની તે પરીક્ષાઓને તે જ શરતોએ માન્ય રાખવાનું ચાલુ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(નોંધ : આ પરીક્ષાઓ અને તેની માન્યતાની શરતો નીચે મુજબ છે :

ઇંગ્લીશ, એડીશનલ લેન્ગ્વેજ ઇતિહાસ અગર ભૂગોળ, મેથેમેટિક્સ અને બીજો એક વિષય અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો,

૨. ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સ;

૩. ઇન્ટર કોમર્સ જો દરેક વિષયમાં ૪૦ ટકા માર્કસ મેળવી પાસ કરી હોય તો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ત્રણ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ જ્યારે દાખલ કરવામાં આવશે ત્યારે આ બોર્ડની ઇન્ટરની પરીક્ષાનું શું ભાવી વિચારાયું છે તે બોર્ડને પૂછાવવું.

શ્રી. એચ. બી. શાહને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૯. બોર્ડ ઓફ હાઇસ્કૂલ અને ઇન્ટરમિડિએટ એજ્યુકેશન, નાગપુરની હાઇસ્કૂલ પરીક્ષા જો દરેક વિષયમાં ૩૫ ટકા ગુણ મેળવીને અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો તેને રે. ૭ મુજબ મેટ્રીકયુલેશન તુલ્ય ગણી છે. રાજ્ય પુનર્રચનાને કારણે આ બોર્ડના બે વિભાગો પડયા :

૧. મહાકોશલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, જબલપુર.

અને

૨. વિદર્ભ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, નાગપુર.

ઉપરના સંજોગોમાં ઉપરોક્ત બંને સંસ્થાઓની હાઇસ્કૂલ પરીક્ષાની માન્યતા ઉપર જણાવેલી શરતોએ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

કુ. નંદિની અને અંજની પરાજપેએ વિદર્ભ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની સેકન્ડરી સ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા માર્ચ ૧૯૫૮ માં પાસ કરી છે. અગાઉ જણાવેલી રાજ્ય-પુનર્રચનાની હકીકત તથા નાગપુર બોર્ડની હાઇસ્કૂલ પરીક્ષાની માન્યતા લક્ષમાં લઈ શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ અનુસાર ઉપર જણાવેલ બંને વિદ્યાર્થીનીઓને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યા છે તેને બહાલી આપવા બાબત.

આથી સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે :-

૧. મહાકોશલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, જબલપુર.

અને

૨. વિદર્ભ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, નાગપુરની હાઇસ્કૂલ પરીક્ષા જો દરેક વિષયમાં ૩૫ ટકા ગુણ સાથે અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો એ વર્ષ માટે પ્રથમ વર્ષમાં દાખલ થવા માટે એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવી.

વધુમાં ફરાવવામાં આવ્યું કે, ઉપરોક્ત બન્ને બોર્ડોને અભ્યાસક્રમ વગેરે કેટલા વર્ષનો છે તે પૂછાવીને આ બાબત ફરીથી આ સમિતિ સમક્ષ રજૂ કરવી.

વધુમાં ફરાવવામાં આવે છે કે કુ. નંદિની પરાંજપે અને અંજની પરાંજપે ફર્સ્ટ ઈયર પ્રી–યુનિવર્સિટી આર્ટ્સમાં દાખલ થવા માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ આપ્યું છે તે મંજૂર રાખવા ભલામણ કરવી.

૧૦. નીચેના વિદ્યાર્થીઓને શ્રી. વાઈસ–ચાન્સેલર સાહેબના હુકમ અનુસાર પ્રોવીઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યાં છે તેને બહાલી આપવા બાબત.

૧. કુમારી કલ્યાણી. વી. દોશીએ મદ્રાસ યુનિવર્સિટીની પ્રી–યુનિવર્સિટી પરીક્ષા પાસ કરી છે. તેમને ઈન્ટરમાં દાખલ થવા એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે.

૨. શ્રી. વી. સ્વામીનાથને મદ્રાસ યુનિવર્સિટીની પ્રી–યુનિવર્સિટી પરીક્ષા પાસ કરી છે, તેમને પણ ઈન્ટરમાં દાખલ થવા માટે લાયક ગણ્યા છે.

"According to the syllabus of the Madras University a candidate may offer only one paper of 100 marks in Physics, Chemistry and Basic Mathematics, while we have two separate papers in Mathematics one in Physics and one in Chemistry. On the other hand, there will be great deal of hardships to the students if corresponding examinations are not considered equivalent by the different Universities.

૨૫. વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ, મદ્રાસ તરફથી તા. ૧૪ ડિસેમ્બર ૧૯૫૮ થી ૫ જાન્યુઆરી ૧૯૫૯ સુધી "Cooperative and Self Help Techniques in the University Community." વિષય ઉપર ચર્ચા કરવા અંગેની મળનાર પરિષદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબત.

(નોંધ : પ્રતિનિધિઓ પૈકી એક શિક્ષક અને એક વિદ્યાર્થી હોય એ જરૂરી ગણ્યું છે.)
આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીનો કોઈ પ્રતિનિધિ મોકલવો નહીં.

૨૬. ફાઇનાન્સ કમિટીની તા. ૩-૧૦-૫૮ ના રોજ મળનાર સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનેન્સ કમિટીની તા. ૩-૧૦-૧૯૫૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી. (ભલામણોની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૨૭. યુનિવર્સિટી લાયબ્રેરીમાં પુસ્તકોની ખરીદીની વ્યવસ્થા અંગે લાયબ્રેરી કમિટીનો નીચેનો ઠરાવ મંજૂર કરવા બાબત.

ઠરાવ નં. ૩૩૩

"યુનિવર્સિટીની જરૂરીઆતો ધ્યાનમાં લઇને નીચેનાં બુકસેલરો પાસેથી તેમણે આપેલી શરતો તથા દરોએ પુસ્તકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે :-

૧. મેસર્સ ન્યુ ઓર્ડર બુક કંપની, અમદાવાદ
૨. મેસર્સ બુકસેંટર પ્રાઇવેટ લી., મુંબઈ
૩. મેસર્સ ઓક્ષફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઇ
૪. મેસર્સ ઈન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૫. મેસર્સ પોપ્યુલર બુક સ્ટોલ, મુંબઇ
૬. મેસર્સ કોઠારી બુક ડીપો, મુંબઈ (માત્ર મેડિકલ પુસ્તકો માટે)
૭. મેસર્સ એન. એમ. ત્રિપાઠી, મુંબઈ, (માત્ર કાયદાના પુસ્તકો માટે)
૮. મેસર્સ રાજકમલ પબ્લીશીંગ હાઉસ, મુંબઇ (માત્ર હિંદી પુસ્તકો માટે)
૯. મેસર્સ આર. આર. શેઠની કું. મુંબઈ. પાસેથી નીચેનાં પ્રકાશકોનાં ગુજરાતી પ્રકાશનો ખરીદવાં. આર. આર. શેઠ, ગાંડિવ સાહિત્ય મંદિર, સંસ્કાર સાહિત્ય મંદિર, લક્ષ્મી પુસ્તક ભંડાર, નવયુગ પુસ્તક ભંડારના શ્રી. મોહનલાલ ધામીના પુસ્તકો, વોરા એન્ડ કું., પબ્લીશર્સના પ્રકાશનો, ભારતી સાહિત્ય સંઘ, રવાણી પ્રકાશન ગૃહ, રવાણી એન્ડ કું., નવચેતન સાહિત્ય મંદિર, ચેતન પ્રકાશન ગૃહ, નવસર્જન પ્રકાશન અને રૂપમ પ્રકાશન મંદિરના પ્રકાશનો, હરિહર પુસ્તકાલય અને નવયુગ પુસ્તક ભંડારનાં પ્રકાશનો

૧૦. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ પાસેથી નીચેનાં પ્રકાશનો ખરીદવાં :—
પ્રકાશન સાહિત્ય મંદિર એન. એમ. ત્રિપાઠી તથા તેમના સોલ એજન્સીના તથા ગુર્જરનાં પોતાનાં પ્રકાશનો.

૧૧. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ પાસેથી બાકીના તમામ ગુજરાતી પ્રકાશનો તથા સંસ્કૃત, અર્ધમાગધી, પાલી, મરાઠી, વિ. પ્રકાશનો.

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો તેમની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે તે પ્રકાશકો પાસેથી તેમનાં પ્રકાશનો ખરીદવાં."
આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલો લાયબ્રેરી કમિટીનો ઠરાવ નં. ૩૩૩ મંજૂર કરવો.

૨૮. ઇન્ડિયન લો ટિચર્સ એસોસિએશન, કલકત્તા ખાતેના ડિસેમ્બર ૧૯૫૮માં મળનારા બીજા અધિવેશન પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એ ફેકલ્ટીના કોઈ શિક્ષકને મોકલવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન લૉ ટીચર્સ એસોસિએશનના મજકૂર અધિવેશનના પ્રસંગે આ યુનિવર્સિટીનો કોઈ પ્રતિનિધિ મોકલવો નહીં.

૨૯. અલ્હાબાદ ખાતે ૧૨, ૧૩ અને ૧૪ ઓકટોબર ૧૯૫૮ના રોજ મળનારી પહેલી "ઓલ ઇન્ડિયા ફોક કલ્ચર કોન્ફરન્સ" માં પ્રતિનિધિ મોકલવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર 'ઑલ ઇન્ડિયા ફોક-કલ્ચર' કૉન્ફરન્સમાં આ યુનિવર્સિટીનો કોઈ પ્રતિનિધિ મોકલવો નહીં.

૩૦. સમાજવિદ્યાભવનમાં લેક્ચરર તરીકે શ્રી. એ. આર આથવલેને છૂટા કર્યા હોવાથી તેમનું પ્રોવિડન્ટ ફંડ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યાભવનમાં લેક્ચરરના પદ પરથી છૂટા કરવામાં આવેલા શ્રી. એ. આર. આથવલેને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર પ્રોવિડંટ ફંડ ફાળામાં તેમના હિસ્સાની જમા થયેલી રકમ પરત કરવી.

૩૧. સમાજવિદ્યાભવનમાં "ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સ" ની જગા ઉપરથી શ્રી. આર. સી. પરીખે રાજીનામું આપ્યું છે તે બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સની જગા પર કામ કરતા શ્રી. આર. સી. પરીખનું રાજીનામું મંજૂર કરવું તથા તેમને તા. ૧૬-૧૦-૧૯૫૮થી છૂટા કરવા.

૩૨. લાયબ્રેરી સમિતિનો નીચેનો ઠરાવ નં. ૩૩૭ (જાણ માટે):

ઠરાવ નં. ૩૩૭

"યુનિવર્સિટીએ માન્ય કરેલી સંસ્થાઓના રીસર્ચ આસિસ્ટન્ટ તથા સ્ટાફ ઓફિસરોને લાયબ્રેરીના પુસ્તકો ઘેર વાંચવા આપવા. સુધારેલો નિયમ નીચે પ્રમાણે વંચાશેઃ-

૮-ચ : "યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા યુનિવર્સિટીએ માન્ય કરેલી સંસ્થાઓના અધ્યાપકો, રીસર્ચ આસિન્ટન્ટો, સ્ટાફ ઓફિસરો અને લાયબ્રેરીયનો."

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી સમિતિના ઉપર જણાવેલા ઠરાવ નં. ૩૩૭ની નોંધ લેવી.

૩૩. યુનિવર્સિટી લાયબ્રેરીના તા. ૧-૭-૫૭ થી ૩૧-૩-૫૮ સુધીના નવ માસના આવક-ખર્ચ અંગેના હિસાબ અંગે લાયબ્રેરી કમિટીનો નીચેનો ઠરાવ (જાણ માટે.)

ઠરાવ નં. ૩૨૯

"લાયબ્રેરીના તા. ૧-૭-૫૭ થી તા. ૩૧-૩-૫૮ સુધીના નવ માસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી સમિતિના ઉપર જણાવેલા ઠરાવ નં. ૩૨૯ની નોંધ લેવી.

૩૪. ડિપ્લોમા ઇન લેબર વેલ્ફેરના અભ્યારાક્રમના ઑર્ડિનન્સોનો ક્રમાંક ૩૪૮ થી ૩૫૨ અને રેગ્યુલેશનોનો ક્રમાંક ૨૩૧ થી ૨૩૬ તરીકે બદલીને રાખવા માટે આપેલી ઉપકુલપતિશ્રીની પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૫. આર. સી. સી. સ્પેશ્યાલીસ્ટ શ્રી. એમ. બી. શબનીશને કરાર પ્રમાણે રેલ્વેના જુના બીજા વર્ગના ભાડાને બદલે રેલ્વેના વર્ગીકરણમાં થએલ ફેરફાર ધ્યાનમાં લઇને પ્રથમ વર્ગનું ભાડું આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૬. આગામી ઇન્ડિયન ફિલોસોફિકલ કોંગ્રેસના અધિવેશન માટે સિન્ડિકેટે નીમેલી એડ હોક સમિતિના સભ્યપદ ઉપરથી પ્રિ. એમ. એમ. ઠાકોરનું રાજીનામું ઉપકુલપતિશ્રીએ સ્વીકાર્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૭. નીચેના વિદ્યાર્થીઓના એમ. એસસી. ની પદવી માટેના મહાનિબંધો રેફરીઓએ સ્વીકારવા લાયક ગણ્યા હોવાથી તેમને એમ. એસસી. ડીગ્રીની પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે રજીસ્ટ્રારને ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત

૧. શ્રી ઘનશ્યામ અંબાલાલ શાહ – ફિઝિકસ
૨. શ્રી રશ્મિકાંત શાન્તિલાલ પરીખ – કેમિસ્ટ્રી

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૮. યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓ સર્વશ્રી ડી. એન. શુકલ અને એમ. સી. શાહની અરજીઓ, જો તેઓની પ્રસંદગી થાય તો લીવ ઓફ એબ્સન્સ આપવાની શરતે, લાયબ્રેરી એસોસિએશન, લંડનને મોકલી આપવાની પરવાનગી આપવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૧૫-૩-૫૮ની સભામાં શ્રી. વાઇસ-ચાન્સેલરને આપેલી સત્તાની રૂએ તેઓશ્રીએ મેસર્સ પૂના ઓરિએન્ટલ બુક હાઉસ, પૂના સામેના મુકદ્દમાની રૂા. ૧૧૪૦ માં કરેલ પતાવટની આ મુકદ્દમા અંગે રોકેલ વકીલ શ્રી. એસ કે વૈદ્યને તેમની ફી આપવાના કાર્યોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(**નોંધ:** શ્રી. એસ. કે. વૈદ્યને ફી તરીકે રૂા. ૮૦ આપવામાં આવ્યા છે.)

૪૦. ઉત્તર ગુજરાત યુવક મંડળ તરફથી પાટણ ખાતે શરૂ કરાનારી સાયન્સ કોલેજ માટે જોડાણ માગતી આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડો. એ. એમ. ત્રિવેદી; અને
૨. પ્રિન્સિપલ ડો. વાય. જી. નાયક.

૪૧. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૩૦-૮-૫૮, તા. ૬-૯-૫૮ અને તા. ૧૫/૧૬-૯-૧૯૫૮ રોજ મળેલી સભાઓમાં કરેલી ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૩૦. ૮. ૧૯૫૮, તા. ૬. ૯. ૧૯૫૮ અને તા. ૧૫-૧૬. ૯. ૧૯૫૮ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી. (ભલામણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે).

૪૨. મુંબઈ સરકાર, મધ્યસ્થ સરકાર તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી આવતી યોજનાઓ અંગેની સ્થાયી સમિતિ પર પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર તથા પ્રિન્સિપલ ચંદ્રશેખર બાઈયાની ખાલી પડેલી જગ્યાએ બીજા બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિ પર પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર તથા પ્રિન્સિપલ ચન્દ્રશેખર બાઈયાની ખાલી પડેલી જગાએ નીચેના સભ્યોને અનુક્રમે નીમવા:

૧. પ્રિન્સિપલ એમ. એસ. પંડિત; અને
૨. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ.

૪૩. યુનિવર્સિટી પ્રેસના ક્લાર્ક શ્રી. ભટનાગર છૂટા થયા હોઈ તેમના ખાતે જમા થએલ તેમનું પ્રોવિડંટ ફંડ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના ક્લાર્ક શ્રી. એસ. એસ. ભટનાગરને તેમના ખાતે જમા થયેલ પ્રોવિડંટ ફંડના તેમના હિસ્સાની રકમ પરત કરવી.

૪૪. ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ ખાતે આગામી ડિસેમ્બર માસમાં મળનાર ભારતીય તત્વજ્ઞાન પરિષદના તેત્રીસમાં વાર્ષિક અધિવેશન અંગે રાજ્ય સરકારે આપેલ રૂા. ૨,૦૦૦ ની ગ્રાન્ટની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને વિજ્ઞાનના અનુસ્નાતક ભવનો માટે કુલ્લે રૂા. ૨,૧૦,૦૦૦ની મંજૂર કરેલ લાયબ્રેરી ગ્રાન્ટ સામે રૂા. ૩૦,૦૦૦ની રકમ તાત્કાલિક આપ્યા બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૭. સેનેટ હોલમાં ઇલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન કરવા માટે મંગાવેલ ટેન્ડરો તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ હોલમાં વીજળીની વ્યવસ્થા કરવા માટે મંગાવેલા ટેન્ડરો બિલ્ડીંગ કમિટીના અભિપ્રાય માટે મોકલી આપવા તથા બિલ્ડીંગ કમિટીના ઠરાવ પ્રમાણે જરૂરી મંજૂરી આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવામાં આવે છે.

૪૮. ઉપકુલપતિશ્રીએ કરેલી નીચેની નિમણૂકોની નોંધ લેવા બાબત.

૧.	શ્રી. ટી. એ. શુકલ	ટેકનીકલ આસિ.	કાયમી	લાયબ્રેરી
૨.	શ્રી. કે. એ. શાહ	જુ. કલાર્ક	,,	,,
૩.	શ્રી. બી. એમ. તન્ના	,,	,,	,,
૪.	શ્રી. એ. એન. દેસાઈ	કલાર્ક ટાઈપીસ્ટ.	,,	મનોવિજ્ઞાન ભવન.
૫.	શ્રી. કે. બી. દવે	જુ. કલાર્ક	,,	રજિસ્ટ્રાર ઑફિસ.
૬.	એમ. એમ. દેસાઈ	કલાર્ક ટાઈપીસ્ટ	,,	,,
૭.	શ્રી. એમ. એમ. શાહ	લેબોરેટરી આસિ.	,,	મનોવિજ્ઞાન ભવન.
૮.	શ્રી. બી. એલ. જાડાવાલા	પ્રેસ કલાર્ક	,,	યુનિવર્સિટી પ્રેસ.

કામચલાઉ ધોરણે નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી.

૧.	શ્રી. એમ. એ. ત્રિવેદી	રજિસ્ટ્રાર ઑફિસ
૨.	શ્રી. સી. સી. શાહ	,,
૩.	શ્રી. પી. પી. દોશી	,,
૪.	શ્રી. સી. સી. દવે	સમાજવિદ્યાભવન

૩. શ્રી. મકવાણા મગનભાઈ ભીખાભાઇ ,, મનોવિજ્ઞાન ભવન
૪. શ્રી. ચૌહાણ કેસાભાઇ મગનભાઇ ,, રજિસ્ટ્રાર ઓફિસ
૫. શ્રી. પરમાર માઇકલ એડવર્ડ ,, સમાજવિદ્યા ભવન

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીએ કરેલી ઉપર મુજબની નિમણૂંકોની નોંધ લેવી.

(**નોંધ :** જે કર્મચારીઓને 'પટાવાળા-હમાલ' કહેવામાં આવે છે તેમને 'પટાવાળા' જ કહેવા અને તે તરીકે ઓળખવામાં આવે. તે એ સ્પષ્ટ સમજૂતીની સાથે કે, તેમનું કામ ને જવાબદારી પટાવાળા અને હમાલની જે કામગીરી આજે સમન્વય છે, તે બન્ને ભેગી તેમની રહેશે.)

આ પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ થઈ હતી :-

૪૯. જે વિદ્યાર્થીઓની બે સત્રોની એકઠી હાજરી ૧૦૦ દિવસથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓના કેસો સિન્ડિકેટના તા. ૬/૭-૪-૧૯૫૭ના ઠરાવ અનુસાર સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવતા નથી, તો તે મૂકવા બાબત અને તદનુસાર તે ફેરવવા બાબત.

આ પરત્વે ક્રમાણુપૂર્વક ચર્ચા-વિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે, મજકૂર ઠરાવમાં કશો ફેરફાર કરવાની જરૂર નથી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૦૮૪૩૧-૪૮-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૩-૧૦-૫૮

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૭

"Late Shri Popatlal Girdharlal Scholarship" Endowment :-

1.	The name of the Donor	Bai Indumati Popatlal.
2.	The amount of the Donation	Cash of Rs. 10,000/- invested in Govt. of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 13,700/-
3.	Description of the Award	One Scholarship.
4.	Accepted under Syndicate Resolution No. 11 dated 2-8-1958.	

: R U L E S :

1. A Scholarsoip in the name of "The late Shri Popatlal Girdharlal" of about Rs. 370/- in cash and tenable for two years only shall be awarded to a candidate who passes the Intermediate Arts Examination and secures the highest number of marks in Sanskrit and continues his/her studies in a college affiliated to the University.
2. The stipends of the scholarship shall be payable half-yearly by the University on bills to be forwarded through the Head of the College where the candidate continues his/her studies, who shall certify over his signature thereon that the Scholar is in regular attendance at the College and that his/her conduct is good and that his/her progress of study is stisfactory.
3. The annual income of the endowment shall be subject to a deduction of five percent to be contributed to the General Fund of the University.

— × —

"Shri Rasikchandra Gokaldas Shah Accountancy Gold Medal" Endowment :-

1.	The name of the Donor.	Shri Rasikchandra Gokaldas Shah, In Lalbhai Lattha's House, Nagji Bhuder's Pole, Mandvi's Pole, Ahmedabad.
2.	The amount of donation.	Cash of Rs. 4,500/- invested in Government of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 6000/-
3.	Description of the award.	One Gold Medal.
4.	Accepted under the Syndicate Resolution No. 16 dated 7/8-6-'58.	

RULES

1. A Gold Medal called "Shri Rasikchandra Gokaldas Shah Accountancy Gold Medal" of the value of about Rs. 170/– shall be awarded annually to a candidate who passes the Intermediate Commerce Examination at the first trial and secures the highest number of marks from amongst the candidates who have secured 60% of marks in Accountancy.

2. The name and address of the winner shall be communicated to the Donor or his nominee every year.

3. The Medal shall, as far as possible, be presented to the Winner at the Annual Convocation of the University.

4. The annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University.

પરિશિષ્ટ "ખ"
કામકાજ નં. ૮

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી આન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની બારમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૨૯-૮-૫૮ ના રોજ સાંજના ૫-૦૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧	શ્રી મગનભાઇ પ્ર. દેસાઇ, ઉપકુલપતિ	હાજર
૨	પ્રિન્સિ. કે. જી. નાયક	હાજર
૩	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર
૪	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	હાજર
૫	ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૬	ડૉ. વિક્રમ સારાભાઇ	ગેરહાજર
૭	ડૉ. કે. આર. રામનાથન	હાજર

૧. આન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૬-૧૨-૫૭ ના રોજ મળેલી અગિયારમી બેઠકની મિનિટ્સ મંજુર કરવા બાબત.

આન્ટસ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૬-૧૨-૫૭ ના રોજ મળેલી અગિયારમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને ઉપકુલપતિશ્રીએ તેના પર સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૫૮-૫૯ ની સાલ માટે સંશોધન આન્ટસની માગણી માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે :

અ. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમના નામ અને જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ સને ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે જો તેમની કૉલેજના આચાર્ય કે સંસ્થાના અધ્યક્ષ તે કાર્ય (Projec) ત્યાં શરૂ કરી તે ચલાવવાની બાંહેધરી આપે તે શરતે, આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને સામાન્ય જર્નલમાં પ્રસિદ્ધ કરવાની શરતે, આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નામ	વિષય	રકમ
૧. ડૉ. એ. એમ. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિ-ટ્યૂટ, અમદાવાદ-૯.	"Studies in Corrosion"	કેમિકલ્સ માટે તેમની કૉલેજ રૂ. ૧૦૦૦નો ખર્ચ ભોગવશે તેવી બાંહેધરી આપે તે શરતે

		સાયન્ટીફીક ઇકવીપમેન્ટના ખર્ચ માટે રૂા. ૨૦૦૦ ની ગ્રાન્ટ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. (આ ઇકવીપમેન્ટની વિગતો કાર્યાલયે મંગાવી લેવી.)
૨. ડૉ. એમ. જે. પટણી એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	"Studies in Colloidal System"	શ્રી. આર. એસ. પરીખના મહાનિબંધ બાબતમાં ગયા વર્ષની ગ્રાન્ટ સાથે શો સંબંધ છે તેનો ખુલાસો મંગાવવો.
૩. શ્રી એમ. આર. મજમુદાર પેટલાદ કૉલેજ, પેટલાદ.	"Study of life and work of mediaeval Gujarati Poets hailing from Kaira, Baroda and Ahmedabad."	રૂા. ૧૫૦ હસ્તપ્રતોની નકલો કરવાના ખર્ચ માટે જ.
૪. ડૉ. ડી. એન. શાહ જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.	"4 Hydroxy Coumarins."	રૂા. ૨૫૦ એપેરેટસ માટે, નડિયાદ એજ્યુકેશન સોસાયટી બાકીનો ખર્ચ ઉપાડવાનું માથે લે તે શરતે.
૫. શ્રી કે. જી. દેસાઇ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯.	"Standarlisation of a speed and accurancy tests for clerical workers."	રૂા. ૪૦૦ સુધીનો ખર્ચ યુનિવર્સિટી પ્રેસમાં ટેસ્ટની ૨૦૦૦ નકલો છપાવે તે શરતે.
૬. ડૉ. વિક્રમ સારાભાઇ ફિઝિકલ રિસર્ચ, લેબોરેટરી, અમદાવાદ.	"Study of Time Variation of Cosmic rays with a cubical meson telescope."	રૂા. ૭૫૦ મિકેનીકલ રેકોર્ડર માટે.
૭. ડૉ. એચ. એચ. શાહ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	"Study of Tuberculostatic & other bacterostatic activity of Radanti."	રૂા. ૫૫૦ (For animals only)—કૉલેજ આ પ્રોજેકટનો બાકીનો ખર્ચ ઉપાડી લે અને તે પાર પાડવાનું માથે લે તે શરતે.
૮. ડૉ. એમ. એસ. કાન્વિન્દે પી. એસ. હોસ્પિટલ, અમદાવાદ.	"Investigatigation of Haemorrhagic D.athesis in Gujarat."	રૂા.૫૦૦.—સંસ્થા આ પ્રોજેકટ ચલાવવાનું માથે લે તે શરતે.

૯.	ડૉ. જે. એમ. જલુંધવાલા અને ડૉ. જી. આર. કામટ વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદ.	"Incidence of Pulmonary Tuberculosis in patients following surgery for Peplic ulcer"	રૂા. ૫૦૦—. એકસ-રે પ્લેટ માટે-સંસ્થા આ પ્રોજેકટ ચલાવવાનું માથે લે તે શરતે.
૧૦.	ડૉ. એમ. બી. વાગલે વી. એસ. જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.	"The problems of fluid theraphy after 48 hours in acutely burnt patient."	રૂા. ૧૦૦૦—.જો સંસ્થા આ પ્રોજેકટ ચલાવવાનું માથે લે તે શરતે.

આ. નીચેના અધ્યાપકોની અરજીઓ બાબતમાં તેમને સને ૧૯૫૭-૫૮ના વર્ષ માટે આપવામાં આવેલ ગ્રાન્ટ રીન્યુ કરવી; સંશોધનની જે યોજના તેમણે ગયા વર્ષે હાથ ધરેલી છે તે પુરી ન થઈ હોવાથી નવી યોજના માટે કોઇ મદદનો પ્રશ્ન અત્યારે ઊભો નથી.

૧. ડૉ. આર. ડી. દેસાઈ,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.

૨. ડૉ. આર. સી. શાહ,
વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદ.

૩. ડૉ. એમ. ટી. મહેતા,
વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદ.

ઇ. નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી :

૧. ડૉ. જે. એમ. શુકલ,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૨. શ્રી. જે. એલ. ધોલકિયા,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૩. શ્રી. આર. કે. શાહ,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ,
અમદાવાદ.
— તેમને જણાવવું કે જેમ કચ્છના રણમાં કરતા હતા તેમ સંશોધન કાર્ય કરે.

૪. ડૉ. જે. જે. ત્રિવેદી,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

૫. ડૉ. જી. એમ. પાટીલ,
એમ. એન. કૉલેજ, વિસનગર.

૬. શ્રી. એચ. પી. ગાંધી,
એમ. એન. કૉલેજ, વિસનગર.
— જણાવવું કે કૉલેજ તરફથી માઇક્રોસ્કોપ મળે પછી મદદ માટે માગણી કરવી.

૭. પ્રો. એ. એસ. પ્રભુદેસાઈ,
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૮. શ્રી. આ. જે. ઝવેરી,
અલાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૯. શ્રી. એલ. એન. કસ્તુરી,
સામળદાસ કૉલેજ, ભાવનગર.

૧૦. શ્રી. સીંઘ વિનયકુમાર,
રકુલ ઓફ સાયકૉલોજી, અમદાવાદ.

૧૧. શ્રી. સીંઘ અને દાસ જી. ડી.
રકુલ ઓફ સાયકૉલોજી, અમદાવાદ.

} યુનિ.રકૂલ ઓફ સાયકૉલોજીએ વિચારણા કરવી.

૧૨. ડૉ. એચ. એલ. પટેલ અને ડૉ. એન. કે. જરાગે,
એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.

૧૩. ડૉ. સુભદ્રા આર. શાહ,
વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદ-૬

૧૪. શ્રી. વી. ટી. ઓઝા,
એમ. એન. કૉલેજ, વિસનગર.

૩. એમ. એન. કૉલેજ, વિસનગરના કેમિસ્ટ્રી વિષયના પ્રોફેસર શ્રી. વી. ટી. ઓઝાને ૧૯૫૭-૫૮ દરમ્યાન જે રૂા. ૫૦૦ની ગ્રાન્ટસ આપવામાં આવી હતી તેના બીજા હપ્તાના રૂપિયા ૨૫૦ની ગ્રાન્ટ રીન્યૂ કરવા બાબત.

(નોંધ:- તેઓ તેમના તા. ૨૫-૭-૫૮ના પત્રમાં રૂા. ૧૦૦૦ના લોનની માગણી કરે છે અને જણાવે છે કે તે રકમમાંથી તેઓ "હાઈ વેકયુમ પંપ" તથા "ગ્લોઅર" ખરીદી શકે અને જો ઓછી ગ્રાન્ટ આપવામાં આવશે તો છેવટે "ગ્લોઅર" અથવા તો "પંપ" એમાંથી એક ખરીદી શકશે. તેઓ આ વરસને અંતે પેપર પ્રકાશિત કરી શકશે એમ વધુમાં જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વિસનગરના શ્રી. વી. ટી. ઓઝાની સને ૧૯૫૭-૫૮ના વર્ષની રૂા. ૫૦૦ના બીજા હપ્તાની ગ્રાન્ટ રીન્યૂ કરવી.

૪. સને ૧૯૫૭-૫૮ના વર્ષ માટે જેઓને ગ્રાન્ટ આપી હતી અને જેઓના હપ્તા આપવાના બાકી છે તેમને ગ્રાન્ટ ચાલુ વર્ષ રીન્યૂ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જેઓને ગ્રાન્ટ ૧૯૫૭-૫૮ના વર્ષ માટે આપી હતી પણ બીજો હપ્તો બાકી હતો તેમને ગ્રાન્ટ ચાલુ વર્ષ રીન્યુ કરી આપવી.

૧. ડૉ. મીસ એસ. સી. પંડ્યા
૨. ડૉ. વાય. જી. નાયક
૩. ડૉ. એ. જી. મુન્શી
૪. પ્રો. એમ. જે. પટણી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જે. એમ. મહેતા
ફૅાર રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૬

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની નવમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૨૯-૮-૫૮ના રોજ બપોરના ૩-૦૦ કલાકે ઉપકુલપતિશ્રી મગનભાઇ પ્ર. દેસાઇના અધ્યક્ષપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ, ઉપકુલપતિ	હાજર
૨.	પ્રિન્સિ. કે. એલ. દેસાઈ	ગેરહાજર
૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઈ	હાજર
૫.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર
૬.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર
૭.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	ગેરહાજર
૮.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૯.	પ્રિન્સિ. આર. પી. પટેલ	હાજર
૧૦.	ડૉ. વિક્રમ સારાભાઇ	ગેરહાજર
૧૧.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર
૧૨.	શ્રી. વી. વી. વૈદ્ય	ગેરહાજર
૧૩.	ડૉ. એમ. ડી. દેસાઇ	ગેરહાજર
૧૪.	પ્રિન્સિ. જે. બી. સાંણ્ડિલ	ગેરહાજર
૧૫.	શ્રી. ઉમાશંકર જોષી	હાજર.

૧. પબ્લિકેશન બોર્ડની તા. ૬-૫-૧૯૫૭ ના રોજ મળેલી આઠમી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

પબ્લિકેશન બોર્ડની તા. ૬-૫-૧૯૫૭ ના રોજ મળેલી આઠમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને ઉપકુલપતિશ્રીએ તેના પર સહી કરી.

૨. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના પ્રાધ્યાપક શ્રી. આર. એસ. બેટાઇની પબ્લિકેશન ગ્રાન્ટ મેળવવા માટે આવેલી અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :– શ્રી. બેટાઇના પીએચ.ડી. ના મહાનિબંધ પ્રસિદ્ધ કરવા માટેનું ખર્ચ લગભગ રૂા. ૧૫૦૦ નું આવે તેમ છે તેમાંથી તે રૂા. ૭૫૦ ની ગ્રાન્ટ માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. આર. એસ. બેટાઇને તેમના પીએચ.ડી. ના મહાનિબંધનો તેનાં મુખ્ય અગત્યનાં દૃષ્ટિબિંદુઓ (Outstanding points) રજૂ કરતો આશરે ૨૦૦૦ શબ્દોનો ટુંકસાર (Summary) મોકલી આપવા જણાવવું અને તે આવેથી યુનિવર્સિટી જર્નલ "વિદ્યા" માં પ્રગટ કરવા માટે વિચારવું.

પ્રકાશન માટેની માગણી સ્વીકારી શકાતી નથી.

૩. એમ. ટી. બી. કૉલેજ, સુરતના અરેબિક અને ઉર્દુ વિષયના પ્રાધ્યાપક શ્રી. ટી. એ. શમ્સીનો અરેબીક-ગુજરાતી શબ્દકોષ પ્રકાશન કરવા માટે પબ્લિકેશન ગ્રાન્ટ માટે આવેલી અરજી સંબંધી વિચારણા કરવા બાબત.

(નોંધ:- તેમના પત્રમાં તેઓ જણાવે છે કે શબ્દકોષ પ્રકાશન કરવા પાછળ આશરે રૂા. ૪૦૦૦ નો ખર્ચ આવશે અને તે શબ્દકોષના આશરે પાનાં ૪૦૦ થશે. આટલી મોટી રકમ તેઓ પોતે ખર્ચી શકે એમ નહિ હોવાથી ઉપર મુજબની યોગ્ય ગ્રાન્ટની માગણી કરી છે. ગુજરાતી ઇક્વીવેલેન્ટસ માટે તેમણે નવજીવન પ્રકાશિત "સાર્થ ગુજરાતી શબ્દકોષ" ની મદદ લીધી છે એમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ટી. બી. કૉલેજ, સુરતના પ્રાધ્યાપક શ્રી. ટી. એચ. શમ્સીને તેમના અરેબિક-ગુજરાતી શબ્દકોષની હસ્તપ્રત મોકલી આપવા જણાવવું અને તે આવેથી ઉપકુલપતિશ્રીએ તે વિષયના નિષ્ણાતોનો અભિપ્રાય મેળવી તે પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો તે માટે જરૂરી ભલામણ કરવા તેઓશ્રીને સત્તા આપવી.

૪. ડૉ. તારા પટેલને તેમના ૧. Report on the Begger-Problems in the City of Ahmedabad અને ૨. Report on the Socio-Economic Survey of Women in the Profession in the City of Ahmedabad ને પ્રસિદ્ધ કરવા માટે પબ્લિકેશન ગ્રાન્ટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- તેમણે જે રિપોર્ટો સંશોધન ગ્રાન્ટ મેળવી તૈયાર કર્યા તે પ્રસિદ્ધ કરવા બાબત ગ્રાન્ટની જરૂર છે. તેઓ "Report on the Begger Problems in the city of Ahmedabad" છપાવે તો રૂા. ૮૫૦ ના અંદાજે ખર્ચ આવે છે તો તે માટે તેઓ રૂા. ૮૫૦ ની પબ્લિકેશન ગ્રાન્ટની માગણી કરે છે. Socio-Economic Survey of Women in the Profession in the City of Ahmedabad." ને છપાવવા અંગે કાંઈ ઉલ્લેખ તેમના પત્રમાં કરેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ડો. તારાબેન પટેલના "Report on the Begger Problems in the City of Ahmedabad અને Report on the Socio-Economic Survey of Women in the Profession in the City of Ahmedabad. એ વિષય પરના રિપોર્ટ યુનિવર્સિટી જર્નલ 'વિદ્યા' માં હપ્તાથી પ્રસિદ્ધ કરવા વાસ્તે સંપાદક મંડળને સોંપવું અને તેની વધુ ૩૦૦ ઑફ પ્રીન્ટ્સ (off-prints) યુનિવર્સિટીના ખર્ચે છપાવીને તજ્ઞોને તથા તેમની સંસ્થાઓને પરિપત્રિત કરવી.

૫. અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં યુનિવર્સિટી તરફથી સિલેક્શન્સ બહાર પાડવા બાબત.

(**નોંધ:**-આ બાબત પ્રમુખસ્થાનેથી સભાની વિચારણા માટે રજૂ કરવામાં આવી.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અંગ્રેજી, સંસ્કૃત ગુજરાતી અને હિન્દી ભાષાઓમાં આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને ફાર્મસીના પ્રથમ તથા દ્વિતીય વર્ષ માટે સાહિત્યના પસંદ કરેલા પાઠો (Selections) જે તે અભ્યાસસમિતિઓ પાસે તૈયાર કરાવીને પ્રસિદ્ધ કરવા વાસ્તે જરૂરી પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મ. મહેતા
રજિસ્ટ્રાર વતી

પરિશિષ્ટ " ઘ "
કામકાજ નં. ૨૬

ફાઇનાન્સ કમિટીની તા. ૩-૧૦-૫૮ ની સભાની સિન્ડિકેટને ભલામણ :-

૧. યુનિવર્સિટી લાયબ્રેરી માટે લાકડાનું ફરનીચર તથા કયુબીકલ્સ બનાવવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નીચેનું કામ મે. ન્યુ ફરનીચર માર્ટ પાસે તેઓના આવેલા ભાવ સૌથી ઓછા હોવાને લીધે આપવું :

૧. ફન્ટ પાર્ટીશન	રૂા. ૫.૯૨ ચો. ફુટ.
૨. સાઇડ ,,	રૂા. ૩.૧૭ ,, ,,
૩. કાર્ડઇન્ડેકસ કેબીનેટ માટેના સ્ટેન્ડ નં. ૫	રૂા. ૬૯.૭૦ નંગના
૪. અધ્યયન વિભાગના ટેબલો નં. ૫	રૂા. ૧૪૧.૭૫ નંગના

૨. મનોવિજ્ઞાનભવન માટે પ્રયોગશાળાના સાધનો આયાત કરવા માટે મંગાવેલી શરતો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મનોવિજ્ઞાનભવનની પ્રયોગશાળા માટેના સાધનો ઈમ્પોર્ટ લાયસન્સ મેળવી સીધાંજ બનાવનારાઓ પાસેથી આયાત કરવા.

૩. યુનિવર્સિટી કેન્ટીન માટે ૧૯૫૮-૫૯ નો કોન્ટ્રેકટ આપવા મંગાવેલ ટેન્ડર તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કેન્ટીન ચલાવવા માટેનો કરાર એક વર્ષ માટે મે. નાઝ રેસ્ટોરન્ટને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૪૧

ગુજરાત યુનિવર્સિટી

ગેરરીતિઓ અને બૂલો સંબંધમાં નિમાયેલા સિન્ડિકેટની પરીક્ષા-શુદ્ધિ સમિતિની એક બેઠક શનિવાર તા. ૩૦-૮-૧૯૫૮ ના રોજ સાંજે ચાર વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તે વખતે પ્રમુખસ્થાન વાઇસ-ચાન્સેલર શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ, વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૪.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર.

આ સભામાં ઇન્ટર સાયન્સની પરીક્ષાના મેથેમેટિક્સ, ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રોની બાબતમાં આગળ તપાસ ચલાવવામાં આવી. એ તપાસ અને ચર્ચા-વિચારણાને અંતે સમિતિ સર્વાનુમતે એવા નિર્ણય પર આવી કે, આ પ્રશ્નપત્રોની ફૂટ માટે પ્રાશ્નિકો અને અથવા તેમના દ્વારા માહિતી મેળવનાર અને બાનગી રાહે વિદ્યાર્થીઓને ટ્યૂશન કે બીજી રીતે મદદ કરનાર કેટલાક બીજા પરીક્ષકો જવાબદાર છે.

તે પછી સમિતિએ ઠરાવ્યું કે, આ બાબતમાં નીચેના પરીક્ષકો કે જેમણે બાનગી રાહે વિદ્યાર્થીઓને ટ્યૂશન કે બીજી રીતે મદદ કરી હોવાનું જણવા મળે છે, તેમનો ખુલાસો મંગાવવો કે, તેમણે પરીક્ષકપદ માટેની અરજી કરતી વેળાએ તથા પરીક્ષકપદ સ્વીકારતી વેળાએ આ બાનગી ટ્યૂશન કે વિદ્યાર્થીઓને મદદ કરવાની બાબતનો ઉલ્લેખ કરીને તેની જાણ યુનિવર્સિટીને કેમ કરી નથી?

૧. પ્રોફેસર ઈ. એમ. પલસારા;
૨. પ્રોફેસર એસ. સી. શુક્લ;
૩. પ્રોફેસર એન. કે. મહેતા; અને
૪. પ્રોફેસર જી. એસ. પટેલ.

સમિતિએ એ ઉપરાંત એમ પણ ઠરાવ્યું કે, ઇન્ટર સાયન્સની પરીક્ષાના મેથેમેટિક્સ, ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના વિષયોના પરીક્ષકોના બોર્ડના અધ્યક્ષોને આ સમિતિની હવે પછીની સભા સમક્ષ ફરજ પૂછપરછ માટે હાજર રહેવા જણાવવું.

વધુમાં સમિતિએ ઠરાવ્યું કે, નીચેની વ્યક્તિઓ કે જેમણે ઇન્ટર સાયન્સની પરીક્ષાના પ્રશ્નો ફૂટ્યા હોવાની માહિતી યુનિવર્સિટીને આપેલી છે, તેમને પણ ફરજ પૂછપરછ માટે બોલાવવા :

૧. પ્રોફેસર કે. એન. શાહ
૨. પ્રોફેસર સેવક
૩. પ્રોફેસર બી. એમ. દેસાઈ
૪. પ્રોફેસર એમ. એન. દેસાઇ
૫. શ્રી. એચ. વી. વસા
૬. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ
૭. ડૉ. યુ. ડી. દેસાઈ, અને
૮. શ્રી. વસંતકુમાર મહેતા

તે પછી એમ નક્કી કરવામાં આવ્યું કે, સમિતિની હવે પછીની સભા શનિવાર તા. ૬-૯-૧૯૫૯ના રોજ સાંજના ચાર વાગ્યે રાખવી અને તે સભામાં મેથેમેટિકસ, ફિઝિકસ અને કેમિસ્ટ્રીના પ્રાધિકોના બોર્ડના અધ્યક્ષોને હાજર રહેવા જણાવવું, તથા પ્રોફેસર ઈ. એમ. બલસારા, પ્રોફેસર એસ. સી. શુકલ, પ્રોફેસર એન. કે. મહેતા અને પ્રોફેસર જી. એસ. પટેલના ખુલાસા સમિતિ સમક્ષ રજૂ કરવા કાર્યાલયને જણાવવું.

ઉપરાંત એમ પણ ઠરાવવામાં આવ્યું કે, ૧૯૫૮ની ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓને ટ્યૂશન આપવાની તથા અન્ય રીતે મદદ કરવાની પરવાનગી તેમના કૉલેજોમાં કામ કરતા કયા કયા શિક્ષકોને આપવામાં આવી છે તેમનાં નામ અને વિગતો ગુજરાત કૉલેજના આચાર્ય અને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મંત્રી પાસેથી મંગાવવી.

અમદાવાદ
તા.

જ. મ. મહેતા
કૉર રજિસ્ટ્રાર

ગુજરાત યુનિવર્સિટી

સિન્ડિકેટે નીમેલી પરીક્ષા-શુદ્ધિ સમિતિની એક બેઠક તા. ૬-૯-૫૮ ના રોજ સાંજે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ, વાઈસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર
૪. શ્રી બિહારીલાલ પો. શાહ	હાજર
૫. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	ગેરહાજર

૧. સભાની શરૂઆતમાં તા. ૩૦-૮-૫૮ની સભાની નોંધ વાંચી બતાવવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ઇન્ટર સાયન્સની પરીક્ષાના પ્રશ્નપત્રોની ફૂટ બાબત તપાસ આગળ ચલાવવામાં આવી જેમાં:-

૧. શ્રી. એન. કે. મહેતા, શ્રી. એસ. સી. શુકલ, શ્રી. ઇ. એમ. બલસારા અને શ્રી. જી. એસ. પટેલના જવાબો પર સભાગૃહે વિચારણા કરીને નીચે મુજબ ઠરાવ્યું :
શ્રી. એન. કે. મહેતા અને શ્રી. એસ. સી. શુકલને આ સમિતિની હવે પછીની સભા સમક્ષ રૂબરૂ પૂછપરછ માટે બોલાવવા.

૨. શ્રી. ઇ. એમ. બલસારા અને શ્રી. જી. એસ. પટેલના જવાબો પર ચર્ચા વિચારણા કર્યા પછી એમના જવાબો વિષે એટલી નોંધ લીધી કે તેઓ કૉચિંગ બાબતમાં કબૂલ કરે છે. વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.)

(**નોંધ**:-શ્રી. જી. એસ. પટેલના જવાબમાં તેમની સહી નથી અને તે માટે શ્રી. રજિસ્ટ્રારે તેમને સહીવાળો જવાબ મોકલવા લખ્યું છે તેની નોંધ લેવામાં આવી.)

૩. પ્રિન્સિપલ, ગુજરાત કૉલેજ તથા સેક્રેટરી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને લખેલા પત્રના ઉત્તરો હજી મળ્યા નથી. તે મળ્યે હવે પછીની સભામાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૪. ત્યારબાદ ઇન્ટર સાયન્સના ફિઝિકસના પેપર સેટરોના ચેરમેન પ્રો. મોડકને રૂબરૂમાં જરૂરી પ્રશ્નો પૂછી પ્રશ્નપત્રોના કયા ભાગો કોણે કાઢયા હતા તે, તેમજ બીજી માહિતી મેળવી હતી.
તે પછી, ઇન્ટર સાયન્સ કેમિસ્ટ્રીના પેપર સેટરોના ચેરમેન પ્રો. આર.એચ. શાહને રૂબરૂમાં જરૂરી પ્રશ્નો પૂછી તેમની પાસેથી કેમિસ્ટ્રીના પ્રશ્નપત્ર અંગે જરૂરી માહિતી સભાગૃહે મેળવી.
પ્રો. કે. એમ. શાહ (મેથેમેટિકસના પેપર સેટરોના ચેરમેન) આવી શકયા ન હતા. તેમને હવે પછીની સભા વખતે હાજર રહેવાનું જણાવવા ઠરાવવામાં આવ્યું.

૩. ત્યારબાદ ઇન્ટર આર્ટ્સની વિદ્યાર્થિની નં. ૧૭૯૩ના જવાબ મળ્યા ન હોવાથી તે કામ આવતી સભા પર લઈ જવા ઠરાવ્યું.

અમદાવાદ-૯
તા.

જ. મ. મહેતા
રજિસ્ટ્રાર

ગુજરાત યુનિવર્સિટી

સને ૧૯૫૮ ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો તેમ જ કાર્યાલયની બૂલો વગેરે તપાસી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની એક સભા તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૮ ના રોજ સાંજે પાંચ વાગ્યે અને તા. ૧૬ મી સપ્ટેમ્બર ૧૯૫૮ ના રોજ સાંજે ચાર કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૧૫-૯-૧૯૫૮	તા. ૧૬-૯-૧૯૫૮
૧.	શ્રી. વાઇસ–ચાન્સેલર સાહેબ	હાજર	હાજર
૨.	શ્રી. બટુભાઇ હ. દેસાઇ	હાજર	હાજર
૩.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઇ	હાજર	હાજર
૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર	હાજર

૧. સમિતિની તા. ૬–૯–૧૯૫૮ ના રોજ મળેલી સભાની નોંધ વાંચી સંભળાવવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઇસ–ચાન્સેલર સાહેબે તેના પર સહી કરી.

૨. ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થિની નં. ૧૭૯૩ નો કોઈ જવાબ હજી સુધી આવ્યો નથી, એમ રજિસ્ટ્રારે જણાવ્યું. આ કેસનો વિચાર કરતાં તેમને ૧૯૬૦ ના ડિસેમ્બરની આખર સુધી યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં બેસવા ન દેવાં, એમ સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩. ત્યારબાદ ઇન્ટર સાયન્સના પ્રશ્નપત્રોની ફૂટ અંગે આગળ તપાસ કરતાં, તા. ૧૫મીના રોજ નીચેની વ્યક્તિઓને રૂબરૂમાં એક પછી એક બોલાવી જરૂરી પૂછપરછ કરવામાં આવી હતી:

(૧) પ્રોફેસર કે. એમ. શાહ, ચેરમેન, મેથેમેટિક્સ––પ્રાશ્નિક
(૨) પ્રોફેસર એન. કે. મહેતા, પરીક્ષક, મેથેમેટિક્સ
(૩) પ્રોફેસર એસ. સી. શુકલ, પરીક્ષક, મેથેમેટિક્સ
(૪) પ્રોફેસર જે. એસ. સેવક, ફૂટ અંગે ખબર આપનાર
(૫) પ્રોફેસર કે. એન. શાહ, ફૂટ અંગે ખબર આપનાર
(૬) પ્રોફેસર બી. એમ. દેસાઇ, ફૂટ અંગે ખબર આપનાર.

ત્યારબાદ સભાનું કામકાજ બીજા દિવસ પર મુલતવી રહ્યું હતું.

તા. ૧૬–૯–૧૯૫૮ ના રોજ સાંજે ચાર વાગ્યે બેઠક ફરી મળી ત્યારે નીચેની જે વ્યક્તિઓને રૂબરૂમાં બોલાવવામાં આવી હતી તેમને જરૂરી પૂછપરછ કરવામાં આવી.

૧. પ્રિન્સિપલ એસ.વી. દેસાઈ
૨. પ્રોફેસર યુ. ડી. દેસાઈ
૩. શ્રી. વસંતકુમાર મહેતા.

(નોંધ :–શ્રી. એચ. વી. વસા અને શ્રી. એમ. એમ. દેસાઈને બોલાવવામાં આવ્યા હતા, પણ તેઓ હાજર રહી શકયા ન હતા.)

ઇન્ટર સાયન્સની પરીક્ષાના મેથેમેટિકસ, ફિઝિકસ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રોની ફૂટની તપાસ કરતાં ૧. શ્રી. ઇ. એમ. બલસારા, ૨. શ્રી. જી. એસ. પટેલ, ૩. શ્રી. એન. કે. મહેતા અને ૪. શ્રી. એસ. સી. શુકલએ ઇન્ટર સાયન્સના વિદ્યાર્થીઓને ખાનગી રાહે "ટયૂશન" કે "કોચિંગ" કહી શકાય એ પ્રકારની મદદ કરી છે એવી આ સમિતિને પ્રતીતિ થઈ છે અને આ હકીકતનો તેમણે પરીક્ષકપદ માટેની અરજીમાં તથા પરીક્ષકપદના સ્વીકારપત્રમાં કશો ઉલ્લેખ કર્યો નથી, તે બાબતને આ સમિતિ ભારે ગંભીર ગણે છે. વધુમાં, શ્રી. એન. કે. મહેતા અને શ્રી. એસ. સી. શુકલને આ હકીકત છુપાવવા માટે ખુલાસો પૂછવામાં આવ્યો ત્યારે તેમણે સંદિગ્ધ જવાબ આપ્યા અને ફૂટપરછમાં નિખાલસતાથી ખરી હકીકત જાહેર કરવાને બદલે સમિતિને ભુલાવામાં નાખવાનો પ્રયત્ન કર્યો છે તે દુઃખદ હકીકત પરત્વે અને યુનિવર્સિટીના શિક્ષકને ન છાજે તેવા તેમના વર્તન પરત્વે અત્યંત દુઃખ અને ચિંતાની લાગણીથી નિહાળે છે. આ કેસો બાબતમાં સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે :

(૧) શ્રી. ઇ. એમ. બલસારા અને શ્રી. જી. એસ. પટેલ આ બન્નેને પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં પ્રાશ્નિક કે પરીક્ષક નીમવા નહીં અને તેમને ૧૯૫૮ ના માર્ચની ઇન્ટર સાયન્સની પરીક્ષામાં પ્રાશ્નિક અને/અથવા પરીક્ષક તરીકેના કામ બદલ જે મહેનતાણું આપવાનું થાય છે તે બધું મહેનતાણું કાપી લેવું.

(૨) શ્રી. એન. કે. મહેતા અને શ્રી. એસ. સી. શુકલ આ બન્નેને દસ વર્ષ સુધી આ યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષામાં પ્રાશ્નિક કે પરીક્ષક નીમવા નહીં અને તેમને ૧૯૫૮ના માર્ચની ઇન્ટર સાયન્સની પરીક્ષામાં પ્રાશ્નિક અને/અથવા પરીક્ષક તરીકેના કામ બદલ જે મહેનતાણું આપવાનું થાય છે તે બધું મહેનતાણું કાપી લેવું.

વધુમાં, પ્રશ્નપત્રોની ફૂટ બાબતમાં આગળ તપાસ કરવાને માટે, નીચેની વ્યક્તિઓને હવે પછીની સભામાં ફૂટપરછ માટે બોલાવવાનું કહ્યું હતું.

૧. પ્રોફેસર જી. એસ. પટેલ
૨. શ્રી. ઈ. એમ. બલસારા
૩. શ્રી. સી. સી. શાહ
૪. શ્રી. વી. એન. ઠાકોર
૫. શ્રી. કે. એ. ઠાકર.

૪. ત્યારબાદ એજન્ડા પરનાં બીજાં કામો હાથ ધરવામાં આવતાં ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વી. જી. ઉપાધ્યાયને તેમણે કરેલી ભૂલ બદલ ત્રણ વર્ષ સુધી આ યુનિવર્સિટીની પરીક્ષામાં પરીક્ષક અને/અથવા પ્રાશ્નિક તરીકે નીમવા નહીં તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. બી. એ. ના વિદ્યાર્થી નં. ૧૧૧૧ અને ૧૧૧૨ ના ઉત્તરપત્રો બાબતમાં ઠરાવવામાં આવ્યું કે, જુનિયર સુપરવાઈઝર તથા સીનિયર સુપરવાઈઝરનું કામ કોણે કર્યું હતું તે બાબત વધુ માહિતી હવે પછીની સભા સમક્ષ ઓફિસે રજૂ કરવી.

૬. બી. એ. ના એકસ્ટર્નલ વિદ્યાર્થી શ્રી. એ. સી. ભણશાલી બાબત વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

(નોંધ :- રજિસ્ટ્રેશનના પહેલાંના ૬ માસ દરમ્યાન આ ભાઇના રહેઠાણ અંગેની વિગતો પૂછાવીને આ બાબત ફરીથી રજૂ કરવી.)

અમદાવાદ,
તા.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

GUJARAT UNIVERSITY PRESS, AHMEDABAD-9.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૮ના નવેમ્બર માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૧૫-૧૧-૧૯૫૮ના રોજ સવારના ૯-૦૦ કલાકે ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય	હાજર
૩.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એ. એમ. નાયક	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બીહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વીક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	પ્રો. ઉમાશંકર જોશી	હાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર

૧. તા. ૪-૧૦-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભાની કામ-કાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪-૧૦-૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૫૮ના ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતની પ્રથમ તથા દ્વિતીય બી.એ.એમ. એસ. ની પરીક્ષા માટેની ચાલુ જોડાણ તથા તૃતીય બી.એ.એમ.એસ. (ફાઇનલ) પરીક્ષા માટેના વધારાના જોડાણ અંગે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. ડૉ. વલ્લભરામ વી. વૈદ્ય
૨. ડૉ. એમ. ડી. પટેલ
૩. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા.

૩. નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ તરફથી નડિયાદ ખાતે લૉ કૉલેજ ચાલુ કરવા માટે જોડાણ માગતી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. શ્રી. એચ. પી. શુકલ
૨. શ્રી. એચ. એસ. સંઘવી

૪. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. ની પરીક્ષા માટે અંગ્રેજી (સ્પેશ્યલ અને જનરલ) અને અર્થશાસ્ત્ર (જનરલ)ના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ માગતી આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ
૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ.

૫. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) હિન્દી તથા સંસ્કૃત (જનરલ) માટે વધારાનું જોડાણ આપવા અંગે કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- કૉલેજ તરફથી આવેલ જોડાણની અરજીમાં ઉપરોક્ત બન્ને વિષયો હતા, પરંતુ કૉલેજે શરતોનું પરિપાલન નહિ કરવાથી સદરહુ બન્ને વિષયો સિવાયના વિષયોનું જાહેરનામું કાઢવા માટે સરકારને વિનંતી કરેલ જે મંજૂર થઈ જાહેરનામું આવી ગયું છે. હવે હિન્દી માટે શરત મુજબ સ્ટાફ નીમાઇ ગયો છે અને સંસ્કૃત માટે કામ જોતાં વધારાના લેક્ચરર માટે જરૂરી કામ નહિ હોવાથી તેમની નિમણૂકની જરૂર નહિ હોવાથી આચાર્ય બન્ને વિષયો માટે જાહેરનામું કાઢવા માટે સરકારને વિનંતી કરવા આપણને જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. ઉમાશંકર જોશીને મજકૂર બાબત માટે જુદી તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી.

૬. સ્ટુડન્ટ્સ એઇડ ફંડને લગતો ઓ. ૧૦૯-બી. ના અમલ બાબતમાં કેટલાક આચાર્યો / અધ્યક્ષોએ પોતાના પત્રોમાં દર્શાવેલી વ્યવહારૂ મુશ્કેલીઓ સંબંધી વિચારીને ઘટતું કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે હાલના ઓ. ૧૦૯-બીની પુનઃ વિચારણા કરવાની કશી જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલના પત્રમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓને મદદ આપવાની વ્યવસ્થા જે તે કૉલેજ અગર સંસ્થા મારફતે થાય, તે સૂચન, આ કામને માટે રચાનારી Students' Aid Fund Committeeને વિચારવા આપવું.

૭. બ્રિટિશ કાઉન્સિલ, મુંબઈ તરફથી ઇંગ્લીશ લિટરેચર સેમિનાર જે નવેમ્બર ૧૮ થી ૨૮, ૧૯૫૮ સુધી ભરાનાર છે તેમાં આ યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવા સંબંધી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનારમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર લાગતી નથી.

૮. ફિઝિક્સ, મેથેમેટિક્સ, બૉટાની અને કેમિસ્ટ્રીનાં અનુસ્નાતક વિદ્યાભવનો સ્થાપવા માટે નક્કી થયું હોઈ તે અંગેના સ્ટેટ્યુટ ૨૦૨ માં નીચે પ્રમાણે સુધારો કરવા બાબત.

સુધારાયેલો સ્ટેટ્યૂટ નીચે મુજબ વંચાશે :-

S. 202:

The following shall be the University Departments for Teaching and Research:

(1) Department of Social Sciences (known as the University School of Social Sciences) with effect from 20-6-1954;

(2) Department of Gujarati (known as the University School of Gujarati Language and Literature) with effect from 20-6-1954;

(3) Department of Psycholagy (known as the University School of Psychology) with effect from 20-6-1957;

(4) Department of Physics (known as the University School of Physics) with effect from 20th June 1959;

(5) Department of Chemistry (known as the University School of Chemistry) with effect from 20th June 1959;

(6) Departmcnt of Mathematics (known as the University School of Mathematics) with effect from 20th June 1959;

(7) Department of Botany (known as the University School of Botany) with effect from 20th June 1959

These Departments shall provide postgraduate instruction and guide research work in the following subjects:

(1) In the University School of Social Sciences:

1. Economics;
2. Sociology;
3. Politics;
4. Statistics;
5. Labour Welfare.

The University School of Social Sciences may also impart instruction in certificate courses which may be instituted by the Senate in the subjects mentioned under (1) above from time to time.

(2) In the University School of Gujarati Language and Literature:

1. Gujarati.

(3) In the University School of Psychology;

1. Psychology.

(4) In the University School of Physics:

Physics (both Fundamental and Applied) and all its Branches.

(5) In the University School of Chemistry:

Chemistry (both Fundamental and Applied) and all its Branches.

(6) In the University School of Mathematics:

Mathematics (both Fundamental and Applied) and all its Branches.

(7) In the University School of Botany:

Botany and all its Branches.

આથી ફરાવવામાં આવે છે કે સ્ટેટ્યૂટ ૨૦૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વાસ્તે સિન્ડિકેટને વિનંતી કરવી:

S. 202 : The following shall be the University Departments for Teaching and Research:

(1) Department of Social Sciences (known as the University School of Social Sciences) with effect from 20-6-1954.

(2) Department of Gujarati (known as the University School of Gujarati Language and Literature) with effect from 20-6-1954.

(3) Department of Philosophy and Psycholology (known as the Unversity School of Philosophy and Psychology) with effect from 20-6-1957.

(4) Department of Sciences (Pure and Applied)- (known as the University School of Sciences) with effect from 20-6-1959.

These Departments shall provide post-graduate instruction and guide research work in the following subjects :

(1) In the University School of Social Sciences :

1. Economics,
2. Sociology,
3. Politics,
4. Statistics,
5. Labour Welfare.

The University School of Social Sciences may also impart instruction in Certificate Courses which may be instituted by the Senate in the subjects mentioned against (1) above from time to time.

(2) In the University School of Gujarati Language and Literature.

1. Gujarati.

(3) In the University School of Philosophy and Psychology :

1 Psychology.

(4) In the University School of Sciences (Pure and Applied) :

1. Physics (Both Pure and Applied) and all its branches.
2. Chemistry (Both Pure and Applied) and all its branches.
3. Mathematics (Both Pure and Applied) and all its branches.
4. Botany and all its branches.

૯. સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-૫૮ના રોજ મળેલી બેઠકમાં સુધારેલા સ્ટેટ્યૂટ ૧૭૩ અંગે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-'૫૮ના બાબત નં. ૧૮ના ઠરાવની ફરી વિચારણા અત્યારે ન કરવી અને તે ઠરાવમાં સૂચવેલા સુધારાવધારા પ્રમાણે સ્ટેટ્યૂટ ૧૭૩નો મુસદ્દો ઘડવો; તેમાં વિશેષમાં ઉમેરવું કે, ૧૯૬૧ના જૂન માસથી અમલમાં આવે. આ પ્રમાણે સુધારાવધારા સાથે તેનો મુસદ્દો આવતી બેઠકમાં રજૂ કરવો.

નોંધ : સુધારેલા સ્ટેટ્યૂટ ૧૭૩નો આ મુસદ્દો સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે 'ડિપ્લોમા ઇન ફાર્મસી'માં પ્રવેશ માટેની લાયકાતમાં કશી વિશેષતા રાખવી નહીં, તેવું પ્રિ. ડૉ. કે. જી. નાયકનું સૂચન તથા તે ઉપરાંત જે કાંઈ બીજાં લેખિત સૂચન કોઈ સભ્ય આપે તો તે, આવતી બેઠકમાં મુસદ્દાની સાથે વિચારી શકાશે.

૧૦. સ્કોલરશિપ, રિચર્સ સ્કોલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની છઠ્ઠી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની છઠ્ઠી બેઠકની નોંધને મંજૂર કરવી. (સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૧. ગુજરાતી ભાષા-સાહિત્યભવના રીડર શ્રી. પી. બી. પંડિતનો અજમાયસી સમય પૂરો થતો હોવાથી તેમને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. બી. પંડિતને ગુજરાતી ભાષાસાહિત્ય ભવનમાં રીડર તરીકે કાયમ કરવા.

૧૨. હાફકીન ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ, તેમના હીરક મહોત્સવ પ્રસંગે યુનિવર્સિટીના પ્રતિનિધિઓને ભાગ લેવા આમંત્રણ પાઠવે છે તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાફકીન ઇન્સ્ટિટ્યૂટના હીરક મહોત્સવ પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ભાસ્કર પટેલ અને ડૉ. નાનુભાઈ ર. દેસાઈને મોકલવા.

૧૩. લખનૌ યુનિવર્સિટીના આશ્રય હેઠળ લખનૌ મુકામે તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર ૧૯૫૮ના રોજ મળનાર અખિલ ભારતીય અર્થશાસ્ત્ર મંડળની આગામી ૪૧ મી વાર્ષિક સભામાં પ્રતિનિધિ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અર્થશાસ્ત્ર મંડળની આગામી ૪૧મી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. બી. આર. શેનોયને મોકલવા.

૧૪. ઇન્ડિયન હિસ્ટ્રી કૉંગ્રેસની ત્રિવેન્દ્રમ ખાતે તા. ૨૫ થી ૨૮ ડિસેમ્બર ૧૯૫૮ ના રોજ મળનાર એકવીસમી બેઠકમાં પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટ્રી કૉંગ્રેસની આગામી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીને મોકલવા.

૧૫. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનના આશ્રય હેઠળ ઉજ્જૈન મુકામે તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર ૧૯૫૮ ના રોજ મળનાર ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ એસોસિએશનની ૨૧ મી બેઠકમાં પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એસોસિએશનની આગામી ૨૧મી બેઠકમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર લાગતી નથી.

૧૬. ઇન્ડિયન કાઉન્સિલ આફ્ જોગ્રાફર્સની દિલ્હી મુકામે જાન્યુઆરીમાં મળનાર વાર્ષિક સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કાઉન્સિલની આગામી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર લાગતી નથી.

૧૭. અલ્હાબાદ યુનિવર્સિટીની સીત્તેરમી જયંતીની ઉજવણી પ્રસંગે ઉત્સવ સમિતિએ ઘુમેનીટીઝમાં અખિલ ભારતીય સંશોધન સેમિનાર ડિસેમ્બર ૧૯૫૮ માં યોજવાનું નક્કી

કર્યું છે, તો તે પ્રસંગે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ (એક શિક્ષક અને એક વિદ્યાર્થી) મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનારમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૮. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી તેમની સિલ્વર જ્યુબીલી પ્રસંગે ૧૩ ફેબ્રુઆરી ૧૯૫૯ના રોજ નવી દિલ્હી મુકામે જુદા જુદા તબીબી વિષયોમાં યોજાનાર સેમિનારમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રજત જયંતી મહોત્સવ પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ફેકલ્ટીના ડીન ડૉ. નરેન્દ્ર હ. દેસાઈ તથા ડૉ. મોતીભાઈ ડી. પટેલને મોકલવા.

(**નોંધ:** ડૉ. મોતીભાઈ ડી. પટેલ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની કારોબારીના સભ્ય હોવાથી તેમને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે જવા માટે ભાડુ-ભથ્થુ આપવાનું રહેશે નહીં.)

૧૯. મદ્રાસ યુનિવર્સિટીના આશ્રય હેઠળ મદ્રાસ મુકામે તા. ૨૯ થી ૩૧ ડિસેમ્બર ૧૯૫૮ દરમ્યાન મળનાર અખિલ ભારતીય અંગ્રેજી શિક્ષકોના નવમા અધિવેશનમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય અંગ્રેજી શિક્ષકોના નવમા અધિવેશનમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર લાગતી નથી.

૨૦. ઇન્ડિયન અકેડેમિ ઑફ સાયન્સીઝની ૨૪મી બેઠક જે તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર ૧૯૫૮ સુધીમાં વડોદરા મુકામે મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:—સાયન્સના ફેલોની સરભરા વિના મૂલ્યે કરવામાં આવશે, જ્યારે દરેક પ્રતિનિધિએ પ્રતિનિધિ ફીના રૂા. ૧૦ તથા ત્રણ દિવસની બેઠકના રહેવા વગેરેના રૂા. ૧૦ ભરવા પડશે એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન એકેડેમિક ઑફ સાયન્સીસની આગામી ૨૪મી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. નાયક અને ડૉ. વાય. જી. નાયકને મોકલવા.

૨૧. અખિલ ભારતીય શૈક્ષણિક અધિવેશન (ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ કોન્ફરન્સ)ની ચંદિગઢ ખાતે ૨૬ થી ૩૧ ડિસેમ્બરના રોજ મળનાર ૩૩મી બેઠકમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય શૈક્ષણિક અધિવેશનની આગામી ૩૩મી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈને મોકલવા.

૨૨. યુનિવર્સિટીએ ડેમોન્સ્ટ્રેટર માટે પગારનું ધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૦૦ નક્કી કરેલ છે, જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૨૫૦ માસિક (ફીક્સ્ડ) પગાર નક્કી કરેલ હોઈ તે બધા ડેમોન્ટ્રેટરોને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિદ્યાભવનોમાં ડેમોન્સ્ટ્રેટરો માટે સિન્ડિકેટે તેની તા. ૫-૩-૫૫ની બાબત નં. ૨ ના ઠરાવથી રૂા. ૨૦૦-૧૦-૩૦૦નું પગાર ધોરણ નક્કી કર્યું હતું, તે સુધારીને હવે પછી વિદ્યાભવનોમાં ડેમોન્સ્ટ્રેટરો માટે માસિક રૂા. ૨૫૦ ઉચ્ચક (ફીક્સ્ડ) પગાર રાખવામાં આવે.

(નોંધ :- તેમને આ ઉચ્ચક રકમ ઉપરાંત કોઈ પ્રકારનું ભથ્થું આપવું નહીં.)

૨૩. યુનિવર્સિટી પ્રેસના મકાનના બાંધકામ અંગે નિમાયેલા સ્થપતિ મેસર્સ. આસરપોટા એન્ડ આસરપોટા સાથે કરવાના કરારના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કરારનો મુસદ્દો મંજૂર કરવો.

(મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૪. બિલ્ડીંગ કમિટીની તા. ૧૧-૧૦-૫૮ની સભામાં થયેલા નીચે મુજબના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

(૨) મોટર ગેરેજીસ તથા સાયકલ શેડઝ બાંધવા માટે મંગાવેલા ટેન્ડરો તપાસી નિકાલ કરવા બાબત.

બિલ્ડીંગ કમિટીનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, સાયકલ સ્ટેન્ડની આઈટેમ બાદ કરતાં મે. શાહ એન્ડ પટવાનું ટેન્ડર સૌથી નીચું હોઈ, તેઓનું ટેન્ડર તે આઈટેમ બાદ કરી બાકીનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૪) સેનેટ હૉલમાં બેઠકોની ગોઠવણ અંગે તથા હેવી સ્ટ્રક્ચરલ લોડને ટાળવા માટે લૉંગ સ્પાન ટ્રસ ઉપર બે થાંભલા નાખવાના શ્રી. આત્મારામ એમ. ગજ્જરના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

બિલ્ડીંગ કમિટીનો ઠરાવ :

"યુનિવર્સિટી કાર્યાલયની વિનંતીથી આ બાબત અંગે ચર્ચા દરમ્યાન સ્થપતિ શ્રી. આત્મારામ એમ. ગજ્જર તથા શ્રી. લક્ષ્મીચંદ આસરપોટા હાજર રહ્યા હતા. સેનેટ હૉલના મૂળ પ્લાનમાં છે તે મુજબનું ધાબું બનાવવા માટે જરૂરી સાઈઝનું લોખંડ મળી શકે તેમ ન હોવાથી, જુદી જુદી કઈ રીતે ધાબું થઈ શકે તે અંગે વિચારણા કરવામાં આવી હતી. તેને અંતે ઠરાવવામાં આવ્યું કે, વધારે વજનને ટાળવા માટેનું શ્રી. ગજ્જરનું સૂચન મંજૂર રાખી ઠરાવવામાં આવ્યું કે, તેમણે બતાવ્યા પ્રમાણે ગેલેરીમાં પાછલા ભાગમાં બે થાંભલા મૂકવા અને હૉલ ઉપર સિમેન્ટનાં પતરાંથી છાપરૂં બનાવવું, અને આ પ્રમાણે સુધારેલા પ્લાન્સ તથા અંદાજ તૈયાર કરવા. આ બાબતમાં આર. સી. સી. કામના સલાહકાર શ્રી. સબનીસને પણ સલાહ પૂછી તેમનો અભિપ્રાય શ્રી. ગજ્જરે મેળવી લેવો."

૭. યુનિવર્સિટી પ્રેસ જ્યાં ચાલે છે તે યુનિવર્સિટીના મકાનના ઉત્તર ભાગના ભોંયરામાં જાજરૂની વ્યવસ્થા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરે મે. ગેનન ડંકરલી એન્ડ કું. ના એસ્ટીમેટ્સ મંજૂર કર્યાના કાર્યને બહાલી આપવા બાબત.

બિલ્ડીંગ કમિટીનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે:

૧. મોટર ગેરેજીસ તથા સાયકલ શેડઝ બાંધવા માટે સાયકલ સ્ટેન્ડની બાબત બાદ કરતાં મે. શાહ એન્ડ પટવાનું ટેન્ડર સૌથી નીચું હોઈ તેઓનું ટેન્ડર તે બાબત બાદ કરીને બાકીનું મંજૂર કરવું.

૨. સેનેટ હોલમાં બેઠકોની ગોઠવણ અંગે તથા હેવી સ્ટ્રક્ચરલ વજનને ટાળવા માટે શ્રી. ગજ્જરના સૂચન મુજબ કરવું અને તેમણે બતાવ્યા પ્રમાણે ગેલેરીમાં પાછલા ભાગમાં બે થાંભલા મૂકવા અને હોલ ઉપર સિમેન્ટના પતરાંથી છાપરૂં બનાવવું, અને આ પ્રમાણે સુધારેલા પ્લાન્સ તથા અંદાજ તૈયાર કરાવીને રજૂ કરવામાં આવે.

૩. યુનિવર્સિટી પ્રેસ હાલ જ્યાં છે તે યુનિવર્સિટીના મકાનના ઉત્તર ભાગના ભોંયરામાં સંડાસ વગેરેની વ્યવસ્થા માટે શ્રી. ઉપકુલપતિએ મે. ગેનન ડંકરલી એન્ડ કું.ના રૂા. ૧૭૦૨/ના એસ્ટીમેટસ મંજૂર કર્યાના કાર્યને બહાલી આપવી.

૨૫. સુધારેલ પગાર ધોરણ પ્રમાણે સિનિયર ક્લાર્કસ સર્વશ્રી. આર. ડી. ભગત અને એસ. વી. શાસ્ત્રીનું પગાર ધોરણ રૂા. ૧૦૦-૮-૧૪૦-ઈ.બી.-૧૦-૨૦૦ થયું હોઈ તેઓને હવે પછી આપવાના વાર્ષિક વધારામાં એફીસીયન્સી બાર ઓળંગવા માટે પરવાનગી આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી. આર. ડી. ભગત અને એસ. વી. શાસ્ત્રીને તેમને માટેના પગારધોરણમાં રૂા. ૧૪૦ પછી આવતો 'ઈ.બી.' ઓળંગવા માટેની પરવાનગી આપવાની રજિસ્ટ્રારની ભલામણ મંજૂર રાખવી.

૨૬. સને ૧૯૫૭-૫૮ના વર્ષમાં અંદાજ કરતાં થયેલ વધુ ખર્ચને મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭-૫૮ના વર્ષમાં અંદાજ કરતાં થયેલ વધુ ખર્ચને મંજૂર કરવો. (જે મથાળા હેઠળ વધુ ખર્ચ થયો છે તેની યાદી અને ખુલાસાની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

(**નોંધ:** મંજૂર થયેલ અંદાજ કરતાં વધુ ખર્ચ પરવાનગી લીધા વગર ન થાય તે માટે તકેદારી રાખવામાં આવે તથા ખર્ચની કોઈ બાબત રજૂ કરવામાં આવે તેની સાથે એ હકીકત રજૂ કરવાની પ્રથા પાડવી કે, અમુક રૂપિયા ખર્ચ થશે અને તે માટે બજેટના અમુક ખાતામાં તેની જોગવાઈ છે, તેમાં તે પાડવામાં આવશે.)

૨૭. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને બીજી બી. એ. એમ. એસ. સુધીના અભ્યાસ-ક્રમો શીખવવા અંગે માગેલા જોડાણ બાબતમાં મુંબઈ સરકારે યુનિવર્સિટીના જોડાણની શરતોના પાલન બાબતના રિપોર્ટ વગર પ્રસિદ્ધ કરેલા જાહેરનામા અંગે પૂછાવતાં મુંબઈ સરકારનો આવેલ જવાબ.

જાણ માટે મૂકવામાં આવેલી મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૨૮. ડૉ. એન. જે મોદી, શ્રી. વસંત જે. મોદી, શ્રી. રમાકાન્ત જે. મોદી અને શ્રી. કુસુમ જે. મોદી તરફથી બીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં "ફોરેન્સિક મેડિસિન અને ટોકસીકોલોજી" વિષયમાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ઇનામ અથવા સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂા. ૫,૦૦ ની દેણગી આપવાની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એન. જે. મોદી, શ્રી. વસંત જે. મોદી, શ્રી. રમાકાંત જે. મોદી અને શ્રી. કુસુમ જે. મોદી તરફથી બીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ફોરેન્સિક મેડિસિન અને ટોકસીકોલાજીના વિષયમાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂા. ૫,૦૦૦ની દેણગીનો સાભાર સ્વીકાર કરવો.

૨૯. યુનિવર્સિટીના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં એકઠી થતી રકમ નેશનલ પ્લાન સેવિંગ સર્ટિફીકેટસમાં રોકવાની વિનંતી કરતા મુંબઈ રાજયના ડાયરેકટર આફ એજયુકેશનના તા. ૧૪-૧૦-૫૮ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં એકઠી થતી રકમમાંથી રૂા. એક લાખની રકમ સુધીનું રોકાણ નેશનલ પ્લાન સેવિંગ સર્ટિફિકેટસમાં કરવા માટે મંજૂરી આપવી તથા તે રોકાણ કરવા માટે શ્રી. ઉપકુલપતિ અને શ્રી. મહામાત્રને સત્તા આપવી.

૩૦. સ્થાનિક કોલેજોના આચાર્યોની તા. ૨૩-૯-૫૮ના રોજ મળેલી અધિસરની સભામાં નક્કી કર્યા મુજબ આગામી યુનિવર્સિટી સપ્તાહ તા. ૨૨ થી ૨૬ ડિસેમ્બર ૧૯૫૮ સુધી ઉજવવાનું હોઇ તેમજ તે અંગે બહારગામની કોલેજોને દર વર્ષની માફક જયાં એક કોલેજ હોય ત્યાં રૂા. ૫૦ તથા એકથી વધુ હોય ત્યાં રૂા. ૧૦૦ ની આર્થિક સહાય આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી યુનિવર્સિટી સપ્તાહની ઉજવણી પેટે બહારગામની કૉલેજોને, દર વર્ષની માફક, જયાં એક કૉલેજ હોય ત્યાં રૂા. ૫૦ તથા એકથી વધુ કૉલેજ હોય, ત્યાં રૂા. ૧૦૦ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરવું.

૩૧. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૭-૯-૧૯૫૮ ના રોજ મળેલી સભામાં કરેલી નીચે મુજબની બાબત.

"ત્યારબાદ ઇન્ટર સાયન્સની પરીક્ષાના પ્રશ્નપત્રો અંગેની ફૂટની બાબતમાં આગળ તપાસ કરવા માટે ગઇ સભામાં રૂબરૂ મળવા બોલાવેલા નીચેનાઓને રૂબરૂમાં પૂછપરછ કરી જરૂરી માહિતી મેળવી હતી:

૧. શ્રી. એમ. એમ. દેસાઇ —ફૂટ બાબત ખબર આપનાર.
૨. શ્રી. ઈ. એમ. બલસારા —પ્રાશ્નિક— ફિઝિકસ
૩. શ્રી. વી. એમ. ઠાકોર —પ્રાશ્નિક--કેમિસ્ટ્રી
૪. શ્રી. જી. એસ. પટેલ —પરીક્ષક—કેમિસ્ટ્રી (પ્રાયોગિક)

શ્રી. એચ. વી. વસા તથા શ્રી. કે. એ. ઠાકર આવી શકયા ન હતા.

આ પછી સમિતિએ ચર્ચા-વિચારણા બાદ ઠરાવ્યું કે, આ તપાસમાં આગળ હવે કોઇને વધુ પૂછપરછ કરવા માટે બોલાવવાની જરૂર લાગતી નથી

આ તપાસ અંગેનો છેવટનો રિપોર્ટ તૈયાર કરવાનું કામ આવતી બેઠક પર રાખવું.

આ મુલાકાતો પૂરી થયા બાદ, આ તપાસનો એક મુદ્દો ચર્ચીને તે વિષે એવો મત બાંધવામાં આવ્યો કે, જે કોઇ પરીક્ષા માટેનો પ્રાશ્નિક અને અથવા પરીક્ષક તે પરીક્ષાના કોઇ વિદ્યાર્થીનું કોચિંગ-કામ કોઇ રીતે કરતો માલૂમ પડે તો તે પરથી એણે પ્રશ્નપત્રના પોતાના જ્ઞાનનો ગેરલાભ તે વિદ્યાર્થીને આપ્યો એમ આપોઆપ માનવાનું થાય છે અને તે જ રીતે સામેથી તે વિદ્યાર્થીને પણ ગેરલાભ મેળવ્યાના છાંટા જાણે અજાણ્યે ઉડે છે, અને તેટલે અંશે તે પણ દોષિત ઠરે છે.

ઇન્ટર સાયન્સની પરીક્ષામાં આ પ્રકારના વિદ્યાર્થીના કેસ પણ સમિતિની તપાસમાં અમુકરીતે જાણવામાં આવ્યા છે. પરંતુ સમિતિ તેમને સજા કરવાની ભલામણ સિન્ડિકેટને કરવા ઇચ્છતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૭-૯-૫૮ની સભામાં કરેલી ઉપરની ભલામણો સાથે સિન્ડિકેટ સંમત છે.

૩૨. સમાજ વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સ શ્રી. આર. સી. પરીખ છૂટા થયા હોઇ તેમને તેમના ખાતે જમા થયેલું પ્રોવિડન્ટ ફંડ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટીક્સ તરીકેના હોદ્દા પરથી છૂટા થયેલા શ્રી. આર. સી. પરીખને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ તેમના ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ આપવી.

૩૩. ડૉ. વિક્રમ સારાભાઈ મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, અમેરિકાના વિઝિટીંગ પ્રોફેસર તરીકે ગયા હોઈ તેમની લગભગ સાડાત્રણ માસની ગેરહાજરી અંગે તેમણે લખેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર બાબતની નોંધ લેવી.

૩૪. તા. ૧૩મી નવેમ્બર થી તા. ૧૬મી નવેમ્બર ૧૯૫૮ સુધી નાગપુર ખાતે ભરાનાર ઑલ ઇન્ડિયા ફિઝિકલ એજ્યુકેશન કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને મોકલવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૫. નવયુગ એજ્યુકેશન સોસાયટી, પોરબંદર તરફથી પોરબંદર ખાતે નવી આર્ટ્સ કૉલેજ સાથે કોમર્સ વિભાગ શરૂ કરવા માટે આવેલી અરજી ઉપરથી સ્થાનિક તપાસસમિતિ ઉપર પ્રિન્સિ. ડી. આર. સામન્તની વધારાની નિમણૂંક કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૬. શ્રી. બી.સી. શાહનો એમ.એસસી. કેમિસ્ટ્રી માટેનો મહાનિબંધ રેફરીઓ તરફથી સ્વીકારાયો હોવાથી તેમને તે પદવી માટે ઉતીર્ણ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ મહામાત્રને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીએ મહામાત્રને આપેલ પરવાનગીની નોંધ લેવી.

૩૭. ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવવા માટે હજુ લગભગ ૯૦૦ અરજીઓ હોવાથી તેની મુદત તા. ૩૧-૧૨-૫૮ સુધી લંબાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવવા માટેની મુદત તા. ૩૧-૧૨-૫૮ સુધી લંબાવવી.

૩૮. ૧૯૫૯ની સાલ માટે રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૯ની સાલ માટે આ સાથે જોડેલા પરિશિષ્ટમાં જણાવેલી રજાઓ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ રજાઓની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૯. એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારી ખાતે ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં નીચે જણાવેલ માન્ય અનુસ્નાતક શિક્ષક અને/અથવા તેમના મદદનીશે તા. ૧૫-૯-૫૭ અને તા. ૨૨-૯-૫૭ના રોજ વ્યાખ્યાનો આપ્યાં ન હતાં, પરંતુ તેઓ હાજર રહ્યા હોઈ તેમને મુસાફરી ભથ્થું અને રહેઠાણ ભથ્થું આપેલાં છે તે અંગે નવસારી કોલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર ફક્ત મુસાફરી ભથ્થું મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(**નોંધ**:-આચાર્ય તેમના પત્રમાં જણાવે છે કે, તા. ૧૫-૯-૫૭ના રોજ તેમની કોલેજનો વિદ્યાર્થી કુવી જવાથી અવસાન પામેલો જેના લીધે કોલેજે તેનું કામકાજ બંધ રાખેલું અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓને તેની ખબર આપવા પૂરતો સમય ન હતો. તા. ૨૨-૯-૫૭ના રોજ ફિલોસોફીનું વ્યાખ્યાન હતું જેમાં ફક્ત એક જ વિદ્યાર્થી હોઈ અને તે ગેરહાજર હોઈ વ્યાખ્યાતા વ્યાખ્યાન આપ્યા સિવાય પાછા ગયેલા.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૦. ૧૯૫૯ના વર્ષ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂંક કરવા માટેની ભલામણો કરવા માટે જુદી જુદી ફેકલ્ટીઓની એકઝામિનેશન્સ કમિટીઓમાં ઓ. ૬૭ મુજબ સિન્ડિકેટ તરફથી બબ્બે સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**:-૧૯૫૮ની પરીક્ષાઓ માટે એકઝામિનેશન્સ કમિટીમાં નીચેના સભ્યો સિન્ડિકેટ તરફથી નીમવામાં આવ્યા હતા.

૧.	આર્ટ્સ ફેકલ્ટી :	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. ઉમાશંકર જોશી
૨.	સાયન્સ ફેકલ્ટી :	૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક ૨. શ્રી. એસ. એમ. શાહ
૩.	ટેકનોલોજી ઇન્કલ્યૂડિંગ એન્જિનિયરીંગ ફેકલ્ટી :	૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક ૨. ડૉ. વિક્રમ સારાભાઈ

૪. લૉ ફેકલ્ટી : ૧. પ્રિન્સિ. એમ. એમ. હાકોર
૨. શ્રી. બિહારીલાલ પી. શાહ

૫. મેડિકલ ફેકલ્ટી : ૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૨. ડૉ. ભાસ્કર આર. પટેલ

૬. કૉમર્સ ફેકલ્ટી : ૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૨. શ્રી. એસ. એમ. શાહ

૭. આયુર્વેદિક મેડિસિનની ફેકલ્ટી : ૧. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા એકેડેમિક કાઉન્સિલ તે અંગેની તેની કામગીરી કરી લે ત્યાર પછીની સિન્ડિકેટની બેઠકમાં કરવાનું રાખવું.

૪૧. તા. ૭--૧૧--૧૯૫૮ ના રોજ મળેલી ફાઈનેન્સ કમિટીની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૧૧-૫૮ના રોજ મળેલી ફાઈનેન્સ કમિટિની નોંધને મંજૂર કરવી.

(નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

આ પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચે જણાવેલી બાબતો નં. ૪૨, ૪૩, અને ૪૪ રજૂ કરવામાં આવી.

૪૨. આસિટન્ટ લાયબ્રેરિયન શ્રી. પી. એફ. પટેલની એમ. એ. ની પરીક્ષામાં બેસવા દેવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-શ્રી. પટેલની ચાર ટર્મ્સ ભરાએલ છે અને માત્ર પરીક્ષામાં જ બેસવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મદદનીશ ગ્રન્થપાલ શ્રી. પી. એફ. પટેલને વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈને એમ.એ.ની પરીક્ષામાં બેસવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી.

૪૩. "ધી એસોસિયેશન ઑફ પેડિએટ્રીસીઅન્સ ઑફ ઇન્ડિયા" ની જયપુર ખાતે તા. ૧૮ થી ૨૧ જાન્યુઆરી, ૧૯૫૯ સુધી મળનાર વાર્ષિક બેઠકમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-પ્રતિનિધિ ફીના રૂા. ૨૦ અને જમવાના રૂા. ૫ થશે એમ પત્રમાં જણાવાયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર એસોસિયેશનની આગામી વાર્ષિક બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવાની જરૂર લાગતી નથી છતાં જો ડૉ. સોમાભાઈ એચ. પટેલ તે તરીકે તે બેઠકમાં જવા ઇચ્છા બતાવે ને તેમને ખર્ચે જવા તૈયાર હોય તો વાઇસચાન્સેલરે તેમને તે બેઠકમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકેનો અધિકારપત્ર આપવો.

૪૪. "ધી એસોસિયેશન ઑફ ફિઝીશિયન્સ ઑફ ઇન્ડિયા" ની જયપુર ખાતે તા. ૧૮ થી ૨૧ જાન્યુઆરી ૧૯૫૯ સુધી મળનાર વાર્ષિક બેઠકમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજદૂર એસોસિયેશનની આગામી વાર્ષિક બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ભાસ્કર પટેલને મોકલવા.

તે પછી સભાનું કામકાજનું પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

નં. સિ./૧૨૧૪૫૦-૬૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૯-૧૧-૧૯૫૮.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૧૦

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની છઠ્ઠી બેઠક યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર તા. ૬-૧૦-૫૮ ના રોજ સાંજના ૩-૩૦ કલાકે મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૨.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૩.	શ્રી. ઉમાશંકર જોશી	ગેરહાજર

આ સભાનું પ્રમુખસ્થાન પ્રિન્સિપલ એસ. વી. દેસાઇએ લીધું હતું.

૧. સને ૧૯૫૭-૫૮ ના વર્ષ માટે વી. એસ. જનરલ હોસ્પિટલના ડૉ. એ. જે. પરીખને આપવામાં આવેલી દક્ષિણા ફેલોશિપ આ વર્ષે ચાલુ રાખવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગયે વર્ષે ડૉ. એ. જે. પરીખને આપવામાં આવેલી દક્ષિણા ફેલોશિપ ચાલુ વર્ષે ચાલુ રાખવા.

૨. ચાલુ વર્ષ માટે માસિક રૂા. ૬૦ ની બાકીની સાત દક્ષિણા ફેલોશિપ કોને આપવી તે નક્કી કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ચાલુ વર્ષ માટે દક્ષિણા ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને આપવી.

૧.	શ્રી. એચ. બી. બક્ષી,	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ. જુનિયર એમ.એસસી. કેમિસ્ટ્રી.
૨.	શ્રીમતી એસ. આર. ભાઉનિક,	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ. જુનિયર એમ.એસસી. કેમિસ્ટ્રી.
૩.	શ્રી. એમ. એમ. પટેલ,	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ. જુનિયર એમ.એસસી. કેમિસ્ટ્રી.
૪.	શ્રી. એ. બી. વાસા,	શામળદાસ કૉલેજ, ભાવનગર. જુનિયર એમ. એસસી. મેથેમેટિક્સ ગ્રૂપ "એ"
૫.	શ્રી. સી. આર. શાહ,	ગુજરાત કૉલેજ, અમદાવાદ. જુનિયર એમ.એ. હિસ્ટરી "એ" અને "બી"
૬.	શ્રી. જે. બી. ત્રિવેદી,	સર એલ એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ. જુનિયર એલએલ.એમ.

આ ઉપરાંત શ્રી. સી. એન. દેસાઈ અને શ્રી. સી. બી. ગેમાયતને પૂછાવવું કે, તેઓ નોકરી કરતા હોય તો તે છોડીને માસિક રૂા. ૬૦ ની દક્ષિણા ફેલોશિપ સ્વીકારવા તૈયાર છે કે કેમ. તેનો જવાબ આવેથી ગુણાંક પ્રમાણે બાકીની એક ફેલોશિપ પૂરવી. ચાલુ વર્ષે યુનિવર્સિટીના ભવનોમાંથી કોઈ અરજી આવેલ નથી એટલે ભવનના વિદ્યાર્થીને દક્ષિણા ફેલોશિપ આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી આપવામાં આવનારી સાયન્સ, ટેક્નોલોજી અને એન્જિનિયરીંગના વિષયોમાં સંશોધન દ્વારા અનુસ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થી માટેની આવેલી શિષ્યવૃત્તિઓ માટે અરજીઓ પર વિચારણા કરી કમિશનને નામોની ભલામણ કરવા બાબત.

આથી આ અરજીઓ તા. ૨૨-૯-૫૮ સુધીમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પહોંચવાની હોવાથી ઉપકુલપતિશ્રીની પરવાનગીથી અરજીઓ કાર્યાલયે મોકલી આપ્યા બાબતની આ સમિતિ નોંધ લે છે.

૪. ચાલુ વર્ષ માટે માસિક રૂા. ૧૦૦ ની એક એવી દસ પીએચ.ડી. ની પદવી માટેના વિદ્યાર્થીઓ માટેની સંશોધન શિષ્યવૃત્તિ કોને આપવી તે નક્કી કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, માસિક રૂા. ૧૦૦ ની એક શિષ્યવૃત્તિ આવેલ અરજીઓમાંથી શ્રી. હાકોરભાઈ ખંડુભાઈ મહેતા—એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ કેમિસ્ટ્રી વિષય ને આપવી.

કુમારી સુધા કે. પરીખનો રિપોર્ટ સંતોષકારક આવેલ નથી તેમજ બીજા વિદ્યાર્થીઓએ તેમની પ્રથમ ડીગ્રી પરીક્ષા પાસ વર્ગમાં કરેલ હોવાથી આ શિષ્યવૃત્તિ માટે લાયક નથી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. ૧૦૩૭૬૪—૬—૧૯૫૮
અમદાવાદ-૯, તા. ૧૩-૧૦-૫૮.

જ. મં. મહેતા
રજિસ્ટ્રારવતી

પરિશિષ્ટ "અ"
કામકાજ નં. ૨૩

AGREEMENT MADE this day of 195 .

between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the "Employers" (which expression shall wherever the context so requires or admits include their successors and assignee) of the one part and Dhamanmal Mulchand Asarpota and Laxmichand Dhamanmal Asarpota both Hindu Residents of Ahmedabad and both carrying on business as Architects under the name of Messrs. Asarpota & Asarpota at Lal Darwaja, Ahmedabad. hereinafter referred to as "The Architects" (which expression shall wherever the context so requires or admits include their respective heirs, executors administrators and assignees) of the other part.

WHEREAS the Employers are desirous for construction of building for the University Press hereafter referred to as "The Building", of obtaining the services of the Architects to get the building contructed and whereas the Architects have agreed to serve the Employers as Architects on the terms and conditions hereinafter set out.

NOW THEREFORE THIS AGREEMENT WITNESSETH AND THE EMPLOYERS DO hereby agree with the Architects :-

(1) That they, the Employers will pay to the Architects a sum equalling two and half percent on the actual value of the work carried out by the Contractor and certified by the Architects, for their services as Architects. The amount payable to the Architects as aforesaid shall be paid to them from time to time as the work proceeds on the value of the Architects' Certificates issued in favour of the Building Contractors.

And the Architects do in consideration of the covenant aforesaid hereby undertake and agree with the Employers.

(2) That they, the Architects and each of them shall personally take all instructions, prepare preliminary plans, final and detailed plans, a Bill of Quantities, prepare requirements of steel and cement, assist to obtain the N.A. permission, advise to prepare necessary tender forms, specifications and conditions of Contract for the perpose of obtaining tenders and advise on all tenders and in the preparation of all contracts, select and instruct consultants, furnish to all Contractors and the Employers all copies of plans, Specifications and Conditions, render all services in the Constuction of the Building, measure, check, materials, workmanship, value and issue all certificates for payments and pass and certify all accounts and generally perform each and all duties whatsoever as Architects incidential to the carrying out and completion of the building without any extra charge whatever and shall be responsible for seeing that the completed Building is handed over to the satisfaction of the Vice-Chancellor of the Gujarat University in Ahmedabad.

(3) The Architects shall prepare the plans and estimates for minor alterations and variations in the work to be carried out aud he shall advise the Employers for settling the rates of extra items

AND it is hereby mutually agreed between parties :–

(1) That the Architects have authority to give such orders on behalf of the Employers as are necessitated in the Employers' interests by constructional emergencies without increasing any cost of the Employers and in accordance with the conditions of the Contract.

(2) That the Architects are empowered to make such deviations, alterations, additions and omissions as they may reasonably consider desirable in the Employers' interests in carrying out the works provided that no addition to the cost of the contract is caused thereby, and with the permission of the Employers.

(3) That all drawings specifications and documents prepared by the Architects shall remain their property, the copyright in the same being reserved to them.

(4) The Architects shall supply two copies of the final plans when the building is completed.

And it is further agreed that this engagement may be terminated by either party by giving one month's notice.

In witness the parties hereto have hereunto set their hands the day and year first above written.

Signed by :

On behalf of the Gujarat University

in the presence of :–

1.

2.

Signed by :–

For ASARPOTA & ASARPOTA
Chartered Architects, Ahmedabad.

in the presence of :–

1.

2.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૨૬

રિવાઇઝડ અંદાજ કરતાં વધુ ખર્ચ થયેલ હોય તેવા ખાતાઓની યાદી અને ખુલાસા:

વર્ષ : ૧૯૫૭-૫૮.

	રિવાઈઝડ અંદાજ		એકચ્યુઅલ્સ		વધારો		ખુલાસો
	રૂ.	ન.પૈ.	રૂ.	ન.પૈ.	રૂ.	ન.પૈ.	
૧	૨		૩		૪		૫
જનરલ ફંડ એકાઉન્ટસ:							
પરીક્ષા ખર્ચ:							
પરીક્ષકોના મહેનતાણા ખર્ચના—એન્જિનિયરીંગ પરીક્ષા.	૨૨૦૦૦	૦૦	૨૩૩૯૨	૨૭	૧૩૯૨	૨૭	પરીક્ષા ખર્ચના આ ત્રણ પેટા મથાળે ખર્ચનો વધારો છે. પ્રી-યુનિવર્સિટી યુનિવર્સિટીએ પ્રથમવાર લીધી તેથી કે અંગેનો પરીક્ષા ખર્ચ પ્રથમવાર અંદાજવામાં આવેલ ઉપરાંત પરીક્ષા માટે નવા સેન્ટરો પણ ઉભેરાયા. એ બધું જોતાં આ ખર્ચ વધવા પામ્યો છે. પરીક્ષા ખર્ચ નામના મુખ્ય મથાળે એકંદરે ખર્ચનો બચાવ છે.
પરીક્ષા દેખરેખ ખર્ચ	૫૦૦૦૦	૦૦	૫૫૮૪૪	૨૫	૫૮૪૪	૨૫	
પરીક્ષાનું પરચુરણ ખર્ચ	૪૫૦૦૦	૦૦	૪૭૨૬૨	૪૪	૨૨૬૨	૪૪	
મુસાફરી ભથ્થાં:							
ડેલીગેટ્સ ફી તથા ડેલીગેટ તરીકે જવા-આવવાના મુસાફરી ભથ્થાં.	૬૦૦૦	૦૦	૭૦૮૪	૦૭	૧૦૮૪	૦૭	સિન્ડિકેટે મંજૂરી આપ્યા પ્રમાણે યુનિવર્સિટીએ ડેલીગેટો મોકલ્યા. તેમના મુસાફરી ભથ્થાંના બીલો ચૂકવતાં રૂ. ૧૦૮૪-૦૭નો વધુ ખર્ચ થવા પામ્યો. આ પેટા મથાળે ખર્ચનો વધારો છે પણ મુસાફરી ભથ્થાં નામના મુખ્ય મથાળે એકંદરે રૂ. ૬૮૭૫-૬૫ ની બચત છે.
નાગરિક તાલીમપ્રવૃત્તિ વિભાગ:							
એસ્ટાબ્લીશમેન્ટ પગારખર્ચ	૪૮૦૦	૦૦	૪૬૪૦	૩૩	૪૦	૩૩	ખર્ચનો વધારો સામાન્ય છે. મુખ્ય મથાળે બચત છે.
એસ્ટાબ્લીશમેન્ટ મોંઘવારી તથા બીજાં ભથ્થાં.	૨૫૦૦	૦૦	૨૫૧૬	૪૩	૧૬	૪૩	

યુનિ. પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ:				
યુનિ. બુલેટીન તથા જર્નલ.	૨૫૦૦-૦૦	૨૫૨૩-૦૩	૨૩-૦૩	આ પેટા મથાળે ખર્ચનો વધારો સામાન્ય છે. મુખ્ય મથાળે બચત છે.
બીજાં કાર્યાલય ખર્ચ :				
ફરનીચર-ઇકવીપમેન્ટ નવું	૧૨૦૦૦-૦૦	૧૫૧૪૩-૭૩	૩૧૪૩-૭૩	ચાલુ વર્ષ દરમિયાન યુનિવર્સિટી કેન્ટીન શરૂ કરી તેના ફરનીચર માટે રૂા. ૩૭૬૦-૮૦નો ખર્ચ થયો તે આ મથાળામાં પડ્યો તેથી ખર્ચનો વધારો થવા પામ્યો છે. બીજાં કાર્યાલય ખર્ચ નામના મુખ્ય મથાળે રૂા. ૧૨૮૯૯-૮૨ની બચત છે.
યુનિ. એસ્ટેટ :				
બિલ્ડીંગ્ઝ તથા ફરનીચરનું ઘસારા ખર્ચ :	૪૦૧૦૦-૦૦	૪૪૦૦૬-૮૬	૩૯૦૬-૮૬	બિલ્ડીંગ્ઝ અને ફરનીચર ઉપર મુકરર દરે ઘસારા ખર્ચની જોગવાઈ કરી ઘસારા ફંડ ખાતે જમા લેતાં અંદાજેલી રકમ કરતાં રૂા. ૩૯૦૬-૮૬ની વધુ જોગવાઈ કરવી પડી તેથી.
યુનિ. હોસ્ટેલ્સ :				
વિમા ખર્ચ :	૭૫૦-૦૦	૮૧૭-૦૦	૬૭-૦૦	ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટ તરફથી હૉસ્ટેલો ટ્રાન્સફર થઈ યુનિવર્સિટીને મળી તે મકાનો તથા ફરનીચર વિ. ઉપર વિમા અંગે જોગવાઈ કરતાં રૂા ૬૭ થી ખર્ચ વધવા પામ્યો છે.
યુનિ. પ્રેસ :				
ટેમ્પરરી નિમણૂંકો.	૫૦૦૦-૦૦	૫૨૫૮-૫૧	૨૫૮-૫૧	ચાલુ વર્ષે પ્રેસ શરૂ કર્યું. કાયમી સ્ટાફની નિમણૂંક મોડી થવાથી તે ખાતે બચત થવા પામી છે. જ્યારે ટેમ્પરરી સ્ટાફના પગાર વિ.માં અંદાજેલી રકમ કરતાં રૂા. ૨૫૮-૫૧ વધવા પામ્યા છે.

ટાઈપ, મેટલ વિ.	૧૬૦૦૦-૦૦	૧૬૧૫૪-૩૯	૧૫૪-૩૯	જયપુર ખાતેથી પ્રેસની મશીનરી તથા સામાન ખરીદયો તેમાં વધારે પડતા ટાઈપો હિન્દીના હતા. તેને વેચી બદલીમાં ગુજરાતી ટાઈપો ખરીદયા. તેથી અંદાજેલી રકમ કરતાં રૂા. ૧૫૪-૩૯નો વધુ ખર્ચ થવા પામ્યો છે.
ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી એકાઉન્ટસ:				
વિમા ખર્ચ:	૧૫૦૦-૦૦	૧૬૫૨-૬૦	૧૫૨-૫૦	લાયબ્રેરી ફરનીચરનો તેની પૂરેપૂરી કિંમત પ્રમાણે આગના વિમાની જોગવાઈ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે. લાયબ્રેરી એકાઉન્ટસના બીજા બધા ખાતાઓમાં બચત છે.
સમાજ વિદ્યાભવન એકાઉન્ટસ:				
વિઝીટીંગ પ્રોફેસરોને લેકચર્સ અંગેના ઓનરેરિયમ તથા મુસાફરી ભથ્થાં:	૧૨૦૦-૦૦	૧૨૦૫-૦૦	૫-૦૦	જણાવેલા મથાળે ખર્ચનો વધારો સામાન્ય છે. કુલ ખર્ચ રૂા. ૧૮૪૭૭૨ સામે એકંદર ખર્ચનો વધારો રૂા. ૫૬૧-૦૨ નો છે.
સ્ટેશનરી અને છપામણી:	૧૦૦૦-૦૦	૧૦૨૩-૨૭	૨૩-૨૭	
ટપાલ ખર્ચ:	૨૫૦-૦૦	૨૮૪-૯૬	૩૪-૯૬	
કન્ટીન્જન્ટ ખર્ચ:	૨૫૦૦-૦૦	૨૭૬૫-૨૬	૨૬૫-૨૬	
વિમા ખર્ચ:	૫૦૦-૦૦	૫૯૯-૦૦	૯૯-૦૦	
બસારા ખર્ચ	૫૦૦૦-૦૦	૫૧૩૩-૫૩	૧૩૩-૫૩	
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન એકાઉન્ટસ:				
બસારા ખર્ચ:	—	૩૬૪-૪૨	૩૬૪-૪૨	ફરનીચરની ખરીદીના પાંચ ટકા પ્રમાણે બસારા ખર્ચની જોગવાઈ કરી બસારા ફંડ ખાતે જમા લીધા તેના.
મનોવિજ્ઞાન ભવન:				
સ્ટેશનરી અને છપામણી:	૨૫૦-૦૦	૨૫૭-૯૯	૭-૯૯	આ મથાળે ખર્ચનો વધારો નજીવો છે. એકંદરે બીજા બધા મથાળે બચત છે.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૩૮

સને ૧૯૫૯ના વર્ષના તહેવારોની યાદી

૧.	નવું વર્ષ	૧ જાન્યુઆરી	૧૯૫૯	ગુરૂવાર
૨.	પ્રજાસત્તાક દિન	૨૬ જાન્યુઆરી	૧૯૫૯	સોમવાર
૩.	મહાશિવરાત્રી	૭ માર્ચ	૧૯૫૯	શનિવાર
૪.	જમશેદજી નવરોઝ	૨૧ માર્ચ	૧૯૫૯	શનિવાર
૫.	ધૂળેટી	૨૫ માર્ચ	૧૯૫૯	બુધવાર
૬.	ગુડ ફ્રાઈડે	૨૭ માર્ચ	૧૯૫૯	શુક્રવાર
૭.	ગુડીપડવો	૯ એપ્રિલ	૧૯૫૯	ગુરૂવાર
૮.	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	૧૦ એપ્રિલ	૧૯૫૯	શુક્રવાર
૯.	રામનવમી	૧૭ એપ્રિલ	૧૯૫૯	શુક્રવાર
૧૦.	મહાવીર જયંતિ	૨૧ એપ્રિલ	૧૯૫૯	મંગળવાર
૧૧.	શિવાજી જયંતિ	૯ મે	૧૯૫૯	શનિવાર
૧૨.	બકરી ઈદ (ઈદ-ઉલ-આઝા)	૧૮ જૂન	૧૯૫૯	ગુરૂવાર
૧૩.	મહોરમ	૧૭ જુલાઈ	૧૯૫૯	શુક્રવાર
૧૪.	તિલક જયંતિ	૧ ઑગસ્ટ	૧૯૫૯	શનિવાર
૧૫.	સ્વાતંત્ર્ય દિન	૧૫ ઑગસ્ટ	૧૯૫૯	શનિવાર
૧૬.	નારીએળી પૂર્ણિમા	૧૮ ઑગસ્ટ	૧૯૫૯	મંગળવાર
૧૭.	ગોકુલાષ્ટમી	૨૭ ઑગસ્ટ	૧૯૫૯	ગુરૂવાર
૧૮.	પારસી નવું વર્ષ	૧ સપ્ટેમ્બર	૧૯૫૯	મંગળવાર
૧૯.	સંવત્સરી	૭ સપ્ટેમ્બર	૧૯૫૯	સોમવાર
૨૦.	ઈદ-એ-મિલાદ	૧૬ સપ્ટેમ્બર	૧૯૫૯	બુધવાર
૨૧.	મહાત્મા ગાંધી જન્મદિવસ	૨ ઑક્ટોબર	૧૯૫૯	શુક્રવાર
૨૨.	દિવાળી	૩૧ ઑક્ટોબર	૧૯૫૯	શનિવાર
૨૩.	યુનિવર્સિટી સ્થાપના દિન	૨૩ નવેમ્બર	૧૯૫૯	સોમવાર
૨૪.	નાતાલ	૨૫ ડિસેમ્બર	૧૯૫૯	શુક્રવાર

નોંધ :- નીચેના તહેવારો રવિવારના દિવસે આવતા હોવાથી રજાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી :

૧. ખોરદાદ સાલ, ૨. ગણેશ ચતુર્થી, ૩. દશેરા, ૪. દિવાળી નવું વર્ષ.

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૪૧

ફાઈનાન્સ કમિટીની તા. ૭-૧૧-૫૮ની સભાની સિન્ડિકેટને ભલામણ :-

૧. યુનિવર્સિટી લાયબ્રેરી માટે સ્ટીલ ફરનીચર ખરીદવા મંગાવેલ ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે પ્રમાણેનું સ્ટીલ ફરનીચર તેની સામે જણાવેલા વેપારીના ભાવ સૌથી ઓછા હોવાથી તેઓ પાસેથી ખરીદવું :-

Particulars :	Requirements :	Name of the Party :	Rate : Rs. np.
1. Double faced blocks – 7-6"X 9'X2'.	8 blocks.	M/s. Office Equipment Co. of India.	1410/- each.
2. Double faced blocks – 7'-6" X 12' X 2'.	2 ,,	-do-	1880/- ,,
3. Single faced block – 7'-6"X12'X1'.	2 ,,	-do-	1020/- ,,
4. ,, ,, ,, – 6'-3"X 9'X1'.	1 block.	,,	735/- ,,
5. -do- – 6'-3"X12'X1'.	1 ,,	,,	980/- ,,
6. Glass door cupboards-2'-9"X4'X1'-7". (Tender was for 2'-11")	16 Nos.	,,	187/- ,,
7. Glass door cupboards-2'-9"X4'X1'.	13 ,,	,,	172/- ,,
8. Double faced block – 6'-3"X9'X2'.	6 blocks.	,,	1290/- ,,
8(a). Cupboards-6'-3" X 6' X 2'.	2 ,,	,,	15480/-
8(b). ,, -6'-3" X12' X 2'.	2 ,,	,,	
8(c). ,, -6'-3" X18' X 12'.	4 ,,	,,	
9. Double faced blocks-5'-9"X9' X 2'.	8 blocks.	-do-	1146/- each
10. ,, ,, ,, -5'-9"X15'X2'.	9 ,,	,,	1910/- ,,
*11. Periodical Racks.-6'-3"X2'-6"X1'.	26 Nos.	Adenwala & Co.	85/- ,,
12. Newspaper racks.-8'-2½"X3'X1'-3".	3 ,,	Jehangir brothers.	96/- ,,
13. Card Index Cabinet- 24 drawers.	3 ,,	Office Equipment Co. of India.	415/- ,,
*14. Cabinet for holding maps	1 No.	Adenwala & Co.	850/- ,,
*15. Filing cabinet with filing folders	2 Nos.	-do-	265/- ,,

*16. Book supporters.	2000.	Baroda Safe Co.	1/-	,,
17. Cupboards–Pegion hole. (23 Pegion holes).	3 Nos.	Jehangir Bros.	348/-	,,

(* One sample should be asked for and then the ramaining order should be given, if the same is found satisfactory.)

૨. લાયબ્રેરી વિંગમાં લીફ્ટ મુકાવવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મે. ઓટીસ ધ્લેવેટર કું- પ્રાઇવેટ લી. પાસેથી લીફ્ટ નંગ ૧ રૂ. ૨૫,૪૫૫ની કિંમતે ખરીદવું

૩. યુનિવર્સિટી કાર્યાલયનો રેકોર્ડ વિ. રાખવા સ્ટીલ રેક્સ ખરીદવા મંગાવેલ ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૧ સ્ટીલ રેક્સો, મે. બરોડા સેઈફ કું. પાસેથી પહેલાં એક નમૂનો મંગાવી પાસ થયે બાકીનો ઓર્ડર આપવાની શરતે ખરીદવા.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૮ ના ડિસેમ્બર માસની સભા, શનિવાર તાઃ ૬-૧૨-૧૯૫૮ ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર,
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર,
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર,
૫.	શ્રી. ખટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર,
૬.	શ્રી. એ. એમ. નાયક	હાજર,
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર,
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૦.	ડૉ. નાનુભાઇ ૨. દેસાઈ	હાજર,
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર,
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઇ	ગેરહાજર,
૧૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૧૪.	પ્રો. ઉમાશંકર જોશી	હાજર,
૧૫.	પ્રિ. એલ. આર. દેસાઇ	હાજર,
૧૬.	પ્રિ. એસ. વી. દેસાઇ	હાજર,
૧૭.	પ્રિ. ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૮.	પ્રિ. ટી. એ. દેસાઇ	હાજર.

૧. તા. ૧૫-૧૧-૫૮ ના રોજ મળેલ સિન્ડિકેટની નવેમ્બર માસની સભાની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૫-૧૧-૧૯૫૮ ના રોજ મળેલી સિન્ડિકેટની નવેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે સહી કરી.

૨. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ તરફથી રાજકોટ ખાતે ચાલતી પી. ડી. માલવીઆ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટને બી. કૉમ. ડીગ્રી માટે ૧. બેન્કીંગ ૨. પબ્લિક ફાઇનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન અને ૩. ટ્રાન્સપોર્ટ માટે વધારાનું જોડાણ આપવા માટે મજકૂર સમાજના મંત્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમવી :

૧. પ્રિ. એસ. વી. દેસાઈ; અને
૨. શ્રી. એ. એમ. નાયક

૩. સિન્ડિકેટની તા. ૭-૯-૫૮ ની સભાના ઠરાવની અન્વયે શ્રી. એસ. એલ. મહેતાને લખતાં તેઓએ "લક્ષ્મીલાલ-ચાંદ્યા સ્કોલરશીપ" માટે આપવા ધારેલ દેણગી ફક્ત ફેકલ્ટી ઑફ સાયન્સ પૂરતી રાખવા જણાવ્યું હોઈ અને બીજા પણ આનુસંગિક ફેરફાર કરવાની સંમતિ આપેલી હોઈ આ દેણગી સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સની વિદ્યાશાખામાં, પ્રથમ ડિગ્રી પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનમાં પેપર અથવા રીસર્ચથી માસ્ટરની ડિગ્રી મેળવવા માટે દાખલ થનાર વિદ્યાર્થીને "લક્ષ્મીલાલ-ચાંદ્યા સ્કોલરશિપ" આપવા માટે શ્રી. એસ. એલ. મહેતાએ આપેલ દેણગીનો સાભાર સ્વીકાર કરવો તથા સેનેટને તેનો રિપોર્ટ કરવો.

૪. બી. એડ. પાર્ટ-૨ ની પરીક્ષા એ. ૧૨૯ મુજબ ફેબ્રુઆરી માસના ત્રીજા સોમવારે શરૂ કરવામાં આવે છે તેને બદલે માર્ચ મહિનાના પહેલા સોમવારે શરૂ કરવા અંગે એ. જી. ટિચર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત તથા તે અન્વયે ઑ. ૧૨૯ માં જરૂરી સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. એડ. પાર્ટ ૨ ની પરીક્ષા હવેથી માર્ચ મહિનાના પહેલા સોમવારે શરૂ કરવાનું રાખવું તથા તે મુજબ ઑર્ડિનન્સનો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાશે.

1	2	3	4	5
B.Ed.–Part II	Once	First Monday in March	15th January	Rs. 15/–

સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૫. સને ૧૯૫૯-૬૦ના વર્ષનું બજેટ તૈયાર કરવા માટેની સમિતિ પર સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૯-૬૦ના વર્ષનું યુનિવર્સિટીનું અંદાજપત્રક તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. શ્રી. એસ. એમ. શાહ;
૨. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૩. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ;
૪. ડો. મોતીભાઈ ડી. પટેલ; અને
૫. શ્રી. એ. એમ. નાયક.

૬. ડિસેમ્બરની ૨૨ થી ૨૬ તારીખ સુધી ઉજવાનારા યુનિવર્સિટી સપ્તાહના કાર્યક્રમ અંગેની સમિતિ પર સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે ડિસેમ્બરની તા. ૨૨મીથી ૨૬મી સુધી ઉજવાનારા યુનિવર્સિટી સપ્તાહનો કાર્યક્રમ ઘડવા અને તેનો અમલ કરવા માટે અમદાવાદ વિસ્તારની દરેક કૉલેજ, માન્ય સંસ્થા તથા વિદ્યાભવનોના આચાર્યો/અધ્યક્ષો ઉપરાંત નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. મોતીભાઇ ડી. પટેલ
૨. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ
૩. શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર
૪. શ્રી. જે. એમ. મહેતા, ડેપ્યૂટી રજિસ્ટ્રાર.

૭. સને ૧૯૫૭-૫૮ નો વાર્ષિક હેવાલ તૈયાર કરવા અંગેની સમિતિ પર સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૭-૫૮નો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. શ્રી. હિંમતલાલ પી. શુકલ;
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૩. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ; અને
૪. પ્રોફેસર ઉમાશંકર જોશી.

૮. ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીસ, મુંબઈ ખાતે તા. ૨૧, ૨૨ અને ૨૩ ડિસેમ્બર ૧૯૫૮ના રોજ સોશિયલ વર્ક, એજ્યુકેશન, લૉ, સાયકોલોજી, સોશિયોલોજી વિ.

વિષયોના અધ્યાપકોની યોજવામાં આવનારી વિચારસભા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા સંબંધમાં ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષના તા. ૧૫-૧૧-૫૮ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિચારસભામાં આ યુનિવર્સિટી તરફથી કોઇ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૯. ન્યુ દિલ્હી ખાતે તા. ૧૪ મી ફેબ્રુઆરીથી ૨૧ મી ફેબ્રુઆરી સુધી મળનારી "Sixth International conference on planned Parenthood" માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર કોન્ફરન્સના પ્રમુખ તરફથી આવેલા તા. ૧૦-૧૦-૫૮ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની તા. ૧૩-૨-૧૯૫૯ના રોજ ઉજવાનાર રજત જયંતિમાં ભાગ લેવા માટે સિન્ડિકેટની તા. ૧૫-૧૧-૧૯૫૮ની સભામાં બાબત નં. ૧૮ ઉપરના ઠરાવ પ્રમાણે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડો. મોતીભાઈ ડી. પટેલ અને ડૉ. એન. એચ. દેસાઇને મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે તેમને, તેમની ઇચ્છા હોય તો, મજકૂર પરિષદમાં પણ ભાગ લેવા માટે જણાવવું. અને તેમનો જવાબ આવ્યેથી મજકૂર પરિષદના પ્રણેતાઓને ખબર આપવી.

૧૦. યૂથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાના જયપુર ખાતે તા. ૨૭ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર ૧૯૫૮ સુધી મળનારા ત્રીજા અધિવેશન માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર એસોસિયનના મંત્રી તરફથી આવેલા તારીખ ૭-૧૧-૫૮ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર યૂથ હોસ્ટેલ્સ અસોસિએશન ઓફ ઇન્ડિયાના ત્રીજા અધિવેશન પ્રસંગે આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિઓ મોકલવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી.

૧૧. કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ તરફથી અલિગઢ ખાતે તા. ૨૩, ૨૪, ૨૫ મી ફેબ્રુઆરી ૧૯૫૯ના રોજ યોજાનારી "Microwave Spectroscopy and Nuclear Magnetic Resonance" વિષય ઉપરની વિચારસભા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા સંબંધમાં તે યુનિવર્સિટીએ નીમેલ અહેવાહકના તા. ૪-૧૧-૫૮ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિચારસભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબતમાં ફિઝિકલ રીસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષનો અભિપ્રાય પૂછીને ઘટતું કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને સત્તા આપવી.

૧૨. ઓલ ઇન્ડિયા લેબર ઇકોનોમિકસ કોન્ફરન્સની દ્વિતીય સભા આગ્રા ખાતે તા. ૩૧ ડિસેમ્બર ૧૯૫૮ થી ૨ જી જાન્યુઆરી ૧૯૫૯ સુધી મળનાર હોઈ તે અંગે પ્રતિનિધિઓ મોકલવા અંગે કોન્ફરન્સના મંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજદૂર ઑલ ઇન્ડિયા લેબર ઇકોનોમિક્સ કૉન્ફરન્સના બીજા અધિવેશન પ્રસંગે આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૩. ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ, બેંગલોરના ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ઉજવાનાર સુવર્ણજયંતિ મહોત્સવ પ્રસંગે પ્રતિનિધિને મોકલવા માટેના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ, બેન્ગ્લોરના સુવર્ણજયંતિ મહોત્સવ પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને જવા માટે વિનંતી કરવી અને વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંજોગવશાત્ તેઓશ્રી પોતે જઈ શકે તેમ ન હોય તો બીજા કોઈ પ્રતિનિધિની નિમણૂંક કરવા વાસ્તે તેઓશ્રીને સત્તા આપવી.

૧૪. આપણી યુનિવર્સિટીના ઉપક્રમે મળનારા આગામી ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસના અધિવેશન માટે આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ચાલુ માસમાં મળનાર ઇન્ડિયન ફિલોસોફિકલ કોંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂંક કરવી.

૧. ડૉ. પંઢરીનાથ પ્રભુ
૨. શ્રી. રસિકલાલ છો. પરીખ
૩. પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી
૪. પ્રિ. ડોલરરાય ૨. માંકડ; અને
૫. પ્રોફેસર ઉમાશંકર જોશી

૧૫. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર પ્રો. બી. આર. શેનોયને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સેન્ટ્રલ બોર્ડ ઑફ વર્કસ એજ્યુકેશન ઉપર નીમેલા છે તો તે માટે તેઓને કામ કરવા પરવાનગી આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રોફેસર બી. આર. શેનોયને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પ્રતિનિધિ તરીકે સેન્ટ્રલ બોર્ડ ઑફ વર્કસ એજ્યુકેશન પર કામ કરવા માટે પરવાનગી આપવી.

૧૬. ત્રિવાર્ષિક તપાસ સમિતિના અહેવાલમાં નીચે જણાવેલી બાબત અંગે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યનો જવાબ. [જાણ માટે.]

૧. વર્ગોમાં હાજરીની પ્રથા અંગે.
૨. છાત્રાલયમાં વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગે તથા પ્રચલીત પેટા-ભાડૂતની પ્રથા અંગે.
૩. શેનિટેશન અને પાણીની વ્યવસ્થા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે સર એલ. એ. શાહ લૉ કૉલેજના આચાર્યના જવાબની નોંધ લેવી. (જવાબની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૭. યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓમાં પ્રશ્નપત્રોના પ્રશ્નો પ્રથમ અંગ્રેજીમાં તથા પછી ગુજરાતીમાં છાપવાને બદલે મથાળું તથા દરેક પ્રશ્ન પ્રથમ ગુજરાતીમાં અને તેની નીચે તેનું અંગ્રેજી ભાષાંતર આવે એવી પદ્ધતિ સ્નાતક પરીક્ષાઓ સુધી અપનાવવાના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની હવે પછીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોમાં સ્નાતક પરીક્ષાઓ સુધી પ્રશ્નો પ્રથમ અંગ્રેજીમાં તથા તે પછી તેનું ગુજરાતી ભાષાન્તર છાપવાને બદલે મથાળું તથા દરેક પ્રશ્ન પ્રથમ ગુજરાતીમાં અને તેની નીચે તેનું અંગ્રેજી ભાષાન્તર આવે એવી પદ્ધતિ અપનાવવી.

૧૮. રીસર્ચ આસિસ્ટંટ, રીસર્ચ ફેલો જેવા કક્ષાના કર્મચારીઓને શિક્ષકગણ માટેના કે બીન શિક્ષકગણ માટેના રજાના નિયમો લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રીસર્ચ એસિસ્ટન્ટ, રીસર્ચ ફેલો તથા તેવી કક્ષાના વિદ્યાભવનોના અન્ય કર્મચારીઓને બિન શિક્ષકગણ માટેના રજાના નિયમો લાગુ પાડવા.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૨, ૩-૮-૫૮ ની સભામાં એસ્ટેટ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે નિમણૂક કરેલ શ્રી. એમ. એચ. શાહે આ નિમણૂક સ્વીકારવા અશક્તિ દર્શાવી છે તેની નોંધ લેવા અને તે જગા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એસ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકેની નિમણૂકનો શ્રી. એમ. એચ. શાહે અસ્વીકાર કર્યો છે તેની નોંધ લેવી તથા આ જગા ભરવા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી.

૨૦. શ્રી. સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં પ્રોફેસર ઑફ સાયકોલોજી માટે લાયક વ્યક્તિ મળી શકેલ નહિ હોવાથી શ્રીમતી હર્ષિદા પંડિતની નિમણૂક ચાલુ ટર્મ પૂરતી મંજૂર કરવા પ્રિન્સિપલના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં શ્રીમતી હર્ષિદા પંડિતને સાયકોલોજીના વિષયમાં જરૂરી લાયકાત ધરાવનાર પ્રોફેસરની અવેજીમાં કામ કરવા માટે અપવાદ તરીકે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ પરવાનગી આપવી.

૨૧. ૧૯૫૯ ની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓની તારીખો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯ ની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓ સોમવાર તા. ૯ મી માર્ચ ૧૯૫૯ થી શરૂ કરવાનું રાખવું.

૨૨. આપણી યુનિવર્સિટીના આશ્રયે ડિસેમ્બર માસના અંતમાં મળનારા, ઇન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસના આગામી અધિવેશન માટે આપણી યુનિવર્સિટી તરફથી ગ્રાન્ટ મંજૂર કરવા બાબત.

(**નોંધ :**–આ અંગે રૂા. ૨૦૦૦ ની ગ્રાન્ટ મુંબઈ સરકાર તરફથી મળી છે તેમજ ઇન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસના ૧૯૫૪ માં મળેલા અધિવેશન વખતે વધેલા આશરે રૂા. ૫૦૦ ની રકમ જમા છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે મળી રહેલી ઇન્ડિયન ફિલોસોફિકલ કોંગ્રેસના આગામી અધિવેશન અંગેના ખર્ચ માટે રૂા. ૨,૦૦૦ ની ગ્રાન્ટ મંજૂર કરવી.

૨૩. ૧૯૫૯ માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગે જુદી જુદી ફેકલ્ટી માટેની પરીક્ષા સમિતિઓ પર બા.ા. ૬૭ હેઠળ સિન્ડિકેટના બબ્બે પ્રતિનિધિઓ નીમવા બાબત.

(**નોંધ :**—૧૯૫૮ ની પરીક્ષાઓ માટે જુદી જુદી ફેકલ્ટીઓમાં પરીક્ષા સમિતિ ઉપર નીચેના પ્રતિનિધિઓ સિન્ડિકેટ તરફથી નીમાયા હતા.

૧૯૫૮ માટે તે સમિતિઓ નીચે મુજબ હતી :

	સિન્ડિકેટના સભ્યો :
ફેકલ્ટી ઑફ આર્ટ્સ	૧. શ્રી. ઉમાશંકર
	૨. શ્રી. ઝીણાભાઈ દેસાઈ
ફેકલ્ટી ઑફ સાયન્સ	૧. ડૉ. કે. જી. નાયક
	૨. પ્રો. એસ. એમ. શાહ
ફેકલ્ટી ઑફ ટેકનોલોજી	૧. ડૉ. કે. જી. નાયક
	૨. ડૉ. વિક્રમ સારાભાઈ
ફેકલ્ટી ઑફ લૉ	૧. શ્રી. બિહારીલાલ શાહ
	૨. પ્રિ. એમ. એમ. ત્રાંકાર
ફેકલ્ટી ઑફ મેડિસિન	૧. ડૉ. એમ. ડી. પટેલ
	૨. ડૉ. ભાસ્કર પટેલ
ફેકલ્ટી ઑફ કૉમર્સ	૧. શ્રી. નવનીતલાલ શોધન
	૨. શ્રી. એસ. એમ. શાહ
ફેકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિન	૧. ડૉ. નાનુભાઈ દેસાઈ
	૨. ડૉ. મોતીભાઈ પટેલ)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯ માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી ફેકલ્ટીઓ માટેની પરીક્ષા-સમિતિઓ પર, ઓર્ડિનન્સ ૬૭ હેઠળ નીચે પ્રમાણે વ્યક્તિઓની સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નિમણૂંક કરવી :

૧. **ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લૂડીંગ એજ્યુકેશન :**	૧. પ્રોફેસર ઉમાશંકર જોશી
	૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ આ સમિતિ પર કામ કરવા માટે અશક્ત હોય તો તેમની જગાએ શ્રી. એસ. એમ. શાહની નિમણૂંક કરવી.

૨. ફેકલ્ટી ઑફ સાયન્સ :	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક ૨. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ
૩. ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્ક્લૂડીંગ એન્જિનિયરીંગ :	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક ૨. ડૉ. વિક્રમ સારાભાઈ
૪. ફેકલ્ટી ઑફ લૉ :	૧. શ્રી. બિહારીલાલ પો. શાહ ૨. શ્રી. એ. એમ. નાયક
૫. ફેકલ્ટી ઑફ મેડિસીન :	૧. ડૉ. ભાસ્કર આર. પટેલ ૨. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ
૬. ફેકલ્ટી ઑફ કૉમર્સ :	૧. શ્રી. એસ. એમ. શાહ ૨. શ્રી. એ. એમ. નાયક
૭. ફેકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસીન :	૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ ૨. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ

૨૪. એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-૫૮ ની સભામાં તથા ૧૫-૧૧-૫૮ ની સભામાં કરેલા ઠરાવ અનુસાર સ્ટે. ૧૭૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવા બાબત.

S. 173 : (1) For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts including Education and Commerce, a candidate must have passed the S. S. C. Examination conducted by the S. S. C. Examination Board of the Bomday State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at a higher or lower level) shall be one, provided he obtains in the aggregate atleast 4[illegible]% of the total marks obtainable at that examination.

(2) For admission to the First Year (Pre-University) Class in Science or Diploma in Pharmacy, a candidate must have passed the S. S. C. Examination conducted by the S. S. C. Examination Board of the Bombay State or an examination considered equivlaent thereto in at least seven subjects of which at least three shall be (I) English (at a higher or lower level); (II) Algebra and Geometry; and (III) one subject from amongst the group of subjects of Science, provided he obtains in the aggregate at least 40% of the total number of marks obtainable at that examination.

Note:– This statute shall come into operation from 20th June 1961.

ચર્ચા-વિચારણાને અંતે સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવા માટે હરાવવામાં આવ્યું :

સિન્ડિકેટનો રિપોર્ટ

એકેડેમિક કાઉન્સિલની ભલામણો ઉપર પૂર્ણ વિચારણા કર્યા પછી સ્ટે. ૧૭૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટ સંમત છે.

S. 173 : (1) For Admission to the First Year (Pre–University) Class in the Faculties of Arts including Education and Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at a higher or lower level) shall be one, provided he obtains in the aggregate at least 40% of the total marks obtainable at that examination.

(2) For admission to the First Year (Pre–University) Class in Science or Diploma in Pharmacy, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an examination considered equivalent thereto in at least seven subjects of which at least three shall be (i) English (at a higher or lower level); (ii) Algebra and Geometry; and (iii) one subject from amongst the group of subjects of Science, provided he obtains in the aggregate at least 40% of the total number of marks obtainable at that examination.

Note :–This statute shall come into operation from 20th June 1961.

૨૫. યુનિવર્સિટીના કર્મચારીઓની હક્ક રજા ૧૨૦ દિવસ સુધી જમા થઈ શકે છે તેને બદલે મુંબઈ સરકારે ૧૮૦ દિવસ સુધી તે જમા થઈ શકે એવો સુધારો સરકારી કર્મચારીઓ માટે અપનાવ્યો હોવાથી તે મુજબ યુનિવર્સિટીના રજાના નિયમોમાં સુધારો કરવા બાબત.

(**નોંધ:–** યુનિવર્સિટીના બધા વર્ગના કર્મચારીઓ માટે હક્ક રજા માટે એક જ પ્રકારનો નિયમ છે. જ્યારે મુંબઈ સરકારના પહેલા, બીજા અને ત્રીજા વર્ગના કર્મચારીઓ માટે એક પ્રકારના અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે જુદા નિયમો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓની હક્ક રજા ૧૮૦ દિવસ સુધી જમા થઈ શકે તે પ્રમાણે નિયમમાં ફેરફાર કરવો.

સુધારેલો નિયમ ૩ (૬) નીચે મુજબ વંચાશે :

"3(6) The privilege leave will accumulate upto a period of 180 days."

૨૬. યુનિવર્સિટીના મકાનના પહેલા માળે કેન્ટીનની બાજુની કોટડી પોસ્ટ ખાતાને નોન-ડીલીવરી પોસ્ટ ઓફિસ ખોલવા માટે આપવા અંગે તથા તેનું ભાડું નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના મકાનના પહેલા માળે કેન્ટીનની બાજુનો ખંડ (એટલે કે ખંડ નં. ૧૪) ભારત સરકારના ટપાલખાતાને ટપાલ કચેરી ખોલવા માટે ભાડે આપવો તથા સરકારી ધારાધોરણ અનુસાર ભાડું નક્કી કરવા માટે તથા ઘટતો કરાર કરવા માટે શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબને સત્તા આપવી.

૨૭. ડાયરેક્ટર, ડેક્કન કૉલેજ, પૂનાના સંસ્કૃતની ડીક્ષનેરી માટે થોડાક વર્ષો માટે યોગ્ય ગ્રાન્ટ આપવાની વિનંતી કરતા તા. ૧૩/૧૪-૧૧-૫૮ ના પત્રાંક નં. ૨૦૫-૬૬૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડેક્કન કૉલેજ, પૂનાને સંસ્કૃતનો શબ્દકોષ તૈયાર કરવા વાસ્તે વધુ બે વર્ષ માટે વાર્ષિક રૂા. ૫૦૦ની ગ્રાન્ટ આપવી.

૨૮. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી સ્ટુડન્ટ હેલ્થ સેન્ટરની યોજના માટે એક લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હોવાથી આ યોજના સંબંધી આગળ પગલાં લેવા બાબત તથા તે યોજના અંગે યુનિવર્સિટીને થનારા કુલ રૂા. ૨,૦૨,૯૦૦ના કમિશનની ગ્રાન્ટ સહિતના અંદાજી ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ઉપર આરોગ્ય-કેન્દ્ર ખોલવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂા. એક લાખની ગ્રાન્ટ સહિત કુલ રૂા. ૨,૦૨,૯૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા તે માટે આગળનાં જરૂરી પગલાં લેવા માટે કાર્યાલયને સૂચવવું.

૨૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાન માટે સને. ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે રૂા. ૭૫૦૦૦ નું બજેટ પ્રોવીઝન કરવા બાબત.

(નોંધ:- સને ૧૯૫૭-૫૮ ના વર્ષમાં આ મકાન થઈ જશે તેમ માની ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે કોઈ પ્રોવીઝન કરેલ ન હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે સમાજવિદ્યાભવનના મકાનના બાંધકામ પેટે રૂા. ૭૫,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૩૦. એન. સી. સી. ગ્રાન્ટ માટે સને ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે રૂા. ૧૪૨૦ નું વધારાનું પ્રોવીઝન કરવા બાબત.

(નોંધ:- બજેટમાં રૂા. ૭૦૦૦ નું કરેલું છે; પરંતુ કેડેટની સંખ્યા વધતાં તે યુનિટ દીઠ રૂા. ૨૦૦ અને દરેક કેડેટ દીઠ રૂા. ૨ આપવા હોય તો ઉપરની રકમની જરૂર રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે એન. સી. સી.ના એકમોને ગ્રાન્ટ આપવા માટે રૂા. ૭,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે તે ઉપરાંત વધુ રૂા. ૧૪૨૦ની જોગવાઈ કરવી અને તે માટે કુલ રૂા. ૮,૪૨૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૩૧. યુનિવર્સિટી પ્રેસના ટાઈપ મેટલ માટે સને ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે રૂા. ૧૦,૦૦૦ નું વધારાનું પ્રોવીઝન કરવા બાબત.

(**નોંધ:-** આ વર્ષ માટે રૂા. ૫૦૦૦ નું પ્રોવીઝન છે પરંતુ આપણું પ્રેસ નવું જ હોવાથી વધારે નવા ટાઈપની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના ટાઈપ મેટલ માટે સને ૧૯૫૮-૫૯ના વર્ષમાં હાલ રૂા. ૫,૦૦૦ના અંદાજી ખર્ચની જોગવાઈ છે તે ઉપરાંત રૂા. ૧૦,૦૦૦ ના વધુ અંદાજી ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૩૨. મુંબઈ સરકારે સને ૧૯૫૮-૫૯ ના વર્ષ માટે આપણી યુનિવર્સિટીને રૂા. ૧,૧૯,૨૦૩ ની એડવાન્સ ગ્રાન્ટ મંજૂર કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૩. પ્રિન્સિ. ડી. આર. સામન્ત તા. ૧૩-૮-૫૮ ની બોર્ડ ઑફ સ્પોર્ટસની સભામાં હાજરી આપવા સારુ આવેલા પરંતુ શહેરમાં કરફ્યુ હોઈ સભામાં હાજરી આપ્યા વગર જ સ્ટેશનથી પાછા ફરેલા તેઓએ આ અંગે મુસાફરી ભથ્થું માગેલ છે તો તે બાબત કેસ તરીકે આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૩-૮-૧૯૫૮ના રોજ રાખવામાં આવેલી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભામાં પ્રિન્સિપલ ડી. આર. સામન્ત કર્ફ્યૂના કારણે હાજર રહી શકેલા નહીં, પણ હાજરી આપવા માટે તેમણે પ્રવાસ કરેલો એ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં રાખીને તેમને મજકૂર પ્રવાસ માટે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર મુસાફરીભથ્થું અપવાદ તરીકે આપવું, પરંતુ દૈનિક ભથ્થું આપવું નહિ.

૩૪. નીચેના કર્મચારીઓનો અજમાયસી સમય તેઓના નામ સામે દર્શાવ્યા પ્રમાણે પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા વિચારવા બાબત.

૧.	શ્રી. બી. વી. મહેતા,	જુનિયર કલાર્ક	તા. ૧૩-૧૧-૧૯૫૮
૨.	શ્રી. એસ. એમ. પુરાણી	પટાવાળા	તા. ૧-૧૧-૧૯૫૮
૩.	શ્રી. કાનજી ભલાજી	પટાવાળા	તા. ૧૬-૯-૧૯૫૮
૪.	શ્રી. એસ. આર. જાદવ	પટાવાળા	તા. ૭-૯-૧૯૫૮

(**નોંધ:-** તેમની કામગીરી અંગેનો બાનગી હેવાલ **સભાગૃહ સમક્ષ** રજૂ કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમના નામ સામે જણાવેલી જગા ઉપર અને તારીખથી કાયમ કરવા.

૧.	શ્રી. બી. વી. મહેતા,	જુનિયર કલાર્ક	તા. ૧૩-૧૧-૧૯૫૮
૨.	શ્રી. એસ. એમ. પુરાણી	પટાવાળા	તા. ૧-૧૧-૧૯૫૮
૩.	શ્રી. કાનજી ભલાજી	પટાવાળા	તા. ૧૬-૯-૧૯૫૮
૪.	શ્રી. એસ. આર. જાદવ	પટાવાળા	તા. ૭-૯-૧૯૫૮

૩૫. મનોવિજ્ઞાનભવનમાં કામ કરતા જુનિયર કલાર્ક શ્રી. એ. એન. દેસાઈ રાજીનામું આપી તા. ૨૫-૧૧-૫૮ થી છૂટા થયા હોવાથી તેઓના ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ તેઓને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાનભવનમાંથી જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એ. એન. દેસાઇને ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમને પાછી આપવી.

૩૬. ઓકટોબર ૧૯૫૮ માં લેવાયેલ પરીક્ષાઓ માટે સૂચવાયેલાં શ્રેયાન પર્યવેક્ષકો [સિનિયર સુપરવાઇઝરો] ની નિમણૂકોમાં કરવામાં આવેલા નીચેના ફેરફારોને મંજૂરી આપવા બાબત.

પરીક્ષા	કેન્દ્ર	પર્યવેક્ષક	દિવસ	કારણો
બી. એસસી.	અમદાવાદ	૧. પ્રિ. એમ. એસ. પંડિતને બદલે	૫½	કામ કરવાની અશક્તિ
બી. ફાર્મ. અને લો.		ડૉ. આર. પી. પટેલ	૫½	બતાવી હોવાથી.
		૨. પ્રિ. વાય. જી. નાયકને બદલે	૨	સાડાપાંચ દિવસમાંથી બે
		૩. પ્રો. વી. જી. પંડ્યા	૩½	દિવસ કામ કર્યું તેથી.
મેડિકલ	અમદાવાદ	૧. ડૉ. વાય. એમ. ભેન્ડેને બદલે	૨	કામ કરવાની અશક્તિ
		ડૉ. ઇ. એમ. બેસ્ટ		બતાવી હોવાથી.
બી. ઇ.	અમદાવાદ	૧. પ્રિ. ટી. એ. દેસાઈને બદલે		,,
		૨. પ્રો. પી. એસ. કલવચવાલા	½	
પહેલી બી. એ.	જામનગર	૧. પ્રિ. પી. સી. રક્ષિતને બદલે		નિમણૂંકો મંજૂર નહિ થઈ
એમ. એસ. તથા		૧. પ્રો. એમ. વી. રાજપુરકર		હોવાથી.
પહેલી એમ. બી.		૨. પ્રો. ટી. એમ. જલુંધવાલા		
બી. એસ.				
બી. ઇ.	મોરબી	૧. પ્રિ. એમ. એસ. યાજ્ઞિક		
		૨. પ્રો. કે. ડી. મહેતા	૩½	નિમણૂંકો મંજૂર થઈ નહિ
		૩. પ્રો. એસ. બી. કુમટા	૧½	હોવાથી.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮ના ઓકટોબર માસમાં લેવાયેલી પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂંકોમાં ઉપર મુજબ કરવામાં આવેલા ફેરફારોને મંજૂર કરવા.

૩૭. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ વિષય અને ડીગ્રી માટેના મહાનિબંધો રેફરીઓ તરફથી તે ડીગ્રીઓ માટે સ્વીકારાયા હોવાથી તેમને તે પરીક્ષામાં પાસ થએલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ રજીસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

નામ :	ડીગ્રી :	વિષય :
૧. શ્રી. ઇન્દ્રપ્રસાદ જેઠાલાલ ભટ્ટ	પીએચ. ડી.	ગુજરાતી
૨. શ્રી. મધુસુદન હીરાલાલ પારેખ	,,	,,
૩. શ્રી. પુનમચંદ જેસીંગભાઈ પટ્ટણી	એમ. એસસી.	કેમિસ્ટ્રી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૮. તા. ૧-૧૨-૫૮ના રોજ મળેલ ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧-૧૨-૧૯૫૮ના રોજ મળેલી ફાઇનેન્સ કમિટીની ભલામણ નં. ૧ બાબતમાં શ્રી સમર્થ બુક બાઇન્ડીંગ વર્કસ, શીવાજીમાર્ગ, વડોદરા પાસેથી નમૂનો તથા ભાવ મંગાવીને યુનિવર્સિટી ગ્રન્થાલયનાં પુસ્તકોની બાંધણી (બાઇન્ડીંગ) માટે ઘટતું કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી. ફાઇનેન્સ કમિટીની ભલામણ નં. ૧ નીચે મુજબ છે.

૧. લાયબ્રેરી જર્નલ્સ બાંધવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે કે, લાયબ્રેરીના જર્નલ્સ બાંધવાનું કામ મે. યુનાઇટેડ બુક બાઇન્ડીંગ વર્કસને દરેક જર્નલના રૂા. ૮ ના ભાવે આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મંજૂર ફાઇનેન્સ કમિટીની નીચેની ભલામણો મંજૂર કરવી :

ફાઇનેન્સ કમિટીની ભલામણ નં.-૨.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે નીચે પ્રમાણે કાગળ ખરીદવો :-

					રૂા. ન.પૈ.
૧.	ડેમી. -૨૨॥ -૩૫ -૩૬ રતલી.	૧૦૦	રીમ.	મે. પ્રમોદ પેપર માર્ટ	૧. ૧૫. રતલ
૨.	ન્યુઝ પ્રીન્ટ. -૩૦ -૪૦	૧૦	,,	આર. ઓચ્છવલાલની કું.	૩૪.૦૦
૩.	ટાઇટલ પેપર બ્લ્યુ. ૧૭-૨૭ -૨૧.	૨૫	.,	પ્રમોદ પેપર માર્ટ.	૧.૦૬ રતલ
૪.	,, પીળો. ,, ,,	૨૦	,,	,, ,,	,, ,,
૫.	,, પીળો. ૨૦-૩૦- ૫૬ રતલી.	૨૦	,,	,, ,,	,, ,,
૬.	,, ,, ,, ,,	૧૦	,,	,, ,,	,, ,,

ફાઇનેન્સ કમિટીની ભલામણ નં.-૩.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. બરોડા સેઇફ કું.નો ઓર્ડર રદ કરવો. અને મે. જહાંગીર બ્રધર્સના ભાવ રૂા. ૭૩૨. સૌથી ઓછા હોવાથી ૧૧ બ્લોકનો ઓર્ડર તેઓને આપવો.

ફાઇનેન્સ કમિટીની ભલામણ નં.-૪

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. એડનવાલા એન્ડ કું.નું ફરનીચર લાયબ્રેરીઅનના અભિપ્રાય પ્રમાણે સારું નહિ હોવાથી તે ઓર્ડર રદ કરી એક મેપરેકનો ઓર્ડર રૂા. ૯૦૦ની કિંમતે મે. ઑફિસ ઇક્વીપમેન્ટ કું.ને આપવો.

૨. મે. એડનવાલા એન્ડ કું. ફાઇલીંગ કેબીનેટ ઉપરાંત ફોલ્ડરોના રૂા. ૩૭૭-૫૦ વધારે માગતા હોવાથી તેઓનો કુલ ભાવ બીજા વેપારીઓ કરતાં વધી જશે તેથી ફાઇલીંગ કેબીનેટ નં. ૨ (ફોલ્ડર સાથે) મે. જહાંગીર બ્રધર્સ પાસેથી રૂા. ૫૨૮ની કિંમતે ખરીદવી.

૩૯. આગ્રા ખાતે તા. ૬ ફેબ્રુઆરીથી ૮મી ફેબ્રુઆરી સુધી મળનારા "ધી નેશનલ એકેડેમિ ઓફ સાયન્સીસ"ના ૨૮મા અધિવેશન માટે પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર એકેડેમિના સામાન્ય મંત્રી તરફથી આવેલા તા. ૧૫મી નવેમ્બર ૧૯૫૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ એકેડેમી ઓફ સાયન્સીઝના આગામી અધિવેશન માટે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી બીજી કૉલેજો, તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો પૈકી જે શિક્ષકો મજકૂર એકેડેમીના સભ્યો હોય તેમાંના કોઈ એક શિક્ષકને આ યુનિવર્સિટીના બીજા પ્રતિનિધિ તરીકે મોકલવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને આપવી.

૪૦. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં હોમ સાયન્સના પ્રોફેસર તરીકે નીમાએલાં કુ. પ્રમોદા ભટ્ટ જરૂરી લાયકાત ધરાવતા નથી તો તેમની નિમણૂંક ચાલુ સત્રના અંત સુધી મંજૂર કરવા માટે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- કુ. પ્રમોદા ભટ્ટ નીચેની શૈક્ષણિક લાયકાત ધરાવે છે :
૧. બી. એસસી. બોટેની-ઝૂલોજી-પાસ ક્લાસ-મુંબઈ યુનિવર્સિટી
૨. બી. એસસી. હોમ સાયન્સ-વડોદરા યુનિવર્સિટી)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ગૃહવિજ્ઞાનના વિષયમાં જરૂરી લાયકાત ધરાવનાર પ્રોફેસરની અવેજીમાં કુ. પ્રમોદા ભટ્ટને ફક્ત ચાલુ સત્ર પૂરતી જ કામ કરવા વાસ્તે પરવાનગી આપવી અને મજકૂર કૉલેજને જણાવવું કે, જૂન ૧૯૫૯થી યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂંક આ જગા પર તેઓ કરશે નહીં તો ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ તેમની કૉલેજમાં સ્થગિત કરવા માટે પગલાં લેવાની યુનિવર્સિટીને ફરજ પડશે.

૪૧. યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂંક માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતનું ધોરણ નક્કી કરવા અંગે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની

તા. ૨૪-૧૧-૫૮ના રોજ મળેલી સભાની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સિલે કરેલા નીચે મુજબના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

I. For Professorship :

1 (a) A First or Second Class Bachelor's Degree in the subject;

and

A First or Second Class Master's Degree or a Ph.D. Degree in the same subject;

and

(b) A Research Degree of a recognised University in the subject;

2 Independent Research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or Ph.D. Degree;

3. At least ten years' standing as a recognised Postgraduate teacher for Master's Degree in the case of subjects under Humanities;

or

At least five years' standing as a recognised Postgraduate teacher for Master's Degree in the case of subjects under Sciences;

and

4. Guidance successfully of at least three Ph.D. students (that is, these students should have obtained their Ph.D. Degrees under him)

II. For Readership :

1 (a) A First or Second Class Bachelor's Degree in the subject;

and

(b) A First Class or Second Class Master's Degree in the subject or a Ph.D. Degree;

and

2 At least seven years' experience of teaching in the subject to the Post-intermediate Classes, provided that at least two out of seven years' experience should be that of teaching the subject to Post-graduate Classes.

III. For Lecturerships :

1 (a) A First or Second Class both in Bachaler's Degree and Master's Degree in the subject;

and

(b) At least five years' experience of teaching the subject to Post-Intermediate Classes;

or

2 A Ph.D. Degree.

IV. For the post of Demonstrators, Research Assistants and Research Fellows :

First Class Bachelor's Degree in the subject;

or

A First or Second Class Master's Degree in the subject.

Note : Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to appoint, on the recommendations of the Selection Committee appointed under 0.66, a person as a Professor or a Reader, provided he has to his credit independent and original achievement of recognised merit in the subject.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકોની તથા ડેમોન્સ્ટ્રેટર, રીસર્ચ એસિસ્ટન્ટ અને રીસર્ચ ફેલોની નિમણૂંક માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું.

I. For Professorship :

I (a) A First or Second Class Bachelor's Degree in the subject;

and

A First or Second Class Master's Degree or A Ph.D. Degree in the same subject;

and

(b) A Research Degree of a recognised University in the subject;

2. Independent Research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or Ph.D. Degree;

3. At least ten years' standing as a recognised Postgraduate teacher for Master's Degree in the case of subjects under Humanities;

or

At least five years' standing as a recognised Postgraduate teacher for Master's Degree in the case of subjects under Sciences;

and

4. Guidance successfully of at least three Ph.D. students (that is, these students should have obtained their Ph.D. Degrees under him)

II. For Readership :

1 (a) A First or Second Class Bachelor's Degree in the subject;

and

(b) A First Class or Second Class Master's Degree in the subject or a Ph.D. Degree;

and

2 At least seven years' experience of teaching in the subject to the Post-intermediate Classes, provided that at least two out of seven years' experience should be that of teaching the subject to Post-graduate Classes.

III. For Lecturerships :

1 (a) A First or Second Class both in Bachaler's Degree and Master's Degree in the subject;

and

(b) At least five years' experience of teaching the subject to Post-Intermediate Classes;

or

2 A Ph.D. Degree.

IV. For the post of Demonstrators, Research Assistants and Research Fellows :

First Class Bachelor's Degree in the subject;

or

A First or Second Class Master's Degree in the subject.

Note : Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to appoint, on the recommendations of the Selection Committee appointed under 0.66, a person as a Professor or a Reader, provided he has to his credit independent and original achievement of recognised merit in the subject.

તે પછી સભાપતિશ્રીની મંજૂરીથી નીચેની બે બાબતો રજૂ કરવામાં આવી હતી.

૪૨. કલકત્તા મેથેમેટિકલ સોસાયટીના સુવર્ણજયંતિ મહોત્સવ પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે મજકૂર સોસાયટીના મંત્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, મજકૂર સોસાયટીના સુવર્ણજયંતિ મહોત્સવમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે બોર્ડને મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૪૩. ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડસ કમિશન ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવેલા શ્રી. રસિકલાલ છો. પરીખે પોતાની નાદુરસ્ત તબિયતના કારણે કામ કરવાની અશક્તિ દર્શાવી છે. તો તેમની જગાએ બાકી રહેલી મુદત માટે (એટલે કે ૩૧-૩-૧૯૬૦ સુધીની મુદત માટે) આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા બાબત.

ચર્ચા-વિચારણા કર્યા પછી મજકૂર બાબતની વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૨૯૬૯૯-૧૩૦૦૧૬-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. ૧૯-૧૨-૧૯૫૮

ક. ચં. પરીખ
રજિસ્ટ્રાર

૧૨. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં કામ કરતા પોલિટિકલ સાયન્સના લેક્ચરર શ્રી. જી.વી. રમણમૂર્થી, તેમની આ યુનિવર્સિટીની પીએચ.ડી. ડીગ્રી માટે "Historical contexts of Gandhian politics" એ વિષય પરત્વે મદ્રાસ યુનિવર્સિટીના પ્રોફેસર આર. ભાસ્કરનની દોરવણી હેઠળ સંશોધન કાર્ય કરવા પરવાનગી માગે છે તો તેમને પરવાનગી આપવા બાબત.

નોંધ:- ૧. પીએચ.ડી. ડીગ્રી માટે પોલિટિકલ સાયન્સ વિષયમાં હાલમાં કોઈ માન્ય અનુસ્નાતક શિક્ષક નથી.

સિન્ડિકેટની તા. ૧૨-૪-૧૯૫૮ની સભાનો ઠરાવ

"ગઈ બેઠકમાં મોકૂફ રાખેલી ચર્ચા આગળ ચાલી. શરૂમાં સભાને જણાવવામાં આવ્યું કે, ગઈ બેઠકમાં જણાવ્યા મુજબ (I) હાલ પગારભથ્થાં ઇ. બાબતની જે વ્યવસ્થા છે તેને આવરી લેતા સ્ટેટ્યૂટ તૈયાર કરવામાં આવે છે. તથા (II) રાજ્યની યુનિ.ના જોઇન્ટ બોર્ડની આગળ આ પ્રશ્નની આખી બાબત ચર્ચા અને વિચારણા માટે મૂકવાનું સૂચન તે બોર્ડને પત્ર લખીને કરવામાં આવ્યું છે.

તે પછી, સમિતિએ પગારધોરણના સુધારાને માટે ભલામણો કરી છે, તે વિષે એમ ઠરાવવામાં

આવ્યું કે, જોઇન્ટ બોર્ડને પ્રેરવામાં આવેલી વિચારણા અને મુંબઈ સરકારના પે-કમિશનના રિપોર્ટ બાદ આખા રાજ્યને માટે નવી પગાર પદ્ધતિ અખત્યાર કરે તે, આ બધું ધ્યાનમાં લઈને આ જાતની સુધારણા કરવાનું કામ પછી હાથ ધરવું જોઇએ.

પરંતુ, ચાલુ પગારભથ્થાં ઇ.ના ઘોરણને આધારે અને વચગાળાની રાહત કાંઇક કરવા જેવું હોય તો તે કરવું ઘટે છે, એમ ઠરાવવામાં આવે છે અને તેને માટેની વચગાળાની ભલામણ શ્રી. બટુભાઈ દેસાઈ સાથે એ વિષે મસલત કરીને તૈયાર કરી રજૂ કરવાનું કામ શ્રી. વાઇસ-ચાન્સેલરને સોંપવામાં આવે છે."

સિન્ડિકેટની તા. ૭-૬-૧૯૫૮ની સભાનો ઠરાવ

"ઉપકુલપતિનો તા. ૭-૬-૫૮નો રિપોર્ટ વાંચીને સિન્ડિકેટ ઠરાવે છે કે, સિન્ડિકેટે ચાલુ પગાર-ભથ્થાં, ઇત્યાદિના ઘોરણના આધારે વચગાળાની રાહત માટે શું કરવું જોઇએ તે માટેની ભલામણ તૈયાર કરવા માટે શ્રી.બટુભાઇ દેસાઈ સાથે મસલત કરીને હેવાલ રજૂ કરવા માટે ઉપકુલપતિશ્રીએ માગેલો સમય તેમને આપવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનો એ રિપોર્ટ તથા ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરીને રિપોર્ટ કરવા માટે નિમાયેલી સિન્ડિકેટની સમિતિના હેવાલ અંગેની આગળની વિચારણા માટે તેની સાથે સિન્ડિકેટની જુલાઈ માસની સભામાં રજૂ કરવામાં આવે."

આ બાબતની લંબાણથી ચર્ચા બાદ સભા તેનું આગળનું કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખી મોકૂફ રહી. તે પ્રમાણે તા. ૩-૮-૫૮ના રોજ સભા ફરી મળી ત્યારે એ કામ હાથ પર લેવામાં આવ્યું, અને લંબાણ ચર્ચા કર્યા બાદ તે વિષે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો :

> સિન્ડિકેટે તા. ૨૪-૯-૫૭ના રોજ આ કામ અંગે નીમેલી સમિતિના હેવાલની આભાર સાથે નોંધ લેવામાં આવે છે કે, એણે યુનિયનના પ્રતિનિધિઓ જોડે વાટાઘાટો કરીને આ કામને અંગે બે મુદ્દા સાફ રજૂ કર્યા કે, ૧. જે ભથ્થાં હાલ ચાલુ છે તે ચાલુ રાખવાં અને ૨. મુંબઇ યુનિવર્સિટીના સેવકોને થતા કુલ મળતરથી અમદાવાદમાં તેમને થતું કુલ મળતર સાધારણ રીતે સાડા બાર ટકાના તફાવતવાળું હોય તો યોગ્ય ગણાય.

તા. ૧૨-૪-૫૮ના રોજના ઠરાવથી, શ્રી. ઉપકુલપતિને આ અંગે સોંપવામાં આવેલા કામનો રિપોર્ટ એમણે રજૂ કર્યો છે તેની પણ સાભાર નોંધ લેવામાં આવી.

બાદ આખા પ્રશ્નનો વિચાર કરીને પગારના ઘોરણની બાબતમાં હાલ નીચે પ્રમાણે વધુમતે નક્કી કરવામાં આવે છે :

૧. જુનિયર કલાર્ક : ટાઇપીસ્ટ	...	૫૫-૫-૧૧૦ ઇ.બી.-૮-૧૫૦
૨. સીનીયર કલાર્ક	...	૧૦૦-૮-૧૪૦ ઇ.બી.-૧૦-૨૦૦

નોંધ :- સિનિઅર કલાર્કનો કાડર કાઢી નાંખવામાં આવે છે અને અત્યારે જેઓ સિનિઅર કલાર્ક તરીકે નીમાયેલા હોય એમને માટે ઉપરનો ગ્રેડ લાગુ કરવો. હાલ ખાલી પડેલી

જગાઓ હોય તે પુરવી નહીં, અને સિનિઅર કલાર્કની તે જગાઓને બદલે તેમને જુનિઅર કલાર્કની જગા સમજીને ભરવામાં આવે.)

૩. કેશિયર	...	૧૦૦-૧૪૦-ઇ.બી.-૧૦-૨૦૦
૪. હેડ કલાર્ક	...	૧૫૦-૧૦-૨૦૦ ઇ.બી.-૧૦-૨૫૦
૫. સ્ટેનો. નવી ગ્રેડ	..	૧૨૦-૮-૨૦૦-૧૦-૨૫૦
૬. નાયક	...	૩૫-૧૧-૫૦
૭. પટાવાળા, હમાલ, માળી વગેરે	...	૩૦-૧-૪૫

ઉપરાંત મુંબઈ સરકારના ધોરણે મોંઘવારી, ઘરભાડા અને સ્થાનિક વળતરનાં ભથ્થાંઓ તથા સિન્ડિકેટના ઠરાવ મુજબ સાયકલ એલાવન્સ.

(મજકૂર સમિતિના રિપોર્ટની તથા ઉપકુલપતિશ્રીના રિપોર્ટની નકલો પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૬. સેંટ ઝેવીયર્સ કોલેજ, અમદાવાદને બી. એ. ડીગ્રી માટે મેથેમેટિકસ (સ્પેશ્યલ) નો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એમ. શાહને મજકૂર બાબતમાં સ્થાનિક તપાસ કરીને રીપોર્ટ રજૂ કરવા વિનંતી કરવી.

૧૭. શામળદાસ કોલેજ, ભાવનગરને બી. એસસી. ડીગ્રીની પરીક્ષા માટે ઝૂલોજી (સબ્સીડીયરી) વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ ચાલુ રાખવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. એમ. એસ. દુબલેને મજકૂર બાબતમાં સ્થાનિક તપાસ કરીને રીપોર્ટ રજૂ કરવા વિનંતી કરવી.

૧૮. આર. આર. લાલન કોલેજ, ભૂજને બી. એ. ડીગ્રી માટે સાયકોલોજી (જનરલ) તથા બી. એસસી. ડીગ્રી માટે કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ,) ફિઝિકસ (સબ્સીડીયરી) અને બોટાની (સબ્સીડીયરી) વિષયો શીખવવા માટેનું જોડાણ ચાલુ રાખવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. ડૉ. આર. ડી. દેસાઈ અને પ્રો. વી. વી. અકોલકરની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૯. ગુજરાત કોલેજ, અમદાવાદને બી. એ. ડીગ્રી માટે હિંદી (જનરલ) ના વિષયોનો અભ્યાસક્રમ શિખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રણધીર ઉપાધ્યાયને મજકૂર બાબતમાં સ્થાનિક તપાસ કરીને રપોર્ટ રજૂ કરવા વિનંતી કરવી.

૨૦. પેટલાદ કૉલેજ, પેટલાદને બી. એ. ડીગ્રી માટે નીચેના વિષયોના અભ્યાસક્રમ શીખવવા માટેનું જોડાણ ચાલુ રાખવા વાસ્તે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

૧. ઇંગ્લીશ (સ્પેશ્યલ અને જનરલ)
૨. ગુજરાતી ,, ,,
૩. સંસ્કૃત ,, ,,
૪. સોશિયોલોજી (જનરલ)
૫. મોરલ અને સોશિયલ ફિલોસોફી, (જનરલ)
૬. પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિકસ, (જનરલ)
૭. કેમિસ્ટ્રી, (જનરલ)
૮. ફિઝિકસ, ,,
૯. બોટાની, ,,
૧૦. ઝૂલોજી ,,

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. વાય. જી. નાયક અને પ્રિ. વાય. પી. શુકલની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૧. આર્ટ્સ કૉલેજ, હલોલને ઇન્ટર આર્ટ્સ માટેનું જોડાણ ચાલુ રાખવા તથા બી.એ. ડીગ્રી માટે નીચેના વિષયોનું વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બી. એ. ના વિષયો. (સ્પેશ્યલ અને જનરલ.)	**(જનરલ)**
૧. ઇંગ્લીશ	૧. સાયકોલોજી
૨. ગુજરાતી	૨. સંસ્કૃત
૩. ઇકોનોમિકસ	૩. હિંદી
	૪. ઇતિહાસ
	૫. પોલિટિકસ

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. કે. એલ. દેસાઈ અને પ્રિ. વાય. પી. શુકલની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને પ્રથમ એમ. બી., બી. એસ.નું જોડાણ ચાલુ રાખવા તથા બીજી અને ત્રીજી એમ. બી., બી. એસ.ની પરીક્ષાઓ માટે

વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. નાનુભાઈ આર. દેસાઈ અને ડૉ. એમ. ડી. પટેલની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૩. શ્રી. ચાંદ્રગૌરી ગોરધનદાસ સોનાવાળા મહિલા વિદ્યાલય મંડળ, સુરત તરફથી **સુરત ખાતે વિદ્યાર્થિનીઓ માટે એક નવી આર્ટ્સ કૉલેજ ખોલવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. અ. ક. ત્રિવેદી અને પ્રો. વી. આર. ત્રિવેદીની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૪. શ્રી. બિલિમોરા વિભાગ કેળવણી મંડળ, બિલિમોરા તરફથી બિલિમોરા ખાતે આર્ટ્સ અને સાયન્સ કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. ડૉ. કે. જી નાયક અને પ્રિ. કે. એલ. દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૫. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ બન્ને કૉલેજો ઓ. ૧૨૦-બી. મુજબ જુદી થઈ હોવાથી એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને સરકારી રાહે જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને બી.એસસી. માટે ફિઝિકસ, કેમિસ્ટ્રી, મેથેમેટિકસ અને જીઓલોજી (પ્રિન્સિપલ) અને જોગ્રાફી (સબ્સિડિયરી) ના વિષયોમાં કાયમી જોડાણ આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસ કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૨૬. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ એ બન્ને કૉલેજો ઓ. ૧૨૦-બી. મુજબ જુદી થઈ હોવાથી એલ. ડી. આર્ટ્સને સરકારી રાહે જોડાણ આપવા બાબત.

(નોંધ:–એલ.ડી. આર્ટ્સ તથા એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટોને બી.એ. (સ્પે.) માં (૧) ઇંગ્લીશ (૨) સંસ્કૃત (૩) અર્ધમાગધી (૪) ગુજરાતી (૫) ઇતીહાસ (૬) ઇકોનોમિકસ (૭) મેથેમેટિકસ (૮) ફિલોસોફી (૯) હિંદી (૧૦) પોલિટિકસ (૧૧) સાયકોલોજી અને (૧૨) એન્સ્યન્ટ

ઇન્ડિયન કલ્ચર અને બી.એ. (જનરલ) માં (૧) ફ્રેન્ચ (૨) પર્શિયન (૩) ઉર્દુ અને (૪) જ્યોગ્રેાફી માટે કાયમી જોડાણ મળેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસ કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૨૭. અટીરા, અમદાવાદને પીએચ.ડી.ની ડીગ્રી માટે કેમિસ્ટ્રી, સાયકેાલેાજી અને ફિઝિકસના વિષયેામાં શિક્ષણ આપવા માટે માન્યતા ચાલુ રાખવા વાસ્તે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. ડૉ. આર. ડી. દેસાઇ, પ્રેા. એચ. પી. મૈતી અને પ્રિ. ડૉ. વાય. જી. નાયકની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૮. સાયન્સ અને આર્ટ્સ કેાલેજ, વલસાડને બી.એ. ડીગ્રી માટે ઇંગ્લીશ (સ્પેશ્યલ અને જનરલ), ફીલેાસેાફી (સ્પે. અને જન.), સંસ્કૃત (જન.) હિંદી (જન.) અને સાયકેાલેાજી (જન.) ના અભ્યાસક્રમેા શિખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. કે. એલ. દેસાઈ અને પ્રેા. સી. એમ. દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૯. સાયન્સ અને આર્ટ્સ કેાલેજ, વલસાડને બી.એસસી. ડીગ્રી માટે કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ), ફિઝિકસ (સબ્સિડિયરી) અને બેાટની (સબ્સિડિયરી)ના અભ્યાસક્રમેા શીખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. કે. એલ. દેસાઇ અને પ્રેા. સી. એમ. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૩૦. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કેાલેજ, ભરૂચને બી.એ.ની ડીગ્રી માટે સાયકેાલેાજી (સ્પે.) અને પેાલિટિકલ સાયન્સ (સ્પે.) ના વિષયેાના અભ્યાસક્રમેા શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. કે. એલ. દેસાઈ, પ્રેા. વી. આર. ત્રિવેદી અને પ્રેા. એન. બી. નાયકની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૩૧. બી. એમ. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કેાલેજ, ભાવનગરને ઇન્ટરમિડિયેટ આર્ટ્સના અભ્યાસક્રમેા શીખવવા માટે જોડાણ ચાલુ રાખવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજની સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે શ્રી. એસ. એમ. શાહને વિનંતી કરવી.

૩૨. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન તરફથી ઉજવાનારા "કાળીદાસ સ્મૃતિ મહોત્સવ"માં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર મહોત્સવમાં યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિઓ મોકલવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી. તેમ છતાં યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રાધ્યાપકો પૈકી કોઈ મજકૂર મહોત્સવમાં ભાગ લેવા જવા માંગતા હોય તો તેણે પોતાના ખર્ચે જવાની શરતે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૩૩. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ઇતિહાસના ("એ" અને "બી" ગ્રુપ) અનુસ્નાતક કેન્દ્રના અનુસ્નાતક નિયમ ૨૩ (એ) અનુસાર પ્રોફેસર ઇનચાર્જ નીમવા બાબત.

(નોંધ:–પ્રો. એન. બી. નાયક કૉલેજમાં આ વિષયના સિનિયર અનુસ્નાતક શિક્ષક છે. અને આચાર્યએ તેમનું નામ સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે પ્રો. એન. બી. નાયકની નિમણૂંક કરવી.

૩૪. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રના અનુસ્નાતક નિયમ ૨૩ (એ) અનુસાર પ્રોફેસર ઇનચાર્જ નીમવા બાબત.

(નોંધ:–ગુજરાતી વિષયના સિનિયર અનુસ્નાતક શિક્ષક શ્રી. આર. એન. પંડ્યા છે અને આચાર્યએ તેમનું નામ સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કેન્દ્રના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે શ્રી. આર. એન. પંડ્યાની નિમણૂંક કરવી.

૩૫. મનોવિજ્ઞાન ભવનમાં કામ કરતા શ્રી. જે. જી. ગાંધી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમના ફાળાની પ્રોવિડન્ટ ફંડની રકમ તેમને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર શ્રી. જે. જી. ગાંધીને તેમના ખાતે પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલી રકમ પરત કરવી.

૩૬. જુનિયર ક્લાર્ક શ્રી. એન. જે. પટેલ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને તેમના ફાળાની પ્રોવિડન્ટ ફંડની રકમ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર શ્રી. એન. જે. પટેલને તેમના ખાતે પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલી રકમ પરત કરવી.

૩૭. "ઇક્વિવેલન્સ" સમિતિની તા. ૨૭-૧૨-૧૯૫૭ ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

" આથી ઠરાવવામાં આવે છે કે, કમિટી ઓન ધ્રુકિવવેલન્સ ઓફ એકઝામીનેશન્સની તા. ૨૭-૧૨-૧૯૫૭ ની મળેલી સભાની નોંધ મંજૂર કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલી ધ્રુકિવવેલન્સ સમિતિની તા. ૨૭-૧૨-૫૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી.

(નોંધની નકલ પરિશિષ્ટ " જ " તરીકે સામેલ છે.)

૩૮. કોન્ડોનેશન આપવા બાબત ઓ. ૧૩૯, ૧૪૦ અને ૧૪૧ બધી પરીક્ષાઓને લાગુ પડતા હોઈ સેકન્ડ એમ.બી.,બી.એસ.માં કોન્ડોનેશન આપવા બાબતના હાલના ઓ. ૨૬૭ રદ કરવા બાબત તથા તે જો રદ કરવામાં આવે તો રે. ૧૭૫માં જરૂરી સુધારા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

સુધારેલો રે. ૧૭૫ નીચે મુજબ વંચાશે:

To pass the examination the candidates shall obtain 50 percent of the full marks in the practical and oral tests taken together, and 50 percent of the full marks in the written test. Passing in any of the subjects of the examination will entitle a candidate to claim permanent exemption from appearing in that subject or subjects at subsequent attempts."

(નોંધ:-હાલનો ઓ. ૨૬૭ નીચે મુજબ છે:

At the Second M.B.,B.S. Examination the deficiency of candidates failing in any (one or more) subject under one head of passing (whether the written test or the practical test, or the written and practical tests taken together) by not more than 3 marks shall be condoned. Passing in any of the subjects of the examination will entitle a candidate to claim exemptions from appearing at subsequent attempts).

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે હાલનો ઓર્ડિનન્સ નં. ૨૬૭ રદ કરવા તથા ઉપર મુજબ વંચાય તે રીતે સુધારેલો રેગ્યૂલેશન ૧૭૫ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે હાલનો ઓ. ૨૬૭ તા. ૩-૮-૫૮થી રદ કરવો તથા ઉપર મુજબ સુધારેલો રે. ૧૭૫ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૩૯ મેડિકલ વિષયો માટે પરીક્ષકોની નિમણૂંક બાબતના નિયમોમાં ફેરફાર સૂચવવા

તેમજ એમ.ડી. અને એમ.એસ.ના ડિગ્રીશનના નિયમોમાં ફેરફાર કરવા મેડિસિન વગેરેની વિષયોની બોર્ડ નીમેલી સમિતિના હેવાલ ઉપર મેડિસિન વગેરે વિષયોની અભ્યાસસમિતિની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે "Special instructions to Examiners & Paper-Setters for each individual examinations pertaining to the Faculty of Medicine." માં આ સાથે આપેલા પરિશિષ્ટ "ગ" માં જણાવ્યા મુજબ ઇન્સ્ટ્રકશનમાં સુધારા કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત ફેકલ્ટી ઓફ મેડિસિનની વિચારણા માટે મોકલી આપવી.

૪૦. નીચેનાં અભ્યાસક્રમો યુનિવર્સિટીમાં દાખલ કરવા અંગેની મેડિકલ-સર્જરીની અભ્યાસસમિતિની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સ્કીન વેનરલ ડીસીસીઝ (૨) ગાયનોકોલોજી અને (૩) ઈ. એન.ટી.ના વિષયોના શિક્ષણ અને પરીક્ષા માટે અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર સ્કીન વેનેરલ ડીસીસીઝ, ગાયનોકોલોજી અને ઇ. એન. ટી.ના વિષયોના શિક્ષણ અને પરીક્ષા માટે અનુસ્નાતક ડીપ્લોમાં સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૪૧. પ્રી-ક્લીનીકલ સબ્જેક્ટસ કોમ્પ્રાહેન્સીવ એનેટોમી, ફિઝિયોલોજી વગેરેની અભ્યાસ-સમિતિની ભલામણ તથા મેડિકલ ફેકલ્ટીની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઓફ મેડિસિન હેઠળ લેવામાં આવતી પરીક્ષાઓ અંગે પરીક્ષકો અંગે પરીક્ષકોની નિમણૂંક બાબત "મીનીમમ કવોલીફીકેશન ફોર એપોઈન્ટમેન્ટ ઓફ એકઝામીનર્સની પુસ્તિકાના નિયમ નં. ૩માં ઉમેરો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

"In the subject of Anatomy, Physiology, Pharmacology, Pathology, and Bio-Chemistry, if Physician and Surgeon are to be included, they should have teaching experience in Medicine/Surgery for at least five years."

સુધારાએલો નિયમ નં. ૩ નીચે મુજબ વંચાશે :

"In the subjects of Anatomy, Physiology, Pharmacology, Pathology and Bacteriology,

atleast one of the internal examiners should be University Teacher in the subject of atleast 5 year's experience of teaching the subject. Further more, in Anatomy, one of the examiners should be or should have been not more than three years previously a teacher in Surgery, while in Physiology and Pharmacology, one of the examiners should be or should have been not more than three years previously a teacher in Medicine. A teacher should not be below rank of a lecturer or a Reader. In the subject of Anatomy, Physiology, Pharmacology, Pathology and Bio-Chemistry, if Physician and Surgeon are to be included, they should have teaching experience in Medicine/Surgery for atleast five years."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર "મીનીમમ કવોલીફીકેશન ફોર એપોઇન્ટમેન્ટ ઓફ એકઝામીનર્સ"ની પુસ્તિકાના નિયમ નં. ૩માં ઉપર મુજબ સુધારો કરવો.

૪૨. ડી. એમ. આર. ઇ. નો અભ્યાસક્રમ આ યુનિવર્સિટીમાં દાખલ કરવા બાબત મેડિકલ ફેકલ્ટીની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલનો નીચેનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઓફ મેડિસિન હેઠળ ડી.એમ.આર.ઇ.નો અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ડી. એમ. આર. ઇ.નો અનુસ્નાતક ડીપ્લોમા સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૪૩. ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલી પદવી તથા વિષય માટે આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂંક કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષયો માટે આવેલ મહાનિબંધ માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

નામ	ડીગ્રી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. એમ. એચ. પારેખ	પીએચ.ડી. "ગુજરાતી વાર્તા સાહિત્યમાં પારસી લેખકોનો ફાળો"	૧. શ્રી. જે. ડી. સંજાણા, એલ્ફીન્સ્ટન બિલ્ડીંગ, બીજે માળે, મુંબઇ યુનિવર્સિટીની દક્ષિણ વિંગની સામે, મુંબઇ ૧.

		૨. શ્રી. મનસુખભાઇ ઝવેરી, ૧-૭ સામંત બ્લોક, કાળારોડ, અંધેરી, મુંબઇ ૪૧.
૨. શ્રી. આઈ. જે. ભટ્ટ	પીએચ.ડી. "પ્રેમાનંદ શામળના સમયની લોકસ્થિતિ અને તેનું પ્રેમાનંદ અને શામળે પોતાની કૃતિઓમાં કરાવેલું દર્શન."	૧. શ્રી. ભોગીલાલ જે. સાંડેસરા, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા. ૨. શ્રી. હરિવલ્લભ ભાયાણી. ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ-૭.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સાથે જણાવેલ પદવી તથા વિષયો માટે આવેલ મહાનિબંધ માટે તેમની સામે જણાવેલ રેફરીની નિમણૂંક કરવી:

નામ	ડીગ્રી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. એમ. એચ. પારેખ	પીએચ. ડી. "ગુજરાતી વાર્તા સાહિત્યમાં પારસી લેખકોનો ફાળો".	૧. શ્રી. જે. ડી. સંજાણા એલ્ફીન્સ્ટન બિલ્ડીંગ, બીજે માળે, મુંબઈ યુનિ.ની દક્ષિણ વિંગની સામે, મુંબઈ-૧. ૨. શ્રી. મનસુખભાઈ ઝવેરી ૧-૭, સામંત બ્લોક કાળા રોડ, અંધેરી, મુંબઈ-૪૧.
૨. શ્રી. આઈ. જે. ભટ્ટ	પી.એચ.ડી. "પ્રેમાનંદ શામળના સમયની લોકસ્થિતિ અને તેનું પ્રેમાનંદ અને શામળે પોતાની કૃતિઓમાં કરાવેલું દર્શન."	૧. શ્રી. ભોગીલાલ જે. સાંડેસરા અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા. ૨. શ્રી. હરિવલ્લભ ભાયાણી, ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ-૭.

૪૪. કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલ મહાનિબંધ માટે રેફરીની નિમણૂંક અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય માટે આવેલ મહાનિબંધ માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વિદ્યાર્થીનું નામ	પદવી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. આર. એસ. પરીખ	એમ.એસસી. "Studies in Stannic Oxide sols"	1. Dr. S. Ghosh, Allahabad University, Allahabad. 2. Dr. A. K. Bhattacharya, Agra College, Agra.
૨. શ્રી. બી. સી. શાહ	એમ.એસસી. "Synthesis of Acridine and quinoline derivatives"	1. Prof. M. Govindachari, Presidency College, Madras. 2. Dr. K. N. Menon, Madras University, Madras
૩. શ્રી. એસ. આર. પરીખ	પીએચ.ડી. "Chalcone and related Compounds"	1. Prof. T. S. Wheeler, University College of Dublin, Dublin Uuiversity, Dublin. 2. Prof. Wilson Baker, University of Bristol, Bristol.
૪. શ્રી. પી. એમ. શાહ	પીએચ.ડી. "Studies in Orthohydroxy acyl commarones"	1. Prof. G. R. Clemo, New Castle on Tyne, New Castle, (W.K.) 2. Prof. George H. Coleman Chemistry Department, Wayne State Universaity Detrot, 2. Michigan, (U.S.A.)
૫. શ્રી. એ. એ. રાવલ	પીએચ. ડી. " Ortho Hydroxy Carbonyl compounds and related products "	1. Prof. Wilson Baker, University of Bristol, Bristol. 2. Prof. T. S. Wheeler, University College of Dublin, Dublin University, Dublin.

શ્રી. પી. જે. પટ્ટણી	એમ. એસસી. "Studies in Silica Sols"	1. Prof. S. M. Mehta, Institute of Science, Mayo Road, Bombay. 1. 2. Dr. S. S. Joshi, Banaras Hindu University, Banaras.

ડૉ. આર. સી. શાહ, નેશનલ કેમિકલ લેબોરેટરી, પુનાને અને જે તે ના પાડે તો ડૉ. ડી. એન. મહેતા, પ્રોફેસર ઑફ ઑઇલ ટેકનોલોજી, કૉલેજ ઑફ ટેકનોલોજી, નાગપુર યુનિવર્સિટી, નાગપુરને યુનિવર્સિટીના નવા નિયમ મુજબ પીએચ. ડી. થિસિસના મૌખિક પરીક્ષા (viva–voce)ના પરીક્ષક તરીકે નીમવા."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ પદવી તથા વિષયો માટે આવેલ મહાનિબંધ માટે તેમની સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી :

નામ	પદવી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. આર. એસ. પરીખ	એમ.એસસી. "Studies in stannic Oxide Sols"	1. Dr. S. Ghosh, Allahabad University Allahabad. 2. Dr A. K. Bhattacharya, Agra College, Agra.
૨. શ્રી. પી. સી. શાહ	એમ.એસસી. "Synthesis of Acridine and Quinoline derivatives."	1. Prof. M Govindachari, Presidency College, Madras 2. Dr. K. N. Menon, Madras University Madras.
૩. શ્રી. એસ. આર. પરીખ	પીએચ.ડી. "Chalkone and related compounds"	1. Prof. T. S. Wheeler, Uni. college of Dublin, Dublin University, Dublin. 2. Prof. Wilson Baker, University of Bristol, Bristol.
૪. શ્રી. પી. એમ. શાહ	પીએચ.ડી. "Studies in Orthohydroxy acyl commarones"	1. Prof. G. R. Clemo, New Castle on Tyne, New Castle, (W.K.) 2. Prof. George H. Coleman, Wayne State University Detrot 2, Michigan, (U S.A.)

૫. શ્રી. એ. એ. રાવલ	પીએચ.ડી. "Ortho Hydroxy Carbonyl compounds and related products."	1. Prof Wilson Baker, University of Bristol, Bristol. 2. Proff. T. S. V/heeler, Uni. College of Dublin Dublin University, Dublin
૬. શ્રી. પી. જે. પટૃણી	એમ.એસસી. "Studies in Silica Sols"	1. Prof. S. M. Mehta Institute of Science, Mayo Road, Bombay-1. 2. Dr. S. S. Joshi Banaras Hindu Univcrsity, Banaras.

૪૫. ફિઝિક્સની અભ્યાસ સમિતિની ભલામણ અનુસાર નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ અંગે રેફરીઓની નિમણૂંક અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સાથે જણાવેલ પદવી તથા વિષય માટે આવેલ મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

નામ	પદવી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. જી. એ. શાહ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	એમ. એસસી. "Studies of Transmission of light through Artificial clouds of drops of water and liquids	1. Shri R. S. Krishnan, Institute of Science Banglore OR 2. Dr. S. Bhagawantan. Institute of Science, Banglore.
૨. શ્રી. કે. એમ. કોટડીઆ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯.	પીએચ. ડી. "Studies of Ionosphere particularly of Low Latitude."	1. Reverend Father P. Lejay, Past President of the International Union of Scientific Radio, 3), Rue de Serves, Paris, 6 France. 2. Dr. K. Rawer, Ionosphere Research Station Neuershausen, Freiburg, 9484, W. Germany.

૩.	શ્રી. સત્ય પ્રકાશ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯.	પીએચ. ડી. "Studies in Cosmic Radiation."	1. Prof. H. V. Neher, Department of Physics, California Institute of Technology, Pasadena, California, (U.S.A.) OR 2. Dr. A. Ehmert, Max Planck Institute fur Physik der Stratosphere, Weissenau bei Revensburg, W. Germany.
૪.	શ્રી. ટી. એસ. જી. શાસ્ત્રી, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯.	પીએચ. ડી. "The time variation of Cosmic Rays at Low Latitude"	1. Prof. Y. Sekido, Institute of Physics, Nagoya University, Chikusa-ku, Nagoya, Japan. OR 2. Dr. A. G. Fenton, Dept. of Physics, University of Tasmania, Hobart, Tasmania.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ પદવી તથા વિષયો માટે આવેલ મહાનિબંધ માટે તેમની સામે જણાવેલ રેફરીની નિમણૂંક કરવી :

નામ	પદવી તથા વિષય	રેફરીનું નામ
૧. શ્રી. જી. એ. શાહ	એમ.એસસી. "Studies of Transmission of light through Artificial clouds of drops of water and liquids"	1. Shri R. S. Krishnan Institute, of Science Bangalore. OR 2. Dr. S. Bhagawantan, Institute of Science, Bangalore
૨. શ્રી. કે. એમ. કોટડીયા	પીએચ.ડી. "Studies of Ionosphere particularly of Low Latitude"	1. Reverend Father P. Lejay. Past President of the International Union of Scientific Radio 35, Rue de Serves Paris-6, France. 2. Dr. K. Rawer, Ionosphere Research Station Neucrahausen, Freiburg 9484, W. Germany.

૩. શ્રી. સત્યપ્રકાશ	પીએચ.ડી. "Studies in Cosmic Radiation"	1. Prof. H. V. Neher, Dept. of Physics, California Inst, of Technology, Pasadena California, U.S.A. 2. Dr. A. Ehmert, Max Planck Inst. fur Physik der Stratosphere, Weissenau bei Ravensburg, W. Germany.
૪. શ્રી. ટી. એસ. જી. શાસ્ત્રી	પીએચ.ડી. "The time variation of Cosmic Rays at Law Latitude"	1. Prof. Y. Sekido, Institute of Physics, Nagoya University, Chikusa-ku, Nagoya, Japan. OR 2. Dr. A. G. Fenton, Dept. of Physics, University of Tasmania, Hobart, Tasmania.

૪૬. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને પહેલી તથા બીજી બી. એ. એમ. એસ. પરીક્ષાઓના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ તથા ત્રીજી બી. એ. એમ. એસ. પરીક્ષાના અભ્યાસક્રમ માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી પરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ સમિતિના હેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

Resolved that it be recommended to the Syndicate and the Senate that Shree Gulabkunverba Ayurved Mahavidyalaya, Jamnagar be granted continuation of affiliation for teaching courses of studies leading to the First B. A. M. S. Examination for a period of one year from 20th October 1958 to 9th November 1959 on the following conditions being fulfilled before 1st September 1958 to the satisfaction of the Syndicate.

1. That the following full-time teaching staff are appointed i

(i) One Lecturer in Padarthvignan;
(ii) One Lecturer in Anatomy;
(iii) One Demonstrator in Anatomy;
(iv) One Professor in Physiology;
(v) One Lecturer in Physiology;
(vi) One Demonstrator in Physiology;
(vii) Two Lecturers in Dravyagunashastra, Materia Medica and Botany etc;
(viii) Three Demonstrators in Dravyagunashastra, Materia Medica, Botany etc.

2. Resolved that it be recommended to the Syndicate and the Senate that Shree Gulabkunverba Ayurved Mahavidyalaya, Jamnagar be granted continuation of affiliation for teaching courses of studies leading to the Second B. A. M. S. Examination for a period of one year from 20th October 1959 to 9th November 1960 on the following conditions being fulfilled to the satisfaction of the Syndicate before 1st September 1959;

(1) that the following teaching staff are appointed:

(i) One full-time Professor (ii) Four full-time Lecturers (iii) Four full-time Demonstrators	In Rasashastra & Chemistry and Pharmacy;
(iv) One full-time or Honorary Lecturer in psychology	
(v) One full-time or Honorary Professor (vi) Two full-time Lecturers (vii) Two full-time Demonstrators	In Shalya-Shalakya and Surgery Ophthalmic diseases.
(viii) One full-time Professor of Pathology	
(ix) Two full-time Lecturers (x) Two full-time Demonstrators	In Kaya-Chikitsa Rog-Nidan, Pathology etc.

(2) that at least 60 beds are provided;

(3) that at least 6 qualified Nurses are provided;

(4) that arrangements for Pathology Laboratory and X-Ray Department are made in the Hospital itself;

(5) that the necessary contingent of the local Houses Staff are appointed;

3. Resolved that it be recommended to the Syndicate and the Senate that Shree Gulabkunverba Ayurved Mahavidyalaya, Jamnagar be not granted affiliation for teaching courses of studies leading to the Third B.A.M.S. (Final B.A.M S.) Degree Examination, without obtaining a fresh inspection report of the Institution and the new Hospital.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૪૭. યુનિવર્સિટીના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલા સૂચનો ઉપર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત નક્કી

કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની નીચેનાં સૂચનો સામાન્ય રીતે માન્ય રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

Lecturer:

At least a First or High Second Class Master's Degree or an equivalent qualification of a foreign University.

Reader:

(a) A First or High Second Class Master's Degree of an Indian University or an equivalent qualification of a foreign University.

(b) A research Degree of a doctorate standard or published work of a high standard.

(c) At least five years experience of teaching post-graduate classess and some experience of guiding research.

Professor:

(a) A First or High Second Class Master's Degree of an Indian University or equivalent qualification of a foreign University.

(b) A Research Degree of a doctorate standard or published work of a high standard.

(c) **For Science:** At least five years experience of teaching post-graduate classes and guiding research.

For Humanities: At least 10 years experience of teaching postgraduate classes and some experience of guiding research.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. નીચેના સેનેટના સભ્યોને ફેકલ્ટી આપવા (એસાઈન) અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોને તેમના નામ સામે બતાવેલી ફેકલ્ટી એસાઈન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧.	ડૉ. જયોતીન્દ્ર એમ. મહેતા	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશન
૨.	ડૉ. પ્રેમલીલા પી. ઠાકરસી	,,
૩.	ડૉ. એસ. પી. મોહિતે	સાયન્સ
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશન
૫.	શ્રી. એન. એલ. અહમદ	,,
૬.	શ્રી. ધનશ્યામભાઈ જી. ઓઝા	લૉ

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોને તેમના નામ સામે જણાવેલ ફેકલ્ટી નિયત કરવી :

૧.	ડૉ. જ્યોતિન્દ્ર એમ. મહેતા	—	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યૂકેશન
૨.	ડૉ. પ્રેમલીલા વી. ઠાકરસી	—	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યૂકેશન
૩.	ડૉ. એસ. પી. મોહિતે	—	સાયન્સ
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઇ દેસાઇ	—	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યૂકેશન
૫.	શ્રી. એન. એલ. અહમદ	—	આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યૂકેશન
૬.	શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	—	લૉ

૪૯. એમ. ડી. તથા એમ. એસ. ના વિદ્યાર્થીઓને મળતાં કેટલાંક "કન્સેસન્સ" ગુજરાત યુનિવર્સિટીના ગ્રેજ્યૂએટો ઉપરાંત માન્ય થએલ બીજી યુનિવર્સિટીઓના મેડિકલ ગ્રેજ્યએટોને પણ આપવાનું નક્કી થયેલું હોવાથી ઓ. ૨૮૪ તથા ઓ. ૨૯૭ માં જરૂરી સુધારો કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ ૨૮૪ અને ૨૯૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 284 : (i) Notwithstanding anything contained in the above rules, at least five years after graduation from this University or other University whose degree is recognised as equivalent thereto a candidate can appear for his M. D. Examination Part II, provided that he has put in at least six month's postgraduate training under a recognised postgraduate teacher in his branch and is registered at least one year before appearing for Part II of the examination and has passed Part I since registration. He will be exempted from training for Part I but he will have to submit a dissertation as mentioned above.

(ii) Notwithstanding anything contained in the above rules, persons who are teaching in a department of an affiliated college, continuously for five years, may be allowed to appear in the M. D. Examination Part II, provided that they have passed Part I registration and have submitted a dissertation according to the above rules, without filling up any terms, if they have registered themselves at least one year before appearing in the examination.

O. 297 (i) : Notwithstanding anything contained in the above rules, at leastfive years after graduation from this University or any other University whose degree

is recognised equivalent thereto, a candidate can appear for his M S. Examination Part II, provided that he has put in at least six month's post-graduate training under a recognised post-graduate teacher in his branch and is registered at least one year before appearing for Part II of the examination and has passed Part I since registration. He will be exempted from training for Part I but he will have to submit a dissertation as mentioned above."

(ii) : Notwithstanding anything contained in the above rules persons who are teaching in a department of an affiliated college, continuously for five years, may be allowed to appear in the M. S. Examination Part II, provided that they passed Part I after registration and have submitted a dissertation according to the above rules, without filling up any terms, if they have registered themselves at least one year before appearing in the examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૨૮૪ તથા ઓ. ૨૯૭ એકેડેમિક કાઉન્સિલની સૂચના મુજબ સુધારા કરવા તથા ઉપર મુજબ સુધારેલા ઓ. ૨૮૪ અને ૨૯૭ને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૫૦. મેથેમેટીકસના સ્ટેટીસ્ટીકસના અભ્યાસક્રમમાંથી પ્રેકટીકલ ભાગ રદ કરવાનું ઠરાવવામાં આવેલ હોવાથી તે અંગેના રેગ્યૂલેશનો ૧૮-એફ તથા રેગ્યૂલેશન ૭૭ (૧)માં સુધારા કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યૂલેશન ૧૮-એફ તથા રેગ્યૂલેશન ૭૭ (૧) ને સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સુધારા કરવા તથા તે અનુસાર સુધરાયેલા રેગ્યૂલેશન ૧૮-એફ અને ૭૭-૧ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા રેગ્યૂલેશન ૧૮-એફ અને ૭૭-૧ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૧. નીચેની કૉલેજો/સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ માટે સમિતિઓ નીમવા બાબત.

૧. એમ. એન. કૉલેજ, વિસનગર (આર્ટ્સ અને સાયન્સ)
૨. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટયૂટ, નવસારી. (આર્ટ્સ અને સાયન્સ)
૩. શામળદાસ કૉલેજ, ભાવનગર (સાયન્સ)
૪. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ (આર્ટ્સ અને સાયન્સ)
૫. સર કે. પી. કૉલેજ ઓફ કૉમર્સ, સુરત

૬. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત
૭. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ (સાયન્સ)
૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૯. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૧૦. શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પીટલ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ માટે તેમના નામ સામે જણાવેલ સભ્યોની બનેલ તપાસસમિતિઓ નીમવી :

કૉલેજનું નામ	તપાસસમિતિના સભ્યો
૧. એમ. એન. કૉલેજ, વિસનગર (આર્ટ્સ અને સાયન્સ)	૧. પ્રિ. એસ. આર. ભટ્ટ ૨. પ્રો. પી. ડી. પાઠક
૨. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારીયા સાયન્સ ઇન્સ્ટિટયૂટ, નવસારી. (આર્ટ્સ અને સાયન્સ.)	૧. પ્રિ. ડૉ. કે. જી. નાયક ૨. શ્રી. એસ. એમ. શાહ
૩. શામળદાસ કૉલેજ, ભાવનગર (આર્ટ્સ અને સાયન્સ.)	૧. શ્રી. બી. પી. શાહ ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ (આર્ટ્સ અને સાયન્સ.)	૧. શ્રી. બી. પી. શાહ ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૫. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. પ્રિ. એસ. વી. દેસાઇ ૨. શ્રી. એ. એમ. નાયક
૬. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.	૧. શ્રી. બટુભાઇ હ. દેસાઇ ૨. પ્રિ. એચ. એસ. સંઘવી
૭. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ. (આર્ટ્સ અને સાયન્સ.)	૧. પ્રો. ઉમાશંકર જોશી ૨. પ્રો. સી. એમ. દેસાઇ
૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. ઝીણાભાઇ આર. દેસાઇ ૨. શ્રી. એસ. એ. રાઉફ
૯. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.	૧. ડૉ. નાનુભાઇ દેસાઇ ૨. ડૉ. એ. ડી. જોસફ
૧૦. શેઠ વાડીલાલ, સારાભાઇ જનરલ હૉસ્પીટલ અમદાવાદ	૧. ડૉ. ભાસ્કરભાઇ પટેલ ૨. ડૉ. બી. બી. રોય

૫૨. પ્રી-યુનિવર્સિટીના પરીક્ષાના પરીક્ષકોને અપાતું મહેનતાણું તેમણે તપાસેલા જવાબપત્રો પ્રમાણે રહેવું જોઇએ એવું સૂચન કેટલાંક પરીક્ષકો તરફથી આવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૧-૭-૫૮ અને તા. ૨૫-૭-૫૮ના રોજ મળેલી સભાઓની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની તા ૨૧-૭-૫૮ અને તા. ૨૫-૭-૫૮ની મળેલી સમિતિની સભાઓની નોંધ મંજૂર કરવી. (નોંધોની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૫૪. તા. ૨૯-૭-૫૮ના રોજ મંગલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની તા. ૨૯-૭-૫૮ના રોજ મળેલી સમિતિની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૫૫. પીએચ.ડી. વિદ્યાર્થીઓની ફી હાલમાં યુનિવર્સિટી ખાતે જમા લેવામાં આવે છે. એમ.એસસી. તથા એમ.ફાર્મ.ના વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવાનો સિદ્ધાંત યુનિવર્સિટીએ સ્વીકાર્યો છે તો તે લાભ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સુધી વિસ્તારવા તથા તેને અનુસરીને અનુસ્નાતક નિયમ નં. ૪૪માં જરૂરી સુધારો કરવા બાબત.

હાલનો નિયમ નં. ૪૪ નીચે મુજબ છે :

Where a centre for a subject under the Science Faculty is instituted, the centre will be entitled to the financial assistance according to the following adhoc basis in respect of the expenditure on chemicals and other substances and services incurred by the Centre :

Chemistry per students per year	Rs. 300/-
For all other subjects under the Science Faculty except Chemistry and Mathematics	Rs. 150/-

These rates shall be applicable in case of students working for M.Sc. by papers or research from this year.

In case of students registered for M.Pharm. degree by Papers the institution will be paid at the rate of Rs. 300/- for the chemicals and other substances used by them. This amount will be Payable to the college at the end of the year.

This subsidy shall be paid at the end of year by the University on receipt of a certified statement from the Professor-in-charge that the students concerned have worked satisfactorily during the year under payment. No expenditure other than that specifically provided for by the University under the relevant rules shall be paid by the University.

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક નિયમ નં. ૪૪માં છેડે નીચે પ્રમાણે ઉમેરો કરવો :

"This rule regarding financial assistance shall also apply mutatis mutandis to Recognised Institutions in respect of students working for their Ph.D. Degree."

સુધારેલો નિયમ નીચે મુજબ વંચાશે :

Where a centre for a subject under the Science Faculty is instituted the centre will be entitled to the financial assistance according to the following adhoc basis in respect of the expenditure on chemicals and other substances and services incurred by the Centre :

Chemistry per students per year	Rs. 300/-
For all other subjects under the Science Faculty except Chemistry and Mathematics.	Rs. 150/-

These rates shall be applicable in case of students working for M.Sc. by papers or research from this year.

In case of students registered for M. Pharm. degree by papers the institution will be paid at the rate of Rs. 300/- for the chemicals and other substances used by them. This amount will be payable to the College at the end of the year.

This subsidy shall be paid at the end of year by the University on receipt of a certified statement from the Professor-in-charge that the students concerned have worked satisfactorily during the year under payment

No expenditure other than that specifically provided for by the University under the relevant rules shall be paid by the University.

This rule regarding financial asstance shall also apply mutatis mutandis to Recognised Institutions in respect of studens working for their Ph. D. Degree.

૫૬. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સૂચના અનુસાર યુનિવર્સિટીમાં એમ્પ્લોયમેન્ટ બ્યૂરો ખોલવા સંબંધી સિન્ડિકેટે તેની નવેમ્બર ૧૯૫૬ની સભામાં મંજૂર કરી હતી તે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સૂચનાથી ભારત સરકારના શિક્ષણખાતાને મોકલવામાં આવી હતી અને શિક્ષણ ખાતાની સૂચના અનુસાર ભારત સરકારના શ્રમ અને રોજગારી ખાતાને મોકલવામાં આવતાં તેમના તરફથી એવો જવાબ આવ્યો છે કે હાલમાં દિલ્હી કલકત્તા, ત્રિવેન્દ્રમ એ ત્રણ સ્થળોએ જ એવા કેન્દ્રો ખોલવાનું તેમણે ઠરાવ્યું છે અને ત્યાંનો અનુભવ જોયા પછી બીજા કેન્દ્રો ઉઘાડવા માટે વિચારણા કરવામાં આવશે તેની નોંધ લેવા બાબત. (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૭. ભારત સરકાર તરફથી પરીક્ષા પદ્ધતિના અભ્યાસ માટે અમેરિકા જનાર ટીમના સભ્ય તરીકે આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ હર્બર્ટ ડિસોઝાને ટીમના સભ્ય તરીકે ભારત સરકાર તરફથી પસંદ કરવામાં આવ્યા છે. (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૮. એફ.એ.નો નવો અભ્યાસક્રમ દાખલ થવાથી સર્વેક્ષણના વિષયના કુલ માર્કસની સંખ્યા ૨૫ ને બદલે ૫૦ થવાને કારણે તે વિષયમાં એકઝમ્પશન રાખી બેઠેલા એફ.એ.ના વિદ્યાર્થી નંબર ૩૪૯ને ઉપકુલપતિશ્રીના આદેશ અનુસાર પાસ જાહેર કરવાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૯. સમાજવિદ્યાભવનના મકાનના એલિવેશન પ્લાન્સ બદલાવાથી સિન્ડિકેટે કેટલાક વધારાના કામકાજના દરો મંજૂર કરેલા તેમાં ૪" જાડા સનબ્રેકર્સ માટે રૂા. ૨–૦૦ રનીંગ ફીટના મંજૂર કરેલ પરંતુ તે મકાનના કોન્ટ્રાક્ટરને આ દર સ્વીકાર્ય નથી અને તે આ દર સ્કવેર ફીટ પ્રમાણે માગે છે. તો આ બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:–૧. આજ જાતના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાનના કામકાજ માટે સિન્ડિકેટે સ્કવેર ફીટના રૂા. ૧–૬૦ ન.પૈ.નો દર તેની તા. ૫–૭–૫૮ની સભામાં મંજૂર કરેલ છે.
૨. આ બાબતમાં પ્રિ. આચાર્યની સલાહ લઈને જરૂરી નિર્ણય કરવાની સત્તા સિન્ડિકેટે તેની તા. ૭/૮–૫–૫૭ના ઠરાવથી શ્રી. વાઇસ–ચાન્સેલરને આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત પરત્વે બિલ્ડીંગ કમિટીનો અભિપ્રાય મેળવીને ફરીથી રજૂ કરવી.

૬૦. "સ્કીમ ઓન રિસર્ચ ઈન સોશિયલ વેલ્ફેર" માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને કુલ્લે રૂા. ૬૨૫૦ની યોજના સામે ૧૯૫૮–૫૯ના નાણાંકીય વર્ષ માટે આપેલ રૂા. ૩૦૦૦ની ગ્રાન્ટની નોંધ લેવા બાબત તથા તે માટે જરૂરી બજેટની જોગવાઈ કરવા બાબત.

(નોંધ :– યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની યોજનાને મંજૂરી આપતા કાગળમાં રૂા. ૬૨૫૦ મંજૂર કર્યા છે કે કેમ તે અંગે સ્પષ્ટતા નથી એટલે આ બાબત તેમને પૂછાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સંશોધનની મજકૂર યોજના મંજૂર કરવી અને તે માટે ચાલુ વર્ષના બજેટમાં રૂા. ૩૦૦૦ની જોગવાઈ કરવી.

૬૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયસી સમય પૂરો થતો હોવાથી તેઓને કાયમ કરવા બાબત.

નં.	નામ	હોદ્દો	મુદત પૂરી થવાની તારીખ
૧.	શ્રી. એસ. ડી. ભટ્ટ	જુનિયર કલાર્ક	૧૫–૭–૫૮
૨.	શ્રી. બી. સી. પટેલ	સિનિયર કલાર્ક	૨૮–૭–૫૮
૩.	શ્રી. જુગા ચુના	સફાઈ કામદાર (હોસ્ટેલ)	૧૬–૭–૫૮

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. શેઠ હરિદાસ અચરતલાલ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી. કૉમ. ડીગ્રી માટે વધારાના જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપરથી સેનેટે મૂકેલી શરતોનું ફક્ત બેન્કીંગના વિષય પૂરતું જ પાલન થયું છે, અને બીજા વિષયો ૧. થિયરી એન્ડ પ્રેક્ટીસ ઑફ કો-ઑપરેશન, ૨. ટ્રાન્સપોર્ટ અને ૩. ઇકોનોમિક્સ ઑફ કૉટન, ને લગતી શરતોનું પાલન થયું નથી તો તે ઉપરથી કૉલેજને પૂછાવતાં તેમના તરફથી આવેલ જવાબ ઉપર વિચારણા કરવા બાબત.

કૉલેજના જવાબની વિગત

We will appreciate if you recommend to Goverment, affiliation for the subjects of Banking, Co-operation, Cotton and Transport

We have fulfilled the conditions laid down for all the above mentioned subjects except that we have not been able to appoint the Professors for co-operation, Transport and Cotton. And as such affiliation for all the said subjects may be recommended on condition that we will start the classes in these subjects only after appointing Professors for the respective subject.

Please note that we seek affiliation for all the above mentioned subjects and not for Banking alone.

આથી ફરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજને કેવળ બેંકીંગના વિષયમાં જોડાણ આપવા વાસ્તે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૬૩. એલ. એલ. એમ.ના અનુસ્નાતક અભ્યાસક્રમ કૉલેજમાં સત્રો રાખીને તે સાથે જ બી.એ.ની પરીક્ષા માટે એક્ષસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજીસ્ટર થવા માગતા શ્રી ચિમનલાલ લલ્લુભાઈ ચાલીવાલાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, શ્રી. ચિમનલાલ લલ્લુભાઈ ચાલીવાલાને બી. એ.ની પરીક્ષા માટે એક્ષસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજિસ્ટર કરવા માટે પરવાનગી આપવી.

૬૪. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનીયરીંગ, અમદાવાદમાં એમ. ઈ. (ઇલેકટ્રીકલ મશીન ડિઝાઇન) માટે અનુસ્નાતક કેન્દ્ર ફરીથી ચાલુ કરવા બાબતમાં તે કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :-૧. ઓર્ડિ. ૬૫-પી (૪) અનુસાર કૉલેજ અનુસ્નાતક કેન્દ્રને લગતી સઘળી જોગવાઇ ધરાવે છે.
૨. તે કૉલેજમાં પ્રો. બી. ડી. ચૌધરી તે વિષયમાં માન્યતાને પાત્ર લાયકાત ધરાવે છે.)

આથી ફરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજમાં એમ. ઈ. (ઇલેકટ્રીકલ મશીન ડિઝાઇન) નું અનુસ્નાતક કેન્દ્ર ચાલુ કરવા પરવાનગી આપવી તથા તે કૉલેજના પ્રોફેસર બી. ડી. ચૌધરીને કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે નીમવા.

૬૫. યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રેસમાં આ સાથેની યાદીમાં જણાવ્યા મુજબની નિમણૂંકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.
(યાદીની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

૮૭૫૭-૭૩
નં. સિં. ૧૭ -૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૮-૮-૫૮.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"
કામકાજ નં. ૨

An adjourned meeting of the Selection Committee for recommendation for appointment to the posts of Reader in Economics in the University School of Social Sciences was held at the University of Bombay, Bombay on Saturday, the 12th of July, 1958 at 3–30 p.m., Shri Maganbhai P. Desai, the Vice-Chancellor presiding. The attendance was as follows :

1. Shri M. P. Desai (Vice-Chancellor)	Present
2. Prof. C. N. Vakil	Absent
3. Prof. M. L. Dantwala	Present
4. Prin. V. Y. Kolhatkar	,,
5. Dr. D. T. Lakdawala	,,
6. Prof. B. R. Shenoy	,,

The minutes of the meeting held on 22–6–'58 were read, approved and adopted and were signed by the Vice-Chancellor.

The attendance of the candidates called for interview was as follows :

1. Shri S. P. Gupta	Absent
2. Shri B. C. Dssai	Present
3. Shri S. M. Khot	Absent
4. Shri B. K. Rau Balusa	,,
5. Shri J. H. Adhvaryu	,,
6. Shri R. G. Majumdar	,,
7. Kum. K. R. Ranadive	Present

The Committee after interviewing the candidates, feels satisfied that Shri B. C. Desai and Kumari K. R. Ranadive are competent for appointment as readers in Economics in the University School of Social Sciences.

Sd/–1. M. P. Desai
2. M. L. Dantwala
3. D. T. Lakdawala
4. V. Y. Kolhatkar
5. B. R. Shenoy

12–7–1958
Bombay University, Bombay.

પરિશિષ્ટ "ખ"
કામકાજ નં. ૩

A meeting of the Selection Committee for the appointment of Professor of Sociology n the University School of Social Sciences, was held at the University of Bombay on Wednesday, the 16th of July, 1958 at 3–30 p.m. Shri Maganbhai P. Desai, the Vice–Chancellor presided.

The following was the attendance at the meeting:

1. Shri Maganbhai P. Desai (Vice–Chancellor) Present.
2. Smt. Iravati Karve
3. Dr. D. N. Majmundar
4. Shri K. M. Kapadia — Present
5. Dr. G. S. Ghurye, — ,,

The attendance of the candidates called for interview was as follows:–

1. Shri T. B. Naik — Present
2. Shri D. B. Unwala — ,,
3. Dr. Tarabahen Patel — ,,

After interviewing and considering the merits of the candidates the Committee are of the opinion that none of the candidates possesses the experience and qualifications required of a Professor of Sociology. They cannot, therefore, recommend any one for appointment to the post.

Sd/. 1. M. P. Desai
2. G. S. Ghurye
3. K. M. Kapadia

16–7–'58.
Bombay.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૪

પ્રોફેસર-ઇન-લિંગ્વિસ્ટીક્સની નિમણૂક માટે ભલામણ કરવા માટે નીમાયેલી વરણીસમિતિની એક સભા મુંબઈ યુનિવર્સિટીના મકાનમાં તા. ૧૨મી જુલાઇ ૧૯૫૮ના રોજ ૧૧-૩૦ વાગ્યે ઉપકુલપતિશ્રી શ્રી. મગનભાઇ દેસાઇના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ (વાઇસ-ચા-સેલર)	હાજર
૨. ડૉ. સુનીતિકુમાર ચેટર્જી	ગેરહાજર
૩. શ્રી. એસ. એમ. કત્રે	ગેરહાજર
૪. શ્રી. રામપ્રસાદ બક્ષી	હાજર
૫. ડૉ. ટી. એન. દવે	હાજર

નીચેના ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. પી. બી. પંડિત
૨. શ્રી. જી. એમ. પાટીલ
૩. શ્રી. આર. એન. વાલે

આ ઉમેદવારો પૈકી ડૉ. પી. બી. પંડિત એકલા જ હાજર રહ્યા હતા. તેમનો ઇન્ટરવ્યૂ લીધા પછી વરણીસમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"પ્રોફેસર-ઇન-લિંગ્વિસ્ટીક્સની નિમણૂક માટે જે પ્રકારનો અનુભવ અને અન્ય પ્રકારની યોગ્યતા જોઇએ તે કોઈ પણ ઉમેદવારમાં સંતોષકારક માત્રામાં જણાયાં ન હોવાથી આ સમિતિ પ્રોફેસર-ઇન-લિંગ્વિસ્ટીક્સની જગા માટે કોઈ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી."

સહી ૧. મ. પ્ર. દેસાઇ
૨. રા. પ્રે. બક્ષી
૩. ટી. એન. દવે

૧૨-૭-૫૮
મુંબઇ યુનિવર્સિટી

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૫

નીચેની જગાઓ માટે સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિની એક સભા બુધવાર તા. ૨૩-૭-૫૮ના રોજ ઉપકુલપતિશ્રી મગનભાઈ દેસાઈના પ્રમુખસ્થાને મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઉપકુલપતિશ્રી	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. એચ. પી. શુક્લ	ગેરહાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫.	શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એ. એમ. નાયક	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ દેસાઈ	ગેરહાજર
૮.	શ્રી. બી. આર. પટેલ	ગેરહાજર
૯.	શ્રી. એન. એસ. શોધન	ગેરહાજર
૧૦.	શ્રી. એન. આર. દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બી. પી. શાહ	હાજર
૧૨.	શ્રી. વિઠ્ઠલભાઈ સારાભાઈ	ગેરહાજર
૧૩.	શ્રી. એમ. ડી. પટેલ	ગેરહાજર
૧૪.	શ્રી. ઉમાશંકર જોષી	હાજર
૧૫.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર
૧૬.	શ્રી. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૧૭.	શ્રી. કે. જી. નાયક	ગેરહાજર
૧૮.	શ્રી. એમ. એમ. ઢાકોર	ગેરહાજર

૧૯. શ્રી. બી. આર. શેનોય (ઇકોનોમિક્સ, પોલિટિકલ સાયન્સ, સ્ટેટીસ્ટીક્સમાં લેક્ચરર તથા ડેમોન્સ્ટ્રેટરની જગા માટે.)

૨૦. શ્રી. ડી. એન. પાઠક (પોલિટિકલ સાયન્સમાં લેક્ચરરની જગા માટે.)
૨૧. શ્રી. ડી. જી. વશી (સ્ટેટીસ્ટીક્સના લેક્ચરર તથા ડેમોન્સ્ટ્રેટરની જગાઓ માટે.)
૨૨. શ્રી. એમ. કે. ડે (સાયકોલોજીના રિસર્ચ ફેલોની જગા માટે.)

આ જગાઓ માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની યાદી તથા તેમની હાજરી બાબતની વિગતો આ સાથે જોડેલા પરિશિષ્ટમાં આપેલી છે. હાજર રહેલા ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લીધા પછી તથા ચર્ચાવિચારણા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીક્સ અને ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીક્સ.

શ્રી. આર. સી. પટેલને સમાજવિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીક્સની જગા માટે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં માસિક એઝિક પગાર રૂા. ૨૫૦થી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના ઉમેદવારોને લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીક્સ અને/અથવા ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીક્સની જગા પર નીમવા વાસ્તે વિચારણા કરવા માટે ફરીથી ઇન્ટરવ્યૂ માટે બોલાવવા :

૧. શ્રી. પોદુરી એસ. આર. એસ. રાવ
૨. શ્રી. એમ. વી. શાસ્ત્રી
૩. શ્રી. એ. જે. પટેલ
૪. શ્રી. બી. એન. નગરશંકર

૨. લેક્ચરર ઇન ઇકોનોમિક્સ.

શ્રી. બી. એમ. ભટ્ટને સમાજવિદ્યાભવનમાં ઇકોનોમિક્સના લેક્ચરર તરીકે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગાર ધોરણમાં માસિક એઝિક પગાર રૂા. ૨૫૦થી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇકોનોમિક્સના લેક્ચરરની બીજી જગા માટે આ સમિતિ કોઈ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી.

૩. લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ.

આ જગા માટે કોઈ પણ ઉમેદવાર હાજર ન હોવાથી આ સમિતિ કશી ભલામણ કરી શકતી નથી.

૪. રીસર્ચ ફેલો ઇન સાયકોલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. બી. પ્રભાકરની માસિક રૂા. ૨૫૦ના ફીક્સ્ડ પગારથી મનોવિજ્ઞાનમાં રીસર્ચ ફેલો ઇન સાયકોલોજી તરીકે નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. એસ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) શ્રી. એમ. એચ. શાહ તેમના ખાતામાંથી છૂટા થઈને યુનિવર્સિટીમાં આ જગા પર આવવા તૈયાર હોય તો રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગાર ધોરણમાં માસિક બેંઝિક પગાર રૂા. ૨૦૦ થી તેમની નિમણૂંક તે છૂટા થાય તો અને ત્યારપછી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.
(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એચ. શાહ ઉપર જણાવ્યા પ્રમાણે આ જગા ઉપર ન નીમી શકાય તો પછી, બીજે નંબરે શ્રી. બી. જે. શુકલ વિષે બરોડા મ્યુનિસિપાલીટી-ના પ્રેસીડેન્ટને ખાનગી રાહે પૂછાવીને તેમની નિમણૂંક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

નીચેના ઉમેદવારોને બુધવાર તા. ૨૩-૭-૫૮ના રોજ સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિની સભા સમક્ષ હાજર રહેવા જણાવ્યું હતું:

૧. એસ્ટેટ સુપ્રીન્ટેન્ડન્ટ.

૧.	શ્રી. એમ. ડી. પુનવાણી	હાજર
૨.	શ્રી. એમ. એચ. શાહ	હાજર
૩.	શ્રી. બી. જે. શુકલ	હાજર
૪.	શ્રી. એમ. એલ. પરમાર	ગેરહાજર

૨. લેક્ચરર ઇન ઇકોનોમિકસ.

૧.	શ્રી. બી. એમ. ભટ્ટ	હાજર
૨.	શ્રી. શર્માનંદ કાશોર	હાજર
૩.	શ્રી. એ. એન. દેસાઇ	ગેરહાજર
૪.	શ્રી. ડી. પી. કપીલ	ગેરહાજર
૫.	શ્રી. આર. એ. ગૌર	હાજર
૬.	શ્રી. એમ. એમ. બાલારાઉ	ગેરહાજર

૩. લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ.

૧.	શ્રી. યુ. એન. શુકલ	ગેરહાજર
૨.	શ્રી. કે. સી. બનસાલ	ગેરહાજર
૩.	શ્રી. પીલાઇ આલફ્રેડ જેમ્સ	ગેરહાજર
૪.	શ્રી. આર બી. જૈન	ગેરહાજર
૫.	શ્રી. જી. એચ. મહાજન	ગેરહાજર
૬.	શ્રી. એચ. એન. ગુલાટી	ગેરહાજર

૪. લેક્ચરર ઇન સ્ટેટીસ્ટિક્સ.

૧.	શ્રી. એન. વી. કુલકરણી	ગેરહાજર
૨.	શ્રી. એસ. કે. દેશપાંડે	ગેરહાજર
૩.	શ્રી. એમ. વી. શાસ્ત્રી	ગેરહાજર
૪.	શ્રી. આર. સી. પટેલ	હાજર
૫.	શ્રી. પોદુરી એસ. આર. એસ. રાવ	ગેરહાજર
૬.	શ્રી. ડી. પી. કપીલ	ગેરહાજર
૭.	શ્રી. એન. કે. શર્મા	હાજર
૮.	શ્રી. સી. ગણપથી	ગેરહાજર
૯.	શ્રી. આર. સી. પરીખ	હાજર
૧૦.	શ્રી. બી. એન. નગરશંકર	ગેરહાજર

૫. ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટિક્સ.

૧.	શ્રી. એસ. સી. શાહ	હાજર

૨. શ્રી. એ. જે. પટેલ — ગેરહાજર
૩. શ્રી. બી. એન. નગરશંકર — ગેરહાજર

૬. રીસર્ચ ફેલો ઇન સાયકોલોજી.

૧. શ્રી. એ. એફ. શેઠ — હાજર
૨. શ્રી. બીરવનાથ મુખરજી — હાજર
૩. શ્રી. એ. બી. પ્રભાકર — હાજર
૪. શ્રી. એમ. બી. ઘોરપાડે — ગેરહાજર

સિન્ડિકેટ (ઓગસ્ટ)
તા. ૨/૩-૮-'૫૮

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૮

AGREEMENT MADE this day of 195 . between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the "Employers" (which expression shall wherever the context so requires or admits include their successors and assignee) of the one part and Balkrishna V. Doshi, Hindu, Resident of Ahmedabad and carrying on business as Architects under the name of 'Vastu-shilpa'-at Old Balentine's Haveli, Near Three Gates, Ahmedabad, hereinafter referred to as "The Architect" (which expression shall wherever the context so requires or admits include his heir, executor, administrator and assignee) of the other part.

3. Baroda University:	Rs.120/- + Rs.50/- + Rs.10/- .. .. Pay D.A. H.R.A.	= Rs. 180-120-10-200
4. Poona University:	Rs.120/- + Rs.50/-Rs.15/- + Rs.7/- .. Pay D.A. H.R.A. C.L.A.	= Rs. 192/-120-8-200-10-250.
5. A'bad Muni. Corporation.	Rs.140/- + Rs.50/- .. .. .. Pay D.A.	= Rs.190/-140-8-212-10-300.
2. Asst. Stenographer.	Rs.120/- + Rs.50'- .. .. .. Pay D.A.	= Rs.170/120-15/2-180.

6.	An affiliated non-Govt. College in Ahmedabad.	No.	T.E. Grade

7A. Guj. University : Rs.160/- + Rs.55/- + Rs.15/- + Rs.10/- = Rs.240/- 160-10-270
Revised Scale Pay D.A. H.R.A. L.C.A.
recommended by the = Rs.230/-Without
2nd Committee. C.L.A.
= Rs.195/-" + H.R.A.

New Grade : Rs. 125/- + Rs. 50/- + Rs.15/- + Rs.7/, + Re. 5/- = Rs. 202/-125-
Pay D.A. H.R.A. L.C.A C.A. 7-195-9-240

7B. Guj. University : Same as our Item I i.e. No change.
Scale as recommended by the first committee.

8. Bombay University : Rs. 100/- + Rs. 45/- + Rs. 10/- + Rs. 5/- + O = Rs.160/-100-5
Pay D.A. H.R.A. C.L.A. 125-6-
185-8-
225.

CASHIER

1. Gujarat University : Rs.70/- + Rs.45/- + Rs.10/- + Rs.5/- + Rs.5/- = Rs.135/-70-5-150
Present Scale. Pay D.A. H.R.A. L.C.A. C.A.

2. Bombay University : Rs.160/- + Rs.55/- Rs.215/-160-10-240
Old Scale. Pay D.A.
Revised Scale. Rs.200/- + Rs.55/- Rs.255/-200-10-320
Pay D.A.

3. Baroda University : Rs.100/- + Rs.45/- + Rs 7 .. .. Rs.152/-100-81-40
Pay D.A. H.R.A.

4. Poona University : Rs.100/- + Rs.45/- + Rs 10/- + Rs.5/- .. Rs.160/-100-8-140
Pay D.A. H.R A. C.L.A.

T.E. Grade

6.	A'bad Muni. Corporation.	**No Post**				
6.	An affiliated non-Govt. College in A'bad.	:Rs. 100/– + Rs. 45/– Pay D.A.	..	..	..	Rs. 145/–100–5–150
7A.	Gujarat Uni. Revised scale as recommended by the 2nd Committee.	:Rs. 180/– + Rs. 55/– + Rs. 15/– + Rs. 10/– Pay D.A. H.R.A. C.L.A.			Rs. 230/–180–10-290. Rs.250. Without Com.A. Rs.235. „ + H.R.A.	
7B.	Guj. Uni. scale as recommended by the 1st Committee.	Rs.100/- Rs.45/- Rs.110/- Rs.5/- Rs.5/- Pay D.A. H.R.A. Com.L.A. C.A.			Rs 165/–100–8–140. E.B. 8–180.	
8.	Bombay Govt.	**No seperate grade,**				

NAIK

1.	Gujarat University ; Present Scale.	Rs.35/– + Rs.40/– + Rs.7/– + Rs.3/–+ Rs.5/– Pay D.A. H.R.A. C.L.A. C.A.				= Rs.90. 35–1–45
2.	Bombay University .	Rs.40/– + Rs.40/– + Rs.7/– Pay D.A. H.R.A.	..	..		= Rs.87/. 40–1–50
	Revised Scale.	Rs.45/– + Rs.50/– + Rs./– Pay D.A. H.R.A.	..	..		= Rs.92/. 45-2½-70
3.	Baroda University :	Rs.40/– + Rs.35/– + Rs.5/– Pay D.A. H.R.A.	..	..		= Rs.80[illegible]. 40–1–50
4.	Poona University :	Rs.30/– + Rs.35/– + Rs.7/– + Rs.3/ Pay D.A. H.R.A. C.L.A.		..		= Rs.75/. 30–1–50.
5.	A,bad. Muni. Corporation.	Rs.35/– + Rs.40/– Pay D.A.	..	..	..	= Rs.75/. 35–1–42.

6.	An affiliated non-Govt. College in A'bad.	NO POST.	T.E. Grade
7A	Guj. University Revised Scale as recommended by the committee.	: Rs.40/- + Rs.40/- + Rs 7/- + Rs.3/- + Rs.5/- Pay D.A. H.R.A. C.L.A. C.A.	= Rs.95/-40-2½-62. = Rs.92/- Without Com. A. = Rs 85/-,, + H.R.A.
7B.	Guj. University Scale as recommended by the 1st committee	: Rs.40/- + Rs 40/- + Rs.7/- + Rs.3/- + Rs.5/- Pay D.A. H R A. C.L.A. C.A.	= Rs.95/-40-2-60.
8.	B'bay. Govt.	: Rs.35/- + Rs.40/- + Rs.7/- + Rs.3/- + Rs.0 Pay D A. H.R.A. C.L.A.	= Rs.85/-35-1-45.

PEONS, HAMALS, SWEEPERS ETC.

1.	Gujarat University Present Scale.	: Rs.30/- + Rs.40/- + Rs.7/- + Rs.3/- + Rs.5/- Pay D A. H.R.A. C.L.A. C.A.	= Rs.85/-30-½-35.
2.	Bombay University Old Scale.	: Rs.35/- + Rs.40/- + Rs 7/- Pay D.A. H.R.A.	.. .. = Rs.82/-35-½-40.
	Revised Scale.	: Rs.40/- + Rs.40/- + Rs.7/- Per D.A. H.R.A	.. .. = Rs.87/-40-2-60.
3.	Baroda University	: Rs.30/- + Rs.35/- + Rs.5/- Pay D.A. H.R.A.	.. .. = Rs.70/-30-½-35.
4.	Poona University	: Rs.30/- + Rs.35/- + Rs.7/- + Rs.3/- Pay D.A. H.R.A. C.L A.	.. = Rs.75/-30-½-35.
5.	A'bad. Muni. Corporation.	: Rs.30/- + Rs.40/- Pay D.A.	.. .. .. = Rs.70/-30-½-35.

T.E. Grade

6.	An affiliated non-Govt. College in Ahmedabad.	: Rs.25/- + Rs.40/- Pay D.A.	..	..	..		= Rs.65/-25-1-35.
7A.	Guj. University Revised Scale as recommended by the 2nd committee	: Rs.35/- + Rs.40/- + Rs.7/- + Rs.3/- + Rs.5/- Pay D.A. H.R.A. C.L.A. C.A.					= Rs.90/-35-2-55. = Rs.87/- Without Com. A. = Rs.80/-,,H.R.A.
7B.	G.U.(Recommended)	Rs.30/- + Rs.40/- + Rs.7/- + Rs.3/- + Rs.5/- Pay D.A. H.R.A. L.C.A. C.A.					= Rs. 85/-30-1-45.
8.	B'bay Govt.	: Rs.30/- + Rs.40/- + Rs.7/- + Rs 3/- Pay D.A. H.R.A. L.C.A.					= Rs.80/-30-½-35.

---

1. **Bombay University :**
   Note : D.A. Paid according to B.C.S.R. One month basic salary Paid as Exam. Allowance.

2. **Baroda University :**
   Note ; D.A., & H.R.A. paid according to their own rules

3. **Poona University :**
   Note : D.A. & H.R.A. & Com. A. are paid according to their own rules.

4. **A'bad Muni. Corporation.**
   Not : Above grades are prior to recent revision.

5. **Guj. University :**
   Note : D.A. & other allowances are paid as per B. C. S. R. plus conveyance allowance of Rs. 5/- to those who get less than Rs. 15/-.

Gujarat University

Statement showing the total in University Office and in other departments as on 30–6–1958.

	Posts.	Registrar's Office:		Uni–Library:		Uni. School of Social Sciences.		Uni. School of Guj. Lang&Lit.		Uni. School of Psychology:		Total	
		Total Posts.	Vacant Post:	Total Posts.	Vacant Post.	Total Posts.	Vacant Post:	Total Posts.	Vacant Post	Total Posts.	Vacant Post:	Total Posts.	Vacant Post:
1.	Stenographer	4	2	–	–	1	–	1	–	1	–	7	2
2.	Senior Clerk	10	3	1	–	1	1	1	1	1	1	14	6
3.	Jr. Clerk Typist. (Six posts for 2 yrs.)	38	1	8	(2 posts appointed for 1 month temporary)	1	–	1	4	1	1	49	2
4.	Peons	26	3	8	–	2	–	2	–	2	1	40	4
5.	Hamals	4	1	2	–	1	–	1	–	–	–	8	1
6.	Chowkidar	4	1	–	–	–	–	–	–	–	–	4	1
7.	Driver	1	–	–	–	–	–	–	–	–	–	1	–
8.	Cashier	1	–	–	–	–	–	–	–	–	–	1	–

(ચાલુ-૩૨) ૨૬૯-૧૯૫૯ તા. ૨/૩-૧૨-૫૯

પરિશિષ્ટ "૧૦"

Gujarat University

(1) C.L.A. and H.R A. to Non-gazetted Government Servants on mofussil scales of pay.

BOMBAY CITY

Pay Rs.	C.L.A. Rs.	H.R.A. Rs.
Below 35	5-0-0	7
35-54	7-8-0	10
55-60	7-8-0	10
61-80	10-0-0	10
81-100	12-8-0	15
101-140	12-8-0	15
141-200	15-0-0	20
201-250	17-8-0	20
251-300	20-0-0	20
above 300	20-0-0	10% of pay.

AHMEDABAD, POONA

Sardarnagar and Kubernagar Townships

Below 55	3-0-0	7
55-100	5-0-0	10
101-140	7-0-0	15
141-250	10-0-0	15
above 250	10-0-0	7½% of pay

(ii) C.L.A. and H.R.A. To Gazzetted Government servants on mofussil Scales of pay.

BOMBAY

Pay Rs.	C.L.A. Rs.	H.R.A. Rs.	Ahmedabad & Poona
Below 500	50/-	15% of pay	
500-999	75/-	15% of pay	
1000-1499	75/-	12½% of pay	
1500 and above	100/-	12½% of pay	7½% of pay.

પરિશિષ્ટ "૧૧"

Report of the Committee appointed by the Syndicate in its meeting held on 24th September 1957 to negotiate with the Representatives of the Gujarat University Employee's Union in the matter of their demands submitted by their General Secretary vide his letter dated 17–9–1957.

The Committee appointed by the Syndicate for the purpose mentioned in the title held meeting severally and jointly with the Representatives of the Union as follows :

(1) 26–9–1957,
(1) 1–10–1957,
(3) 11–10–1957,
(4) 1–11–1957,
(5) 9–11–1957,
(6) 30–11–1957, and
(7) 4–12–1957.

After holding prolonged discussions among ourselves and with the Representatives of the Employees' Union and after taking into account all relevant considerations, we recommend to the Syndicate as follows :

I Although the University is competent to recognise or refuse to recognise any Union subject to its own rules and conditions, the existing Union of the Gujarat University Employees be recognised, if need be, after providing for the necessary exception to Rule No. 4, on its submitting a formal application to the Vice-Chancellor for the following reason :

Its President, Principal S. R. Bhatt is the Principal of a College affiliated to this University and as such connected with the University in terms of the Syndicate Resolution dated 28–9–1957.

II. (1) During our deliberations we took into account the scales of pay and other Universities in the State as also the conditions prevailing in Government Departments and the Ahmedabad Municipal Corporation. We also considered the rising cost of living, especially in the City of Ahmedabad and took into account the distance between the University Campus and the main Town. We also took into account the work the employees of the University have to put in. In view of all these factors, we recommend that the following categories of full-time non-teaching staff in the

Gujarat University be placed in the pay-scales mentioned against them and paid accordingly subject to verification from the University of Bombay regarding the veracity of the revised corresponding scales obtaining in that University and mentioned in column No. 3 above :

1 Categories at the Gujarat University	2 Proposed Pay-scales at the Gujarat University	3 Revised Pay-scales at the University of Bombay
(1) Junior Clerks :	Rs. 70–5–95–7–165–10–215	Rs. 75–5–100–8–180–10–250
(2) Typists :	Rs. 70–5–95–7–165–10–215	Rs. 75–5–100–8–180–10–250
(N.B.:—Junior Clerks and Typists who are graduates be paid a starting salary of Rs. 90/– per month.)		
(3) Stenographers (In the new Pay-scale)	Rs. 125–7–195–9–240	Rs. 140–8–220–10–270 (Junior Stenographers)
(4) Stenographers (In the old Pay-scale)	Rs. 160–10–270	Rs. 180–10–300 (Senior Stenographers)

(N.B. :– The above mentioned revised scale suggested for the Stenographers in the category No. (4) is shown as Rs. 160–10–270. While the ceiling of the Pay-scale of the Head Clerks is Rs. 290/– at present the maximum pay for Stenographers and Head Clerks is Rs. 250/– and Rs 200/– respectively and in view of this higher ceiling for the Stenographers than that of the Head Clerks, we recommend that due consideration be shown to this factor and the Stenographers in the old Pay-scale be allowed to go to the maximum pay of Rs. 290/– as in the case of Head Clerks in category No. (5) below :

(5) Head Clerks :	Rs. 180–10–290	Rs. 200–10–320
(6) Senior Clerks :	Rs. 120–8–200–10–240.	No corresponding category.

(N.B.: In the existing scheme there is a category of Senior Clerks at the Gujarat University, but there is no corresponding category of Senior Clerks at the University of Bombay. In view, therefore, of the proposed revision, the Committee feels that this category will be redundant and therefore suggest that in due course after the present incumbents are promoted to a higher category, this category may be completely eliminated. For the existing incumbents in this category the scale proposed, i.e. Rs. 120–8–200–20–240 may be accepted.

(7)	Cashier:	Rs. 180–10–290.	Rs. 200–10–320.
(8)	Naik:	Rs. 40–2½–65.	Rs. 45–2½–70.
(9)	Peons, Hamals, Malis, Sweepers, Chowkidars and Stock–attendent:	Rs. 35–2–56.	Rs. 40–2–60.

(2) The present employees be given one increment in the revised scales for each period of completed service of three years in their present categories or for each three increments earned as on 1–7–1957 (as distinguished from the increments given) in their present categories subject to a maximum of five increments.

(3) The proposed revised pay–scales mentioned in II (1) above be made operative retrospectively from 1–7–1957.

(4) All increments in the case of present employees may in future fall due on the 1st of July each year subject to the following proviso :

An employee who has got no financial benefit as a result of this revision of pay–scales on 1–7–1957 may get one increment on the date on which it falls due and all subsequent increments may be governed accordingly.

(5) No employee of the University be financially adversely affected as a result of thc proposed revision of pay–scales and adjustments.

(6) An employee who does not get any financial benefit as a result of this revision and adjustments and whose present basic pay is higher than a particular stage in the pay–scale, be placed at the immediately next higher stage in the scale.

(7) The present allowance, viz. (1) the Dearness Allowance, (2) the Cycle Allowance, (3) the Compensatory Local Allowance, (4) the House Rent Allowance, (5) the Typing Allowance (Gujarati) (6) the Stenography Allowance (Gujarati) and (7) the Examination Seasons be continued under the present Rules.

(8) The employee be distinctly given to understand that the scales recommended under this report will not be further revised as a result of any revision of emoluments of its employees by the Government hearafter in the first next instance.

III. (1) It was noticed that the working hours in the Gujarat University were less than those obtaining at the University of Bombay, and in view of the proposed revision of pay–scales recommended above on the lines of the revised pay–scales of the University of Bombay, it is recommended that the total duration of working hours on each day in the week be fixed as per the corresponding duration obtaining in the University of Bombay.

(2) (i) The Union demanded overtime allowance for all business, functions and and duties, It is true that the employees have to work overtime on account of examinations, meetings etc. It will however, be not proper to give overtime allowance for all functions and we recommend that no overtime allowance be paid for the business connected with the Convocations, the University Week and the Youth Festival.

(ii) The employees have sometimes to work overtime in connection with the University Sports. In view however, of the fact that the employees who have to work overtime in this connection are paid extre remuneration equivalent to one month's basic salary, from the Ahmedabad Local Sports Fund, we recommend that no extra allowance be paid for business connected with the University Sports.

(3) The rates of overtime allowance being paid at present are, in our opinion, a little low. We therefore, recommend that the rates for payment of over allowance for all work except the work mentioned in 2 (i and (ii) above, be revised from Rs. 1/- to Rs. 1·25 in the case of clerical staff and from 0·37 nP. to 0·50 nP. in the case of the Naik, Peons, Hamals and Stock-attendent subject to, in the case of both the categories, to a maximum overtime work of four hours for an individual on any single day.

(4) It is also felt that the work in the University Office is of a peculiar character and it is difficult to assess the work load of the members of the staff. It is therefore, felt that the question regardieg payment of overtime allowance as recommended above in clause III(3) above, be reviewed after a trial of six months.

IV. The Union desired clarification regarding promotion. In this connection we feel that except in the case of posts where definite academic and othere qualifications may be laid down, all other promotions be governed by seniority and efficiency. We, therefore recommend that where promotions to higher posts are not researved for candidate holding certain specified qualifications, they should be governed by seniority and efficiency as judged by three years previous records.

V. The union also requested for facilities for further studies by its members. We considered the matter in all its implications. There are also practical difficulties in the way of permitting the University employees to prosecute there studies. We, however, feel that the possibilities of devising a suilable formula in this behalf by sympathetically explored.

Ahmedabad,
Dated 24 December 1957.

(1) Sd/- H. P. Shukla
(2) Sd/- Biharilal P. Shah
(3) Sd/- L. R. Desai.

પરિશિષ્ટ "૪"
કામકાજ નં. ૩૭

સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા શુક્રવાર તા.૨૭-૧૨-૫૭ના બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તે સમયે સભાસદોની હાજરી (કુલ ત્રણ) નીચે મુજબ હતી.

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	પ્રિન્સિ. કે. એલ. દેસાઇ	ગેરહાજર
૩.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઇ	ગેરહાજર
૫.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર
૬.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર
૭.	પ્રિન્સિ. ડી. આર. સામંત	ગેરહાજર
૮.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	હાજર.

૧. તા. ૨૫-૭-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૫-૫-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. અલ્હાબાદ યુનિવર્સિટીની એમ.ઇડી., બી.કોમ., અને બી.એસસી. હોમ સાયન્સ પરીક્ષાઓ માન્ય કરવા બાબત.

નોંધ:-અરસપરસના ધોરણે અલ્હાબાદ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ. બી.એસસી., બી.એસસી. (એગ્રિ.) એલ.એલ.બી., એમ.એ., એમ.એસસી. અને એમ. બી.,બી.એસ. પરીક્ષાઓ માન્ય કરી હતી અને તે મુજબ આપણી પરીક્ષાઓ માન્ય કરવા આપણે તેમને લખેલું. પરંતુ અલ્હાબાદ યુનિવર્સિટીએ તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરી હતી તેથી ઇક્વીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની સભાના ઠરાવ અનુસાર પૂછાવતાં તે યુનિવર્સિટીની નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરવાની બાકી રહે છે.

એમ.ઇડી., બી.એસસી., બી.એસસી. (એગ્રિ. એન્જિનિયરીંગ), બી.કોમ., એમ.કોમ. અને બી.એ. હોમ આર્ટ્સના સમાનવર્તી અભ્યાસક્રમ નહિ હોવાથી તે પરીક્ષાઓમાં માન્ય કરવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

એમ.ઇડી. પરીક્ષા માટે એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના અભિપ્રાય નીચે મુજબ છે.

"Although the general pattern of M.Ed. Examination of the Allahabad University differs from that of the Gujarat University, the compulsory papers and dissertation are the same. As against one of the grouns laid down by the Gujarat University they make up for one of the groups. In the circumstances, I recommend that the M.Ed. Degree may be recognised as equivalent to the M.Ed. Degree of the Gujarat University.

બી.એસ.સી. હોમ સાયન્સની પરીક્ષા માટે હોમ સાયન્સની એડ-હોક સમિતિના અધ્યક્ષ પ્રિન્સિ. એલ. આર. દેસાઇ, અમદાવાદનો અભિપ્રાય નીચે મુજબ છે.

"Our course differs fundamentally from the one prescribed by the Allahabad University. For instance, Child Care, and Mother Craft and all branches of Science in general are compulsory in our course, whereas in the Allahabad University course, there is no mention of Child Care and Mother Craft and only Chemistry out of the different branches of Science is mentioned. In view of the above, I do not consider B.Sc. (Home Science) of Allahabad University equivalent to our B.A. (Home Science).

Dean faculty of commerce opines that B.Com. Examinations of the Allahabad University should not be recognised.

The replies received from the State Universities are as under :-

(1) Bombay University -None of the examination is recognised. It may, however, be noted that a student who has passed the B.Com. Examination of the Allahabad University with English medium is permitted to join 1st LL.B. class in this University. B.A. & B Sc. degree examinations of the Allahabad University are recognised.

Uni. of Poona :- M. Ed., B.Com. and M.Com. Examinations of the University of Allahabad have been recognised by this University upto and inclusive of June 1964 on a basis of reciprocity.
The B.A. (Home Arts) and B.Sc. (Home Science) Examination have not been recognised as these cxaminations are not conducted by the University.

(3) M.S. University of Baroda:-The following examinations of the Allahabad University are recognised by this University on a reciprocal basis under 0.175 of this University.
B.A., B.Sc., M.A., M Sc., M.Ed.
With regard to the recognition of the B.Com. and M.Com. Examinations of the Allahabad University. The question is under consideration. B.Sc. (Home Science) Examination of the Allahabad University is not recognised as equivalent to the corresponding examination of this University.
The University does not conduct the B.A. (Home Arts Examination.

(4) Nagpur University :-Only B.Com and M.Com. examinations of Allahabad University are recognised.

આથી આ કમિટી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે અલ્હાબાદ યુનિવર્સિટીની એમ.બી. પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.બી. પરીક્ષા તુલ્ય માન્ય કરવી. તે ઉપરાંત ફર્સ્ટ એલએલ.બી.માં દાખલ થવા પ્રતી બી.કોમ.ની પરીક્ષા પણ માન્ય કરવી.

૩. સેક્રેટરી, બોર્ડ ઑફ હાયર સેકન્ડરી એજ્યુકેશન, દિલ્હી, તેમના તા. ૧૨-૨-૫૯ના પત્ર નં. ૩૦૬૧ માં હાયર સેકન્ડરી પરીક્ષાને ફર્સ્ટ ઇયર તુલ્ય માન્ય કરવા લખે છે તે અંગે વિચારણા કરવા બાબત.

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીમાં ઉપરોક્ત પરીક્ષાઓ સંબંધમાં નીચે પ્રમાણે સ્થિતિ પ્રવર્તે છે :

મુંબઇ યુનિવર્સિટી — ૩૫ ટકા ગુણ સાથે ઇંગ્લિશ, એડીશેનલ લેન્ગ્વેજ, મેથેમેટિક્સ, હિસ્ટ્રી અગર જ્યોગ્રોફી અને બીજો એક વિષય લઇને પાસ કરી હોય અગર પાંચ અથવા વધુ વિષયો લઇને પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો મેટ્રીકયુલેશન તુલ્ય માન્ય કરી છે.

નાગપુર યુનિવર્સિટી — હાયર સેકન્ડરી પરીક્ષા જે વિદ્યાર્થીએ પાસ કરી હોય તે વિદ્યાર્થી એક વર્ષ માટે કૉલેજમાં અભ્યાસ કરે તો તેને ઇન્ટર આર્ટ્સ અગર ઇન્ટર સાયન્સની પરીક્ષામાં બેસવા દે છે.

વડોદરા યુનિવર્સિટી — દરેક વિષયમાં ૩૫ ટકા ગુણ સાથે અગર સરવાળે પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો યુનિ.ના પ્રથમ વર્ષમાં દાખલ થવા માટે માન્ય કરી છે.

પુના યુનિવર્સિટી — હાયર સેકન્ડરી પરીક્ષા ફર્સ્ટ ઇયર આર્ટ્સ, ફર્સ્ટ ઇયર સાયન્સ અગર કોમર્સ તુલ્ય માન્ય કરી છે.

Dean Faculty of Arts opined as under:—

"Either it is equivalent to our S.S.C. Examination or First Year Examination, not equivalent to our Intermediate Examination, I think."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ હાયર સેકન્ડરી અજ્યુકેશન, દિલ્હીની હાયર સેકન્ડરી પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર અથવા પ્રી-યુનિવર્સિટી તુલ્ય માન્ય કરવી નહિ. પરંતુ તેને એસ.એસ.સી.ની પરીક્ષા તુલ્ય માન્ય કરવાનું ચાલુ રાખવું.

૪. નાગપુર યુનિવર્સિટીની બી.એ. ઓનર્સ ડીગ્રી પરીક્ષાની તુલ્ય માન્ય કરવા બાબત.

સ્ટેટ યુનિવર્સિટીઝમાં પૂછાવતાં નીચે મુજબ જવાબો આવેલાં છે :

1. University of Bombay — B.A. (Hons.) degree examination of the Nagpur University is deemed as equivalent to the B.A. Examination only of this University for the purposes of admission to any course in this University as well as for the appointment of lecturers etc. It is not recognised as equivalent to the M.A. Examination.

2.	M.S. University of Baroda	Under O. 175 the B.A. examination of the Nagpur University is recognised as equivalent to the B.A. Examination of this University for purposes of admission to a higher course of study. B.A. (Hons,) of Nagpur University is not recognised as equivalent to M.A. of this University for tho purposes of appointment as Lecturers.
3.	University of Poona	B.A. (Hons.) Degree of Nagpur University is not recognised as equivalent to M.A. Degree examination of this University.
4.	S.N.D.T. University	B.A. (Hons.) is not recognised as equivalent to M.A. Degree of our University either for the purpose of admission nor for the appointment of Lecturers.

Dean of the Faculty of Arts opines as under :

"It is not clear from the Nagpur Univeraity prospects what standard they observe for their B.A Pass Examination, which they consider equivalent to the B.A of the Gujarat University. Their B.A (Hons) or B.A. courses are of our B.A. level. Their B.A. Pass level is not known to us. Our B.A. Special must be higher than their B.A. Pass.

આથી હરાવવામાં આવે છે કે, નાગપુર યુનિવર્સિટીની બી. એ. (ઓનર્સ) ડીગ્રીને આ યુનિવર્સિટીની એમ. એ. તુલ્ય માન્ય કરી ન શકાય.

૫. કલકત્તા યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા બી.એડી.માં દાખલ થવા માટે માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ :- આપણા રે. ૭ મુજબ કલકત્તા યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા ફક્ત એલ.એલબી.માં દાખલ થવા માટે માન્ય કરી છે.

Dean, Faculty of Commerce has opined as under :

"The B.Com. Degree of the Calcutta University may be recognised for admission to LL.B. Examination as per our R. 7 I am against recognising the degree for any other purpose."

Dean, Faculty of Arts including Education has opined as under :

" Gujarat University B.Com. Examination enjoys recognition of Calcutta University on the basis of reciprocity. There should therefore be no difficulty in permitting the student concerned to join his B.Ed. in the Gujarat University.

Even otherwise a B.Com., M.A. of the Calcutta University should be permitted to take up the B.Ed. course of the Gujarat University.

Bombay University has recognised B.Com. of the Calcutta University only for the purpose of admission to LL.B."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. (કોમ) પરીક્ષાના અભ્યાસક્રમ, પ્રવેશ યોગ્યતા વગેરે બાબતોમાં કલકત્તા યુનિવર્સિટી પાસેથી સ્પષ્ટીકરણ મંગાવવું. જો મજકૂર વિદ્યાર્થી શ્રી. વોહરા અબ્દુલ ભુલજીને બી. ઈડી. માં કામચલાઉ પ્રવેશ આપવામાં આવ્યો હોય તો તેને કાયમી પ્રવેશ આપવા માટે શ્રી. વાઇસ ચાન્સેલરને સત્તા આપવી.

૬. શ્રીમતી સવિતાબેન કાંતિલાલ પટેલે અજમેર બોર્ડની ઈન્ટર આર્ટ્સની પરીક્ષા બાનગી વિદ્યાર્થી તરીકે બે હપ્તે પાસ કરી છે. ફેકલ્ટીવેલેન્સ કમિટીની મંજૂરીની અપેક્ષાએ તેમને તેમના જોખમે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોધ:–શ્રીમતી સવિતાબેને પ્રથમ ૧૯૫૫માં ફક્ત "ઈંગ્લીશ" માં બેસી તે બોર્ડના નિયમ અનુસાર ઈન્ટર આર્ટ્સ પરીક્ષા પાસ કરી. ત્યારપછી ૧૯૫૬ માં બાકીના ત્રણ વિષયમાં બેસી તે વિષયોમાં પરીક્ષા પાસ કરી છે. સર્વોદય કેળવણી મંડળની આર્ટ્સ કોલેજમાં જુનિયર બી.એ.ના વર્ગમાં દાખલ થયા છે અને તેમના જોખમે કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે.

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓએ નીચે મુજબ તે પરીક્ષા માન્ય કરી છે.

મુંબઈ યુનિ.	માન્ય કરી નથી કારણ કે તેઓ બાનગી પરીક્ષા લેતા નથી. નિયમિત વિદ્યાર્થી તરીકે પાસ કરેલી ઇન્ટર આર્ટ્સની પરીક્ષા માન્ય કરે છે.
બરોડા યુનિ.	માન્ય કરી છે. આપણા જેવો કેસ હજુ તેમને ત્યાં ઉદ્‌ભવ્યો નથી.
પૂના યુનિ.	પૂરેપુરા વિષયો સાથે પાસ કરી હોય તો માન્ય કરેલી છે.
નાયપુર યુનિ.	બે હપ્તે પાસ કરી હોય તો તેવા વિદ્યાર્થીઓને કોલેજમાં દાખલ થવા માટે લાયક ગણે છે.

આથી ઠરાવવામાં આથે છે કે અજમેર બોર્ડની ઈન્ટર આર્ટ્સ પરીક્ષા આ યુનિવર્સિટીએ માન્ય કરી હોવાથી શ્રીમતી સવિતાબેનને આપેલ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટને બહાલી આપવી.

૭. પૂના યુનિવર્સિટી આપણી યુનિવર્સિટીની બી.એ. પાસ કરી હોય તેવા વિદ્યાર્થીને બી.કોમ.માં દાખલ કરે છે. અરસપરસના ધોરણે આપણા એ. ૩૦૯ મુજબ પૂના યુનિ.ના બી.એ. પાસ થયેલા વિદ્યાર્થીઓને બી.કોમ માં દાખલ થવાનો લાભ આપવા અંગેના શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮. શ્રી. જી. બી. હીંગોરાણીએ આગ્રા યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા પાસ કરી છે. બી.એ. પણ તે જ યુનિવર્સિટીની પાસ કરી છે. ફેકલ્ટીવેલેન્સ કમિટીની બહાલીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલરે ઉમેદવારના જોખમે લેબર વેલ્ફેરના ડિપ્લોમાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે તેને મંજુર કરવા બાબત.

Dean, Faculty of Arts ixcluding Examination has opined as under:-

" As the candidate is an M.A. of Agra (for which he should put down evidence) I think he should be admitted as a concession. "

આગ્રા યુનિવર્સિટીની બી.એ., બી.ઇડી.માં દાખલ થતા માંટે માન્ય કરી છે તે હકીકત ધ્યાનમાં લઇને લેબર વેલ્ફેર ડિપ્લોમામાં બી.એ. અગર એમ.એ. પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે એવું કાર્યાલયનું સૂચન છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.

૩. કર્ણાટક યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કર્ણાટક યુનિવર્સિટી પાસેથી યુનિવર્સિટીની મેડિકલ કોલેજોમાં નિમાતા શિક્ષકોની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત તથા અનુભવના નિયમોની માહિતી મંગાવ્યા પછી મેડિકલ ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય મેળવવો અને તે બાદ આ બાબત ફરી વિચારણા માટે આ સમિતિ સમક્ષ મૂકવી. મેડિકલ કાઉંસિલ ઑફ ઇન્ડિયાએ આ પરીક્ષા માન્ય કરી છે કે નહિ તે પણ પૂછાવવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકઝામ બી. ૧૮૬-૯૨
અમદાવાદ-૯,
તા. ૨-૧-૧૯૫૮.

ક. ચં. પરીખ.
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ નં. ૫૦

Amendment in R.18.

R.18 :-(v) Statistics under Group F Mathematics at B.A. as revised will read as under :

(v) Statistics

There will be a written examination in 2 papers of 3 hours carrying 100 marks each.

(Detailed course prescibed for papers I & II-under (v) Statistics will remain the same.)

Amendment in R.77.

R.77 :-(v) Statistics under Group (I)-Mathematics as revised will read as under :-

(v) Statistics :

There will be a written examination having 2 papers of 3 hours carrying 75 marks each.

(Detailed course prescribed for papers I & II under (v) Statistics will be thesame as given on page 52 of the syllabus for B.Sc.)

પરિશિષ્ટ "૬"
કામકાજ નં. ૫૩

ગુજરાત યુનિવર્સિટી

સને ૧૯૫૮ના માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં જેમણે ગેરરીતિયો વાપરી હોય તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઈઝરો વગેરેએ ભૂલો કરી હોય તેમના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીમાએલી સમિતિની એક સભા સોમવાર તા. ૨૧-૭-૫૮ના રોજ સાંજે ૫-૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૩.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૫.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	ગેરહાજર

આ સભા સમક્ષના કામકાજના બધા કાગળો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. સમિતિ દરેક કેસના તમામ કાગળો જોઈ-તપાસી ચર્ચા-વિચારણા કરી સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરે છે.

પ્રાશ્નિકો	ભલામણ
૧. પ્રો. આર. બી. આથવલે	ફર્સ્ટ ઈયર આર્ટ્સના સંસ્કૃત પેપરની હસ્તપ્રતમાં શબ્દો લખવામાં થયેલી ભૂલ માટે રૂા. ૫ તેમના મહેનતાણામાંથી કાપવા.
૨. પો. ડી. પી. પટેલ	ફર્સ્ટ ઈયર આર્ટ્સના અર્ધમાગધીના પેપરના હસ્તપ્રતોમાં દરેક સ્લીપ પર સહી ન હોવાથી તેમને ચેતવણી આપવી.
૩. પ્રો. ડી. એન. પાઠક	ફર્સ્ટ ઈયર આર્ટ્સના હિંદના રાજ્યબંધારણના પેપરના સવાલ બીજામાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં દર્શાવેલ સાલમાં સામ્ય ન હોવાની ભૂલ બદલ તેમને ચેતવણી આપવી.
૪. પ્રો. પી. એમ. મોદી	ફર્સ્ટ ઈયર આર્ટ્સના જગતના ધર્મોના પેપરની હસ્તપ્રતમાં ક્રમાંક તથા પ્રથમ સ્લીપ સિવાય દરેક સ્લીપ પર સહી ન હોવાની ભૂલ બદલ તેમને ચેતવણી આપવી.
૫. પ્રો. ડી. એસ. પાઠકજી	ફર્સ્ટ ઈયર આર્ટ્સના પરિશિયનના પ્રશ્નપત્રની ૧. અમદાવાદ સેન્ટર માટેની હસ્તપ્રતમાં સવાલ નં. ૭ ના માર્કસ બતાવવામાં આવેલા નહિ તે માટે તથા તે સવાલમાં આપેલા ફકરાનું ભાષાંતર કઇ ભાષામાં કરવું તે બાબતની સૂચના આપવામાં થયેલી ભૂલ માટે રૂા. ૫ તેમના મહેનતાણામાંથી કાપવા.

	૨. ભાવનગર સેન્ટર માટેની હસ્તપ્રતમાં રહેલી ભૂલો તથા અનિયમિતતા રહેવા બદલ કાંઈ સજા કરવી નહિ. ૩. વિસનગર સેન્ટર માટેની હસ્તપ્રત વાંચી શકાય તેવી ન હોવા બદલ ચેતવણી આપવી.
૬. પ્રો. એમ. એન. કારગાંવકર	ફર્સ્ટ ઈયર સાયન્સના મેથેમેટિક્સના પેપરની ભાવનગર અને નડિયાદ સેન્ટર માટેની હસ્તપ્રતના કવર ઉપર સ્લીપની સંખ્યા લખવામાં કરેલી ભૂલ માટે કાંઈ સજા કરવી નહિ.
૭. પ્રો. આર. પી. રાવલ	ફર્સ્ટ ઈયર સાયન્સના ફરજિયાત હિંદીના પ્રશ્નપત્રના નવસારી તથા ભાવનગર સેન્ટર માટેની હસ્તપ્રતમાં સ્લીપોને નંબર આપેલા ન હોવાથી તેમ જ અમુક સ્લીપો ઉપર સહી ન હોવા બદલ ચેતવણી આપવી.
૮. પ્રો. ધીરૂભાઈ ઠાકર	ફર્સ્ટ ઈયર કોમર્સના ગુજરાતી પેપરના ભાવનગર સેન્ટર માટેની હસ્તપ્રતમાં સવાલ નં. ૩ સામે માર્ક્સ દર્શાવેલા ન હોવા બદલ ચેતવણી આપવી.
૯. પ્રો. આર. એસ. શાહ	ઈન્ટર સાયન્સ કેમિસ્ટ્રી પેપર પહેલાના એક પ્રશ્નના ગુજરાતી ભાષાંતરમાં કરેલી ભૂલ બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૧૦. પ્રો. જે. જી. ત્રિવેદી	બી.એ ના હિંદી (સ્પેશ્યલ) પેપર ત્રીજાના હસ્તપ્રતના કવર ઉપર સ્લીપ્સની સંખ્યા લખવામાં કરેલી ભૂલ બદલ ચેતવણી આપવી.
૧૧. પ્રો. એસ. આર. ભવાની	૧. બી. એ., બી. એસસી.ના મેથેમેટિક્સના એસ્ટ્રોનોમીના પેપરની અમદાવાદ સેન્ટર માટેની હસ્તપ્રતમાં પ્રશ્ન ૮માં કરેલી ભૂલ બદલ રૂા. ૫ તેમના મહેનતાણામાંથી કાપવા. ૨. બી.એસસી.ના સપ્લિમેન્ટરી મેથેમેટિક્સના એલ્જીબ્રા અને કો-ઓર્ડિનેટ જ્યોમિતિની અમદાવાદ સેન્ટર માટેની હસ્તપ્રતમાં પ્રશ્ન નં. ૩ ના અંગ્રેજી. તથા ગુજરાતી ભાષાન્તરમાં સામ્ય ન હોવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.
૧૨. પ્રો. એલ. ટી. પાટીલ	એસ. ઈ. સિવિલ, મિકેનીકલ અને ઈલેક્ટ્રીકલના મેથેમેટિક્સના પેપરમાં પ્રશ્ન ૨(૧૧) સાચો ન હોવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા અને તેમને ચેતવણી આપવી.
૧૩. શ્રી. ઝેડ. વી. કોઠારી	ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં બેઠેલા વિદ્યાર્થી નંબર ૧૨૯૬એ જગતના ધર્મોના પેપરના સવાલ નં. ૧૧નો જવાબ આપેલો તે તપાસેલો નહિ તે વેરીફીકેશન કરતાં જણાયેલું. તે ભૂલ બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

૧૪. શ્રી. એમ. બી. શુકલ — ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં બેઠેલા વિદ્યાર્થી નંબર ૩૭૭૦ જગતના ઇતિહાસના પેપરના પ્રશ્ન નં. ૯ના જવાબ માટે આપેલા માર્ક્સ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર લખેલા નહિ, તે વેરીફીકેશન કરતાં જણાયેલું. તે ભૂલ બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

૧૫. શ્રી. એમ. જે. મહેતા — ફર્સ્ટ ઇયર આર્ટ્સ હિંદનું રાજ્યબંધારણના વિષય માટે નીમાએલા પરીક્ષક શ્રી. એમ. જે. મહેતાએ મોડરેટર તરફથી આપેલી સૂચનાઓની અવગણના કરવા માટે તેમજ કેટલીક ગંભીર અનિયમિતતા તથા બિનસંતોષકારક કામ માટે તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦૦ કાપી લેવા અને તેમને બે વર્ષ સુધી પરીક્ષક તરીકે નીમવા નહિ.

૧૬. શ્રી. એન. યુ. જોશી — ફર્સ્ટ ઇયર સાયન્સમાં હિંદીના ઉત્તરપત્રો ફરીવાર તપાસવા તેમને મોડરેટરે પાછા મોકલેલા તે ઉત્તરપત્રો ક્રમાંકમાં ગોઠવ્યા સિવાય શ્રી. જોશીએ મોકલેલા તેમ જ વધારાની હિંદી જવાબપત્રો પણ ક્રમાંકમાં ગોઠવેલા ન હોવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપી લેવા.

૧૭. શ્રી. પતરામ ગોર — યુનિવર્સિટીની સૂચના વિરૂદ્ધ જઈ પ્રશ્નોના જવાબોના માર્ક્સ અપૂર્ણાંકમાં આપેલા તે બદલ તેમને ચેતવણી આપવી.

૧૮. શ્રી. કે. એન. ચોકસી — ઇન્ટર સાયન્સમાં વિદ્યાર્થી નં. ૧૨૧૩એ કેમિસ્ટ્રી પેપરના બીજા વિભાગના જવાબ પાના ૫ અને ૬ ઉપર લખેલા પરંતુ માર્ક્સ પાના ૫ ઉપર જ લખેલા અને છૂટા પાના ઉપર તપાસ્યાનું કાંઈ ચિહ્ન ન હતું તે બદલ તેમને કાંઈ સજા કરવી નહિ.

૧૯. પ્રો. જે. એન. ધારપ — બી.એસસી.ના મેથેમેટિક્સના પેપર ૫ માંમાં વિદ્યાર્થી નં. ૧૪ને ૩૦ માર્ક્સ આપેલા પણ માર્ક્સ સીટમાં ફક્ત ૩ માર્ક લખેલા તે બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

૨૦. શ્રી. જે. એચ. દવે — સેકન્ડ એલએલ.બી.ના પેપર ૪થાના માર્ક્સશીટ તેના સહપરીક્ષકને મોકલેલા નહિ તે બાબતમાં તેમનો ખુલાસો જોતાં તેમને આવતી વખત પરીક્ષક તરીકે નીમવા નહિ તથા તેમને આ બાબતમાં યોગ્ય રીતે પત્ર લખવો.

૨૧. શ્રી. આર. એમ. ચીટનીસ — ફર્સ્ટ ઇયર સાયન્સમાં બેઠેલા વિદ્યાર્થી નં. ૨૯૨એ અંગ્રેજીના પેપરમાં સવાલ નં. ૬નો જવાબ જુદા જુદા પાના ઉપર લખેલો અને તે બંને પાના ઉપર માર્ક્સ આપેલા પરંતુ માર્ક્સના સરવાળામાં કરેલી ભૂલ બદલ રૂા. ૧૦ તેમના મહેનતાણામાંથી કાપવા.

૨૨. શ્રી. ગોવર્ધન શર્મા	ઈન્ટર સાયન્સમાં બેઠેલા વિદ્યાર્થી નં. ૧૦૩૩એ હિંદીના પેપરના સવાલ નં. ૫ નો લખેલો જવાબ તપાસેલો નહિ તે બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

જુનિયર સુપરવાઇઝરો.

૨૩. શ્રી. બી. એમ. અંતાણી	સુરેન્દ્રનગર સેન્ટર ખાતે ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૩૦૫૨ની ઇંગ્લીશ પેપર માટેની ઉત્તર-પત્રિકા ઉપર સહી ન કરવા બદલ તેના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૨૪. શ્રી. એમ. ડી. ત્રિવેદી	નડિયાદ સેન્ટર ખાતે ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૧૩૦૩ ના ઇંગ્લીશના પેપરના જવાબપત્ર ઉપર સહી ન કરવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા અને તેમને ચેતવણી આપવી.
૨૫. શ્રી. આઈ. એન. પટેલ	નવસારી સેન્ટરમાં ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૧૮૫૬ના ઇંગ્લીશના જવાબપત્ર ઉપર સહી ન કરવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા અને તેમને ચેતવણી આપવી.
૨૬. એસ. એસ મજીઠીયા	ભાવનગર કેન્દ્રમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં એક જગતના ઇતિહાસના પેપરમાં કેટલાક જવાબપત્રો ઉપર સહી ન લેવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૨૭. શ્રી. વાય. આઈ. દિક્ષિત ૨૮. મીસ આઈ. જે. શેઠ ૨૯. શ્રી. જે. સી. મહેતા	અમદાવાદ સેન્ટરમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં સંસ્કૃતના પેપરની કેટલીક ઉત્તર-વહીઓ ઉપર સહી વગેરે ન કરવા બદલ તેઓ દરેકના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૩૦. શ્રી. ડી. એસ. દેસાઈ.	નવસારી સેન્ટરમાં ઇન્ટર આર્ટ્સના સોશ્યોલોજીના પેપરમાં એક વિદ્યાર્થીની સપ્લીમેન્ટરી પર સહી ન લેવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫-૦-૦ કાપવા.
૩૧. શ્રી. એન. એમ. શાહ.	અમદાવાદ સેન્ટરમાં ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં ઇકોનોમિક્સના વિદ્યાર્થી નં. ૧૩૨૮ની ઉત્તરવહી પર સહી ન કરવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૩૨. શ્રી. બી. એન. મહેતા.	ઇન્ટર સાયન્સ ફીઝીક્સ થીઅરીના પ્રશ્નપત્ર વખતે કેટલાક વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પર સહી કરવાની રહી ગયા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.
૩૩. શ્રી. શુકલ.	જામનગર સેન્ટરમાં પ્રિ. યુનિ. આર્ટ્સની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થી નં. ૬૨૪૬ની ઉત્તરવહી પર સહી ન કરવા બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૩૪. શ્રી. એસ. એમ. શાહ — ભરૂચ સેન્ટરના પ્રિ. યુનિ. આર્ટ્સના ગુજરાતીના વિષયમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પર સહી ન કરવા બદલ તેમનું એક આખા દિવસનું મહેનતાણું રૂા. ૧૦ કાપવું.

૩૫. શ્રી. જે. એન. ધોળકીઆ અને શ્રી. કે. આર. જોષી — રાજકોટ સેન્ટરમાં ફર્સ્ટ એલએલ.બી.ના ઉત્તરપત્રોના વિભાગો બદલ બદલ થઈ જવા પાછળ તે બદલ તે બન્નેને ચેતવણી આપવી.

૩૬. સુરત સેન્ટરમાં ફર્સ્ટ ઈયર કોમર્સના વિદ્યાર્થી નં. ૧૧૨૯ની બાબતમાં સીનીઅર સુપરવાઇઝર અને વિદ્યાર્થીના ખુલાસા પરથી જે બાબતો ખુલ્લામાં આવી હતી તે બાબતમાં આવેલા જવાબની નોંધ લેવી.

૩૭. પ્રી-યુનિ. આર્ટ્સની પરીક્ષામાં એડમીનીસ્ટ્રેશનના પેપર વખતે વિદ્યાર્થી નં. ૮૫૮ પાસેથી જુનિયર સુપરવાઇઝરની સહીવાળી બે ઉત્તરવહીઓ કેવી રીતે મળી તે બાબતમાં જુનિયર સુપરવાઈઝરના આવેલા ખુલાસાની નોંધ લેવી.

૩૮. ફર્સ્ટ ઇયર સાયન્સની મેથેમેટીક્સની પરીક્ષા બાબતમાં વિદ્યાર્થી નં. ૪૫૫ અને ૪૬૨ એ કરેલ ખુલાસા પરથી ઉભી થતી બાબતો પર સીનીયર સુપરવાઇઝર શ્રી. આથવલેનો જવાબ જોતાં આ બાબતમાં વધુ કાંઈ કરવાનું રહેતું નથી.

૩૯. ઈન્ટર કોમર્સના ગુજરાતીના પ્રશ્નપત્રમાં સુરત સેન્ટરમાં બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓના ઉત્તરોમાં સામ્ય હોવા બાબત પ્રશ્નપત્રનો ભાષાંતરનો ફકરો કોણે કાઢયો હતો તે બાબતમાં પ્રશ્નપત્ર કાઢનાર ચેરમેન તરફથી આવેલ માહિતી જોતાં વધુ કાંઈ કરવાનું રહેતું નથી.

* * *

સને ૧૯૫૮ના માર્ચ-એપ્રિલની પરીક્ષામાં જેમણે ગેરરીતિઓ વાપરી હોય તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો વગેરેએ ભૂલ કરી હોય તેમના કેસોમાં વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીમાએલી સમિતિની એક સભા શુક્રવાર તારીખ ૨૫-૭-૫૮ના રોજ સાંજે ૫-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૫.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર

આ સભા સમક્ષના કામકાજના બધા કાગળો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. સમિતિ દરેક કેસના કાગળો જોઈ તપાસી ચર્ચા વિચારણા કરી સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરે છે.

૧. ઇન્ટર કોમર્સના વિદ્યાર્થી નં. ૮૦૦ અને ૮૧૨ અંગે સિનિયર સુપરવાઇઝર પ્રિ. એસ. વી. દેસાઇએ તે વિદ્યાર્થીઓને તે પરીક્ષામાંથી ઊઠાડી કેમ મૂકયા નહિ તે બાબતમાં જે ખુલાસો આવ્યો હતો તે પર વિચારણા કરી ઠરાવ્યું કે તેમનો રૂા. ૫ ~~ટેલિફોન ફંડ~~ મહેનતાણામાંથી કાપ કરવો.

૨. બી.એડ. પાર્ટ-૧ના પેપર ૬ એજ્યુકેશન ઇન સ્ટેટીસ્ટિક્સના પ્રશ્નપત્ર અંગે શ્રી. આર. પી. પંડ્યા, પ્રો. એ. એન. શુકલ અને પ્રો. એન. ડી. વૈષ્ણવ તે દરેકને ચેતવણી રૂપે ભવિષ્યમાં વધારે કાળજીપૂર્વક કામ કરવા જણાવવું.

૩. શ્રી. જ. મ. મહેતા. ઇન્ટર આર્ટ્સને બદલે ઈન્ટર સાયન્સના ૨૬૯૫નું પરિણામ અનામત રાખવાની મૂલ બદલ કંઈ સજા કરવી નહિ.

૪. શ્રી. એન. સી. ત્રવાડી ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થી ૪૭૪૧નું સંસ્કૃતનું એક્ઝમ્પશન નોંધવાનું રહી જવા માટે કોઈ પગલાં ભરવાં નહી.

૫. શ્રી. બી. એમ. વૈશ્ય અને શ્રી. કે. સી. જાની પ્રિ-યુનિ. ફર્સ્ટ ઈયર આર્ટ્સના વિદ્યાર્થી નં. ૫૨૬૨ના પરિણામ બાબત બંનેને ચેતવણી આપવી અને શ્રી. વૈશ્યે તેમના ખુલાસામાં મુંબઇ યુનિવર્સિટીની પ્રથાનો ઉલ્લેખ કર્યો છે તે અનુચિત છે તેમ તેમને જણાવવું.

૬. શ્રી. આર. એચ. પારેખ અને એમ. ડી. ત્રિવેદી ઇન્ટર કોમર્સના વિદ્યાર્થી નં. ૧૩૧૭ના ઈન્સ્યુરન્સના માર્ક્સ પૂરવાના રહી ગયા બદલ તે દરેકને રૂા. પનો દંડ કરવો.

૭. વિદ્યાર્થી નંબર ૧૩૭૭ પ્રી-યુનિ. આર્ટ્સ આ વિદ્યાર્થીને ૩૧મી ડિસેમ્બર ૧૯૫૯ સુધી યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રવેશ આપવો નહી તેમજ તેમણે મેળવેલા એક્ઝમ્પશન રદ કરવાં.

૮. વિદ્યાર્થી નં. ૪૮૨ એફ.ઈ. આ વિદ્યાર્થીને ૩૧મી ડિસેમ્બર ૧૯૫૯ સુધી યુનિ.ની કોઇ પરીક્ષામાં પ્રવેશ આપવો નહી તેમજ તેણે કોઈ વિષયમાં એક્ઝમ્પશન મેળવ્યું હોય તો તે રદ કરવું.

૯. નવસારી કેન્દ્રના સિનિયર સુપરવાઇઝર પ્રો. અ. ક. ત્રિવેદી તરફથી આવેલા ખુલાસાની નોંધ લેવી.

૧૦. સુરત સેન્ટરમાં ઈન્ટર કોમર્સની ગુજરાતી પરીક્ષામાં વિદ્યાર્થીના ભાષાંતરના ઉત્તરો બાબતમાં જુનિ. સુપરવાઇઝરોના આવેલા ખુલાસાઓની નોંધ લેવી.

૧૧. ઈન્ટર આર્ટ્સના વિદ્યાર્થી નં. ૧૭૬૩ની બાબત વિષે નીચેની માહિતી પ્રિ. એસ. આર. ભટ્ટ પાસેથી પૂછાવવી.

૧. તા. ૨૭ જુલાઇએ તેમને જે ઉત્તરપત્ર મળ્યો તે તરત યુનિ.ને કેમ ન મોકલી આપ્યો.

૨. તા. ૬ઠીએ તેમણે રજિસ્ટ્રારને તે બાબતમાં રૂબરૂમાં વાત કરી તો પછી ૧૫મી સુધી તે કાગળો મોકલવાનું મોડું કેમ થયું.

૩. સદરહુ વિદ્યાર્થિનીની વેરીફીકેશનની અરજી તેમને કોલેજના લેટર હેડ ઉપર તારીખ ૧૭-૬-૫૮ના રોજ કરવામાં આવી છે અને તે તેમણે તેમની કોલેજના જાવક નં. ૮૦૪થી યુનિવર્સિટીને મોકલી છે તો તેમની કોલેજમાં વિદ્યાર્થિનીઓની વેરીફીકેશનની અરજીઓ મોકલવા માટે સામાન્ય રીતે આવી પ્રથા છે ?

તે પછી સમિતિની સભા વિસર્જન થઇ હતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ નં. ૫૪

સ્ટાફ અંગેના તમામ વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી કાયમી સમિતિની એક સભા તા. ૨૯-૭-૫૮ના રોજ બપોરના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જ્યારે હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી. એલ. આર. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. એસ. એમ. શાહ	હાજર
૪. શ્રી. વિક્રમ સારાભાઇ	ગેરહાજર
૫. શ્રી. કે. સી. પરીખ	હાજર

૧. યુનિવર્સિટી બુલેટીન, વિદ્યા તેમજ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝનું કામ ટાઈપીંગ વિભાગના સભ્યો કરતા હોવાથી તે કામના બદલામાં ખાસ ભથ્થું આપવા બાબતની સ્ટાફની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ટાઇપીંગ વિભાગના સભ્યોની મજકૂર માગણી મંજૂર કરવી નહીં.

૨. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશીયલ સાયન્સીઝમાં એક ક્લાર્ક-ટાઇપીસ્ટની જગા ઉભી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશીયલ સાયન્સીઝમાં એક ક્લાર્ક-ટાઇપીસ્ટની જગા હાલ ઉભી કરવી નહીં.

૩. યુનિવર્સિટી કાર્યાલય માટે એક સફાઈ કામદારની નવી જગા ઉભી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે એક વધુ સફાઇ કામદારની જગા હાલ ઉભી કરવી નહીં.

૪. સમાજવિદ્યા ભવન માટે બે હમાલની નવી જગાઓ ઉભી કરવા બાબતના શ્રી. અધ્યક્ષના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના હમાલો તથા સફાઈ કામદારે સમાજ વિદ્યા ભવનના બેઉ માળ તથા મનોવિજ્ઞાન ભવનના માળની તમામ પ્રકારની સફાઈ કરવી એવી સ્પષ્ટ સમજૂતી સાથે સમાજવિદ્યા ભવન માટે વધુ એક પટાવાળા-હમાલની જગા ઉભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. મનોવિજ્ઞાન ભવન માટે એક હમાલ અને એક ભંગીની જગા ઉભી કરવા બાબત રીડર-ઈન-ચાર્જના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર કામ ૪ને માટેનો ઠરાવ જોતાં, મનોવિજ્ઞાન ભવનના રીડર-ઇન-ચાર્જનું મજકૂર સૂચન હવે જરૂરી રહેતું નથી.

૬. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન બીજી ટર્મમાં તૈયાર થતાં ભવનનું કામકાજ ત્યાં શરૂ થાય તે માટે એક હમાલ અને એક ભંગીની જગાઓ ઉભી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટે એક હમાલ અને એક સફાઇ કામદારની જગાઓ ત્યાં કામ શરૂ થયે વિચારવાની રાખવી.

૭. નીચેની બાબત સિન્ડિકેટે તેની તા. ૭-૬-૫૮ (કામકાજ નં. ૧૦) ની સભામાં આ સભા સમક્ષ અભિપ્રાય માટે મુકેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા ભથ્થાંનો પ્રશ્ન કાર્યાલયના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને અભિપ્રાય માટે મોકલી આપવો. ઉપરાંત કાર્યાલયના કર્મચારીઓના કામકાજના દબાણનો પ્રશ્ન તપાસવાનું કામ એ સમિતિને સોંપવું અને તે કામ અંગેના એક નિષ્ણાતને કો-ઓપ્ટ કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન મુંબઈ સરકારને પૂછાવવું કે ઓફીસકામનો વર્કલોડ કાઢી શકે તેવા કોઇ નિષ્ણાતની સેવાઓ તેમની પાસેથી મળી શકે તેમ છે કે કેમ?

૮. હાલ હક્ક રજા વધુમાં વધુ ૧૨૦ સુધી જમા નિયમ પ્રમાણે થઈ શકે છે તેને બદલે મુંબઈ સરકારે તેઓના સ્ટાફને ૧૮૦ સુધીની છૂટ આપેલ છે તે જોતાં આ બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે મુંબઇ સરકારે બહાર પાડેલ જી. આર. ની નકલ મેળવીને તેમાં જો બી.સી.એસ.આર. મુજબ ૧૮૦ દિવસ સુધી હક્ક રજા રખાઈ હોય તો તે મુજબ જમા કરવાની છૂટ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી. તે અંગેનું ઘટતું સાહિત્ય મેળવીને રજૂ કરવું.

૯. અનુસ્નાતક ભવનોમાં હાલ મંજૂર થયેલી પટાવાળાની જગાને હમાલની જગામાં ફેરવવા સમાજવિદ્યા ભવનના અધ્યક્ષના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

પટાવાળાઓને પણ મકાનો વાળવા-ઝૂડવાનું કામ સોંપવું જોઈએ એમ આ સમિતિ માને છે અને સિન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટીના પટાવાળાઓ અને હમાલોની બધી જ જગાઓનું નામ ફેરવીને પટાવાળા-હમાલ રાખવું અને તે મુજબ તેમને કામ સોંપવું.

૧૦ ટેલીફોન ઓપરેટરની જગાનું પગાર ધોરણ નકકી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પોસ્ટ એન્ડ ટેલીગ્રાફ ડિપાર્ટમેન્ટમાં ટેલીફોન ઓપરેટરનો પગારનો દર મંગાવીને આ બાબત ફરીથી રજૂ કરવી.

આદ સમિતિની સભા સમક્ષ મૂકાયેલાં વધારાના કામકાજ ઉપર નીચે મુજબ ઠરાવ થયા હતા:

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સિનિયર ક્લાર્કની જગાઓ રાખવી કે કેમ તે અંગે સિન્ડિકેટે છેવટનો નિર્ણય હજુ લીધો નહી હોવાથી આ જગાઓ માટે ટેમ્પરરી જુનિયર ક્લાર્કસની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, રવાનગી વિભાગ માટે એક વધુ જુનિયર ક્લાર્કની જગા ઉભી કરવાની બાબત આ વિભાગના કામકાજ અંગે પાછલા વર્ષોના તુલનાત્મક અને સરાસરી આંકડાઓ તૈયાર કરી ફરી રજૂ કરવું.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ–યુનિવર્સિટી પરીક્ષાઓના વધારાના કામકાજ માટે કામચલાઉ ધોરણ અમુક ઉચ્ચક પગારથી મદદનીશો નીમવા બાબતમાં તેમને સોંપવાનું કામકાજ, પગાર વગેરેની વિગતો તૈયાર કરી આ બાબત ફરીથી રજૂ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ડ"
કામકાજ નં. ૬૫

યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં થયેલી નિમણૂંકોની યાદી

રજિસ્ટ્રાર ઑફીસ

			જોડાયા તારીખ
૧.	શ્રી. એચ. એમ શાહ	જુની. ક્લાર્ક, કાયમી	તા. ૧૨-૪-૫૮
૨.	,, બી. ડી. પટેલ	,, ,, ,,	,, ૧૨-૪-૫૮
૩.	,, એ. બી. દવે	ટાઇપીસ્ટ ,,	,, ૧૨-૪-૫૮
૪.	,, એ. એન. દેસાઈ	જુની. ક્લાર્ક, બે વર્ષ માટે	,, ૧-૭-૫૮
૫.	,, કે. બી. દવે	,, ,, ,, ,,	,, ૧-૭-૫૮
૬.	,, બી. એલ. ગઢવાલા	,, ,, ,, ,,	,, ૧-૭-૫૮
૭.	,, મંજૂલા એમ. શાહ	,, ,, ,, ,,	,, ૧-૭-૫૮
૮.	,, એમ. એમ. દેસાઈ	ટાઇપીસ્ટ એક વર્ષ માટે	,, ૧૬-૫-૫૮

ડી. પી. ઇ.

૧.	શ્રી. ડબલ્યુ એન ડિસ્ત્રિયન	ટાઇપીસ્ટ	કાયમી	તા. ૧૨-૪-૫૮

યુનિવર્સિટી લાયબ્રેરી.

૧.	શ્રી. એ. ટી. મિસ્ત્રી	જુની. ક્લાર્ક	કાયમી	તા. ૧૪-૪-૫૮
૨	,, પી. સી. શાહ	ટાઇપીસ્ટ	કાયમી	,, ૧૪-૪-૫૮

નીચે મુજબની જગાઓ યુનિવર્સિટી પ્રેસમાં પુરવામાં આવી છે.

૧.	શ્રી. નાગીલાલ વીરજીભાઈ	માલવણીયા	ટ્રેડલમેન	તા. ૬-૬-૫૮
૨	,, પરસોત્તમદાસ દલસુખરામ	ભટ્ટ	મશીનમેન	,, ૧૪-૬-૫૮
૩.	,, દયારામ કેશવલાલ	ચુડાસમા	કોમ્પોઝીટર	,, ૬-૬-૫૮
૪.	,, ઉમરભાઇ અલીભાઇ		,,	,, ૬-૬-૫૮
૫.	,, જગદીશ ડુંગરદાસ	પરમાર	,,	,, ૬-૬-૫૮
૬.	,, ભાવસાર બીખાભાઇ	રણછોડભાઇ	,,	,, ૬-૬-૫૮
૭.	,, બોડાભાઈ લલ્લુભાઈ	પટેલ	,,	,, ૧૬-૬-૫૮
૮.	,, નટવરલાલ નાનજીભાઇ	ઉપાધ્યાય	મોલરમેન	,, ૧૮-૬-૫૮
૯.	,, હસમુખલાલ માધવલાલ		કોમ્પોઝીટર	,, ૧૮-૬-૫૮
૧૦.	,, ગુલામ અબ્બાસ	કમાલ	હેલ્પર આઇન્ડીંગ	,, ૨૭-૬-૫૮
૧૧.	,, શાંતિલાલ વાડીલાલ	ભાવસાર	કોમ્પોઝીટર	,, ૬-૬-૫૮
૧૨.	,, પૂનમચંદ મણિલાલ	ગાંધી	હેડ-કોમ્પોઝીટર	,, ૨૧-૬-૫૮.
૧૩.	,, બબાભાઈ જોઈતારામ		કોમ્પોઝીટર	,, ૬-૬-૫૮
૧૪.	,, રણછોડભાઈ બબાભાઈ	પટેલ	,,	,, ૬-૬-૫૮
૧૫.	,, જીવણલાલ ખુશાલદાસ	પરમાર	,,	,, ૬-૬-૫૮
૧૬.	,, ચંદુલાલ વહેરાભાઈ	પટેલ	મોલરમેન	,, ૬-૬-૫૮
૧૭.	,, બીખાભાઇ પ્રેમશંકર	ત્રિવેદી	કોમ્પોઝીટર	,, ૬-૬-૫૮
૧૮.	,, નટવરલાલ મોહનલાલ	મકવાણા	હેલ્પર	,, ૬-૬-૫૮

આનગી :

સિન્ડિકેટ (સપ્ટેમ્બર)
તા. ૭-૯-'૫૮

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સને ૧૯૫૮ના સપ્ટેમ્બર માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, રવિવાર તા. ૭-૯-૧૯૫૮ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યૂટી ડાયરેક્ટર ઑફ એજ્યૂકેશન	હાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુક્લ	હાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એ. એમ. નાયક	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	ગેરહાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર.

૧. તા. ૨/૩-૮-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભાની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨/૩-૮-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધ નીચેના ફેરફાર સહિત મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

(નોંધ:—કામકાજની નોંધના પાના નં. ૧૦૧ ઉપર બાબત નં. ૫૩ના એકમ્પનીમેન્ટમાં છેલ્લી લીટીમાંના "ટોકન દંડ" શબ્દો તે સમિતિના રિપોર્ટમાં છે. ત્યાં "મહેનતાણામાંથી કાપ" એ શબ્દો તેને બદલે સમજવા, એટલી નોંધની સાથે ગઈ બેઠકની કાર્યવાહી મંજૂર થઈ.)

૨. શ્રી. એસ. એલ. મહેતા તરફથી "લક્ષ્મીલાલ-ચંદાબા સ્કૉલરશિપ" અનુક્રમે આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને મેડિકલ ફેકલ્ટીમાં માર્ચ-એપ્રિલની પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર અને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં આર્ટ્સ, સાયન્સ કૉમર્સ અને મેડિકલ જે હોય તે, વિષયોમાં પેપર્સ અથવા રિસર્ચથી અનુસ્નાતકનો અભ્યાસક્રમ આગળ ચાલુ રાખનાર વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવા માટે રૂા. ૧૦,૦૦૦ની રકમ આપવા માટે આવેલ પ્રસ્તાવ ઉપર વિચારણા ગઈ બેઠકમાં મોકૂફ રહેલી તે બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર શિષ્યવૃત્તિઓ માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર અને યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં દાખલ થનાર કોઈ પણ એક ફેકલ્ટીના વિદ્યાર્થીને આપવા માટે શ્રી. એસ. એલ. મહેતાને સૂચન કરવું.

૩. ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) પરીક્ષાના પરીક્ષકોને અપાતાં મહેનતાણાના નિયમમાં સુધારા કરવા બાબત.

(નોંધ:—એ એક સૂચના એવી મળી છે કે ૧. મૉડરેટરને મોકલવાની ઉત્તરવહીઓનું ટપાલખર્ચ આપવું; ૨. પરીક્ષક તથા મૉડરેટરનું મહેનતાણું ભેગું ન વહેંચાય)

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી)ની પરીક્ષાઓના પરીક્ષકોને અપાતા મહેનતાણાના નિયમોમાં કશો ફેરફાર કરવો નહીં, પણ મજકૂર પરીક્ષાઓ માટે રજિસ્ટર્ડ પારસલ પોસ્ટથી ઉત્તરપત્રો મોકલવાનો જે ખરેખરો (એક્ચ્યૂઅલ) રોકડ ખર્ચ થાય તે ખર્ચ લાગતાવળગતા મૉડરેટર કે મૉડરેટરોની બાબતમાં પરીક્ષકોની બૉર્ડના પ્રમુખની સહી સાથેનું વાઉચર આવ્યેથી આપવાનું રાખવું.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય પૂરો થતો હોવાથી તેઓને કાયમ કરવા બાબત.

નં.	નામ	હોદ્દો	મુદ્દત પૂરી થવાની તારીખ
૧.	શ્રી. એસ. ડી. ભટ્ટ	જુનિયર ક્લાર્ક	૧૫-૭-૧૯૫૮

			તા. ૭-૯-'૫૮
૨.	શ્રી. બી. સી. પટેલ	સિનિયર ક્લાર્ક	૨૮-૭-૧૯૫૮
૩.	શ્રી. જુગા ચુના	સફાઈ કામદાર યુનિ. (હૉસ્ટેલ)	૧૬-૭-૧૯૫૮
૪.	શ્રી. જી. એ. દેસાઇ	હેડ ક્લાર્ક	૧-૯-૧૯૫૮
૫.	શ્રી. એન. આર. જોશી	જુનિયર ક્લાર્ક	૨૧-૮-૧૯૫૮
૬.	શ્રી. આઈ. એલ. વાળંદ	હમાલ	૩-૮-૧૯૫૮

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ હોદ્દા પર અને તારીખથી કાયમ કરવા :

નં.	નામ	હોદ્દો	તારીખ
૧.	શ્રી. એસ. ડી. ભટ્ટ	જુનિયર ક્લાર્ક	૧૫-૬-૧૯૫૮
૨.	શ્રી. બી. સી. પટેલ	સિનિયર ક્લાર્ક	૨૮-૭-૧૯૫૮
૩.	શ્રી. જુગા ચુના	સફાઈ-કામદાર યુનિ.(હૉસ્ટલ)	૧૬-૭-૧૯૫૮
૪.	શ્રી. જી. એ. દેસાઈ	હેડ-ક્લાર્ક	૧-૯-૧૯૫૮
૫.	શ્રી. એન. આર. જોશી	જુનિયર ક્લાર્ક	૨૧-૮-૧૯૫૮
૬.	શ્રી. આઈ. એલ. વાળંદ	હમાલ	૩-૮-૧૯૫૮

૫. તા. ૫-૭-૫૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ અનુસાર શ્રી. બેંગાલભાઈ માધાભાઈને યુનિવર્સિટીની જમીનોમાં ઘાસ ચારવા માટે વાર્ષિક રૂા. ૧૫,૦૦૦ માં હક્ક/કોન્ટ્રેક્ટ ચાલુ વર્ષ માટે આપ્યો છે. (જાણ માટે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી લાયબ્રેરીનું મકાન પૂરું કરવા અંગે રૂા. ૧,૫૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર થઈ આવી છે, તે ખર્ચવા માટે અંદાજપત્રમાં જોગવાઈ કરીને તે કામ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના મકાન માટે રૂા. ૧,૫૦,૦૦૦ની ગ્રાન્ટ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળી છે તેની નોંધ લેવી તથા તે અંગે કાર્યાલયે રજૂ કરેલી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી યોજના મુજબનાં કામો લાયબ્રેરીમાં ચાલુ વર્ષ દરમિયાન કરવા માટે જરૂરી પગલાં લેવા કાર્યાલયને સૂચના આપવી.

૭. યુનિવર્સિટી પ્રેસના મકાન માટે લાંબાગાળાની યોજનામાં કુલ્લે રૂા. ૩,૨૦,૦૦૦નો અંદાજી ખર્ચ સાથે તાત્કાલિક હાલ પૂરતી જરૂરીયાત લક્ષમાં લઈને રૂા. ૧,૧૫,૦૦૦ના અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત તથા તે મકાનના બાંધકામ માટે નિમાયેલા સ્થપતિ મેસર્સ. આસરપોટા એન્ડ આસરપોટા સાથે કરવાના કરારના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના મકાન માટે લાંબા ગાળાની યોજનામાં કુલ્લે રૂા. ૩,૩૦,૦૦૦ના અંદાજી ખર્ચ સાથે ચાલુ વર્ષ દરમિયાન રૂા. ૧,૧૫,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા હાલ પૂરતી જરૂરિયાત ધ્યાનમાં લઈને પ્રેસના મકાનનો આલેખ કરવા માટે બાંધકામ સમિતિને જણાવવું.

૮. સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ મુક્ત હરીફાઈરૂપે મંગાવેલી હસ્તપ્રતો પૈકી ડૉ. તારાબહેન પટેલ લિખીત "સમાજશાસ્ત્રનાં મૂળ તત્ત્વો" સિન્ડિકેટના ઠરાવ અનુસાર આ વિષયના નિષ્ણાત શ્રી. કે. ટી. મરચન્ટને મોકલવામાં આવેલી. આ હસ્તપ્રતમાં શ્રી. મરચન્ટે જે સુધારાઓ સૂચવ્યા છે તેને આધારે ઠીક માને તે ઢબે સુધારીને છાપવા આપવા તૈયાર છે. તો આ પુસ્તકને પ્રકાશિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:—ડૉ. તારાબહેન પટેલ આ પુસ્તક કોઈ ઈનામ, સબસીડી કે ગ્રાન્ટ લઈ પોતે બહાર પાડવા ઈચ્છતાં નથી, પરંતુ યુનિવર્સિટી તે બહાર પાડે એમ ઈચ્છે છે એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. તારાબહેન પટેલ "સમાજશાસ્ત્રનાં મૂળ તત્ત્વો" એ નામની તેમની હસ્તપ્રત તેઓ ઠીક માને તે પ્રમાણે સુધારીને આપે તે પછી તેને યુનિવર્સિટીના પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે અને તે અંગે જરૂરી પગલાં લેવાં.

૯. એમ. એન. કૉલેજ, વીસનગરના ૪૭ વિદ્યાર્થીઓને તેઓ બહારગામથી આવતા હોવાથી શારીરિક તાલીમમાંથી માફી આપવા મજકૂર કૉલેજના આચાર્યની ભલામણ સહિત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક તાલીમમાંથી મુક્તિ આપવા માટેની મજકૂર વિદ્યાર્થીઓની અરજી મંજૂર કરવી નહીં.

(નોંધ :– આ બાબતમાં મજકૂર કૉલેજના આચાર્યને કાર્યાલયે ઘટતો પત્ર લખવો.)

૧૦. પ્રિન્સિપલ એસ. વી. સી. આઈયા સિન્ડિકેટે નીમેલી નીચેની સમિતિઓના સભ્ય મટી ગયા હોવાથી તેમની જગ્યાએ અન્ય નિમણૂંકો કરવા બાબત.

૧. બાંધકામ સમિતિ. ૨. ત્રિવાર્ષિક તપાસસમિતિ અને ૩. કૉલેજોમાં અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગેની સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) બાંધકામ સમિતિ, (૨) ત્રિવાર્ષિક તપાસસમિતિ અને (૩) કૉલેજોમાં અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગેની સમિતિ પર પ્રિન્સિપલ એસ. વી. સી. આઈયાની ખાલી પડેલી જગાએ બાકી રહેલી મુદત માટે પ્રિન્સિપલ ટી. એ. દેસાઈની નિમણૂંક કરવી.

૧૧. શ્રી. રામાનંદ મહાવિદ્યાલયની બી.એ.ની પદવી માટે કાયમી તથા વધારાના જોડાણ માટે આવેલી અરજી ઉપરથી સિન્ડિકેટે નીમેલી પ્રોફેસર વી. આર. ત્રિવેદી અને

પ્રોફેસર બી. આર. શિનોયની સ્થાનિક સમિતિમાંથી પ્રોફેસર વી. આર. ત્રિવેદીએ નાદુરસ્ત તબીયતને લીધે તે સમિતિ ઉપર કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગાએ અન્ય સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર તપાસસમિતિ પર પ્રોફેસર વી. આર. ત્રિવેદીની જગાએ પ્રિન્સિપલ જી. આર. ફોટવાલની નિમણૂંક કરવી.

૧૨. મહિલા કૉલેજ, પોરબંદરની બી. એ.ની પદવી માટે ચાલુ જોડાણ તથા ઇન્ટર સાયન્સ "બી" ગ્રુપ માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી ઉપરથી સિન્ડિકેટે નીમેલી પ્રિન્સિપલ જે. બી. સાણ્ડિલ અને શ્રીમતી ભારતીબેન સારાભાઈની સ્થાનિક તપાસસમિતિમાંથી શ્રીમતી ભારતીબેન સારાભાઈએ તે સમિતિ ઉપર બીજાં રોકાણોને લીધે કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગાએ અન્ય સભ્યની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર તપાસસમિતિ પર શ્રીમતી ભારતીબેન સારાભાઈની જગાએ ડૉ. તારાબેન પટેલની નિમણૂંક કરવી.

૧૩. તા. ૨૮-૯-૧૯૫૭ ની સિન્ડિકેટની સભામાં બૉર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર સભ્ય તરીકે નીમાયેલ પ્રિન્સિપલ ડોલરરાય માંકડે તેમના સભ્યપદનું રાજીનામું આપ્યું છે તે મંજૂર કરી તેથી ખાલી પડેલી જગા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિન્સિપલ ડોલરરાય માંકડે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્ય તરીકે આપેલું રાજીનામું મંજૂર કરવું તથા તેમની ખાલી પડેલી જગાએ બાકીની મુદત માટે પ્રિન્સિપલ જે. બી. સાણ્ડિલની નિમણૂંક કરવી.

૧૪. એ. ૧૮૬ મુજબ બી. એડ. પાર્ટ ૨.ની પરીક્ષામાં બેસતાં પહેલાં વિદ્યાર્થીએ યુનિવર્સિટીએ માન્ય કરેલ શાળામાં ૧૦૦ દિવસ કામ કરવું જરૂરી છે, પરંતુ એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદનાં કુ. લીના દેસાઈએ દિલ્હી રાજ્યની તે રાજ્યે માન્ય કરેલ સ્કૂલમાં કુલ ૧૦૬ દિવસ કામ કરેલ હોઈ તેમને ખાસ કેસ તરીકે પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. લીના દેસાઈએ દિલ્હીની માન્ય શાળામાં કુલ ૧૦૬ દિવસ કરેલા કામને અપવાદ તરીકે બી. એડ. પાર્ટ ૨. ની પરીક્ષા માટે માન્ય કરવું.

૧૫. મહાનિબંધ રજૂ કરવા અંગેના અનુસ્નાતક નિયમ ૧૮ ના અનુસંધાનમાં નીચેના નવા નિયમો ૧૮ (એ), અને ૧૮ (બી) ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

18 (a) : Candidates failing to submit their thesis within two years after the date of completion of terms shall apply to the University for one year's extension, which the Vice-Chancellor may in his discretion grant or refuse and his decision in this matter shall be final.

18 (b) : Candidates failing to submit the thesis during the period of extension, if any, granted under the rule 18 (a) above shall be required to register afresh with the same subject. This fresh registration will hold good for one year only. Such re-registration can be renewed by paying fresh registration fees, provided there is no change in the candidate's subject of the thesis.

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક નિયમ ૧૮ (એ) મંજૂર કરવો તથા નિયમ ૧૮ (બી)માં "such" અને "re-registration" એ બે શબ્દોની વચ્ચે "annual" એટલો શબ્દ ઉમેરીને તે નિયમ મંજૂર કરવો.

સુધારેલા નિયમ ૧૮ (એ) અને ૧૮ (બી) નીચે મુજબ વંચાશે :

18 (a): Candidates failing to submit their thesis within two years after the date of completion of terms shall apply to the University for one year's extension, which the Vice-Chancellor may in his discretion grant or refuse and his decision in this matter shall be final.

18 (b): Candidates failing to submit the thesis during the period of extension, if any, granted under the rule 18 (a) above shall be required to register afresh with the same subject. This fresh registration will hold good for one year only. Such annual re-registration can be renewed by paying fresh registration fees provided there is no change in the candidate's subject of the thesis.

૧૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં બી.કૉમ.ની પરીક્ષા માટે આંકડાશાસ્ત્ર (સ્ટેટીસ્ટીક્સ) વૈકલ્પિકનો વિષય શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં સ્થાનિક તપાસનું કામ આ કૉલેજ માટે સિન્ડિકેટની તા. ૫-૭-૧૯૫૮ની સભાની બાબત નં. ૧૭ ઉપરના ઠરાવ અનુસાર જે સમિતિ નીમવામાં આવી છે તે સમિતિને સોંપવું.

૧૭. સેન્ટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદમાં બી.એ.ની પરીક્ષામાં મનોવિજ્ઞાન ખાસ (Special) વિષય તરીકે શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એમ. કે. ડેને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી.

(નોંધ : મજકૂર કૉલેજની જોડાણની અરજી બાબતમાં સિન્ડિકેટની તા. ૫-૭-૧૯૫૮ની સભાની બાબત નં. ૨૦ અને ૩૫ ઉપરના ઠરાવ અનુસાર જે બે તપાસસમિતિઓ નીમવામાં આવી છે તે બે તપાસસમિતિઓ તથા ડૉ. ડેને સંયુક્ત રીતે હેવાલ રજૂ કરવા માટે જણાવવું.)

૧૮. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ તરફથી રાજકોટ ખાતે નવી આર્ટ્સ કૉલેજ શરૂ કરવા માટે જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં શ્રી. એસ. એમ. શાહ અને પ્રિન્સિપલ ડોલરરાય માંકડની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૯. અધ્યાપક ગણમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી સિન્ડિકેટને ભલામણ કરવા નીમેલી સમિતિની તા. ૨૪-૭-૫૮ ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અધ્યાપકગણમાં થતા ફેરફારો અંગેની સ્થાયી સમિતિની તા. ૨૪-૭-૧૯૫૮ ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. એન. એમ. કૉલેજ, વિસનગરમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનાં આસીસ્ટન્ટ લેક્ચરર તરીકે કામ કરતા શ્રીમતી આઈ. વી. યારડીની નિમણૂંક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ: શ્રીમતી યારડીની નિમણૂંક ઇતિહાસના લેક્ચરર તરીકે તા. ૬/૭-૬-૧૯૫૫ ની સિન્ડિકેટમાં ખાસ કેસ તરીકે મંજૂર કરવામાં આવી છે.
તેમની લાયકાત નીચે મુજબ છે.
બી.એ. (બીજો વર્ગ), એમ.એ. (પાસ), બી.એડ. (બીજો વર્ગ).

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી આઈ. વી. યાર્ડીને ઇતિહાસ અને અર્થશાસ્ત્રનાં લેક્ચરર તરીકે માન્યતા આપવી નહીં.

૨૧. કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૯-૬-૧૯૫૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.

૧. દરેક વર્ગમાં દરેક વિષયવાર શિક્ષકે પોતે હાજરી લેવી જોઈએ. દરેક કૉલેજને આ નિયમ લાગુ પાડવા યોગ્ય કરવું જોઇએ.

૨. હોસ્ટેલમાં જગ્યા કરતાં વધારે વિદ્યાર્થીઓને દાખલ ન કરવા અને પેટા – ભાડુઆતની પ્રથા તાત્કાલિક બંધ કરવી જોઈએ. આ જાતની પ્રથા કોઈપણ સંજોગોમાં ચલાવી લેવી ન જોઈએ.

૩. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ હસ્તક જે કૉલેજો છે તે દરેક કૉલેજ માટે જુદું રમતગમતનું મેદાન જોઈએ અને તે માટે જીમખાના પણ જુદા હોવા જોઈએ.

૪. સેનીટેશન અને પાણીની વ્યવસ્થા સારી કરવી જોઈએ અને તે માટે જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ. આ ઉપરાંત આ સમિતિ ભારપૂર્વક પોતાનો અભિપ્રાય જણાવે છે કે કૉલેજોનો સમય સવાર સાંજનો રાખવામાં આવે છે તે પ્રથા બંધ કરવી જોઈએ. યુનિવર્સિટીએ એકસ્ટર્નલનો પ્રબંધ કર્યો છે એટલે આવી કૉલેજને તાત્કાલિક બપોરના સમયના કૉલેજોમાં ફેરવવા જણાવવું જોઇએ.

૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

સેનીટેશનની વ્યવસ્થા વિદ્યાર્થીઓના પ્રમાણમાં વધારવા કૉલેજ સત્તાવાળાઓને જણાવવું.

૩. સામળદાસ કૉલેજ, ભાવનગર.

સોશિયોલોજી વિષય બી.એ.ની પરીક્ષામાં સ્પેશ્યલ વિષય તરીકે શીખવવાનો હોવાથી તે વિષય માટે એક પ્રોફેસરની નિમણૂંક તાત્કાલિક કરવી જોઇએ.

૪. ગુજરાત કૉલેજ, અમદાવાદ.

ડેમોન્સ્ટ્રેટર જેઓ એમ.એસસી.ની ડીગ્રી ધરાવે છે તેમને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ એટલે કે રૂા. ૧૫૦-૧૦-૨૫૦નો પગાર આપવો જોઇએ.

૫. બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.

યુનિવર્સિટીએ નક્કી કરેલાં બધા જ અનુસ્નાતક શિક્ષકને કામ આપવું જ જોઇએ તેવી પ્રથા બંધ કરવી જોઇએ અને જરૂર પૂરતા જ શિક્ષકો પાસેથી કામ લેવું.

૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ : પ્રો. વી. એસ. દામલે જેમને ગુજરાતી આવડતું નથી તો તેમની જગ્યાએ ગુજરાતી જાણતા શિક્ષકની નિમણૂંક કરવી જોઈએ.

૭. એલ. ડી. એન્જિનીયરીંગ કૉલેજમાં જે ૩૭ જગ્યાઓ ખાલી છે તે બાબત બહુ જ ગંભીર ગણાય. આવી પ્રોફેશનલ કૉલેજો આટલા અપૂરતા સ્ટાફથી ચલાવવી તે કૉલેજના તથા દેશના હીતમાં નથી તેથી કૉલેજના સત્તાવાળાઓને આ જગ્યાઓ તાત્કાલિક પૂરવા જણાવવું.

૮. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ માટે પણ એક આવી જ સમિતિ નીમવી જોઇએ તેવા તેમના સૂચન સાથે આ સમિતિ સંમત થાય છે. અને સિન્ડિકેટને તે બાબત યોગ્ય કરવા વિનંતી કરે છે. આ ભલામણ પ્રિ. એ. કે. ત્રિવેદીના પત્ર ઉપરથી કરવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજને નીચે મુજબનાં પગલાં લેવા અને તેને અંગે શું કરે છે તેનો રિપોર્ટ કરવા જણાવવું :

૧. યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે દરેક વર્ગમાં શિક્ષકો પોતે હાજરી લે તેવો પ્રબંધ કરવા જણાવવું.

૨. હૉસ્ટેલમાં જગાઓ કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં અને હૉસ્ટેલમાં પેટા – ભાડૂઆતની પ્રથા તાત્કાલિક બંધ કરવી.

૩. સેનિટેશન અને પાણીની વ્યવસ્થા સંતોષકારક રીતે કરવા જણાવવું તથા કૉલેજની કેન્ટીનમાં પૂરેપૂરી સ્વચ્છતા જળવાય તે જોવા સૂચના આપવી.

(નોંધ : ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદને હસ્તક જે કૉલેજો છે તે દરેક કૉલેજ માટે રમતગમતના મેદાન અંગે શું વ્યવસ્થા કરવામાં આવી છે તેની વિગતવાર માહિતી મંગાવીને આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.)

૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઈને સેનિટેશનની વ્યવસ્થા કરવા માટે જણાવવું તથા તેમ કર્યાનો રિપોર્ટ મંગાવવો.

૩. સામળદાસ કૉલેજ, ભાવનગરને સોશિયોલોજીના વિષય માટે પ્રોફેસરની નિમણૂંક કરવા જણાવવું અને તે નિમણૂંક કર્યાનો રિપોર્ટ મંગાવવો.

૪. ગુજરાત કૉલેજ, અમદાવાદને જણાવવાનું કે, એમ.એસસી.ની પદવી ધરાવનાર ડેમોરટ્રેટરની યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર રૂા. ૧૫૦–૧૦–૨૫૦ના પગારધોરણમાં નિમણૂંક કરવી આવશ્યક છે.

૫. બી.જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદને જણાવવું કે, યુનિવર્સિટીએ નક્કી કરેલાં બધા જ અનુસ્નાતક શિક્ષકોને કામ આપવું જોઈએ તેવી પ્રથા બંધ કરવી અને જરૂર પૂરતા જ શિક્ષકો પાસેથી કામ લેવું.

૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સની બાબતમાં સ્થાયી સમિતિની ભલામણની નોંધ લેવી.

૭. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગમાં આટલી મોટી સંખ્યામાં જગાઓ ખાલી રહે છે તે યોગ્ય નથી તેમ કૉલેજના આચાર્ય તથા મુંબઈ સરકારના ડાયરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યૂકેશનને જણાવવું અને તેઓને સૂચવવું કે, આ જગાઓ ભરવા માટે તાત્કાલિક પગલાં લેવાં.

૮. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો માટે પણ ત્રિવાર્ષિક તપાસ કરવા માટે જરૂરી પગલાં લેવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક કૉલેજમાં વિદ્યાર્થીઓની હાજરી બાબતમાં જે પદ્ધતિ અખ્તયાર કરવામાં આવે છે તેની વિગતવાર માહિતી મંગાવવામાં આવે અને આ બાબતમાં ચોક્કસ નિયમો ઘડવા માટે ઉપયોગી સૂચનો કરવા ચાહે તો તે સંલગ્ન કૉલેજોના આચાર્યો પાસેથી મંગાવવા અને તે સૂચનો આવ્યેથી તે પર વિચારણા કરીને આ બાબતમાં નિયમો ઘડી તેનો મુસદ્દો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૩. પ્રિન્સિપલ એમ. એસ. પંડિત; અને
૪. શ્રી. રજિસ્ટ્રાર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે કૉલેજોમાં સવારે અને/અથવા સાંજે શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હોય તે કૉલેજો પાસેથી તેમ કરવાનાં કારણોની માહિતી મંગાવવી.

૨૨. ૧૯૫૮ના માર્ચ માસમાં લેવાયેલી ઇન્ટર કૉમર્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૨૩૨ના કેસમાં ગેરરીતી અજમાવવા બદલ ઑફિસ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી. એચ. બી. ખારોડ સામે પગલાં લેવાની વિચારણા કરવા બાબત.

(નોંધ : શ્રી. એચ. બી. ખારોડે પોતાની ભૂલની કબુલાત કરી છે અને તે બદલ માફી માગી છે. શ્રી. ખારોડને કાર્યાલયના કામકાજથી દૂર રાખવામાં આવ્યા છે. દરમ્યાન તેમણે રાજીનામું મંજૂર થાય ત્યાં સુધીની હક્ક રજા માગી છે અને રાજીનામું પેશ કરીને પોતાને છૂટા કરવાની વિનંતી કરેલ છે.)

શ્રી. ખારોડની બાબતમાં લંબાણથી ચર્ચા કર્યા બાદ એમ ઠરાવવામાં આવ્યું કે, તેમનું ગંભીર ગેરવર્તન જોતાં તેમને બરતરફીની સજા કરવી ઘટે; પરંતુ તેમણે તેમની ભૂલની કબૂલાત કરી માફી માગી છે અને પોતે છૂટા થવા રાજીનામું આપ્યું છે તે ધ્યાનમાં લઇ, તેમને તા. ૧૧-૮-૫૮ થી છૂટા થવા દેવામાં આવે પરંતુ તેમને તેમના પ્રોવિડન્ટ ફંડનો યુનિવર્સિટીએ ભરેલો ભાગ તથા ગ્રેચ્યુઇટી આપવાં નહીં અને તે ઉપરાંત રૂા. ૨૫નો દંડ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. બી. ખારોડની તા. ૯-૮-૧૯૫૮ થી તા. ૧૦-૮-૧૯૫૮ ના રોજની તેમણે માગેલી હક્ક રજા મંજૂર કરવી, અને પ્રોવિડન્ટ ફંડના તેમના ફાળાની રકમ વ્યાજ સાથે આપવી.

૨૩. યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં લેક્ચરર ઇન પૉલિટિકલ સાયન્સની એક જગા, લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીકસની એક જગા તથા ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીકસની એક જગા પૂરવા બાબતમાં સિન્ડિકેટની વરણિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:

૧. લેક્ચરર ઇન પૉલિટિકલ સાયન્સની જગા પૂરવા માટે ફરીથી જાહેર ખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૨. શ્રી. એમ. સી. જયસ્વાલને યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્ટેટીસ્ટીક્સ તરીકે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં શરૂઆતના રૂા. ૨૫૦ના મૂળ પગારથી નીમવા.

૩. ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીક્સની જગા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(વરણીસમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૪. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૨-૮-૫૮ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૨-૮-૧૯૫૮ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. સ્કોલરશિપ, રિસર્ચ સ્કોલરશિપ અને ફેલોશિપ વિ. બાબત પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૨-૮-૫૮ના રોજ મળેલ પાંચમી બેઠકની નોંધ પર વિચારણા કરવા બાબત.

(નોંધ: યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવનાર શિષ્યવૃત્તિઓ સમયસર મોકલવાની હોવાથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીના હુકમથી મોકલી આપવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્થાયી સમિતિની તા. ૧૨-૮-૧૯૫૮ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને શિષ્યવૃત્તિઓ માટે ઉપકુલપતિશ્રીએ કરેલી ભલામણોને બહાલી આપવી. (સમિતિની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૬. બોર્ડ ઓફ એકસ્ટ્રા-મ્યૂરલ સ્ટડીઝની ભલામણ અનુસાર આગામી યુવક મહોત્સવના કાર્ય અંગે એક કામચલાઉ મદદનીશની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ એકસ્ટ્રા-મ્યૂરલ સ્ટડીઝની ભલામણ અનુસાર યુવક મહોત્સવના કાર્ય અંગે કામચલાઉ મદદનીશ તરીકે યુનિવર્સિટીના જુનીઅર કલાર્કના પગારધોરણમાં જુનિયર કલાર્કની એક કામચલાઉ જગા બે માસ માટે મંજૂર કરવી.

૨૭. પી. ડી. માલવીઆ કોલેજ ઓફ કોમર્સ, રાજકોટમાં ઓફિસિએટીંગ પ્રોફેસર ઓફ કોમર્સ તરીકે નિમાયેલ શ્રી. સી. એન. હકાણીની નિમણૂંક બાબત.

(નોંધ: શ્રી. હકાણી એમ. કોમ. છે અને એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગરમાં પોસ્ટ ઇન્ટરમિડિએટ વર્ગોનો ચાર વર્ષનો લેક્ચરર તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. લાયકાત ધરાવતો પ્રોફેસર અપ્રાપ્ય હોવાથી ઓફિસિએટીંગ નિમણૂંક કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં શ્રી. સી. એન. હકાણીની પ્રોફેસર ઑફ કૉમર્સ તરીકેની નિમણૂંક ચાલુ શૈક્ષણિક સત્ર પૂરતી અપવાદ તરીકે માન્ય કરવી, અને મજકૂર કૉલેજના જનેરણ માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૨૮. સને ૧૯૫૭-૫૮ના વર્ષમાં જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી ન લીધાં હોય તેવા નિયમીત વિદ્યાર્થીઓનાં સત્રો રદ કરવા અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓનાં રજીસ્ટ્રેશન રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ: આવા નિયમીત વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦ની છે જ્યારે બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૧ની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓએ પોતાનાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ તા. ૭-૯-૧૯૫૮ સુધીમાં કઢાવી લીધાં ન હોય તેવા નિયમિત વિદ્યાર્થીઓનાં સત્રો રદ કરવાં અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન રદ કરવાં તથા તેઓ જે પરીક્ષામાં બેઠા હોય તે પરિક્ષાનાં પરિણામ પણ રદ કરવાં અને આ બાબતની લાગતાવળગતા વિદ્યાર્થીઓને માહિતી આપવી.

આ વર્ષે ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેઠેલા શ્રી. એ. ડી. પરીખે મારગ્રેશન સર્ટિફિકેટ મોકલાવી આપ્યું હોવાથી તેમને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું અને તેમનું પરિણામ જાહેર કરવું.

૨૯. સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલેન્સ ઑફ એક્ઝામીનેશન્સની તા. ૨૨-૭-૧૯૫૮ના રોજ મળેલી બેઠકની નોંધ ઉપર નીચેના એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે ઇકવીવેલેન્સ સમિતિની તા. ૨૨-૭-૫૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૨-૭-૧૯૫૮ના રોજ મળેલી બેઠકની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૦ પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગા ઉપર શ્રી. પ્રભુની નિમણૂંક બાબતમાં પગાર સંબંધી તેમણે લખેલા પત્રની બાબત.

(પત્રમાં તે તેમના પગારવધારવા બાબત લખે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પંઢરીનાથ પ્રભુને સિન્ડિકેટની તા. ૫-૭-૧૯૫૮ની સભાના ઠરાવ અનુસાર શરૂઆતના માસિક રૂા. ૬૦૦૦ના પગાર ઉપરાંત રૂા. ૧૦૦નું એડમિનિસ્ટ્રેટીવ એલાવન્સ પર્સનલ એલાવન્સ તરીકે આપવામાં આવશે એમ તેમને જણાવવું.

૩૧. યુનિવર્સિટીના ફાજલ નાણાં કો–ઓપરેટીવ બેંકોમાં રોકવા માટે મુંબઈ સરકાર તરફથી મળેલા સૂચનને અનુલક્ષીને "ધી અમદાવાદ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંક લિમિટેડ"માં રૂા. ૫૦,૦૦૦ સુધીનું કોલ અને શોર્ટ ટર્મ ડિપોઝીટમાં રોકાણ કરવા વારતે કાર્યાલયને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ સેન્ટ્રલ કોઓપરેટીવ બેન્ક લિ.માં રૂા. ૫૦,૦૦૦ સુધીનું રોકાણ કોલ મની અને/અથવા શોર્ટ ટર્મ ડિપોઝીટ તરીકે કરવા વારસે ઉપકુલપતિશ્રી તથા શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી તથા આ ખાતું ઓપરેટ કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૩૨. ૧૯૫૮ના બીજા છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ શરૂ કરવા માટે નિયત કરેલી તારીખોને બદલે કાર્યાલયે સૂચવેલી નીચેની તારીખો ઓ. ૧૨૯ મુજબ રાખવા માટે કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

પરીક્ષાનું નામ :	ઓ. ૧૨૯ પ્રમાણે શરૂ કરવાની તારીખ	પરીક્ષાની સમય મર્યાદા	કાર્યાલયે સૂચવેલ તારીખ
૧. બી. એસસી. સપ્લીડીયરી	૬–૧૦–૫૮	બે દિવસ	૧૩–૧૦–૫૮
૨. બી. કોમ.	૨૦–૧૦–૫૮	પાંચ દિવસ	,,
૩. બી. ફાર્મ.	૧૩–૧૦–૫૮	૩½ દિવસ	,,
૪. બી. ઈ. સિવિલ, મિકેનીકલ ઇલેક્ટ્રીકલ	૨૦–૧૦–૫૮	૯ દિવસ દરરોજ બા દિવસ	૨૦–૧૦–૫૮
૫. લૉ પ્રિલિમિનરી	૧૩–૧૦–૫૮	પાંચ દિવસ	૧૩–૧૦–૫૮
૬. ફર્સ્ટ એલ. એલ. બી.	૧૩–૧૦–૫૮	પાંચ દિવસ	,,
૭. સેકન્ડ એલ.એલ. બી.	૧૩–૧૦–૫૮	સાડા પાંચ દિવસ	,,
૮. પ્રથમ એમ.બી.,બી.એસ.	૧૦–૧૦–૫૮	સાડા ચાર દિવસ	૧૮–૧૦–૫૮
૯. સેકન્ડ એમ.બી.,બી.એસ.	૧૦–૧૦–૫૮	,,	,,
૧૦. થર્ડ એમ.બી.,બી.એસ.	૧૦–૧૦–૫૮	,,	,,
૧૧. પી.એચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ.	૧૩–૧૦–૫૮	બા દિવસ	૧૮–૧૦–૫૮
૧૨. એમ.ડી. પાર્ટ ૧ અને ૨	૬–૧૦–૫૮	બે દિવસ	૨૦–૧૦–૫૮
૧૩. એમ.એસ. પાર્ટ ૧ અને ૨	૬–૧૦–૫૮	,,	,,
૧૪. બી.એસસી. મેડિકલ	૬–૧૦–૫૮	,,	,,
૧૫. એમ.એસસી. મેડિકલ	૬–૧૦–૫૮	,,	,,
૧૬. એમ.ઈ.			
૧૭. ફર્સ્ટ બી.એ.એમ.એસ.	૧૦–૧૦–૫૮	બે દિવસ	૧૮–૧૦–૫૮

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮ના ઉત્તરાર્ધ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે નિયત કરેલી તારીખોને બદલે કાર્યાલયે સૂચવેલી ઉપરની તારીખો મંજૂર કરવી.

૩૩. ૧૯૫૮ના ઓક્ટોબર-નવેમ્બર માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણુંક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮ના ઓક્ટોબર-નવેમ્બર માસ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે સભામાં થયેલા ફેરફારો સાથે પરીક્ષકોની નિમણૂંકની યાદી મંજૂર કરવી. (યાદી સામેલ કરવામાં આવી નથી.)

૩૪. ૧૯૫૮ના ઓક્ટોબર-નવેમ્બર માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઈઝરોની નિમણૂંક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮ના ઓક્ટોબર-નવેમ્બર માસ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે સુપરવાઈઝરોની નિમણુંક માટે કાર્યાલયે તૈયાર કરેલી યાદી મંજૂર કરવી. (યાદીની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૩૫. બાંધકામ સમિતિની તા. ૨૧-૮-૫૮ના રોજ મળેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, "સી" ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સના શ્રી. બી. વી. દોશીએ બનાવેલા આલેખો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. ત્યારબાદ એમ ઠરાવવામાં આવ્યું કે, "બી", "સી" અને "ડી" ત્રણે ટાઇપના પ્લાન્સમાં હાલમાં આપણા પ્રદેશમાં પ્રચલિત જે જાતની બારી બારણાંની રીત છે તેવી રીતના તે મૂકી આલેખો સુધારીને વિગતપૂર્ણ આલેખો, અંદાજ તથા સ્પેસીફીકેશન્સ તૈયાર કરવા સ્થપતિ શ્રી. દોશીને જણાવવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યાભવન તથા મનોવિજ્ઞાનભવનના મકાનમાં ૪" જાડા સનબ્રેકર્સના વધારાના કામકાજ માટે સ્કવેર ફુટના રૂા. ૧.૬૦ નયા પૈસા પ્રમાણેનો ભાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં સીન્ડર ટ્રેક કરવા માટેનો અંદાજ તથા પેવેલીયન માટેના શ્રી. બી. વી. દોશીએ તૈયાર કરેલા આલેખ અને અંદાજ મંજૂર કરવા તથા શ્રી. બી. વી. દોશીએ યુનિવર્સિટી કેમ્પસના માસ્ટર પ્લાનમાં જે સ્થળ આ ટ્રેક માટે દર્શાવેલ છે તે સ્થળ (સાઇટ પ્લાન) પ્રમાણે કામ આગળ શરૂ કરવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. "સી" ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સના શ્રી. બી. વી. દોશીએ બનાવેલા આલેખો મંજૂર કરવાની તથા "બી", "સી", અને "ડી" ત્રણે ટાઇપના પ્લાન્સમાં હાલમાં આપણા દેશમાં પ્રચલિત જે જાતની બારી-બારણાંની રીત છે તેવી રીતનાં મૂકી આલેખો, અંદાજ તથા સ્પેસિફિકેશન્સ તૈયાર કરવા સ્થપતિ શ્રી. દોશીને જણાવવાની બાંધકામ-સમિતિની ભલામણ મંજૂર કરવી.

૨. સમાજવિદ્યાભવન તથા મનોવિજ્ઞાનભવનના મકાનમાં ૪" ગનડ સનએ્રેકર્સના વધારાના કામકાજ માટે સ્કવેર ફૂટના રૂા. ૧.૬૦ પ્રમાણેનો ભાવ મંજૂર કરવાની બાંધકામ-સમિતિની ભલામણ મંજૂર કરવી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં રીન્ડર ટ્રેક કરવા માટેનો અંદાજ તથા પેવેલિયન માટેના શ્રી. બી. વી. દોશીએ તૈયાર કરેલા આલેખ અને અંદાજ મંજૂર કરવાની તથા શ્રી. બી. વી. દોશીએ યુનિવર્સિટી કેમ્પસના માસ્ટર પ્લાનમાં જે સ્થળ આ ટ્રેક માટે દર્શાવેલ છે તે સ્થળ (સાઇટ પ્લાન) પ્રમાણે કામ આગળ શરૂ કરવા વારતેની બાંધકામ–સમિતિની ભલામણ મંજૂર કરવી.

૩૬. સિન્ડિકેટે નીમેલી પુઅર સ્ટુડન્ટ્સ એઇડ ફંડ અંગેનો ઓર્ડિનન્સ ઘડવા માટે નીમેલી સમિતિની તા. ૫-૮-૧૯૫૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ

"આથી સાથે જોડેલ સુધારેલો ખરડો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે." (ખરડાની નકલ સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણ અનુસાર નીચેનો ઓર્ડિનન્સ નં. ૧૦૯–બી મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

Ordinance No 109–B

1. This Fund shall be called the Gujarat University Students Aid Fund hereafter called "the Fund", in this Ordinance.
2. The Registrar of the Gujarat University shall act as the Secretary of the Fund.
3. The Fund shall be administered by a Committee called the "Student Aid Fund Committee" hereafter called "the Committee", in this Ordinance.
4. The Committee shall consist of the following :
   (1) The Vice–Chancellor;
   (2) Three members nominated by Syndicate from among themselves;
   (3) Three Principals, not being members of the Syndicate, one each from the three Zones as mentioned below to be nominated by the Syndicate;
   (4) Three representatives of the Union of students of the Ahmedabad, Surat and Saurashtra Zones to be nominated by the Syndicate from amongst such elected student representatives of the Colleges as may be recommended

by the Principal or the Director at the rate of one each from a College, Institution or Department, in each of the following Zones :

(i) Ahmedabad Zone (including Ahmedabad Area, Nadiad, Petlad and North Gujarat);

(ii) Saurashtra Zone (including Saurashtra and Kutch);

(iii) Surat Zone (Colleges other than in No. (i) and (ii) above.)

5. The members of the Committee shall hold office for one year.

6. The Committee shall hold at least one meeting in a year and at such other times as may be called by the Vice-Chancellor.

7. All decisions shall be taken by votes and in the event of a division of votes by a majority of votes.

8. The object of the Fund shall be to render financial assistance to poor students (1) to meet their tuition or examination fees, (2) to purchase books, medical aid and such other expenses as the Committee may in its discretion approve. No scholarships or prizes shall be awarded from the Fund, notwithstanding anything contained above.

9. Every student of the University shall contribute Re. 1.00 per annum to the Fund, failing which, he shall not be allowed to appear for the University Exmination.

10. The contributions shall be collected by the Principals of the Colleges or the Heads of rocognised Institutions or the University Departmennts as the case may be and forwarded to the University before the end of Angust every year. Notwithstanding anything above the aforementioned contribution of the students shall be collected in the manner indicated above and forwarded to the University by the end of December 1958 so far as the acadamic year 1958-59 is concerned.

The names of those students who fail to pay their contributions shall be reported by the Principals or the Heads or the Directors, as the case may be, to the University.

11. The contribution thus collected from the students shall be added to the contribution received from the University Grants Commission and the Fund shall be administered by the Committee in whom all executive and financial powers shall be vested.

12. The Committee shall submit its annual report by the end of September following the end of the year under report.

૩૭. સિન્ડિકેટની તા. ૧૬, ૧૭-૧૧-૧૯૫૭ની સભામાં ઉપકુલપતિશ્રીએ મંજૂર કરેલ "યૂથ વેલ્ફેર કમિટી" ની સ્થાપના કરવાની યોજનાને અહાલી આપી છે. અને તે બાબતની જાણ મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાને કરતાં રૂા. ૪,૦૦૦ ની ગ્રાન્ટ ૧૯૫૭-૫૮ ના વર્ષ માટે તેમના તરફથી મળી છે. આપણી યુનિવર્સિટીમાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેર સરકારે સૂચવેલ યૂથ વેલ્ફેર સમિતિની લગભગ બધી જ કામગીરી બજાવે છે તે જોતાં, આ ગ્રાન્ટ બાબતમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સરકારે સૂચવેલ "યૂથ વેલફેર કમિટી"ની જે કામગીરી છે તે કામગીરી આ યુનિવર્સિટીમાં 'સ્ટુડન્ટ્સ વેલફેર બોર્ડ' બજાવતું હોવાથી નવું બોર્ડ ઉભું કરવાની જરૂર આ યુનિવર્સિટીને જણાતી નથી, તેમ મધ્યસ્થ સરકારને લખી જણાવવું, પણ તેઓ "યૂથ" શબ્દ માટે આગ્રહ રાખે તો "બોર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલફેર"ને બદલે "બોર્ડ ઑફ સ્ટુડન્ટસ (યૂથ) વેલફેર" નામ રાખવા માટે આ યુનિવર્સિટી તૈયાર છે એમ જણાવવું અને તેમણે આપેલી રૂા. ૪,૦૦૦ની ગ્રાન્ટ આ રીતે સ્વીકારવા માટે સંમતિ આપવા ભારત સરકારને વિનંતી કરવી.

૩૮. બોર્ડ ઑફ સ્પોર્ટસની તા. ૧૩-૮-૫૮ના રોજ મળેલી ૩૨ મી બેઠકના ઠરાવ ૫(ક) માં કરવામાં આવેલી વિભાગવાર આર્થિક વહેંચણી મંજૂર કરવા બાબત તથા ઠરાવ નં. ૫(બ), ૭(ક) અને ૮ માં કરવામાં આવેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ ૧.

૫ (ક) "આથી ઠરાવવામાં આવે છે કે આંતર કૉલેજ હરીફાઇઓ અંગે અંદાજપત્રમાં જે જોગવાઈ કરેલી છે તેની ગયા વર્ષની માફક નીચે પ્રમાણેના ધોરણે વહેંચણી કરવી.

	વિભાગનો ઉઘરાવવાનો ફાળો	યુનિ. તરફથી વિભાગને મળતો ફાળો
અમદાવાદ "અ" વિભાગ	૪૫૫૦	૨૦૦૦
અમદાવાદ "બ" વિભાગ	૩૩૦૦	૨૬૦૦
દક્ષિણ વિભાગ	૨૧૦૦	૨૩૦૦
સૌરાષ્ટ્ર વિભાગ	૩૪૦૦	૩૧૦૦
	રૂા. ૧૩૩૫૦	રૂા. ૧૦૦૦૦ "

ભલામણ ૨.

૫ (બ) "વધુમાં કૉલેજોની વધતી જતી સંખ્યાને આધારે દરેક ઝોનને એથ્લેટીક્સ અંગેનો ખર્ચ વધતો હોવાથી બજેટમાં મંજૂર કરવામાં આવેલી રૂા. ૧૦,૦૦૦ ની રકમ પૂરતી નથી એમ આ બૉર્ડને લાગે છે અને તેથી ઉપરના સંજોગો ધ્યાનમાં લઈને સદરહુ ગ્રાન્ટમાં ઓછામાં ઓછી રૂા. ૧,૦૦૦ ની રકમ વધારી આપીને તે ગ્રાન્ટની કુલ રકમ ઓછામાં ઓછી રૂા. ૧૧,૦૦૦ ની કરી આપવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

ભલામણ-૩.

૭. (ક) "વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે, સિલેક્શન કમિટીઓ ઉપર ત્રણને બદલે પાંચ સભ્યો નિમવા કે જેથી પસંદગી કરવાનું કામ સારી રીતે થઈ શકે. આ પ્રમાણે પાંચ સભ્યોની સિલેક્શન કમિટીઓ નીમવાનું મંજૂર કરવા માટે બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

ભલામણ-૪.

૮. "આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના આમંત્રણનો આંતર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડે સ્વીકાર કર્યો છે તેની સાભાર નોંધ લે છે. અને આ બાબતમાં જરૂરી પગલાં જેવા કે હરીફાઈ સંચાલન સમિતિ, ઉતારા સમિતિ, સરભરા સમિતિ, વગેરે જરૂરી ઉપસમિતિઓ નીમવાની તેમજ વધુમાં ત્રણ સભ્યો કોઓપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવાની આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

૧. પ્રિન્સિ. વાય. પી. શુક્લ
૨. પ્રિન્સિ. ટી. એ. દેસાઈ
૩. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ
૪. શ્રી. જગનભાઈ પટેલ
૫. શ્રી રતિલાલ કે. પટેલ
૬. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
૭. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ
૮. પ્રો. એમ. એમ. પટેલ
૯. ડૉ. પી. સી. વૈદ્ય
૧૦. ડૉ. એ. એમ. ત્રિવેદી
૧૧. ડૉ. આર. જી. નાયક
૧૨. ગુજરાત કબડ્ડી એસોસિએસનના પ્રમુખ
૧૩. ,, ,, ,, ના મંત્રી
૧૪. શ્રી. વાસુદેવ પી. મહેતા

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ નં. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કરવી.

૩૯. તા. ૬-૮-૧૯૫૮ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેરની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ :

"આથી "નોર્મ્સ" કાઢવા માટે નીમાયેલી ઉપસમિતિની યોજનાને અપનાવવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, નોર્મ્સ કાઢવા માટેની બોર્ડ ઑફ સ્ટડન્ટ્સ વેલફેરે તૈયાર કરેલી યોજના મંજૂર કરવી. (યોજનાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૦. દિલ્હી મુકામે તા. ૨૧ થી ૨૮ જાન્યુઆરી ૧૯૫૯ સુધી મળનાર "ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ"ના અધિવેશન માટે આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ઇન્ડિયન સાયન્સ કોન્ગ્રેસના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એ. એમ. ત્રિવેદી અને પ્રિન્સિપલ જે. બી. સાન્દલને મોકલવા.

૪૧. યુનિવર્સિટી પ્રેસ માટે કયા તહેવારોની રજા રાખવી તથા આકસ્મિક તેમજ માંદગીની રજા કયા ધોરણે આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : આ કામદારોને વાર્ષિક પાંચ તહેવારોની રજા, સાત માંદગીની રજા અને સાત આકસ્મિક રજા આપવા કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે વાર્ષિક પાંચ તહેવારોની રજા અને પ્રેસના કર્મચારીઓ માટે વાર્ષિક સાત દિવસની માંદગીની રજા અને સાત દિવસની આકસ્મિક રજા રાખવી.

૪૨. શ્રી. કાઝી એમ. શરફુદ્દીન એમ. હયાત ચાલુ શૈક્ષણિક વર્ષમાં એમ. એન. કોલેજ, વીસનગરમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સ ક્લાસમાં દાખલ થયેલા પરંતુ તેઓને આર્થિક મદદ નહીં મળતાં હવે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવા માટે અરજી કરી છે તો તેમને બો. ૧૭૪-એ. મુજબ તેમ કરવા પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કાઝી એમ. સરફુદ્દીન એમ. હયાતને એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવા પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એક વાર કૉલેજમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ તે છોડીને એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે રજિસ્ટર થવા માગતા હોય તો તેમને પરવાનગી આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૪૩. "કેમિસ્ટ્રી ઑફ કોઓર્ડિનેશન કંપાઉન્ડ્સ" એ વિષય ઉપર અલ્હાબાદ ખાતે ડિસેમ્બર ૧૯૫૮માં મળનાર સિમ્પોઝીયમ માટે આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટી તરફથી કોઇ પ્રતિનિધિ મોકલવા નહીં.

૪૪. યુનિવર્સિટી કાર્યાલય અને અનુસ્નાતક વિદ્યાભવનોમાં કામ કરતા જુનીયર ક્લાર્ક, હેડક્લાર્ક, સ્ટેનોગ્રાફર, નાયક, પટાવાળા, હમાલ, માળી વગેરેના પગાર ધોરણમાં સિન્ડિકેટે તેની તા. ૨-૮-૫૮ ની સભામાં જે ફેરફારો કર્યા છે તે કારણે ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ ઉપર વિચારણા કરવા બાબત.

૧. આ સુધારાએલાં પગાર ધોરણ કયારથી અમલમાં મૂકવા.

૨. જુનીઅર ક્લાર્કની શરૂઆતનો મૂળ માસિક પગાર રૂા. ૫૫ છે, પરંતુ આ જગા પર લેવામાં આવનાર ઉમેદવાર માન્ય વિદ્યાપીઠનો સ્નાતક હોય તો તેને વધુ ઈન્ક્રીમેન્ટ આપીને શરૂ કરવા કે કેમ.

(નોંધ : આ સુધારા પહેલાં સ્નાતક જુનીઅર ક્લાર્કને ત્રણ ઇન્ક્રીમેન્ટ વધારે આપીને શરૂ કરવામાં આવતા હતા.)

૩. આ સુધારેલા પગાર ધોરણને કારણે જે સભ્યોના પગારનો આંકડો બે પગથીઆની (stages) ની વચ્ચે આવે તો તે બાબતમાં શું કરવું.

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. યુનિવર્સિટી કાર્યાલય અને અનુસ્નાતક વિદ્યાભવનોમાં કામ કરતા જુનિયર ક્લાર્ક, ટાઇપીસ્ટ, સીનિયર ક્લાર્ક, કેશિયર, હેડ-ક્લાર્ક, સ્ટેનોગ્રાફર, નાયક, પટાવાળા, હમાલ, માળી, વગેરેના પગારધોરણોમાં સિન્ડિકેટે તેની તા. ૨/૩-૮-૧૯૫૮ની સભામાં બાબત નં. ૧૫ થી જે ફેરફાર મંજૂર કર્યા છે તે ફેરફાર તા. ૧-૭-૧૯૫૭થી અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સીનિયર ક્લાર્કની જગા રદ કરીને તેમની જગાએ જુનિયર ક્લાર્કો નીમવાનું સિન્ડિકેટે તેની તા. ૨/૩-૮-૧૯૫૮ની સભામાં ઠરાવ્યું છે તે ઠરાવનો અમલ તા. ૧-૧૦-૧૯૫૮થી કરવો.

૨. કાર્યાલયના અત્યાર સુધીના શિરસ્તા અનુસાર જે જુનિયર ક્લાર્કો માન્ય વિદ્યાપીઠોના સ્નાતકો હોય તેમને ત્રણ ઈન્ક્રીમેન્ટ આપવા, એટલે કે, રૂા ૧૫ નો વધારો આપવો અને ઓનર્સ સહિત પાસ થનાર સ્નાતકોને પાંચ ઈન્ક્રીમેન્ટ, એટલે કે, રૂા. ૨૫ નો વધારો આપીને શરૂ કરવા.

૩. આ સુધારેલા પગારધોરણને કારણે જે સભ્યોના પગારનો આંકડો બે પગથિયાંની (સ્ટેજની) વચ્ચે આવે તેઓને નીચેના સ્ટેજનો પગાર આપવો અને બાકીની રકમ "પર્સનલ એલાવન્સ ટુ બી મર્જ્ડ ઇન ફ્યૂચર ઇન્ક્રીમેન્ટ્સ" તરીકે આપવી.

૪૫. આગામી સેનેટ સમક્ષ રજૂ કરવાનો શ્રી જી. બી. ઓઝાનો નીચેનો ઠરાવ :

ખાનગી :

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૮ના જૂન માસની સભા શનિવાર તા. ૭-૬-૧૯૫૮ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર તા. ૮-૬-૧૯૫૮ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇએ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૭-૬-૫૮	તા. ૮-૬-૫૮
૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યૂટી ડાયરેક્ટર ઓફ એજ્યૂકેશન, મુંબઈ રાજ્ય.	હાજર	ગેરહાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુક્લ	હાજર	હાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. અંબેલાલ એમ. નાયક	હાજર	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	હાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	હાજર
૧૦.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	ગેરહાજર	ગેરહાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	હાજર	હાજર.

૨. તા. ૨૧મી મે ૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની મે માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૧મી મે ૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની મે માસની સભાના કામકાજની નોંધને સભાગૃહે મંજૂરી આપી તથા તે ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

આ પછી બાબત નં. ૨ અને ૩ ને પાછળથી લેવાનું ઠરાવીને બાબત નં. ૩-અ. થી વિચારણા હાથ ધરવામાં આવી.

૩-અ. કુલપતિશ્રીએ સ્ટેચ્યૂટ નં. ૨૦૯ને અનુમતિ આપીને પેટા કલમ (૩) માં સિનોપ્સીસ અંગ્રેજીમાં મળે તેવો પ્રબંધ કરવા કરેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ:-સુધારાયેલો સ્ટે. ૨૦૯ (૩) નીચે પ્રમાણે છે.

" Students who desire to choose Gujarati or Hindi as the Medium of Examination at the M. A. (by papers or by Thesis) or Ph.D. Examination shall be permitted to do so with effect from the year 1958. ")

સ્ટેચ્યૂટ નં. ૨૦૯ (૩) કુલપતિશ્રીએ મંજૂર રાખ્યો છે તેની સાભાર નોંધ લઈને, તેઓશ્રીએ કરેલા સૂચન બાબતમાં ઠરાવવામાં આવ્યું છે કે, કુલપતિશ્રીના સૂચન અનુસાર, એમ. એ. બાય થિસિસ અને પીએચ. ડી.ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ સ્ટે. ૨૦૯ (૩) અનુસાર પોતાનો મહાનિબંધ ગુજરાતી કે હિન્દીમાં રજૂ કરે તેની જોડે પોતાના મહાનિબંધનો ટૂંક સાર (સિનોપ્સીસ) અંગ્રેજીમાં પણ તેમણે રજૂ કરવો એ મતલબનો નિયમ વિચારવાને માટે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગને સૂચવવું.

૪. નીચે જણાવેલા સેનેટે રિફર બેક કરેલા સ્ટેચ્યૂટ ૧૩૬ ઉપર વિચારણા કરવા બાબત.

S. 136. For all purposes of this Act,

(a) The term ' Teacher ' within the meaning of section 2, sub clause (12) shall include :-

(i) Professors, Readers and Lecturers giving instruction in a Recognised Institution or an Affiliated College or other persons holding appointments of similar character.

(ii) Every person who is appointed or recognised as a Teacher of the University is defined by section 2 (13).

(iii) Directors of Physical Training who are on the permanent staff of a College.

(b) Teachers imparting instruction in High Schools in the University Area for not less than twelve hours or 18 periods per week whichever is less are declared to be Secondary Teachers, under Sec. 2 (10).

(c) The term 'Head Master' shall mean the head of a High School.

(d) For the purposes of the election of two members to the Faculties under Section 23 (2) Ordinary (ii), the stipulation that a candidate shall be a teacher for continuous period for five years etc. contained in the proviso thereunder, it will be deemed sufficient if the candidate has been a teacher for the necessary continuous period immediately preceding the last date for receipt of nominations in one or more colleges or Institutions affiliated to or recognised by a Statutory University in India and is a 'Teacher' as defined by this Statute and enrolled as such."

આથી ઠરાવવામાં આવે છે કે, પેટા કલમ (iii) માં "Directors of Physical Training" ને બદલે "Instructors of Physical Training" એ શબ્દો મૂકવા તથા નીચે પ્રમાણેપેટા કલમ (iv) ઉમેરીને સુધારેલો સ્ટેટ્યૂટ ૧૩૬ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી :

"(iv) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges"

સુધારાયેલો સ્ટેટ્યૂટ નીચે મુજબ વંચાશે :

S. 136 For all purposes of this Act,

(a) The term 'Teacher' within the meaning of section 2, sub-clause (12) shall include:-

(i) Professors, Readers and Lecturers giving instruction in a Recognised Institution or an Affiliated College, or other persons holding appointments of similar character.

(ii) Every person who is appointed or recognised as a Teacher of the University as defined by section 2 (13).

(iii) Instructors of Physical Training who are on the permanent staff of a college.

(iv) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges.

(b) Teachers imparting instruction in High Schools in the University Area for not less than twelve hours or 18 periods per week whichever is less are declared to be Secondary Teachers, under Sec. 2 (10).

(c) The term 'Head Master' shall mean the head of a High School.

(d) For the purposes of the election of two members to the Faculties under section 23 (2) ordinary (ii) the stipulation that a candidate shall be a teacher for continuous period for five years etc. contained in the proviso thereunder, it will be deemed sufficient if the candidate has been a teacher for the necessary continuous period immediately preceding the last date for receipt of nominations in one or more Colleges or Institutions affiliated to or recognised by a Statutory University in India and is a 'Teacher' as defined by this Statute and enrolled as such.

૫. સેનેટ સભ્ય શ્રી. સી. સી. શાહના આગામી સેનેટ સમક્ષ મૂકવા માટેના નીચેના ઠરાવો.

૧. ગુજરાત યુનિવર્સિટીનો ઝડપી ને સર્વદેશીય વિકાસ સાધવાના હેતુથી આવતા પાંચ દસ વર્ષ માટેના તેના કાર્યક્રમનું આયોજન આપણા પ્રદેશની જરૂરિયાતો લક્ષમાં રાખીને સમગ્રપણે થવું જોઈએ એમ સેનેટની આ સભા માને છે. આવો લાંબી મુદતનો કાર્યક્રમ વિગતવાર તૈયાર કરવા માટે, વધુ સભ્યો નિયુક્ત કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની એક આયોજન સમિતિ નીમે છે ને તેને ત્રણ માસમાં પોતાનો અહેવાલ રજૂ કરવા વિનંતી કરે છે.

૧. શ્રી. મગનભાઈ દેસાઈ, ઉપકુલપતિ
૨. શ્રી. હરસિદ્ધભાઇ દિવેટિયા
૩. શ્રી. કાલિદાસ દેસાઈ, ડીન, ફેકલ્ટી ઑફ આર્ટ્સ
૪. શ્રી. અશ્વિનકુમાર ત્રિવેદી, ડીન, ફેકલ્ટી ઑફ સાયન્સ
૫. શ્રી. દત્તાત્રેય રામકૃષ્ણ સામન્ત, ડીન, ફેકલ્ટી ઑફ કૉમર્સ
૬. ડૉ. નાનુભાઇ આર. દેસાઈ, ડીન, ફેકલ્ટી ઑફ મેડિસીન
૭. શ્રી. હિંમતલાલ પ્રભાશંકર શુકલ, ડીન, ફેકલ્ટી ઑફ લૉ
૮. શ્રી. હાકારભાઇ અં. દેસાઈ, ડીન, ફેકલ્ટી ઑફ ટેકનોલોજી
૯. શ્રી. બી. આર શેનોય
૧૦. શ્રી. ઉમાશંકર જોષી
૧૧. શ્રી. લાલભાઈ દેસાઈ
૧૨. શ્રી. એસ. વી. ચંદ્રશેખર આઇયા
૧૩. શ્રી. ડોલરરાય માંકડ
૧૪. શ્રી. જગદીશનારાયણ સાંડિલ
૧૫. શ્રી યશવંત શુકલ
૧૬. શ્રી. સંતપ્રસાદ ભટ
૧૭. ડૉ. વિક્રમ સારાભાઈ
૧૮. શ્રી. ઝીણાભાઈ દેસાઇ
૧૯. શ્રી. કંચનલાલ પરીખ, રજિસ્ટ્રાર.

૨. યુનિવર્સિટી શિક્ષણનું ધોરણ ઉત્તરોત્તર નીચું જતું અટકાવવાના હેતુથી તેમ જ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી યુનિવર્સિટી શિક્ષણનો વધુ સારો લાભ ઉઠાવી શકે એટલા ખાતર તે હાલના કરતાં વધુ પરિપક્વ હોય એ આવશ્યક હોવાથી ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા યુનિવર્સિટી પ્રવેશનું ધોરણ હાલના કરતાં ઊંચું હોવું જોઈએ એમ દૃઢતાપૂર્વક માને છે અને તે હેતુને અનુલક્ષીને સ્ટે. ૧૭૩માં વ્યવહારક્ષમ સુધારો કરી સેનેટની આગામી બેઠકમાં રજૂ કરવા સિન્ડિકેટને જરૂરી પગલાં લેવા આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

૩. પ્રથમ સ્નાતક પદવીના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ યુનિવર્સિટીના પહેલા વર્ષના અભ્યાસની હાલની કક્ષા હાસલ કરેલી હશે એમ માનીને જ ગુજરાત યુનિવર્સિટીએ ત્રણ વર્ષના પદવી-અભ્યાસક્રમની યોજના માન્ય રાખી હોવાથી અને

એ કક્ષાએ હાલના કુલ ૧૧ વર્ષના શાળાકીય અભ્યાસથી સામાન્ય રીતે નહી પહોંચાય એવો આ સભાનો ચોક્કસ અભિપ્રાય હોવાથી શાળાકીય અભ્યાસનો કુલ સમય ૧૧ ને બદલે ૧૨ વર્ષનો કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા મુંબઈ રાજ્યની સરકારને આગ્રહભરી વિનંતી કરે છે.

૪. માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમજ પાઠ્યપુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઇએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મૂકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મૂકાવું પડશે એ પરિસ્થિતિ વિશે પોતાની ઉંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારૂ તેમ જ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં ક્રમશઃ પણ અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના ને સમયપત્રક ઘડી કાઢવા સારૂ અને વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ-વિષે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારૂ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે ઓકટોબર ૧૯૫૮ના અંત પહેલા સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.
(નોંધઃ-મજકૂર બાબતની વિચારણા હાથ ધરવામાં આવી તે વખતે બાબત નં. ૬૨ માં જણાવ્યા પ્રમાણે ફિઝિક્સ, મેથેમેટિક્સ, બોટની અને કેમિસ્ટ્રીનાં અનુસ્નાતક ભવનો સ્થાપવાની યુનિવર્સિટીની યોજનાઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી મળી ગઈ છે તે બાબત પરત્વે ઉપકુલપતિશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું હતું.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત પરત્વે સિન્ડિકેટનો નીચે મુજબનો અભિપ્રાય સેનેટને જણાવવો :

સિન્ડિકેટનો અભિપ્રાય

"શ્રી. સી. સી. શાહના ઉપરોક્ત ઠરાવ ૧ માં કોઈ ચોક્કસ સૂચનો રજૂ થયાં નથી તથા આ યુનિવર્સિટીના વિકાસ માટે આગળનાં કામકાજનું અમુક આયોજન સામે ઊભું છે, એ હકીકતો લક્ષમાં લઇને સિન્ડિકેટ એમ માને છે કે, ઠરાવમાં સૂચવાયેલી સમિતિ નીમવાનું પ્રયોજન નથી."

૨. આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત ૨ પરત્વે સિન્ડિકેટનો નીચે મુજબનો અભિપ્રાય સેનેટને જણાવવો :

સિન્ડિકેટનો અભિપ્રાય

"સ્ટેટ્યૂટ નં. ૧૭૩ માં સુધારો કરવાનો પ્રશ્ન સેનેટની તા. ૧-૨ માર્ચ ૧૯૫૮ની સભામાં આવ્યો તે વખતે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા કેટલા

માર્કસ મેળવવા જોઇએ તે તથા તેમની ઓછામાં ઓછી ઉંમર કેટલી હોવી જોઇએ તે પ્રશ્નો સારી પેઠે ચર્ચાયા હતા. તે ઉપરાંત આ ઠરાવમાં બીજા કોઈ ઉપયોગી સૂચનો જણાતાં નથી. અને રૂટે. નં. ૧૭૩ માં હાલ કશો ફેરફાર કરવાની સિન્ડિકેટ તરફેણ કરતી નથી."

૩. આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત ૩ પરત્વે સિન્ડિકેટનો નીચે મુજબનો અભિપ્રાય સેનેટને જણાવવો :

સિન્ડિકેટનો અભિપ્રાય

"એસ. એસ. સી. ની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ૧૧ વર્ષથી ઓછો ન હોવો જોઇએ અને તે પછીનું એક વર્ષ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે પ્રી-યુનિવર્સિટી શિક્ષણનું વર્ષ હોવું જોઇએ એમ સિન્ડિકેટ માને છે, તે ઉપરાંત આ બાબત પરત્વે સિન્ડિકેટ હાલ બીજો કશો અભિપ્રાય આપી શકતી નથી."

૪. આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત પરત્વે સિન્ડિકેટનો નીચે મુજબનો અભિપ્રાય સેનેટને જણાવવો :

સિન્ડિકેટનો અભિપ્રાય

"પાઠયપુસ્તકો અને પરિભાષાની તૈયારી બાબતમાં આ સાથે જોડેલો શ્રી. રજિસ્ટ્રારનો રિપોર્ટ સેનેટના ધ્યાન પર લાવવો અને સેનેટને જણાવવું કે, પરિભાષા અને પાઠયપુસ્તકોની બાબતમાં યુનિવર્સિટી ઘટતાં પગલાં લઈ રહી છે એ બાબત લક્ષમાં લઇને, ઠરાવમાં સૂચવાયેલી સમિતિ નીમવાથી કશો ઉપયોગી હેતુ સરશે નહીં એમ સિન્ડિકેટ માને છે."

(શ્રી. રજિસ્ટ્રારનો રિપોર્ટ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૬. કરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને બી. એ. ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ આપવા સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોવાથી તે બાબત મુંબઇ સરકારને રિપોર્ટ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૭. પ્રી-યુનિવર્સિટી સાયન્સના પરીક્ષાના પ્રેકટીકલ્સ માટે લેબોરેટરી એસિસ્ટન્ટ તથા સ્ટોરકીપરના મહેનતાણાના દરો નકકી કરવા બાબત.

(નોંધ:- કાર્યાલયનું સૂચન નીચે મુજબ છે:-

	એક ટુકડી હોય તો	બે ટુકડી હોય તો
લેબોરેટરી એસિસ્ટન્ટ	૨.૦૦	૩.૦૦
સ્ટોર કીપર	૨.૦૦	૩.૦૦)

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ઈયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સની પરીક્ષામાં પ્રેકટીકલ્સ માટે લેબોરેટરી એસિસ્ટન્ટ તથા સ્ટોર કીપરને વિદ્યાર્થીઓની એક ટૂકડી હોય તો રૂા. ૨.૦૦ અને બે ટૂકડી હોય તો રૂા. ૩.૦૦ લેખે દૈનિક મહેનતાણું આપવું.

૮. બોર્ડ ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેરની તા. ૧૮-૩-૫૮ના રોજ મળેલી બારમી બેઠકમાં થયેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષમાં ફકત પ્રથમ વર્ષના જ વિદ્યાર્થીઓની તથા બીજી યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓની જ તબીબી તપાસ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેરના ઠરાવ અનુસાર, ૧૯૫૮-૫૯ ના વર્ષમાં ફકત પ્રથમ વર્ષના જ તથા બીજી યુનિવર્સિટીઓમાંથી આ યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓની જ તબીબી તપાસ કરવી.

૯. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કામદાર શ્રી. મધુકર ભૈજનાથ ઉપાધ્યાય રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડફાળાની રકમ નિયમ મુજબ પાછી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કામદાર શ્રી. મધુકર ભૈજનાથ ઉપાધ્યાયને તેમના પ્રોવિડંટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર આપવી.

૧૦. કાર્યાલયના ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટો શ્રી. એ.ચ. બી. બારોડ અને શ્રી. કે. સી. જાનીનું પરીક્ષા ભથ્થું નકકી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના બેઉ ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટોને તેમણે ઓધ્ધો સંભાળ્યો તે તારીખથી એક વર્ષ માટે માસિક ૩૦.૦૦ લેખે પરીક્ષા ભથ્થું આપવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા ભથ્થાનો પ્રશ્ન કાર્યાલયના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને અભિપ્રાય માટે મોકલી આપવો. ઉપરાંત કાર્યાલયના કર્મચારીઓના કામકાજના દબાણનો પ્રશ્ન તપાસવાનું કામ એ સમિતિને સોંપવું અને તે કામ અંગેના એક નિષ્ણાતને કો-ઑપ્ટ કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવામાં આવે છે.

૧૧. નિયમ પ્રમાણે કાર્યાલયના સભ્યોની હક્ક રજા વધુમાં વધુ ૧૨૦ દિવસ જમા થઈ શકે. મુંબઈ સરકારે તે વધારીને ૧૮૦ દિવસની જોગવાઈ કરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત કાર્યાલયના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલી આપવી તથા આ બાબતમાં મુંબઈ રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં આ વિષે શું કર્યું છે તે પૂછાવવું.

૧૨. પી. એચ. ડી. ફિઝિકસના મહાનિબંધ માટેના રેફરી શ્રી. ડી. સી. રોઝ તરફથી તેમને મહાનિબંધની પરીક્ષાના મહેનતાણા અદલ મળેલા પુરસ્કારના રૂા. ૧૦૦.૦૦ યુનિવર્સિટી રિસર્ચ ફંડ ખાતે જમા કરવા અંગે આવેલ પત્ર (જાણ માટે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૧૩. યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં પટાવાળાઓની જગ્યાઓને હમાલની જગ્યામાં ફેરવવાના યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયીન્સઝના અધ્યક્ષ તરફથી આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૧૪. નીચેના કર્મચારીઓની અજમાયસી નિમણૂંકનો સમય પૂરો થયો હોવાથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

નામ	જગા	જોડાયાની તારીખ	વર્ષ પૂરું થયાની તારીખ
૧. શ્રી. એન. એ. પંચાલ	કલાર્ક યુનિ. કાર્યાલય	૧-૫-૫૭	૧-૫-૫૮
૨. શ્રી. પી. વી. શેઠ	,,	૧૭-૫-૫૭	૧૭-૫-૫૮
૩. શ્રીમતી હંસા દેસાઈ	ટાઇપિસ્ટ-કલાર્ક ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન	૩-૫-૫૭	૩-૫-૫૮

આથી ઠરાવવામાં આવે છે કે:—

૧. શ્રી. એન. એ. પંચાલને યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે તા. ૧-૫-૧૯૫૮ થી કાયમ કરવા.

૨. શ્રી. પી. વી. શેઠ ને યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે તા. ૧૭-૫-૧૯૫૮ થી કાયમ કરવા.

૩. કુ. હંસા દેસાઇને કાયમ કરવાની બાબતમાં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ પાસેથી વધારે માહિતી આવ્યેથી આ બાબત ફરીથી રજૂ કરવી.

૧૫. "પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" એનાયત કરવા માટે સિન્ડિકેટે નીમેલી વરણી સમિતિએ ઠરાવ્યા પ્રમાણે સદ્ગરહુ સુવર્ણચંદ્રક એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈને એનાયત કરવાના ઠરાવની નોંધ લેવા બાબત. (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની નોંધ લેવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૦. શ્રી રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને બી. એ. ના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કર્યાનો રિપોર્ટ સ્વીકાર્યા બાબતના તથા કોલેજે માગેલું જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૧. એમ.એસસી. બાયકોબાયોલોજી માટે અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. જયોર્જ યુસુદાસનનો મહાનિબંધ રેફરીઓ તરફથી સ્વીકારાયો હોવાથી તેને તે પદવી માટે પાસ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજીસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૨. સને ૧૯૫૮-૫૯ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં ફક્ત લેક્ચરરની જગા માટે બીજા વર્ગમાં પાસ કરેલ એન્જિનિયરીંગ ડીગ્રી તથા બે વર્ષનો અનુભવ હોય તેવી વ્યક્તિઓની નિમણૂંક ખાસ કેસ તરીકે કરવા માટેની આચાર્યની વિનંતી મંજુર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૩. સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ મારફત રીડર ઇન સોશિયોલોજી ડો. તારા પટેલ તરફથી રિસર્ચ ગ્રાન્ટ અંગે સૂચવેલ ફેરફારની મંજુરી માટે આવેલ વિનંતી મંજુર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૪. આર. આર. લાલન કોલેજ, ભૂજના શિક્ષક ડો. એ. જી. મુન્શીને ૧૯૫૭-૫૮ ના વર્ષ માટે રૂા. ૫૦૦ ની રિસર્ચ ગ્રાન્ટ ગ્રાન્ટસ યુટિલાઇઝેશન કમિટીની ભલામણ મુજબ મંજુર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૫. એલ. ડી. આર્ટસ કોલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદના શિક્ષક શ્રી. જે. જે. ત્રિવેદીને ૧૯૫૭-૫૮ ના વર્ષ માટે રૂા. ૫૦૦ ની રિસર્ચ ગ્રાન્ટ મંજુર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૬. રામજ્યા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, પોરબંદરને બી. એ. ના વર્ગમાં વીસ વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૭. ૧૯૫૮ માં એમ. એ. ની પરીક્ષામાં અર્ધમાગધીના પ્રશ્નપત્રમાં એલ. ડી. આર્ટ્સ કોલેજના તેના અનુસ્નાતક કેન્દ્રમાં "ભગવતી" એ પાઠયપુસ્તકને બદલે ભૂલથી "મહાવીરચરિત્ર" એ પાઠયપુસ્તક શીખવાયું હોવાથી થયેલી ભૂલને કારણે પરિણામ પર માઠી અસર ના પહોંચે તે માટે શીખવાયેલા પાઠયપુસ્તકના પપ ગુણ જેટલો પ્રશ્નપત્ર કાઢી ફરીથી પરીક્ષા લેવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૮. અભ્યાસક્રમમાં થયેલા ફેરફારને કારણે ૧૯૫૮ માં એફ. ઈ. ની પરીક્ષામાં ૨૨ જોડ્યને બદલે વિદ્યાર્થીઓ ૧૮ જોડ્ય કરી શકેલા હોઈ ચાર જોડ્ય પુરતી વિદ્યાર્થીઓને રાહત આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે. ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૯. ચોપડીઓના એક પારસલમાંથી ચોપડીઓને બદલે ઈંટ, કાગળ, વગેરે નીકળવાના કારણે પૂના ઓરિએન્ટલ બૂક હાઉસે યુનિવર્સિટી પર માંડેલા દાવાની બાબતમાં ઉપકુલપતિશ્રીએ નીચે જણાવેલા લીગલ કમિટીના ઠરાવ પ્રમાણે લીધેલા પગલાંની જાણ થવા બાબત.

લીગલ કમિટીનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી રોકાયેલ વકીલ શ્રી. એસ. કે. વૈદ્યને પૂના ઓરિએન્ટલ બૂક હાઉસ સાથે તેઓને યોગ્ય લાગે તે શરતોએ સમાધાન માટે વાટાઘાટો કરવાની સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૦. શ્રી. એ. આર. આથવલેની નિમણૂંક યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ગ્રાન્ટના હેતુ માટે મંજૂર થઈ ન હોવાથી તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના લેબર વેલ્ફેરના લેક્ચરર શ્રી. એ. આર. આથવલેને એક મહિનાની નોટિસ આપીને છૂટા કરવા, અને તેમની ખાલી પડેલી જગાના કામને માટે શું કરવું તે બાબતમાં ભવનના અધ્યક્ષને જણાવવું કે, શ્રી. વાઈસ-ચાન્સેલરને મળીને વાત કરે.

૩૧. શ્રીમતી હર્ષિદા પંડિત જેઓ એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની બી. એ. અને એમ. એ.ની પદવીઓ તથા કેલિફોર્નિઆ યુનિવર્સિટીની એમ. એસ.ની પદવી ધરાવે છે તેમને સાયકોલોજીના પ્રોફેસર તરીકે નીમી શકાય કે કેમ તે બાબતની સર્વોદય આર્ટ્સ કોલેજના આચાર્યની પૃચ્છા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત એસ. એન. ડી. ટી. તથા કેલિફોર્નિઆ યુનિવર્સિટીની પદવીઓની બરાબરી આ યુનિવર્સિટીએ માન્ય કરી છે કે કેમ ઇ૦ જોઈને વિચારવાની હોઈને, કમિટી ઓન ઇકિવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની પાસે તે મોકલી આપવી. તેનો રિપોર્ટ આવ્યા પછી તે સાથે ફરી રજૂ કરવામાં આવે.

૩૨. બાલાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ શહેરમાં શરૂ કરાનારી લૉ કૉલેજ માટેના મકાન અંગે સ્થાનિક તપાસ સમિતિએ કરેલા નીચેના રિપોર્ટને સ્વીકારવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

"..... we are of opinion that the space does comply with the condition imposed by the University.

In fact the Building at present used by the B. D. Arts College for Ladies is made up of several buildings now combined into one. One of these buildings has got an entrance in the adjoining street. It has two floors besides the ground floor. The Law College is proposed to be housed in two of the three floors at present. Thus there will be sufficient accommodation for two classes, Library, Reading room & Administrative offices. The sanitary arrangement also is satisfactory. We have suggested to Shri Bhatt that a Suitable Common room for the staff should be set apart and he has agreed to do so. Thus in our opinion, as the area could be safely sealed off from the rest of the buildings, it should be treated to comply with the relevant condition."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૩. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની ચંદીગઢ ખાતે તા. ૩જી ડિસેમ્બરના રોજ મળનારી ૩૪મી વાર્ષિક સભા માટે વાઇસ-ચાન્સેલર અથવા સિન્ડિકેટના અન્ય સભ્યની નિમણૂંક કરવા બાબત તથા પમી અને ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ચંદીગઢ ખાતે જ મળનારી યુનિવર્સિટીઓની આઠમી ચતુર્વાર્ષિક પરિષદ માટે બે પ્રતિનિધિઓની નિમણૂંક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની ચંદીગઢ ખાતે તા : ૩જી ડિસેમ્બરના રોજ મળનારી ૩૪મી વાર્ષિક સભા માટે ઉપકુલપતિશ્રીને અને તેઓ હાજર ન રહી શકે તો સિન્ડિકેટના સભ્ય પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયકને અને તે ના જઈ શકે તો પ્રિન્સિ. એસ. વી. દેસાઈને નીમવામાં આવે છે; તથા ચંદીગઢ ખાતે મળનાર યુનિવર્સિટીઓની આઠમી ચતુર્વાર્ષિક પરિષદ માટે ઉપકુલપતિશ્રી તથા પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક અને તે ન જઈ શકે તો પ્રિન્સિ. એસ. વી. દેસાઈની નિમણૂંક કરવી.

૩૪. આઠમા સ્ટેટીસ્ટિકસ ટ્રેઇનીંગ કોર્સ દરમ્યાન યુનિવર્સિટીના તાલીમ લેતા કર્મચારીને ટ્રેઇનીંગ દરમ્યાન રૂા. ૫ થી ઓછું નહિ એટલું દૈનિક ભથ્થું આપવા અંગે મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ :**-યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ એ ભાઈને પહેલાં ૧૦ દિવસ સુધી રૂા. ૩-૧૪-૦ લેખે અને પછીના દિવસો માટે ઉપરોક્ત રકમના ૭૫ ટકા લેખે ભથ્થું મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મધ્યસ્થ સરકારના કેળવણીખાતાના મંત્રીના સૂચનને ધ્યાનમાં લઈને, આઠમા સ્ટેટીસ્ટિકસ ટ્રેઇનીંગ કોર્સમાં તાલીમ માટે મોકલવામાં આવેલા યુનિવર્સિટીના કર્મચારી શ્રી. વી. એમ. વ્યાસને અપવાદ તરીકે તેમના તાલીમના સમય દરમિયાન રૂા. ૫.૦૦ લેખે દૈનિક ભથ્થું આપવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબતને ભવિષ્યમાં શિરસ્તા તરીકે ગણવી નહીં.

૩૫. શિકાગો યુનિવર્સિટીના ડૉ. બ્લુમ હિંદુસ્તાનની સફરે આવે છે ત્યારે તેમની સાથે પરીક્ષા અંગેની ચર્ચા-વિચારણા કરવા માટે નીચે પ્રમાણે જુલાઈ માસમાં યોજાએલ ચાર સેમીનારમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(a) Osmania; 10th to 12th July 1958
(b) Poona; 17th to 19th July 1958
(c) Patna; 23rd to 25th July 1958
(d) Aligarh; 29th to 31st July 1958

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૭મીથી ૧૯મી જુલાઈ દરમિયાન પૂના ખાતે યોજવામાં આવનાર સેમીનારમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ તથા ડૉ. વિક્રમ સારાભાઈની નિમણૂંક કરવી.

૩૬. ઈન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરી આપણી યુનિવર્સિટીનો અભિપ્રાય જણાવવા બાબત.

"That all the Universities adopt one prescribed form in respect of the following :

(i) Result Gazettee (ii) Degree, Diploma and Certificates granted to successful candidates (iii) Migration certificates granted to students who migrate from one University to another."

(Note from the Punjab University:- Every University has a different form of certificate etc. Some of them even do not give essential information. The Result Gazettee should give information about the Roll Number, Name of the Candidate, Marks obtained, Subjects taken, Date of Birth and his father's name. If the result gazettes are exchanged between the different Universities numerous references that become necessary could be avoided.)

ઠરાવ :

Resolved that this proposal be referred to the different Universities for their opinion.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં આવતા સિદ્ધાંતનો આ યુનિવર્સિટી સ્વીકાર કરે છે તેવો અભિપ્રાય ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડને જણાવવો.

૩૭. શેઠ એચ. એ. કોલેજ ઑફ કોમર્સ, અમદાવાદ આગામી જૂન માસથી તેના નવા મકાનમાં કામકાજ શરૂ કરવાની હોવાથી તેમજ શહેરમાં નવી લૉ કોલેજ પણ શરૂ થવાની હોવાથી લૉ કોલેજનો આર્ટ્સ વિભાગ સવારના ૭-૩૦થી શરૂ કરવા માંગે છે અને ખાસ કરીને વિદ્યાર્થિનીઓની સગવડતા ખાતર પ્રથમ વર્ષ વિનયન અને દ્વિતીય વર્ષ વિનયનના કેટલાક વર્ગો ૧૦-૩૦ કે ૧૧-૦૦ વાગ્યા પછી ચલાવવા માટે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયનના પ્રથમ અને દ્વિતીય વર્ષના કેટલાક વર્ગો બપોરે સાડાબાર કે અગ્યાર વાગ્યા પછી ચલાવવા માટેની સર એલ. એ. શાહ લૉ કૉલેજની મજકૂર વિનંતી મંજૂર કરવામાં આવતી નથી.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૭-૮. ૪. ૧૯૫૧ની સભામાં બાબત નં. ૪૩થી યુનિવર્સિટીના ફાજલ નાણાં રોકવા અંગે કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

"Resolved that the Registrar be authorised to invest the surplus funds of the University with the Central Bank of India Ltd., Ahmedabad and the Bank of Baroda Ltd., Ahmedabad in short term fixed deposits and further resolved that the said Bank be authorised to allow withdrawal of these investments with interest on requistion signed jointly by any two of the three Viz. Shri H. V. Divatia, the Vice-Chancellor, Dr. K. G. Naik, the Rector and Shri B. A. Patel, the Registrar."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"Resolved that the Registrar be authorised to invest the suplus funds of the University with the Central Bank of India Ltd., Ahmedabad, and the Bank of Baroda Ltd., Ahmedabad, in short term fixed deposits and further resolved that the said Banks be authorised to allow withdrawal of these investments with interest on a requisition signed jointly by any two of the following three:—

(1) The Vice-Chancellor (Shri M. P. Desai)
(2) The Registrar (Shri K. C. Parikh)
(3) Shri Navnitlal S. Shodhan (Member of the Syndicate, Gujarat University.)"

૩૯. પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થીએ સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદનું "વોશ-બેસીન" ભાંગી નાખ્યું છે. તેની કિંમત આશરે રૂા. ૨૦૦ થાય છે તો તે ભરપાઈ કરવા અંગેના આચાર્યના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પોતાનું કોલેજમાં નવું "વોશ-બેસીન" નંખાવવા માટેનો ખર્ચ ભોગવવા કોલેજના સત્તાવાળાઓને વિનંતી કરવી.

૪૦. યુનિવર્સિટીના શિક્ષકોને સ્વતંત્ર રીતે પી. એચ. ડી. માટે કામ કરવાની છૂટ આપવાનું સિન્ડિકેટે તથા બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગે નક્કી કર્યું હોવાથી તે અંગેના ડ્રાફ્ટ ઓર્ડિનાન્સ ૩૨૪-એ, ૩૨૪-બી, તથા ૩૨૪-સી. મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડ્રાફ્ટ ઓર્ડિનાન્સ નં. ૩૨૪-એ, ૩૨૪-બી, તથા ૩૨૪-સી.ને મંજૂર કરવા તથા એ નવા ઘડાયેલા ઓર્ડિનાન્સોને તાત્કાલિક અમલમાં મૂકવા. (નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૧. સિન્ડિકેટે તેની તા. ૩-૪-૫૪ની સભામાં મંજૂર કરેલી ટેલીફોન ઓપરેટરની જગ્યાનું પગારધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટેલીફોન ઓપરેટરની જગાનું પગારધોરણ નક્કી કરવાની બાબત કાર્યાલયના કર્મચારીઓ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૪૨. નીચેના વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલ પદવીઓ માટેના મહાનિબંધો રેફરીઓ તરફથી સ્વીકારાયા હોવાથી તેમને તે પદવી માટે પાસ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

	નામ	પદવી
૧.	શ્રી. એચ. ડી. અમીન	એમ. એસ. સી. (એગ્રિ.)
૨.	શ્રી. આઈ. ડી. દેસાઈ	એમ. એસ. સી. (એગ્રિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૩. શનિવાર તા. ૨૪-૫-૫૮ના રોજ યુનિવર્સિટીના કર્મચારીઓ વગર રજાએ ગેરહાજર રહ્યા હતા અને સોમવાર તા. ૨૬-૫-૫૮ના રોજ બપોરે ૩-૨૦ કલાકે કામ પર હાજર થયા હતા તો તેમની ગેરહાજરી બાબત વિચારણા કરવા બાબત.

(**નોંધ:**–સોમવાર તા. ૨૬મીએ કર્મચારીઓની હાજરી પૂરાએલી હોઈ શનિવાર તા. ૨૪-૫-૫૮ના રોજનો પગાર તેમને કરવામાં આવ્યો નહતો. એ કર્મચારીઓએ હજૂ પોતાનો પગાર અને ભથ્થા સ્વીકાર્યા નથી.)

મજકૂર બાબતની વિચારણા ઉપર બાબત ૨ લેવામાં આવે તે સાથે પાછળથી હાથ ધરવામાં આવે એમ ઠરાવી આગળની બાબત નં. ૪૪ હાથ ધરવામાં આવી.

૪૪. ગુજરાત લૉ સોસાયટી તરફથી શહેરમાં જૂન ૧૯૫૮ થી શરૂ કરનાર લૉ કૉલેજ માટેના મકાન અંગેની શરત બાબત સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસ સમિતિના સભ્યોને તા. ૧૫ મી જૂન પછી બને તેટલા વહેલાં ગુજરાત લૉ સોસાયટીની નવી લૉ કૉલેજના મકાનની મુલાકાતે જઈ આવીને હેવાલ રજૂ કરવા માટે વિનંતી કરવી.

૪૫. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સૂરતને બીજી બી. એ. એમ. એસ. પરીક્ષા સુધીના અભ્યાસક્રમો શિખવવા માટે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કર્યા અંગે શ્રી. તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સૂરતના પ્રમુખ તરફથી આવેલ પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં સેનેટે ઠરાવેલી જોડાણની કઇ કઈ શરતોનું પાલન થયું છે અને કઇ કઇ શરતોનું પાલન થયું નથી તે બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કરવો.

૪૬. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢને બી. એ. માં હિન્દીના વિષય માટે ચાલુ જોડાણ તથા બી. એસ. સી. માં ફિઝિક્સના વિષય માટે વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કર્યા અંગે મુંબઈ રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં સેનેટે ઠરાવેલી જોડાણની કઇ કઈ શરતોનું પાલન થયું છે અને કઈ કઇ શરતોનું પાલન થયું નથી તે બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કરવો.

૪૭. ગુજરાતની ત્રણે યુનિવર્સિટીઓ મળીને ઈન્ટર યુનિવર્સિટી નાટ્યદર્શનનો કાર્યક્રમ દર વર્ષે રજૂ કરે એવી જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા માટે તા. ૨૪-૧૧-૫૭ ના રોજ વડોદરા ખાતે મળેલી ગુજરાતની ત્રણે યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓની બેઠકે તૈયાર કરેલી નીચેની યોજના અંગે વિચારણા કરવા બાબત.

યોજના

After a preliminary discussion it was decided to :

(1) hold the festival every year during the Diwali Vacation.
(2) rotating at different centres. viz. Rajkot, Ahmedabad, Anand, Baroda and Surat.
(3) three full fledged plays may be staged one each day, representative of each University.
(4) When three Judges nominated by each Vice-Chancellor will declare one, or two, or all the three as 'good plays' as according to their assessments.

(5) the finance will be suffered – earn or loss -- by the inviting centre who will play host to the guest teams.

(6) the travelling expenses will be incurred by the Universities of the visiting teams, and

(7) to work out details for fixing of dates etc. a committee of following members was appointed :

Mrs. Hansaben Mehta.....Chairman.
Mr. J. M. Mehta, Ahmedabad.
Mr. Girishbhai Desai, Anand.
Mr. C. C. Mehta, Baroda.

It was suggested that for preliminary competitions, Anand University may be allowed to invite teams from Colleges from Nadiad and Petlad, which may kindly be considered and approved by the authorities of the Gujarat University.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત આંતર-યુનિવર્સિટી નાટ્યદર્શનની ઉપર જણાવેલી યોજના મંજૂર કરવી.

૪૮. પ્રોફેસર આર. એમ. જોષી, અમદાવાદ તરફથી સંસ્કૃત પુસ્તકો ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને બીનશરતી દેણગીમાં આપવાના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર જોશી તરફથી આપવામાં આવે તે સંસ્કૃત પુસ્તકોનો સાભાર સ્વીકાર કરવો તથા તે પુસ્તકો મંગાવી લેવાની વ્યવસ્થા કરવા માટે યુનિવર્સિટીના ગ્રન્થપાલને જણાવવું.

૪૯. દિલ્હી ખાતે તા. ૨૭ ઓકટોબર ૧૯૫૮થી ૫ નવેમ્બર ૧૯૫૮ સુધી ભરાનાર યૂથ ફેસ્ટીવલમાં આપણી યુનિવર્સિટી તરફથી તે અંગેની યોજનાની તૈયારી કરવા અંગે એક કમિટી નીમવા બાબત તથા ફેસ્ટીવલ માટે બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝના બજેટમાંથી રૂા. ૨૫૦૭નો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષમાં બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યૂરલ સ્ટડીઝના બજેટમાં યૂથ ફેસ્ટીવલ માટે રૂા. ૨૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો, તથા ૧૯૫૮ના યૂથ ફેસ્ટીવલની વ્યવસ્થા કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. પ્રો. ઉમાશંકર જોશી
૨. પ્રો. અનંતરાય રાવળ
૩. પ્રિ. યશવંત પ્રા. શુકલ
૪. શ્રી. ડી. એન. પાઠક

૫૦. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હી તરફથી પુઅર સ્ટુડન્ટસ એઇડ ફંડ અંગેના નિયમો અંગેના ડ્રાફ્ટ ઑર્ડિનાન્સ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત રજૂ કરેલો બરડો વિગતવાર વિચારીને એ વિષે વિગતવાર રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવે છે :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ અને
૩. પ્રિન્સિપલ જે. બી. સાન્ડિલ

૫૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓની અજમાયસી મુદ્દત તેમના નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોવાથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

	નામ	હોદ્દો	મુદ્દત પૂરી થયાની તારીખ
૧.	શ્રી. એમ. ડી. સોની	ટાઈપીસ્ટ, યુનિવર્સિટી કાર્યાલય	તા. ૧-૬-૫૮
૨.	શ્રી. બચુભનભોય માળી	માળી	તા. ૫-૬-૫૮
૩.	શ્રી. એમ. એમ. મકવાણા	પટાવાળા, ગ્રંથાલય	તા. ૭-૬-૫૮
૪.	શ્રી. એમ. એસ. પરમાર	,,	તા. ૧૦-૬-૫૮
૫.	શ્રી. ડી. એન. શુકલ	ટેકનીકલ એસિસ્ટન્ટ, ગ્રંથાલય	તા. ૧૨-૬-૫૮

આથી ઠરાવવામાં આવે છે કે :—

૧. શ્રી. એમ. ડી. સોનીને તેમની ટાઇપીસ્ટની જગા પર કાયમ ન કરતાં તેમને એક વર્ષનો પ્રોબેશન પિરિયડ લંબાવી આપવો તથા તેમનું ટાઈપીંગ કામ ચોકસાઇપૂર્વક કરવાની જરૂર છે તે માટે તેમને ચેતવણી આપવી.

૨. શ્રી. બચુભનભોય માળીને તા. ૫-૬-૧૯૫૮થી માળીની જગાએ કાયમ કરવા.

૩. શ્રી. એમ. એમ. મકવાણાને તા. ૭-૬-૧૯૫૮થી યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કાયમ કરવા.

૪. શ્રી. એમ. એસ. પરમારને તા. ૧૦-૬-૧૯૫૮થી યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કાયમ કરવા.

૫. શ્રી. ડી. એન. શુકલને તા. ૧૨-૬-૧૯૫૮થી યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનીકલ એસિસ્ટન્ટ તરીકે કાયમ કરવા.

૫૨. મનોવિજ્ઞાન ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. એમ. જોશી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને નિયમ મુજબ તેમની પ્રોવીડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. એમ. જોશીને તેમના પ્રોવીડંટ ફંડના ફાળાની રકમ યુનિવર્સિટીના ધારાધોરણો અનુસાર આપવી.

૫૩. ગયા માર્ચ માસમાં લેવાયેલી ઈન્ટરમિડિએટ સાયન્સની પરીક્ષામાં બેઠેલા જે વિદ્યાર્થીઓનું પરિણામ તા. ૧૨-૫-૫૮ના રોજ અનામત રાખવામાં આવ્યું હતું તે જાહેર કર્યાના તથા તેમની ફરીથી પરીક્ષા લેવાના આદેશને રદ્દ કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૪. રીડર ઇન ઇકોનોમિક્સની જગા પૂરવા માટે વરણીસમિતિ ઉપર સિન્ડિકેટ તરફથી શ્રી. એમ. એલ. દાંતવાલાની ઉપકુલપતિશ્રીએ કરેલી નિમણૂંકની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૫. નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વલસાડને બી. એ. પરીક્ષાના કેટલાક વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની શરતોનું પરિપાલન કર્યા બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૬. સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી. એ. પરીક્ષાના કેટલાક વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા વધારાના જોડાણની શરતોનું પરિપાલન કર્યા બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૭. સામળદાસ કૉલેજ, ભાવનગરને બી. એ. જનરલ ડીગ્રી માટે હિંદીનો અભ્યાસ-ક્રમ શીખવવા માટે ચાલુ જોડાણની શરતોનું પરિપાલન કર્યા બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી. એ. પરીક્ષાના કેટલાક વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની શરતોનું પરિપાલન કર્યા બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૯. ૧૯૫૮ની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો લીધા હોય તેમના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ઈન્ટર સાયન્સના આવા વિદ્યાર્થીઓની બાબતની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિનો રિપોર્ટ સ્વીકારવામાં આવે છે અને તેણે કરેલી ભલામણો મંજૂર કરવામાં આવે છે. (ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૦. સર એલ. એ. શાહ લૉ કૉલેજ આર્ટ્સ વિભાગ અમદાવાદને બી. એ. (જનરલ અને સ્પેશ્યલ)ની પરીક્ષાના અભ્યાસક્રમો માટેના ચાલુ જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કર્યા અંગેના મુંબઈ સરકારને રિપોર્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સર એલ. એ. શાહ લૉ કૉલેજ વિનયન વિભાગ અમદાવાદને બી. એ. (સ્પેશ્યલ અને જનરલ) માટે ઈંગ્લીશ, સંસ્કૃત, ગુજરાતી, ઇકોનોમિક્સ, ઇતિહાસ, ફિલોસૉફી અને હિંદી તથા બી. એ. (જનરલ) માટે અર્ધમાગધીના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા મુંબઈ સરકારને રિપોર્ટ કરવો.

૬૧. એ. ૧૨૦-બી. ચાલુ સાલ અમલમાં આવતો હોવાથી નીચેની કૉલેજો તરફથી વધારાના વર્ગો ખોલવા દેવા અંગે આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

૧. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર-૫ વર્ગો
(હાલ ત્રણ વર્ગો ચલાવવાની પરવાનગી આપેલી છે)

૨. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ-૫ વર્ગો
(હાલ ત્રણ વર્ગો ચલાવવાની પરવાનગી આપેલી છે)

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર, શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ, તેમજ આ બાબતમાં બીજી કૉલેજોની માગણી પરત્વે શિક્ષકો, જગા, પુસ્તકાલય, પ્રયોગશાળા વગેરે બાબતોની યુનિવર્સિટીના ધારાધોરણ તથા નિયમો મુજબ જરૂરી સગવડો અંગે કૉલેજો પાસેથી માહિતી જાણીને માગેલી પરવાનગી આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૬૨. યુનિવર્સિટી તરફથી ફિઝિક્સ, મેથેમેટિક્સ, બોટાની અને કેમિસ્ટ્રીના અનુસ્નાતક ભવનો ચાલુ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલો યુનિવર્સિટીને ગ્રાન્ટ મંજૂર કરવાની જાણ કરતો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી માગેલી મદદ તે આપશે એની સાભાર નોંધ લેવામાં આવે છે, અને ગ્રાન્ટ્સ કમિશને જે શરતોએ ફિઝિકસ, મેથેમેટિકસ, બોટાની અને કેમિસ્ટ્રીનાં અનુસ્નાતક ભવનો માટે ગ્રાન્ટ આપી છે તે શરતો સ્વીકારવી તથા તે બાબતમાં આગળના જરૂરી પગલાં ભરવાની તજવીજ કરવી.

આ પછી નીચેની બાબત નં. ૨ હાથ ધરવામાં આવી અને તા. ૭-૬-૫૮ ના રોજ સભા મોકૂફ રહી ત્યાં સુધી ચાલી. આદ તા. ૮-૬-૫૮ ના રોજ સભા ફરી મળી ત્યારે તે ચર્ચા આગળ ચાલી.

૨. ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓની માંગણીઓ સંબંધમાં સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ પર તા. ૧૨-૪-૧૯૫૮ની મળેલી સિન્ડિકેટની સભાએ કરેલા ઠરાવ અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબનો રિપોર્ટ.

સિન્ડિકેટની તા. ૧૨-૪-૧૯૫૮ની સભાનો ઠરાવ:

"ગઈ બેઠકમાં મોકૂફ રાખેલી ચર્ચા આગળ ચાલી. શરૂમાં સભાને જણાવવામાં આવ્યું કે, ગઈ બેઠકમાં જણાવ્યા મુજબ, (i) હાલ પગારભથ્થાં ઇ. બાબતની જે વ્યવસ્થા છે તેને આવરી લેતો સ્ટેટસ્યૂટ તૈયાર કરવામાં આવે છે; તથા (ii) રાજ્યની યુનિવર્સિટીના જોઇન્ટ બોર્ડની આગળ આ પ્રશ્નની આખી બાબત ચર્ચા અને વિચારણા માટે મૂકવાનું સૂચન તે બોર્ડને પત્ર લખીને કરવામા આવ્યું છે.

તે પછી, સમિતિએ પગારધોરણના સુધારાને માટે ભલામણો કરી છે, તે વિષે એમ ઠરાવવામાં આવ્યું કે, જોઇન્ટ બોર્ડને પ્રેરવામાં આવેલી વિચારણા અને મુંબઈ સરકારના પે કમીશનના રિપોર્ટ બાદ આખા રાજ્યને માટે નવી પગાર પદ્ધતિ અખત્યાર કરે તે, આ બધું ધ્યાનમાં લઇને આ જાતની સુધારણા કરવાનું કામ તે પછી હાથ ધરવું જોઇએ.

પરંતુ, ચાલુ પગાર-ભથ્થાં ઈ. ના ધોરણને આધારે અને વચગાળની રાહત તરીકે કાંઇક કરવા જેવું હોય તો તે કરવું ઘટે છે, એમ ઠરાવવામાં આવે છે અને તેને માટેની વચગાળાની ભલામણ શ્રી. બટુભાઈ દેસાઇની સાથે એ વિષે મસલત કરીને તૈયાર કરી રજૂ કરવાનું કામ શ્રી. વાઇસ-ચાન્સેલરને સોંપવામાં આવે છે."

વિસ્તૃત ચર્ચાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

ઉપકુલપતિશ્રીનો તા. ૭-૬-૧૯૫૮નો રિપોર્ટ વાંચીને સિન્ડિકેટ ઠરાવે છે કે, સિન્ડિકેટે ચાલુ પગારભથ્થાં, ઇત્યાદિના ધોરણના આધારે વચગાળાની રાહત માટે શું કરવું જોઇએ તે માટેની ભલામણ તૈયાર કરવા માટે શ્રી. બટુભાઇ દેસાઇ સાથે મસલત કરીને હેવાલ રજૂ કરવા માટે ઉપકુલપતિશ્રીએ માગેલો સમય તેમને આપવામાં આવે છે અને એમ ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનો એ રિપોર્ટ તથા ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરીને રિપોર્ટ કરવા માટે નિમાયેલી સિન્ડિકેટની સમિતિના હેવાલ અંગેની આગળની વિચારણા માટે, તેની સાથે સિન્ડિકેટની જુલાઇ માસની સભામાં રજૂ કરવામાં આવે.

(ઉપકુલપતિશ્રીનો રિપોર્ટ પરિશિષ્ટ "ધ" તરીકે આપેલ છે)

૪૩. શનીવાર તા. ૨૪-૫-૫૮ના રોજ કર્મચારીઓ વગર રજાએ ગેરહાજર રહ્યા હતા અને સોમવાર તા. ૨૬-૫-૫૮ના રોજ બપોરે ૩-૨૦ કલાકે કામ પર હાજર થયા હતા તો તેમની ગેરહાજરી બાબત વિચારણા કરવા બાબત.

(**નોંધ:**—સોમવાર તા. ૨૬ મીએ કર્મચારીઓની હાજરી પૂરાએલી હોઇ શનીવાર તા. ૨૪-૫-૫૮ના રોજનો પગાર કરવામાં આવ્યો નહોતો. એ કર્મચારીઓએ હજુ પોતાનો પગાર અને ભથ્થાં સ્વીકાર્યા નથી.)

યુનિવર્સિટી કાર્યાલયના જે સભ્યો શનિવાર તા. ૨૪-૫-૧૯૫૮ ના રોજ ગેરહાજર રહ્યા હોય તેમની તે દિવસની રજાની અરજી આવે તો તે દિવસની ગેરહાજરી રજા તરીકે ગણી શકાય એમ રજિસ્ટ્રારે સૂચવ્યું તેને બહાલી આપવામાં આવી.

૩. ગયા માર્ચ માસમાં લેવાયેલી ફર્સ્ટ ઇયરની (પ્રી-યુનિવર્સિટી) પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ આવ્યા છે; તે બાબત અંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, આચાર્યો વગેરે તરફથી પરિણામ કડક આવ્યાની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

૧. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ...૩૮.૯૫ ટકા

૨. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સ...૫૧.૬૮ ટકા

૩. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) કોમર્સ....૨૫.૫ ટકા

(**નોંધ :** આ બાબત સિન્ડિકેટની તા. ૨૧-૫-૫૮ની સભામાં વિચારણા માટે હાથ ધરવામાં આવી હતી, પરંતુ કશો નિર્ણય થઈ શકયો નહોતો.)

મજકૂર બાબત પરત્વે શ્રી. એસ. એમ. શાહે નીચેનો ઠરાવ રજૂ કર્યો :

"ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની ૧૯૫૮ માં લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ (ભાષાઓનો વિષય સમૂહ એક જ વિષય ગણવો એ સમજૂતીની સાથે) માત્ર એક જ વિષયમાં નાપાસ થયા હોય તેમને તેમની વિદ્યાશાખાના ઈન્ટરમિડિએટના વર્ગમાં સત્રો ભરવાની પરવાનગી આપવામાં આવે."

લંબાણ ચર્ચા-વિચારણા પછી શ્રી. એસ. એમ. શાહે પોતાનો ઉપરનો ઠરાવ પાછો ખેંચી લીધો હતો.

તે પછી પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોરે પ્રિન્સિપલ એસ. વી. દેસાઈના ટેકાથી નીચેનો ઠરાવ રજૂ કર્યો :

"Resolved that the results of the students who appeared in the F.Y. (Pre-University) examination in 1958 and who have failed in any one head of passing by not more than 7 marks or in the total of two or more papers by not more than 12 marks, be amended and the candidates concerned be declared to have passed their First Year (Pre-University) examination in the Faculties of Arts, Science or Commerce as the case may be."

વિસ્તૃત ચર્ચા-વિચારણા પછી મજકૂર ઠરાવ પર મત લેવાતાં તે વધુ મતે નામંજૂર થયો હતો.

આ બાબતની ચર્ચા દરમિયાન ઑર્ડિનન્સ ૧૬૩, ૧૯૩ અને ૩૦૬ની બાબતમાં પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીએ ઉઠાવેલો કાનૂની મુદ્દો નીચેનાં કારણસર ચાલી શકે તેમ નથી એમ સિન્ડિકેટે અભિપ્રાય આપ્યો હતો :

૧. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી)ની પરીક્ષા યુનિવર્સિટીએ લેવાનું હરાવેલું હોવાથી એમાં નાપાસ થનાર કોઈપણ વિદ્યાર્થીને યુનિવર્સિટીએ તેને સોંપેલ કામ તેણે સંતોષકારક રીતે કર્યું છે એવું પ્રમાણપત્ર કોઈપણ આચાર્ય આપી શકે નહીં;

૨. ટ્રાન્ઝીટરી ઑર્ડિનન્સ નં. ૧, ૨, ૩ ઑર્ડિનન્સ નં. ૧૬૩, ૧૯૩ અને ૩૦૬ થી જેટલે અંશે વિરુદ્ધ હોય તેટલે અંશે મજકૂર જૂના ઑર્ડિનન્સ નં. ૧૬૩, ૧૯૩, અને ૩૦૬ આપોઆપ રદ થાય છે.

આ પછી સિન્ડિકેટે એવો મત પ્રદર્શિત કર્યો હતો કે, ફર્સ્ટ ઈયર (પ્રી-યુનિવર્સિટી) પરીક્ષાઓનાં પરિણામ યુનિવર્સિટીએ હરાવેલાં એ અંગેના ધારાધોરણ વગેરે અનુસાર બરોબર રીતે બહાર પાડેલાં હોઈ, તેમાં કશો ફેરફાર કરવાનું શકય નથી.

તે પછી સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

નં. સિ. ૫૮૮૧૩-૩૦-૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૪-૬-'૫૮

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ " ક "
કામકાજ નં. ૫

ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાને ક્રમે ક્રમે અપનાવવાની નીતિ અપનાવી તે પછી વિવિધ વિષયોની સર્વમાન્ય પરિભાષા તૈયાર કરવાના તથા ગુજરાતી ભાષામાં યોગ્ય પુસ્તકો લખાય તે જોવાના કામને યુનિવર્સિટીએ મુખ્ય કાર્ય ગણ્યું છે.

૧. પરિભાષા

માન્ય ગુજરાતી પરિભાષા તૈયાર કરવા માટે યુનિવર્સિટીએ નવેમ્બર, ૧૯૫૫માં સિન્ડિકેટે વિનયન અને વિજ્ઞાન વિભાગોના વિષયોની બે પરિભાષા સમિતિઓ નીમેલી છે. આ બેઉ સમિતિઓની કુલ ૧૯ ઉપસમિતિઓ નીમાઈ હતી. એ ઉપસમિતિઓનું ઇન્ટરમિડિએટ કક્ષા સુધીની પરિભાષાની યાદીઓ તૈયાર કરવાનું કામ પૂરું થઈ ગયું છે અને યુનિવર્સિટી કાર્યાલયને એ યાદીઓ સુપ્રત કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યશાસ્ત્ર અને વૃત્તવિવેચન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્ય કાયદાશાસ્ત્ર અને પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાતત્વ તેમજ ભૂગોળ, ફિઝિક્સ અને જીઓલોજીનાં વિષયોમાં ડીગ્રી કક્ષા સુધીની પરિભાષાની યાદીઓ તૈયાર થઈ ગઈ છે. અને સિન્ડિકેટના તા. ૧-૨-૧૯૫૮ના ઠરાવ અન્વયે તે પરિભાષાની યાદીઓ છાપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

૨. પુસ્તકો

ઉપર જણાવેલી માન્ય પરિભાષા તૈયાર થતી હતી તે દરમિયાન યુનિવર્સિટીના પબ્લીકેશન બોર્ડે પરિભાષાઓના જાણીતા લેખકોની ઉત્તમ કૃતિઓ કે માન્ય ગ્રંથોના ગુજરાતી અનુવાદ માટે જુદી જુદી અભ્યાસ-સમિતિઓ પાસેથી સૂચનો મંગાવ્યા હતાં તે સૂચનો પૈકીનાં કેટલાંક પુસ્તકોના ગુજરાતી અનુવાદ તાત્કાલીક હાથ ધરવાની પબ્લીકેશન બોર્ડની ભલામણ સિન્ડિકેટે સ્વીકારી. પરિણામે Mac Iver કૃત "Society" નામના અંગ્રેજી ગ્રંથનું ગુજરાતી ભાષાંતર મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના રીડર શ્રી. અક્ષયકુમાર દેસાઈએ કર્યું છે અને તે હાલ છાપવા માટે આપેલું છે. એ ઉપરાંત સ્વ. નરસિંહરાવ દિવેટિયા કૃત અંગ્રેજી પુસ્તક "Language and Literature"નું ગુજરાતી ભાષાંતર શ્રી. રામપ્રસાદ બક્ષીએ કર્યું છે અને તે પ્રકાશન બહાર પણ પડી ચૂકયું છે.

૩. પુસ્તકો લખવાની પ્રવૃત્તિને ઉત્તેજન

આ ઉપરાંત પોસ્ટ ઇન્ટરમિડિએટ કક્ષાના જુદા જુદા વિષયો ઉપર ગુજરાતીમાં ઉત્તમ કોટીનાં પુસ્તકો તૈયાર થાય તે આશયથી મુક્ત હરિફાઈનો સિદ્ધાંત એકેડેમિક કાઉન્સિલની ભલામણથી સિન્ડિકેટે સ્વીકાર્યો છે અને પુસ્તક લખવાની પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે માટે હરિફાઈમાં ભાગ લેવા માટે શિક્ષકો અને અન્ય વિદ્વાનોને ખુલ્લું નિમંત્રણ આપવામાં આવ્યું છે. પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિ માટે જરૂરી આર્થિક જોગવાઈ કરવાના ઉદ્દેશથી સિન્ડિકેટે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન એક સ્વતંત્ર ભંડોળ એકઠું કરીને "Earmarked" કર્યું છે. આ ભંડોળમાં રૂા. ૪,૬૦,૦૦૦ ઉપરાંતની રકમ જમા કરવામાં આવી છે.

૪. મુદ્રણાલય

આ ઉપરાંત યુનિવર્સિટીએ પોતાનું આગવું મુદ્રણાલય પણ હવે સ્થાપ્યું છે. તેનો વિકાસ થતાં આપણી પ્રકાશન-પ્રવૃત્તિને પણ વેગ મળશે જ.

પરિભાષા અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાના કાર્યમાં ઉપયોગી નીવડે તેવાં સૂચનો આવકારવામાં આવે છે.

પરિશિષ્ટ "અ"
ઠરાવકાર્ય નં. ૪૦

0.324. A. A teacher working in a College affiliated or an Institution recognised or a Department of the University desiring to work for the Ph. D. degree of this University shall within one month of the commencement of an academic term apply for registration as a Post Graduate student and work under a teacher recognised by this University for the duration of the period required under 0.314.

0.324. B. A teacher desiring to work for the Ph. D. degree in a subject for which there is no teacher recognised for guiding Ph. D. students in the University shall select a teacher as his guide for consultation from outside the University area and submit his name for the approval of the University authorities at the time of seeking registration. On approval of the name of the guide, the candidate shall be enrollad as a Post Graduate student for the Ph. D. degree.

0.324. C. A teacher so registered as a Post Graduate student for the Ph. D. degree shall pay to the University the tuition fees prescribed for other Ph. D. students.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૫૬

૧૯૫૮ના પ્રથમ ૬ માસ દરમ્યાનની પરીક્ષાઓમાં જેઓ ગેરવ્યાજબી ઇલાજો (Unfair means)નો ઉપયોગ કરે તેમના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી કમિટીની એક મિટિંગ, ઇન્ટર સાયન્સની પરીક્ષાના આવા કેસોની વિચારણા કરવા માટે તા. ૬-૬-૫૮ના રોજ સાંજના પાંચ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	હાજર
૩.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર
૫.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	ગેરહાજર

કમિટિ સમક્ષ આ બાબતના બધા કાગળો મૂકવામાં આવ્યા હતા અને દરેક કેસને લગતા કાગળો ચોકસાઈપૂર્વક વિચારણા કરી નીચે મુજબનો રિપોર્ટ કમિટિની આ સભા સિન્ડિકેટને કરે છે.

ક્રમાંક નંબર	વિદ્યાર્થી નંબર	રિપોર્ટ
૧.	૧૦૬	૧૯૬૨ના જાન્યુઆરી પહેલાં યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં કૉલેજમાં પ્રવેશ આપવો નહિ અને તેણે આ પરીક્ષા કે અગાઉની પરીક્ષામાં કોઈ વિષયમાં એક્ઝેમ્પશન મેળવ્યાં હોય તો તે રદ કરવાં.
૨.	૨૫૦૦	૧૯૬૦ના જાન્યુઆરી પહેલાં યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં કે કૉલેજમાં પ્રવેશ આપવો નહિ. અને તેણે આ પરીક્ષા કે અગાઉની પરીક્ષામાં કોઈ વિષયમાં એક્ઝેમ્પશન મેળવ્યાં હોય તો તે રદ કરવાં.
૩.	૨૭૫૦	૧૯૬૦ના જાન્યુઆરી પહેલાં યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં કે કૉલેજમાં પ્રવેશ આપવો નહિ. અને તેણે આ પરીક્ષામાં કે અગાઉની પરીક્ષામાં કોઈ વિષયમાં એક્ઝેમ્પશન મેળવ્યાં હોય તો તે રદ કરવાં.
૪.	૨૯૨૭	આ કેસમાં વધુ તપાસ માટે કેટલીક વિગતો મંગાવવી જરૂરની હોઈ આ કેસ મુલતવી રાખવામાં આવ્યો છે.

૨. ત્યારબાદ પરીક્ષકો તરફથી આવેલા રિપોર્ટને આધારે જે જે વિદ્યાર્થીઓએ ખરીખોટી રીતે દાખલા ગણી ખરા જવાબ મેળવ્યા હતા તેવા વિદ્યાર્થીઓના કેસોની વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે :

૧. જેમણે હજી સુધી ખુલાસાઓ આપ્યા નથી તેવા વિદ્યાર્થીઓ નં. ૬૯૬ અને ૨૩૮૭ સિવાયના બાકીના બધા વિદ્યાર્થીઓ નં. ૩૧૫, ૩૧૯, ૩૨૦, ૩૨૬, ૩૭૬, ૩૮૦, ૪૨૪, ૪૪૦, ૫૦૫, ૫૫૬, ૫૬૬, ૬૧૨, ૬૨૭, ૭૪૫, ૮૬૯, ૮૬૪, ૨૬૨૩, ૫૬૬, ૫૮૦, ૨૪૦૬, ૨૪૩૮, ૨૭૪૩, ૫૮૧, ૬૨૮, ૬૬૪, ૮૬૮ ને શિક્ષા કરવાની આ સમિતિ ભલામણ કરતી નથી.

૨. આ સમિતિ નિર્ણય લે છે કે મેથેમેટિક્સના પ્રશ્નપત્ર નં. ૨ માં ૩ સી., ૫ અને ૬ પ્રશ્નો ફુટચા હોવાનું કુલે ૧૭ વિદ્યાર્થીઓના કેસો પરથી જણાય છે, જ્યારે પ્રશ્નપત્ર નં. ૧ નો પ્રશ્ન ૧૩ બી. કુલ ૪ કેસો પરથી ફુટયો જણાય છે અને નં. ૧૪ બી. કુલ ૪ કેસો પરથી ફુટયો જણાય છે, અને આ સંબંધમાં વધુ તપાસ કરવા માટે આ સમિતિ સમક્ષ આ બાબત રજૂ કરવી.

પરિશિષ્ઠ "ઘ"
કામકાજ નં. ૨

કામકાજની બાબત નં. ૨ અંગે શ્રી વાઇસ-ચાન્સેલર સાહેબે નીચે પ્રમાણે રિપોર્ટ આપ્યો છે.

તા. ૧૨-૪-૫૮ની સભામાં સિન્ડિકેટે ઠરાવ કરીને મને જે કામ સોંપ્યું છે તે બાબતમાં મારે નીચે પ્રમાણે જણાવવાનું કે :—

૧. હાલ પગાર ભથ્થા ઈ૦ બાબતની જે વ્યવસ્થા ચાલે છે તેને આવરી લઈને સ્ટેટ્યૂટનો એક કાચો ખરડો તૈયાર કરવામાં આવે છે એમ છેલ્લી સભામાં જણાવેલું અને તે મુજબ કાર્યાલયે એવા સ્ટેટ્યૂટની ખરડાની પરિભાષા તૈયાર કરી છે. એ ખરડો પગાર વિ૦ની બાબતમાં કોઇપણ પ્રકારનું સિન્ડિકેટના વિચાર માટે ઘોરણ સૂચવે છે એમ નથી, પણ સ્ટેટ્યૂટ તૈયાર કરવાની પરિભાષા રજુ કરે છે અને તે કરવાને સિન્ડિકેટે જણાવ્યું હતું તે પ્રમાણે હાલ ચાલતા પગાર ભથ્થા ઈ૦ને એમાં મૂકવામાં આવ્યાં છે. એટલે આ જે ખરડો તૈયાર કર્યો છે તે સ્ટેટ્યૂટની પરિભાષા પુરતો જ સમજવાનો છે. તેની નકલ કાર્યાલયમાં મળી શકશે.

૨. સિન્ડિકેટે ચાલુ પગાર ભથ્થા ઈ.ના ઘોરણના આધારે વચગાળાની રાહત તરીકે શું કરવું જોઇએ એ માટેની ભલામણ તૈયાર કરવા શ્રી. બટુભાઈ દેસાઇ સાથે મસલત કરીને રજૂ કરવાનું મને સોંપ્યું હતું. શ્રી. બટુભાઇ દેસાઇ રજાઓ દરમ્યાન બહારગામ હોવાથી આ કામ તેમને મળીને થઈ શકયું નથી. તેમણે જણાવ્યું છે કે તા. ૧૩ મી જૂન પહેલાં તે અમદાવાદ આવી શકે તેમ નથી. આ સંજોગોમાં દિલગીર છું કે શ્રી. બટુભાઈ સાથે મસલત કરવાનું બની શકયું નથી. તેથી મને વધારે સમય આપવો એવી સિન્ડિકેટને મારી વિનંતી છે. વચગાળાની ભલામણનો અમલ કયારથી કરવો તે બાબતમાં રીટ્રોસ્પેકટીવ તારીખ સૂચવવાનું આપણા હકકમાં છે તે જોતાં આ કામ બાબતમાં મોડું થવાનો સવાલ રહેતો નથી. સિન્ડિકેટ ઇચ્છે તે મુજબ રીટ્રોસ્પેકટીવ તારીખ નક્કી કરી શકે છે. મને લાગે છે કે તા. ૧૩ મીએ શ્રી. બટુભાઈ આવે છે તે પછી અઠવાડિયાની અંદર હું અને એ મળી શકીશું. અને ત્યારબાદ હું બનતી ત્વરાએ રિપોર્ટ આપી શકીશ. તેનો વિચાર સિન્ડિકેટ હવે પછી મળનારી સભામાં કરી શકશે. મારી વિનંતી છે કે આ બાબતમાં આ સમય મને આપવામાં આવે.

૩. આ કામકાજને અંગે વિશેષમાં મારે એક વસ્તુની સિન્ડિકેટને જાણ કરવાની છે અને તે એ છે કે આપણા સ્ટાફના સભ્યો તા. ૨૩મીએ એમને સોંપેલા ઓવરટાઇમ સમયનું કામ કરવા આવેલા નહીં અને તા. ૨૪મી – બીજા દિવસે સદંતર ગેરહાજર હતા. તે પાછા તા. ૨૬મી ને સોમવારે ત્રણ વાગ્યા પછી કામ પર આવ્યા હતા. આ બાબતમાં એમના તરફથી કોઇ પ્રકારની ખબર કાર્યાલયને આપવામાં આવી નહતી. આથી કરીને આ માસના પગાર આપવાને સમયે તા. ૨૪મીની તેમની ગેરહાજરી હોવાથી તે દિવસના પગાર કાપીને આપવામાં આવ્યા પરંતુ તેમણે તે સ્વીકાર્યો નથી. તે તારીખની તેઓની ગેરહાજરી બાબતમાં દરેક પાસે ખુલાસો માંગ્યો છે. આજના એજન્ડા ઉપર ૪૩મું કામ આ બાબતનું છે એટલે વિશેષ અહીં મારે કાંઇ કહેવાનું રહેતું નથી.

સહી. **મગનભાઈ પ્ર. દેસાઈ**
વાઇસ-ચાન્સેલર

તા. ૭-૬-૫૮

GUJARAT UNIVERSITY PRESS, NAVARANGPURA, AHMEDABAD.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી યોગ: કર્મસુ કૌશલમ્

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની સને ૧૯૫૮ના જુલાઇ માસની સભા, શનિવાર તા. ૫-૭-૧૯૫૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર,
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય	ગેરહાજર,
૩.	શ્રી. હિંમતલાલ પી. શુક્લ	હાજર,
૪.	શ્રી. એસ. એમ. શાહ	હાજર,
૫.	શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર,
૬.	શ્રી. અંબેલાલ એમ. નાયક	હાજર,
૭.	શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર,
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૯.	,, નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૦.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર,
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર,
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર,
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોષી	હાજર,
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર,

૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૮.	પ્રિન્સિપલ એમ. એમ. ડાકોર	ગેરહાજર.

૧. તા. ૭-૬-૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની જુન માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૭-૬-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની જૂન ૧૯૫૮ના માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે સહી કરી.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૬ હાથ ધરવામાં આવી.

૪૬. નીચે જણાવેલો ડ્રાફ્ટ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવા બાબતે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

A student who has passed in all heads but one at the F. Y. (Pre-University) examination in Arts, Science or Commerce will be allowed to keep terms (or allowed to register as an External student) and appear at the Inter (First Year Degree) examination in Arts, Science or Commerce; as the case may be, but he will not be declared to have passed in this (i. e. letter) examination under any circumstances unless he has passed in the remaining head or heads, as the case may be of the F. Y. (Pre-University) examination in an examination held either in a previous or in the same or subsequent examination season.

Notwithstanding what is stated above, a student who fails in the Group of Language papers which contains English as one either in a sub-head or in a head of the total or both or in two sub-heads; will be considered to have failed in one head only for the purposes of A. T. K. T., provided he has secured in that group at least 25% total marks in F. Y. (Arts and Science) and at least 33% total marks in F. Y. (Com).

This Ordinance be in force from March 1, 1958 for two years.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઉપર જણાવેલો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવો તથા તેને ૧લી માર્ચ ૧૯૫૮થી બે વર્ષ માટે અમલી બનાવવો.

૨. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ શહેર વિસ્તારમાં શરૂ કરાનાર લૉ કૉલેજના વિભાગ તરીકે અથવા સ્વતંત્ર કૉલેજ તરીકે અમદાવાદ શહેરમાં

જૂન ૧૯૫૯થી શરૂ થવા માગતી આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા માટે મજકૂર સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧ પ્રિન્સિ. કે. એલ. દેસાઇ; અને
૨ પ્રોફેસર ઉમાશંકર જોશી.

૩. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ શહેર વિસ્તારમાં શરૂ કરાનાર લૉ કૉલેજના વિભાગ તરીકે અથવા સ્વતંત્ર કૉલેજ તરીકે અમદાવાદ શહેરમાં જૂન ૧૯૫૯થી શરૂ થવા માગતી કૉમર્સ કૉલેજને જોડાણ આપવા માટે મજકૂર સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. ડી. આર. સામન્ત અને
૨. પ્રોફેસર વી. વાય. કોલ્હાટકર. પ્રોફેસર કોલ્હાટકર ના પાડે તો શ્રી. એમ. બી. દેસાઇ, ડિપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિકસ, મુંબઈ યુનિવર્સિટી.

૪. ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓની માગણીઓ સંબંધમાં સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ પર તા. ૧૨-૪-૧૯૫૮ની મળેલી સિન્ડિકેટની સભાએ કરેલા ઠરાવ અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલરનો રિપોર્ટ.

સિન્ડિકેટની તા. ૧૨-૪-૧૯૫૮ની સભાનો ઠરાવ :

"ગઈ બેઠકમાં મોકૂફ રાખેલી ચર્ચા આગળ ચાલી. શરૂમાં સભાને જણાવવામાં આવ્યું કે, ગઇ બેઠકમાં જણાવ્યા મુજબ (i) હાલ પગારભથ્થાં ધરાવતા બાબતની જે વ્યવસ્થા છે તેને આવરી લેતા સ્ટેટ્યૂટ તૈયાર કરવામાં આવે છે; તથા (ii) રાજ્યની યુનિવર્સિટીના જોઇન્ટ બોર્ડની આગળ આ પ્રશ્નની આખી બાબત ચર્ચા અને વિચારણા માટે મૂકવાનું સૂચન તે બોર્ડને પત્ર લખીને કરવામાં આવ્યું છે.

તે પછી, સમિતિએ પગાર ધોરણના સુધારાને માટે ભલામણ કરી છે, તે વિષે એમ ઠરાવવામાં આવ્યું કે, જોઇન્ટ બોર્ડને પ્રેરવામાં આવેલી વિચારણા અને મુંબઈ સરકારના બે-કમિશનના રિપોર્ટ બાદ આખા રાજ્યને માટે નવી પગાર પદ્ધતિ અમલમાં મૂકે તે, આ બધું ધ્યાનમાં લઈને આ જાતની સુધારણા કરવાનું કામ તે પછી હાથ ધરવું જોઇએ.

પરંતુ, ચાલુ પગાર ભથ્થાં કાયમ રાખીને ધોરણને આધારે અને વચગાળાની રાહત તરીકે કાંઈક કરવા જેવું હોય તો તે કરવું ઘટે છે, એમ ઠરાવવામાં આવે છે અને તેને માટેની વચગાળાની ભલામણ શ્રી. બકુભાઇ દેસાઈની સાથે એ વિષે મસલત કરીને તૈયાર કરી રજૂ કરવાનું કામ શ્રી. વાઇસ-ચાન્સેલરને સોંપવામાં આવે છે."

સિન્ડિકેટની તા. ૭-૬-૧૯૫૮ની સભાનો ઠરાવ :

"ઉપકુલપતિશ્રીનો તા. ૭-૬-૫૮નો રિપોર્ટ વાંચીને સિન્ડિકેટ ઠરાવે છે કે, સિન્ડિકેટે ચાલુ પગારભથ્થાં, ઇત્યાદિના ધોરણના આધારે વચગાળાની રાહત માટે શું કરવું જોઇએ તે માટેની ભલામણ તૈયાર કરવા માટે શ્રી. અદુભાઈ દેસાઈ સાથે મસલત કરીને હેવાલ રજૂ કરવા માટે ઉપકુલપતિશ્રીએ માગેલો સમય તેમને આપવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનો એ રિપોર્ટ તથા ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરીને રિપોર્ટ કરવા માટે નીમાયેલી સિન્ડિકેટની સમિતિના હેવાલ અંગેની આગળની વિચારણા માટે, તેની સાથે સિન્ડિકેટની જુલાઈ માસની સભામાં રજૂ કરવામાં આવે."

આ બાબત વિચારણા માટે રજૂ થતાં સભાગૃહે નક્કી કર્યું કે, આ બાબત સિન્ડિકેટની હવે પછીની સભા પર મોકૂફ રાખવી.

(શ્રી. વાઇસ-ચાન્સેલરના રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. પ્રોફેસર ઓફ સાયકોલોજીની નિમણુક અંગે નીમાયેલી વરણીસમિતિની તા. ૧૭-૬-૫૮ના રોજ મળેલી બેઠકની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર વરણીસમિતિનો રિપોર્ટ સ્વીકારવો તથા તે પ્રમાણે ડૉ. પંઢરીનાથ પ્રભુની બે વરસના અજમાયશી ધોરણે યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયકોલોજીમાં પ્રોફેસર ઓફ સાયકોલોજી તરીકે રૂા. ૮૦૦-૫૦-૧૨૫૦ના પગારધોરણમાં માસિક રૂા. ૧૦૦૦ના એકિક પગારથી નિમણૂક કરવી. આ નિમણૂક કર્યાની બાબત યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને લખી જણાવવી. (વરણીસમિતિનો રિપોર્ટ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬. ગ્રેચ્યુઇટી અંગેના નીચે જણાવેલા સ્ટેટ્યૂટ ૧૯૬૩માં દર્શાવેલ "એક્ટીવ સર્વિસ"-માંથી છેલ્લા બાર માસ દરમ્યાન ભોગવેલ લુક્ક રજા બાદગીની રજા વગેરે બાકાત કરાય કે નહિ તે અંગે ચોખવટ કરવા બાબત.

(નોંધ :-સ્ટેટ્યૂટ ૧૯૩ નીચે મુજબ છે :

The employees of the University both teaching and non-teaching be paid gratuity under the following rules :

1. Gratuity cannot be claimed as a matter of right but will depend upon satisfactory record of service and good conduct of which the Syndicate shall be the final judge.

2. No gratuity shall be payable to an employee dismissed from service for any reason whatever.

3. Gratuity shall be paid on the death, retirement, resignation or termination

of service at a rate of $\frac{1}{2}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service; the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service, on completion of 15 years' service. The total amount of the gratuity shall be a maximum of 15 months' salary or Rs. 15,000/– whichever is less.

4. Salary for the purpose of gratuity shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement resignation, or termination of service.

5. The University shall establish a fund known as Gratuity Fund for the purpose by providing 5% on basic salary paid to its employees during every accounting year which shall be invested and regulated as may be approved by the Syndicate.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૬૭૩ની પેટા કલમ ૪માં "એકટીવ સર્વિસ"નો જે ઉલ્લેખ છે તેમાં સ્ટાફના કોઇ સભ્યે તેની નોકરીના છેલ્લા ૧૨ માસ દરમ્યાન હક્ક કે મોહલતની રજા ભોગવી હોય તો તે રજાનો સમય તેની "એકટીવ સર્વિસ"માંથી બાકાત કરવો નહીં અને એ રજાઓ તેની "એકટીવ સર્વિસ"માં ગણી લઇને તે પ્રમાણે તેનો સરેરાશ બેઝિક પગાર ગણવો.

૭. પોઇન્ટ ફોર પ્રોગ્રામ નીચે ડૉ. સ્પેન્સરની સેવાઓ યુનિવર્સિટીની માગણી અનુસાર સમાજવિદ્યાભવનને મળનાર હોવાથી તે માટે નીચેનો ખર્ચ યુનિવર્સિટીએ કરવાનો હોવાથી તે મંજૂર કરવા બાબત.

૧. સેક્રેટરીઅલ કામ માટે જરૂરી વ્યવસ્થા કરવા;
૨. દૈનિક રૂા. ૧૫ ભથ્થું અથવા સગવડભર્યા રહેઠાણની વ્યવસ્થા.

આથી ઠરાવવામાં આવે છે કે, "પોઇન્ટ ફોર પ્રોગ્રામ" નીચે ડૉ. સ્પેન્સરની સેવાઓ, આ યુનિવર્સિટીની માગણી અનુસાર, યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનને આપવા બદલ "પોઇન્ટ ફોર પ્રોગ્રામના સત્તાવાળાઓનો આભાર માનવો; અને ડૉ. સ્પેન્સરને યુનિવર્સિટીએ સેક્રેટેરિયલ મદદ આપવાની છે તેને ધ્યાનમાં લઇને, સમાજ વિદ્યાભવનના સ્ટાફમાં એક અંગ્રેજી જાણનાર સ્ટેનોગ્રાફરની એક વર્ષ માટે કામચલાઉ જગા ઉભી કરવી, તથા તેમને અંગેના કરાર મુજબ ડૉ. સ્પેન્સરને દૈનિક રૂા. ૧૫નું ભથ્થું આપવાનું અથવા સગવડભર્યા રહેઠાણની વ્યવસ્થા કરવાની છે તે અંગેનો તમામ ખર્ચ મંજૂર કરવો.

૮. સમાજવિદ્યાભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. જયંતિલાલ વેલજી તન્નાનું અચાનક અવસાન થયું હોવાથી તેમની તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડફાળાની રકમ નિયમ મુજબ તેમના વારસદારને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :–સદ્‌ગતના ભાઈ શ્રી. શાંતિલાલ તન્ના યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે નોકરી કરે છે. તેમણે "ઇન્ડેમ્નીટી બોન્ડ" આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનના પટાવાળા સદ્‌ગત જયંતિલાલ વેલજી તન્નાના પ્રોવિડંટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીના ફાળા સાથે તેમના ભાઈ શ્રી. શાંતિલાલ તન્નાને આપવી.

૯. બોર્ડ ઓફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી સેનેટની તારીખ ૨૬/૨૭-૬-૫૮ના રોજ મળનાર વાર્ષિક સભામાં થનાર હતી પરંતુ એક જ સભ્યનું ઉમેદવારીપત્ર માન્ય હયું હોવાથી, બીજી બે બેઠકો માટે સ્ટેટ્યૂટ ૧૨૯ સી અનુસાર લાયક વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટ્સ ઉપર ખાલી રહેલી બે જગાઓ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

૨. શ્રી. ગુલાબભાઈ ર. દેસાઈ

૧૦. વહીટલોન ફંડમાંથી આવેલ ત્રણ વધારાના સાયન્ટીફિક એપેરેટસોની યુનિવર્સિટીના સાયન્સના અનુસ્નાતક કેન્દ્રોમાં વહેંચણી કરવા અંગેની નીમાયેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણોની કંડિકા ૩માં છેવટે નીચેના શબ્દો ઉમેરીને મંજૂર કરવી :

"Affiliated to the Gujarat University".

સમિતિની ભલામણ નીચે પ્રમાણે રહેશે :

સમિતિની ભલામણ :

"After considering the applications received from the different Colleges and Institutions, the Committee decided that:

(1) The Spectrophotometer be alloted to the L. M. College of Pharmacy, Ahmedabad.

(2) Sharples Ultra Centrifuge be alloted to the Gujarat College, Ahmedabad; and

(3) The Refractometer and Temperature Regulator be kept with the University pending University's decision regarding the starting of the University Departments of Science.

The Committee also makes the following recommandation:

That it should be the responsibility of the Institution to which an apparatus has

been alloted to maintain it in good working condition and make it available for use by bonafide research workers from the sister Institutions."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણોની કંડિકા ૩ માં છેવટે નીચેના શબ્દો ઉમેરીને મંજૂર કરવી :

"Affiliated to the Gujarat University"

સમિતિની ભલામણ નીચે પ્રમાણે વંચાશે :

(1) The Spectrophotometer be alloted to the L. M. College of Pharmacy, Ahmedabad,

(2) Sharples Ultra Centrifuge be alloted to the Gujarat College, Ahmedabad; and

"(3) The Refrectometer and Temperature Regulator be kept with the University pending University's decision regarding the starting of the University Departments of Science. The Committee also makes the following recommedation : That it should be the reponsibility of the Institution to which an apparatus has been allotted to mantain it in good working condition and make it available for use by bonafide research workers from the sister Instiutions affiliated to the Gujarat University"

૧૧. ફેકલ્ટી ઓફ કોમર્સ હેઠળ "Board of studies in applied Economics including Banking, Co-operation, Transport and Economics of Cotton." ની એક નવી અભ્યાસ-સમિતિ રચવા તથા તે અંગે સ્ટેટ્યૂટમાં જરૂરી સુધારા વધારા કરવા અંગે યોગ્ય પગલાં લેવા કોમર્સની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફેકલ્ટી ઓફ કોમર્સ હેઠળ "બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન એપ્લાઇડ ઇકોનોમિકસ ઇન્કલ્યૂડીંગ બેન્કીંગ, કોઓપરેશન, ટ્રાન્સપોર્ટ એન્ડ ઇકોનોમિકસ ઓફ કોટન" એ નામની નવી અભ્યાસસમિતિ રચવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૨. શ્રી. આનંદી મુક્તા સદ્‌ગુરૂ શ્રી. મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણ જયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ તરફથી મણિનગર ખાતે નવી આર્ટસ અને સાયન્સ કોલેજ શરૂ કરવા બાબતની આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. કે. એલ. દેસાઇ;
૨. પ્રોફેસર ઉમાશંકર જોશી;
૩. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક; અને
૪. ડૉ. એ. એમ. ત્રિવેદી.

૧૩. ઉત્તર ગુજરાત યુવક મંડળ, પાટણ, તરફથી પાટણ ખાતે નવી આર્ટસ કોલેજ શરૂ કરવા અંગે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. વાય. પી. શુકલ; અને
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ.

૧૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ. નડિયાદને બી.એ.ની પરીક્ષા માટે નીચેના વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી તથા બી.એ. અને બી.એસસી.ના કેટલાક વિષયોના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

કાયમી જોડાણના વિષયો

બી.એ.

૧.	ગુજરાતી	(સ્પેશ્યલ અને જનરલ)
૨.	ઇકોનોમિક્સ	(સ્પેશ્યલ અને જનરલ)
૩.	સંસ્કૃત	(જનરલ)
૪.	સાયકોલોજી	(જનરલ)

વધારાના જોડાણના વિષયો

બી.એ.

હિન્દી (જનરલ)

બી.એસસી.

મેથેમેટિક્સ (પ્રિન્સિપલ)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર પી. સી. વૈદ્યને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે વિનંતી કરવી.

૧૫. શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને બી.એ.ની પરીક્ષા માટે નીચેના વિષયોના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ આપવા બાબતની આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

કાયમી જોડાણ આપવા માટેના વિષયો

ઇંગ્લીશ	(સ્પેશ્યલ અને જનરલ)
સંસ્કૃત	,,
ગુજરાતી	,,
ઇતિહાસ	,,
ઇકોનોમિક્સ	,,
પોલિટીકલ સાયન્સ	,,
એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	,,
હિન્દી	(જનરલ)
સોશિયાલોજી	,,
સાયકોલોજી	,,
અર્ધમાગધી	,,

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રોફેસર વી. આર ત્રિવેદી; અને
૨. પ્રોફેસર બી. આર. શેનોય અથવા
શ્રી. ડી. એન. પાઠક.

૧૬. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કોલેજ, જામનગરને બી.એ.ની પરીક્ષા માટે નીચેના વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ચાલુ રાખવા બાબત આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) : ૧. ગુજરાતી ૨. ઇકોનોમિક્સ ૩. ફિલોસોફી

બી.એ. (જનરલ): ૧. સંસ્કૃત, ૨. મેથેમેટિક્સ ૩. ઇતિહાસ ૪. ઇંગ્લીશ.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. જે. બી. સાંન્ડલ; અને
૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ.

૧૭. એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગરને બી.કોમ.ની પરીક્ષા માટે નીચેના વૈકલ્પિક વિષયો સાથેના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બી. કોમ. માટેના વૈકલ્પિક વિષયો:

૧. એકાઉન્ટીંગ અને ઓડીટીંગ ૨. બેન્કીંગ ૩. ઇકોનોમિક્સ ઓફ કોટન.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ; અને
૨. પ્રિન્સિ. ડી. આર. સામન્ત.

૧૮. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદને બી.એસસી.ની પરીક્ષા માટે વનસ્પતિ-શાસ્ત્ર (પ્રિન્સિપલ)નો વિષય શીખવવા માટે તા. ૨૦-૬-૧૯૫૯થી કાયમી જોડાણ આપવા બાબત આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે, શ્રી. આર. ડી. આડતિયાને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી.

૧૯. મહિલા કોલેજ, પોરબંદરને બી.એ. ડીગ્રીની પરીક્ષા માટે કેટલાક વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બીજા કેટલાક વિષયો શીખવવા માટે તા. ૨૦-૬-૧૯૫૯થી વધારાનું જોડાણ આપવા અને ઇન્ટર સાયન્સ બી ગ્રૂપના અભ્યાસક્રમ શીખવવા વાસ્તે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. જે. બી. સાંન્ડિલ; અને
૨. પ્રિન્સિ. શ્રીમતી ભારતીબેન સારાભાઈ.

૨૦. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. ડીગ્રીની પરીક્ષા માટે ગુજરાતીનો વિષય શીખવવા માટે જોડાણ ચાલુ રાખવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઉમાશંકર જોશીને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી.

૨૧. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, અમદાવાદને એમ.એ. રિસર્ચ તથા પીએચ.ડી. ડીગ્રીઓ માટે શિક્ષણ આપવા માટે માન્યતા ચાલુ રાખવા વાસ્તે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી;
૨. ડૉ. મુકુલ કે. ડે

૨૨. સેનેટ ઉપરની પ્રિન્સિપલો સહિત શિક્ષક વિભાગની તેમજ નોંધાયેલા સ્નાતક વિભાગમાંથી આવતા ઑગસ્ટ માસમાં યોજવામાં આવેલી પેટા ચૂંટણીઓ અંગે મતદાન મથકો નક્કી કરવા તેમજ ચૂંટણી અધિકારીઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પેટા-ચૂંટણીઓ માટે કાર્યાલયે રજૂ કરેલી યાદી પ્રમાણે મતદાન મથકો રાખવાં તથા ચૂંટણી અધિકારીઓ નીમવા. (યાદીઓની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ઑફિસિયેટીંગ ઑનરરી ટી. બી. સ્પેશ્યાલીસ્ટ અને લેકચરર ઇન ટ્યુબરકયુલોસીસ તરીકે ડૉ. આર. બી. પટેલની નિમણૂંક અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ :- ડૉ. પટેલ એમ.ડી., ડી.ટી.ડી. પદવીઓ ધરાવે છે અને તેમનો અભિપ્રાય છે કે, તેમને અન્ડર ગ્રેજ્યૂએટ લેકચરર તરીકે નીમવામાં વાંધો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑફિસિયેટીંગ ઑનરરી ટી. બી. સ્પેશ્યાલિસ્ટ ડૉ. આર. બી. પટેલને બી. જે. મેડિકલ કૉલેજમાં લેક્ચરર ઇન ટ્યૂબરકયૂલોસિસ તરીકે નીમવા માટે, અપવાદ તરીકે, મંજૂરી આપવી.

૨૪. પ્રી-યુનિવર્સિટી આર્ટસ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. એચ. પી. કલ્યાણી સીટ નં. ૫૨૬૨ને ભૂલથી ઑર્ડિ. ૧૪૦નો લાભ આપી પાસ જાહેર કરેલા. તેમનું પરિણામ સુધારીને તેમને નાપાસ જાહેર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ ૧૯૫૮માં ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. એચ. પી. દશોંડી (સીટ નં. ૫૨૬૨)નું (ઓર્ડિનન્સ ૧૪૬ પ્રમાણે) પરિણામ તેમાં જણાવેલી ભૂલ સુધારીને જાહેર કરવું.

૨૫. આકસ્મિક માંદગીના સંજોગોમાં વિદ્યાર્થીઓને અર્ધી પરીક્ષા ફી પરત કરવા અંગેનો ઓર્ડિ. ૧૩૦ નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

O. 130 : " Examination fees once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned below :

(1) Where the candidate dies prior to the examination, the entire fee shall be refunded;

(2) Where a candidate is suddenly taken ill and prevented from appearing at the examination and sends in an application for refund supported by a medical certificate, so as to reach the University Registrar 24 hours before the commencement of the examination, one-half of the fee shall be refunded.

Proviso : If a telegraphic intimation is received by the Registrar 24 hours before the commencement of the examination and is followed by an application for refund supported by a medical certificate, it shall be competent for the University to refund one-half of the fee."

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયની સૂચના અનુસાર, ઓર્ડિનન્સ ૧૩૦ સુધારવો અને સુધારેલા ઓર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૬. શ્રી. કુમારપાલ કાન્તિલાલ તરફથી આશરે રૂા. ૧૩૦૦ થી ૧૪૦૦ સુધીની કિંમતની બેડમિન્ટન (છોકરાઓ માટે) માટેની ચાંદીની ટ્રોફી બનાવવા કરવાની કરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર દરખાસ્તની રકમ ઓછી હોઈને તે સ્વીકારી શકાતી નથી, એમ જણાવવું. સામાન્યપણે રૂા. ૪૦૦૦ થી ઓછી હોય તેવી દેણગીનો સ્વીકાર કરવો નહીં.

૨૭. તા. ૨-૭-૧૯૫૮ ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨-૭-૧૯૫૮ ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી. (કમિટીની ભલામણો પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૨૮. બરોડા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન સોસાયટીની ડભોઈ ખાતે ચાલુ થયેલી નવી આર્ટ્સ

કૉલેજમાં અંગ્રેજીના વિષય માટે લાયકાતવાળા વ્યાખ્યાતાના અભાવે શ્રી. પી. એમ. મહેતા જેઓ બી.એ.ની ઇંગ્લીશ (પ્રિન્સિપલ) બીજા વર્ગની તેમજ એમ.એ. (ઇંગ્લીશ)ની ત્રીજા વર્ગની પદવી ધરાવે છે તેમની નિમણૂંક મંજૂર રાખવા અંગે વિચારણા કરવા બાબત.
(નોંધ:–આ બાબત તે કૉલેજના જોડાણની એક શરત રૂપે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બરોડા ડિસ્ટ્રીક્ટ એજ્યૂકેશન સોસાયટીની ડભોઈ ખાતે શરૂ કરવામાં આવેલી નવી આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે શ્રી. પી. એમ. મહેતાને ચાલુ સત્ર પૂરતા નીમવા માટે પરવાનગી આપવી અને મજકૂર કૉલેજને જણાવવું કે, નવેમ્બર ૧૯૫૮ થી શરૂ થતા સત્રથી તેમણે યોગ્ય લાયકાતવાળા સભ્યની નિમણૂક કરવા તજવીજ કરવી જોઇએ.

૨૯. રામાનંદ કૉલેજ, અમદાવાદમાં સમાજશાસ્ત્રના વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષક (લેક્ચરર) નહીં મળવાથી કુ. ઉષાબહેન દેશપાંડે જેઓ તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના વિષયો સાથે બી.એ.માં પ્રથમ વર્ગમાં આવ્યાં છે અને સમાજશાસ્ત્રના વિષય સાથે એમ.એ. માં ત્રીજા વર્ગમાં આવ્યા છે તેમની પાર્ટ ટાઇમ લેક્ચરર તરીકેની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ માન્ય કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૦. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. તથા બી.એસસી.ની પરીક્ષા માટેના અભ્યાસક્રમોનું અનુક્રમે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોવાથી તે બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યાના ઉપકુલપતિના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૧. શ્રી. જે. વી. દવેનો પીએચ.ડી. ફિઝિક્સ માટેનો મહાનિબંધ રેફરીઓ તરફથી સ્વીકારાયો હોવાથી તેમને તે પદવી માટે પાસ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ મહામાત્રને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૨. ગયા માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો લીધા હોય તેમના કેસોની વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૧-૬-૫૮ તથા તા. ૧-૭-૧૯૫૮ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ–એપ્રિલ ૧૯૫૮માં લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો લીધા છે તથા જે પરીક્ષકો કે સુપરવાઇઝરોએ ભૂલો કરી છે તેમના કેસોમાં

આ બાબત પરત્વે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૧-૬-૧૯૫૮ અને તા. ૧-૭-૧૯૫૮ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી તથા તે અનુસાર પગલાં લેવાં. (કમિટીની ભલામણો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૩. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૬-૧૯૫૮ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૯-૬-૧૯૫૮ના રોજ મળેલી બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો મંજૂર કરવી. (ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૪. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતના જોડાણ માટે સેનેટે મુકેલી શરતો પૈકીની એનેટોમીના પ્રોફેસરની નિમણૂક માટે યોગ્ય વ્યક્તિ મળી શકી ન હોવાથી તે માટે ફરીથી જાહેરખબર આપવામાં આવી છે. તે સંજોગોમાં આ શરતના પાલન વગર તે કૉલેજનું જોડાણનું જાહેરનામું બહાર પાડવામાં આવે તો યુનિવર્સિટીને કાંઇ વાંધો છે કે કેમ એમ પૂછાવતાં મુંબઇ સરકારના શિક્ષણ ખાતાના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એનેટોમીના પ્રોફેસરની નિમણૂંક બનતી ત્વરાએ કરવા માટે મજકૂર કૉલેજને જણાવવું તથા મુંબઇ સરકારને રિપોર્ટ કરવો કે પહેલી બી.એ. એમ.એસ.ની પરીક્ષાના અભ્યાસક્રમનું જોડાણ આપવામાં આ યુનિવર્સિટીને કશો વાંધો નથી.

૩૫. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી. એ. ડીગ્રી માટે સંસ્કૃત (સ્પેશ્યલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઉમાશંકર જોશીને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી.

૩૬. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી. એ. ડીગ્રી માટે નીચેના વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

૧. ફિલોસોફી (સ્પેશ્યલ)
૨. સંસ્કૃત (સ્પેશ્યલ)
૩. ઇકોનોમિક્સ (સ્પેશ્યલ)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. કે. એલ. દેસાઇ; અને
૨. પ્રોફેસર ઉમાશંકર જોશી

૩૭. મહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના વિદ્યાર્થિની શ્રીમતી એલ. એમ. દવેની ૧૯૫૭-૫૮ના બીજા સત્રની ખૂટતી હાજરી આસ કેસ તરીકે માફ કરવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત :

વર્ષ અને સત્ર	વિષય	કુલ વ્યાખ્યાન	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
૧૯૫૭-૫૮ બીજું	અંગ્રેજી	૫૬	૩૭	૧૦	-૨૭

(નોંધ :-પહેલાં સત્રમાં તેમણે જરૂરી હાજરી કરતાં ૫ વધુ વ્યાખ્યાનોમાં હાજરી આપી હતી. કૉલેજના આચાર્યે મેટર્નીટીના કારણુસર આસ કેસ તરીકે ખૂટતી હાજરી માફ કરવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી એલ. એમ. દવેની ખૂટતી હાજરી અપવાદ તરીકે માફ કરવી.

૩૮. ગયા માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો લીધેલા તે પૈકી આ સાથેની યાદીમાં જણાવેલા વિદ્યાર્થીઓનાં પરિણામ સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણ અનુસાર જાહેર કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી. (યાદીની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૯. માર્ચ-એપ્રીલ ૧૯૫૮ દરમ્યાન લેવાએલી પરીક્ષાઓમાં સિન્ડિકેટે નીમેલા પરીક્ષકો પૈકી જેઓ પરીક્ષકો તરીકે કામ ન કરી શકેલા તેમને બદલે અન્ય નિમણૂંકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી. (યાદીની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૦. માર્ચ-એપ્રિલ ૧૯૫૮માં લેવાએલી પરીક્ષાઓ માટે સિન્ડિકેટે નીમેલા સિનિયર સુપરવાઇઝરો પૈકી જેઓ કામ ન કરી શકેલા તેમને બદલે અન્ય નિમણૂંકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી. (યાદીની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૪૧. આ સાથેની યાદીમાં જણાવેલા વિદ્યાર્થીઓના પરિણામો સુધાર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી. (યાદીની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૪૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોવાથી તે બાબત મુંબઈ સરકારને રિપોર્ટ કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૩. શિકાગો યુનિવર્સિટીના ડૉ. બ્લૂમ. પૂના યુનિવર્સિટી મુકામે તા. ૧૭ થી ૨૦ જુલાઈ ૧૯૫૮ સુધી મળનાર સેમિનારમાં વનસ્પતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિષયો ઉપર ચર્ચા-વિચારણા કરનાર હોવાથી મજકૂર સેમિનારમાં તે તે વિષયોના વિભાગોમાંથી પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રી તરફથી આવેલ તા. ૩૦ જૂન, ૧૯૫૮નાં પત્રાંક એફ. ૩૭-૪૧-૫૭ એચ. ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-શિકાગો યુનિ. ના ડૉ. બ્લૂમ આ અંગે ચર્ચા વિચારણા કરવા પૂના યુનિવર્સિટી ખાતે મળનાર સેમિનારમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે બે સભ્યો (પ્રિ. એલ. આર. દેસાઈ તથા ડૉ. વિક્રમ સારાભાઇ) ની નિમણૂક સિન્ડિકેટે તેની જૂન માસની સભામાં કરી છે. ત્યારબાદ મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલ પત્રાનુસાર પ્રિન્સિપલ હર્બર્ટ ડિસોઝાની વધારાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સેમિનારમાં, પહેલાં સૂચવેલા પ્રતિનિધિઓને બદલે શ્રી. જે. ડી. ઓઝા અને શ્રી. એચ. એન. પાઠકની નિમણૂક કરવી.

૪૪. ગુજરાતી ભાષા સાહિત્યભવનમાં ટાઇપીસ્ટ કલાર્ક તરીકે કાર્ય કરતાં શ્રીમતી હંસા દેસાઇની બઢતીની મુદ્દત તારીખ ૩-૫-૫૮ના રોજ પૂરી થતી હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં કલાર્ક ટાઇપિસ્ટ તરીકે કામ કરતાં શ્રીમતી હંસા દેસાઇને હાલ કાયમ કરવાં નહીં, પણ તેમનો પ્રોબેશનનો સમય તા. ૩-૫-૧૯૫૯ સુધી લંબાવવો. દરમિયાન તેમના ટાઇપિંગ કામની ઝડપથી ભવનના અધ્યક્ષને સંતોષ થયાનો રિપોર્ટ આવે ત્યારે આ બાબત ફરીથી રજૂ કરવી.

૪૫. બિલ્ડીંગ કમિટીની તા. ૨-૭-૫૮ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨-૭-૧૯૫૮ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની ભલામણો મંજૂર કરવી. (ભલામણો પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૪૬. આ બાબત પરત્વે શરૂઆતમાં વિચારણા થઇ હોવાની તે પરત્વેનો ઠરાવ બાબત નં. ૧ પછી જણાવવામાં આવ્યો છે.

તા. ૫-૭-'૫૮

આ પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલયના મકાનનું ખાતમુહૂર્ત સદ્‌ગત સરદારશ્રી વલ્લભભાઈ પટેલના શુભ હસ્તે તા. ૧-૧૧-૧૯૫૦ ના રોજ થયું હતું. તે બાદ જે સ્થળે આ મકાનનો પાયો નંખાયો હતો, તે સ્થળને બદલે મકાનનું બાંધકામ બાજુના બીજા સ્થળે કરવામાં આવેલું હોવાથી, મકાનની ખાતમુહૂર્તવિધિ વખતે તેના પાયામાં મૂકવામાં આવેલી વિધિની વસ્તુઓ કાઢી લઈને યુનિવર્સિટી કાર્યાલયમાં સાચવી રાખવામાં આવી છે. સદરહુ મકાનના સેનેટ હોલનો વિભાગ હાલ બંધાય છે તેનો લાભ લઈને, તેનો પાયો પૂરતી વખતે ઉપરની ખાતમુહૂર્તની ચીજો, પાયામાં યોગ્ય રીતે તેમાં મૂકવી એમ ઠરાવવામાં આવે છે અને તેમ કરવાને માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવામાં આવે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

નં. સિં. ૭૧૬૨૦ – ૩૭/૧૯૫૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૨૪-૭-૧૯૫૮

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૪

તા. ૧૨-૪-૫૮ની સભામાં સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો :

સિંન્ડિકેટની તા. ૧૨-૪-૫૮ની સભાનો ઠરાવ

"ગઈ બેઠકમાં મોકૂફ રાખેલી ચર્ચા આગળ ચાલી. શરૂમાં સભાને જણાવવામાં આવ્યું કે, ગઈ બેઠકમાં જણાવ્યા મુજબ (i) હાલ પગારભથ્થાં ધ. બાબતની જે વ્યવસ્થા છે તેને આવરી લેતો સ્ટેટયૂટ તૈયાર કરવામાં આવે છે, તથા (ii) રાજ્યની યુનિવર્સિટીના જોઈન્ટ બોર્ડની આગળ આ પ્રશ્નની આખી બાબત ચર્ચા અને વિચારણા માટે મૂકવાનું સૂચન તે બોર્ડને પત્ર લખીને કરવામાં આવ્યું છે.

તે પછી, સમિતિએ પગારધોરણના સુધારાને માટે ભલામણ કરી છે, તે વિષે એમ ઠરાવવામાં આવ્યું કે, જોઈન્ટ બોર્ડને પ્રેરવામાં આવેલી વિચારણા અને મુંબઈ સરકારના પે-કમિશનના રિપોર્ટ બાદ આખા રાજ્યને માટે નવી પગાર પદ્ધતિ અખત્યાર કરે તે, આ બધું ધ્યાનમાં લઈને આ જાતની સુધારણા કરવાનું કામ તે પછી હાથ ધરવું જોઈએ.

પરંતુ ચાલુ પગાર ભથ્થાં ધ ના ધોરણને આધારે અને વચગાળાની રાહત તરીકે કાંઈક કરવા જેવું લાગે તો તે કરવું ઘટે છે, એમ ઠરાવવામાં આવે છે અને તેને માટેની વચગાળાની ભલામણ શ્રી. બટુભાઈ દેસાઈની સાથે એ વિષે મસલત કરીને તૈયાર કરી રજૂ કરવાનું કામ શ્રી. વાઈસ-ચાન્સેલરને સોંપવામાં આવે છે."

સિન્ડિકેટની તા. ૭-૬-૧૯૫૮ની સભાનો ઠરાવ

"ઉપકુલપતિશ્રીનો તા. ૭-૬-૧૯૫૮નો રિપોર્ટ વાંચી સિન્ડિકેટ ઠરાવે છે કે, સિન્ડિકેટે ચાલુ પગાર-ભથ્થાં, મોંઘવારીના ધોરણના આધારે વચગાળાની રાહત માટે શું કરવું જોઈએ તે માટેની ભલામણ તૈયાર કરવા માટે શ્રી. બટુભાઈ દેસાઈ સાથે મસલત કરીને હેવાલ રજૂ કરવા માટે ઉપકુલપતિશ્રીએ માગેલો સમય તેમને આપવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે, ઉપકુલ-પતિશ્રીનો એ રિપોર્ટ તથા ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરીને રિપોર્ટ કરવા માટે નીમાયેલી સિન્ડિકેટની સમિતિના હેવાલ અંગેની આગળની વિચારણા માટે, તેની સાથે સિન્ડિકેટની જુલાઇ માસની સભામાં રજૂ કરવામાં આવે."

તેની ફરજ અને તેમાં જણાવેલી સૂચના પ્રમાણે જોઈ કાઢીને, આ સાથે જોડવામાં આવેલો રિપોર્ટ સિન્ડિકેટ આગળ રજૂ કરું છું.

૧. સ્ટાફના પગારની ગ્રેડ ભથ્થાં વગેરે બાબતમાં સિન્ડિકેટે તા. ૧૫/૧૬-૧૨-૧૯૫૬ના રોજ (કામકાજ નં. ૨૭-૨૮) વિચાર શરૂ કર્યો, તે સ્ટાફના કેટલાક માણસોની અરજી આવેલી તે ઉપરથી સિન્ડિકેટે આ અરજીનો વિચાર કરીને હેવાલ સુપરત કરવાને એક સમિતિ નીમી. (સિન્ડિકેટના સદરહુ ઠરાવની નકલ પરિશિષ્ટ ૧ તરીકે મૂકી છે.)

૨. ત્યાર બાદ તા. ૩૧-૧-૧૯૫૭ના રોજ "ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયન"ના મંત્રીનો કાગળ શ્રી. વાઇસ-ચાન્સેલરના નામે આવ્યો અને તેની સાથે, સ્ટાફ વતી ઓછામાં ઓછી તેમની માગણીઓ રજૂ કરતો ઠરાવ મોકલવામાં આવ્યો હતો. તે ઠરાવમાં પગારના ધોરણ બાબતમાં આઠ પ્રકારના સ્ટાફના વર્ગ અંગે માગણી કરી હતી. (તે માંગણીઓ તથા તેમાં માગેલા પગાર ધોરણના સદરહુ ઠરાવની નકલ પરિશિષ્ટ ૨માં બતાવવામાં આવી છે.)

૩. આ પત્ર સિન્ડિકેટની તા. ૯-૧૦-૧૯૫૭ની સભામાં (બાબત નં. ૧૬મી) વિચારાયો હતો. તેમાં તેણે તા. ૧૬-૧૨-૧૯૫૬ના રોજ નીમેલી (જુઓ ઉપર પેરા ૧) સમિતિને બદલીને નવી સમિતિ નીમવાનું ઠરાવ્યું. તે પ્રમાણે ૭ જણની સમિતિ રચી તેને ઉપર પેરા ૧માં જણાવેલા કામ ઉપરાંત અને તેની સાથે સાથે, યુનિયનના આ ઠરાવ ઉપર પણ વિચાર કરીને રિપોર્ટ કરવા જણાવવામાં આવ્યું. (સિન્ડિકેટની તા. ૧-૨-૧૯૫૭ની સભામાં આ ઠરાવ થયો, તે પરિશિષ્ટ ૩માં આપ્યો છે.)

૪. ઉપર પેરા ૩માં જણાવેલી સમિતિએ તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ તેમની સભામાં પોતાને સુપરત કરવામાં આવેલા કામનો રિપોર્ટ તૈયાર કર્યો અને તે સિન્ડિકેટને સોંપ્યો. (તેની નકલ પરિશિષ્ટ ૪માં છે.)

૫. ઉપરની સમિતિનો રિપોર્ટ સિન્ડિકેટે તા. ૧૫/૫-૫-૧૯૫૭ની સભામાં વિચાર્યો અને ઠરાવ્યું કે, આ અંગે વાટાઘાટો કરવા શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબને સત્તા આપવામાં આવે છે. (આની નકલ પરિશિષ્ટ ૪માં મૂકવામાં આવી છે.)

૬. વાઇસ-ચાન્સેલર સાહેબ અને યુનિયન સાથેની વાટાઘાટો દરમ્યાન અનેક બાબતોમાં એક બાબત યુનિયનની માન્યતા વિષેની ઉપસ્થિત થઈ હતી. સિન્ડિકેટે તેની તા. ૨૯/૨૧-૭-૧૯૫૭ના રોજ (કામકાજ નં. ૭૫) યુનિયનને માન્ય રાખવા અંગે નિયમો ઘડીને મંજૂર કર્યા. (એ ઠરાવ તથા તેમાં ઘડેલ નિયમો પરિશિષ્ટ ૫માં મૂકયા છે.)

૭. શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબની વાટાઘાટો અને વાતચીત આગળ વધી શકી નહીં અને વચ્ચેથી અટકી ગઈ. બાદ તા. ૧૭-૯-૧૯૫૭ના રોજ યુનિયનના મંત્રીએ બીજો કાગળ લખી તેમની માગણીઓની નોટિસ આપી અને ૧૪ દિવસમાં તેને મંજૂર રાખવામાં નહીં આવે તો હડતાળ ઉપર જવું પડશે એમ જણાવ્યું. નવી માગણીઓ, પહેલાં તા. ૩૧-૧-૧૯૫૭ના પત્ર દ્વારા જે રજૂ કરેલી તે જ સ્વરૂપની લગભગ છે. તથા જે પગારધોરણ તેમાં માગ્યું હતું તે પણ બીજા પત્રમાં એ જ છે. (તેમની નોટિસનો આ પત્ર પરિશિષ્ટ ૬ તરીકે મૂકયો છે.)

૮. સદરહુ નોટિસનો વિચાર કરવાને તા. ૨૪-૯-૧૯૫૭ના રોજ સિન્ડિકેટ મળી, તેમાં ત્રણ જણની એક નવી સમિતિ નીમી તેને જણાવ્યું કે, સિન્ડિકેટે તા. ૯-૨-૧૯૫૭ના રોજ આ કામ માટે જે સમિતિ નીમી હતી, તેણે તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ તેમના રિપોર્ટમાં જે ભલામણો કરી હતી તેને આધાર તરીકે લઈને યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટ કરવી. (પરિશિષ્ટ નં. ૭ માં આ ઠરાવ જુઓ.) એટલે કે સિન્ડિકેટે પહેલી સમિતિએ જે ભલામણો કરેલી એને આ રીતે

વાટાઘાટોના આધાર તરીકે માન્ય રાખી, એ વસ્તુ તરફ હું ધ્યાન ખેંચું છું. અને એમ કરીને સિન્ડિકેટે પગાર બાબતમાં વિચાર કરવાનું કામ સળંગ દૃષ્ટિએ આગળ ચલાવ્યું છે એ સાફ વાત છે.

૯. બીજી સમિતિ યુનિયનના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો કરીને તા. ૧૩-૧૦-૧૯૫૭ના રોજ અમુક સમજૂતી ઉપર આવી, જેને પરિણામે યુનિયને હડતાળની નોટિસ પાછી ખેંચી લીધી આ સમજૂતીનો ડાફ્ટ યુનિયનના તે વખતના પ્રમુખ પ્રિ. એસ. આર. ભટ્ટ અને રજિસ્ટ્રારે મળીને ઘડેલો જેને આધારે હડતાળની નોટિસ પાછી ખેંચવામાં આવી. શ્રી. રજિસ્ટ્રારે આની નકલ સૌ લાગતા-વળગતાને મોકલી આપી હતી. (સદરહુ ડાફ્ટની નકલ પરિશિષ્ટ ૮ તરીકે મૂકી છે.)

૧૦. આ ડાફ્ટમાં નોંધપાત્ર વસ્તુ એ છે કે, પગારધોરણ નક્કી કરવામાં મુંબઈ યુનિવર્સિટીનાં ધોરણ અને ભથ્થાંની નીતિને આધારરૂપ ગણવામાં આવી અને તેની રૂએ એક મોંઘવારી ભથ્થાં સિવાય બીજાં ભથ્થાં મુંબઈમાં નહીં મળતાં હોવાથી અહીં પણ નહીં મળે, એમ સમજૂતી થયેલી જોવા મળે છે.

૧૧. ઉપરની સમજુતી પ્રમાણે પગાર વગેરે નક્કી કરવા સમિતિ તથા યુનિયનના પ્રતિનિધિઓ મળ્યા હતા અને તેમાં મુખ્યત્વે કરીને ઉપરના પેરામાં જણાવેલા ભથ્થાં બાબતની સમજુતીમાં મતભેદ જણ્યો. તે અંગે, હાલમાં ચાલુ છે તે, બધાં જ ભથ્થાં ચાલુ રાખવાં જોઈએ, એવો ફેરફાર સમિતિએ સ્વીકાર્યો, જો કે પગારની ગ્રેડ તો મુંબઈને ધોરણે અને અમુક ફેક્ટરને આધારે સુધારવામાં આવી હતી તે જ કાયમ રાખી. આને પરિણામે સારાંશે એવું થઈ રહે છે કે, મુંબઈ કરતાં પણ કુલ મળતર અહીં વધારે મળે એવું પણ બને. મતલબ કે, મુંબઈથી અમુક રીતનું નીચું ધોરણ અમદાવાદના મળતરનું હોવું જોઈએ, એ સિદ્ધાંત આનાથી સચવાઈ શકતો નથી.

(**નોંધ :** આ બાબતમાં તે સમિતિએ મુંબઈમાં ૨૦ ટકા અને અમદાવાદમાં ૭૫ ટકા,—એટલે કે ૧૨૫ ટકાનો તફાવત ગણાય એવું "એડ હોક" ધોરણ માનેલું. એટલે કે મુંબઈના રૂપિયે અમદાવાદમાં ૧૪ આની થાય. આ બાબતમાં સરકારી પગાર-પદ્ધતિની અંદર આવો કોઈ ચોક્કસ કાયદો હોય એમ જણવા મળતું નથી.)

૧૨. સિન્ડિકેટની બીજી સમિતિએ આ રિપોર્ટ તા. ૨૪-૧૨-૧૯૫૭ના રોજ પરો કરીને કાર્યાલયને સોંપ્યો જેની વિચારણા અત્યારે સિન્ડિકેટ કરે છે. તે અંગે તા. ૧૨-૪-૧૯૫૮ના રોજ સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે જેને આધારે મારે શ્રી બકુભાઇ સાથે મસલત કરીને સિન્ડિકેટ આગળ આ બાબત વિષે રિપોર્ટ કરવાનો છે, જે હું આ રજુ કરું છું.

—૨—

૧૩ ૧૯૫૭માં સિન્ડિકેટે પગારધોરણ સુધારવાનો વિચાર હાથ ધર્યો ત્યારે નીચે પ્રમાણે કુલ સાત કેડરોનો સવાલ વિચારણામાં આવેલો, જે વિચારણા ચાલુ છે :—

૧. સ્ટેનોગ્રાફર, ૨. હેડ ક્લાર્ક, ૩. સિનિયર ક્લાર્ક, ૪. કેશિયર, ૫. જુનિયર ક્લાર્ક અને ટાઇપિસ્ટ, ૬. નાયક અને ૭. પટાવાળા, હમાલ વિગેરે.

૧૪. આ સાત કેડરોને પગારનો ગ્રેડ તે વખતે જે હતો અને જે હાલ ચાલુ છે તે અને તેની સરખામણીમાં આપણા જેવી અને તેને મળતી સંસ્થાઓમાં શું ધોરણ છે, એ એક કોષ્ટક રૂપે બતાવતું પત્રક આ સાથે પરિશિષ્ટ ૯ તરીકે રજુ કર્યું છે. આ સાત કેડરોમાં આપણા સ્ટાફમાં કુલ કેટલાં માણસ છે તેનો આંકડો પણ તેની સામે તેમાં બતાવ્યો છે.

૧૫. સદરહુ પરિશિષ્ટ ૯માં સિન્ડિકેટે નીમેલી પહેલી સમિતિએ કરેલી ભલામણો અનુસાર તેમજ તેણે નીમેલી બીજી સમિતિની ભલામણો અનુસાર કુલ મળતર શું થાય એ પણ અનુક્રમે ૭ એ અને ૭ બી તરીકે બતાવ્યાં છે. ઉપરાંત તેને મળતી મુંબઈ સરકારમાં ચાલુ ગ્રેડનો પણ નિર્દેશ નં. ૮ તરીકે કર્યો છે. આપણે મુંબઈ રાજ્યમાં ચાલતી નીતિને તથા સર્વીસ નિયમોને (બી. સી. એસ. આર.) અનુસરીને શરૂથી કામ કરતા આવ્યા છીએ. એટલે આપણી ચાલુ ગ્રેડમાં અને મુંબઈ સરકારની ગ્રેડમાં કોઈ જગાએ ખાસ ફરક નથી. સામાન્યપણે કયાંક કયાંક આપણે એમાં કાંઈક સારો એવો સુધારો કર્યો હોય એમ જણાય છે.

૧૬. સદરહુ પરિશિષ્ટ ૯ માં મુંબઈ યુનિવર્સિટીના જૂના તથા હમણાં સુધારેલાં ધોરણ મુજબનું કુલ મળતર પણ નં. ૨ તરીકે બતાવ્યું છે, કે જે નવા ધોરણને આધારરૂપ ગણીને બીજી સમિતિએ પોતાનું કામ કર્યું છે.

૧૭. મુંબઈ યુનિવર્સિટીના નવા ધોરણ બાબતમાં મેં તપાસ કરી છે. તેમાં એમ જાણવા મળ્યું કે, તે યુનિવર્સિટીએ સચિવાલયમાં ચાલતો મુંબઈ શહેરનો બાસ ગ્રેડ આધારરૂપે લઈને પોતાનો ગ્રેડ ઠરાવ્યો છે. આ ગ્રેડમાં પગાર અને તે ઉપરાંત મોંઘવારીભથ્થું એમ બેજ બાબત હોય છે, કે જે વસ્તુ મુંબઈ યુનિવર્સિટીએ પણ એના સુધારેલા સ્કેલમાં સ્વીકારી છે.

૧૮. મુંબઈ સરકાર સચિવાલયને માટે બાસ પ્રકારનો સ્કેલ રાખે છે. બાકી આખા રાજ્યમાં પગારનો સ્કેલ બીજો છે કે જે એના આખા રાજ્યનાં બધાં બાતામાં ચાલે છે, કે જેને આધારરૂપ લઈને અત્યાર સુધી ચાલતા આવ્યા છીએ. એમાં એક બાબતમાં વિશેષ એ છે કે, અમદાવાદ, જેવાં શહેરો માટે બે બાસ ભથ્થાં આપવામાં આવ્યા છે, કે જે સચિવાલય ગ્રેડમાં નથી:—

૧. એલ. સી. એ. (સ્થાનિક ભથ્થું)
૨. એચ. આર. એ. (ઘરભાડાભથ્થું)

મુંબઈ શહેરમાં કોઈ બાતાનો સ્ટાફ મોફસુસીલ પગારસ્કેલ ઉપર હોય ત્યારે પણ તેને માટે પણ આ બે ભથ્થાં વધારાનાં યોજવામાં આવ્યાં છે, પણ તેનો દર ઉપરનાં બે શહેર કરતાં જુદો અને વધારે ઠરાવવામાં આવ્યો છે. મતલબ કે, આખા રાજ્યનું પગારધોરણ એક વખત નક્કી કર્યા બાદ અમદાવાદ જેવાં શહેરને માટે બે વિશેષ ભથ્થાં વધારાનાં યોજવામાં આવ્યા છે કે જેનો આપણે શરૂઆતથી સ્વીકાર કર્યો છે. અને આજ સુધી તે આપતા આવ્યા છીએ. (આ ભથ્થાંના સ્કેલનું કોષ્ટક પરિશિષ્ટ ૧૦માં આપેલ છે)

૧૯. તે ઉપરાંત આપણા યુનિવર્સિટી સ્ટાફને વધુમાં એક વાહન-ભથ્થાં તરીકે રૂા. ૫ અપાય છે. કે જે રાજ્યમાં કે યુનિવર્સિટીઓમાં માન્ય નથી. આપણે કદાચ એ અમદાવાદ મ્યુનિસિપાલિટીના

દાખલા ઉપરથી લીધું હોય એમ જણાય છે. આ ઉપરાંત આપણે પરીક્ષાભથ્થું તથા ઓવરટાઇમ ભથ્થું પણ આપીએ છીએ. એટલે આપણે ત્યાં સ્ટાફને કુલ મળતર કેટલું થાય છે તે ઉપરનાં બધાં ભથ્થાં ગણીને જોવું જોઇએ અને જે પગાર-ધોરણ સ્વીકાર્યું છે તે વિષે પણ આ બધાં ભથ્થાંનો આંકડો યાદ રાખીને વિચાર કરવો ઘટે. આ દ્રષ્ટએ આપણે ત્યાંનું મળતર જોઇએ તો મુંબઈ યુનિવર્સિટી કરતાં મુખ્ય એવાં બે કેડરોમાં કાંઇજ ઓછું મળતું નથી એમ સ્પષ્ટ જણાશે.

૨૦. દાખલા તરીકે (૧) જુનિયર કલાર્ક-ટાઇપિસ્ટ અને (૨) પટાવાળા, હમાલ વગેરેઃ—

૧. જુનિયર કલાર્ક ટાઇપિસ્ટને દાખલ થતા મુંબઈમાં સુધારેલા ગ્રેડમાં રૂા. ૧૨૦ મળે. એટલા જ રૂા. આજના ચાલુ ધોરણે આપણે ત્યાં આપીએ છીએ. (પરીક્ષાભથ્થું બેઉ જગાએ હોવાથી તે આમાં ઉમેર્યું નથી. પરીક્ષા તથા ઓવરટાઇમનો દર લગભગ મુંબઈ યુનિવર્સિટીને ધોરણે આપણે આંકેલા છે)

૨. પટાવાળા વર્ગને મુંબઈ યુનિવર્સિટી સુધારેલા સ્કેલ મુજબ રૂા. ૮૭ આપે છે, આપણે અત્યારે રૂા. ૮૫ આપીએ છીએ.

પટાવાળાઓ તથા જુનિયર કલાર્કોની સંખ્યા પરિશિષ્ટ ૯ માં જોતાં જણાશે કે, લગભગ ૮૦ થી ૮૫ જેટલો સ્ટાફ આજે પણ મુંબઈ યુનિવર્સિટીની સુધારેલી ગ્રેડ જેટલુંજ મળતર પામે છે.

૨૧. પગારના ધોરણની સુધારણા બીજી સમિતિ સૂચવે છે એમ જો કરીએ, એટલે કે આજે ગ્રેડ છે તે મુંબઈ યુનિવર્સિટીને ધોરણે મૂકાએ અને ઘરભાડા તથા સ્થાનિકભથ્થું વગેરે આપીએ છીએ તેમ બધું એ ઉપરાંત આપીએ, તો મુંબઈ કરતા પણ કુલ વળતર વધારે થઈ જાય એ સ્પષ્ટ છે.

૨૨. આ બાબત બીજી દ્રષ્ટિએ પણ વિચારવા જોઇએ અને તે એ છે કે, પગારનું ધોરણ ઉચું કરવાને કારણે તેની અસર કૉલેજના અધ્યાપકવર્ગના પગારધોરણ ઉપર પણ પડ્યા વગર રહે નહીં. તેમજ આપણા ઉપરની ગ્રેડનો જે સ્ટાફ છે તેના ઉપર તેની અસર પડ્યા વગર રહે નહીં. તેમના બેઝીક પગારનું ધોરણ પણ આપોઆપ ઉચું કરવાનો સવાલ આપોઆપ ખડો થયા વગર રહે નહીં. આની અસર કેવી થાય તે જણાવું તો બીજી સમિતિએ સુધારેલો હેડ કલાર્કનો ગ્રેડ અને તેને મળતું કુલ મળતર જોઇએ તો લેકચરર કરતાં વધુ મળશે. કહેવાની મતલબ એ છે કે, આખા રાજ્યમાં અને તેની સાથે સાથે ઉપલી ગ્રેડોમાં તેમજ અધ્યાપકવર્ગની ગ્રેડોમાં આજે આપણા ગ્રેડોનું જે એક સમતોલપણું છે તે ધ્યાન બહાર જવું ન જોઇએ.

ગ્રેડ સુધારા બાબતમાં આ પ્રશ્ન પરત્વે ઉપર તેની સામાન્ય ભૂમિકા રજૂ કર્યા બાદ હવે શું કરવું ઘટે તે ઉપર હું આવું છું. આ વિષે શ્રી. બટુભાઇ જોડે મસલત કર્યા બાદ તે રજુ કરું છું.

૧ જે ભથ્થાં અત્યારે ચાલુ છે તે ચાલુ રાખવાં એટલે કે મોંઘવારી ભથ્થું, સ્થાનિક ભથ્થું, જે આપણે સરકારે નિયત કરેલા દરે આપીએ છીએ તે મુજબ ચાલુ રાખવું અને જ્યાં સુધી યુનિવર્સિટી કેમ્પસમાં મકાનો બાંધીને સેવકોને રહેવા ન આપીએ ત્યાં સુધી વાહન ભથ્થું પણ જેમ છે તેમ ચાલુ રાખવું.

૨. ભથ્થાંની આ વ્યવસ્થા અને તેમાંથી થતું મળતર ધ્યાનમાં લેવું જોઈએ અને તે આધારે પગારની ગ્રેડ વિચારવી જોઈએ. એટલે કે મુંબઈ સરકારે મુંબઈ શહેર સિવાયના રાજ્યના વિસ્તારને માટે જે ધોરણ માન્ય રાખ્યું છે અને જેનો અમલ અમદાવાદની ગુજરાત કૉલેજ જેવી સંસ્થા તથા સરકારી ખાતામાં થાય છે તેનો આધાર આપણે રાખવો જોઈએ, કે જે આધાર રાખીને યુનિવર્સિટી આજસુધી કામ કરતી આવી છે.

૩. ઉપર ભૂમિકા રજૂ કરતાં હું કહી ગયો હતો તેમ, મુંબઈ શહેરનો ખાસ કેસ બાદ કરી યુનિવર્સિટીને સમાન ગણાતી રાજ્યની તથા બીજી ખાનગી સંસ્થાઓના પગારદરો અને કૂલ મળતર જોતાં આપણો પગારદર, ભથ્થાં વગેરેનું મળતર ઓછું નથી, બલ્કે તુલનામાં ઠીક ઠીક ઉપર પણ જાય તેવું છે. આમ છતાં સિન્ડિકેટે ગયે વર્ષે સ્ટાફની અરજી ઉપરથી પગારદર વગેરેમાં બને તેટલો સુધારો વિચારવાની વાત સ્વીકારી છે. તેથી, ઉપર જણાવ્યું તેમ, મને સોંપવામાં આવેલા પગારદર વગેરેનો આધાર ધ્યાનમાં લઇને તથા શ્રી. બટુભાઈ સાથે આ બાબતમાં મસલત કરીને નીચે પ્રમાણે સૂચના રજૂ કરું છું. આ સૂચના જો માન્ય ન થાય અને સ્ટાફ તે ન માને તો યુનિવર્સિટીએ પોતાની જવાબદારી જોતાં સરકાર પાસે આખા પ્રશ્નનું એડજુડિકેશન કરાવવાને વિનંતિ કરવી જોઈએ.

૪. મારી સૂચના પગારધોરણ સુધારવા વિષે નીચે પ્રમાણે છેઃ—

	આજનું ધોરણ	**સુધારેલો સુધારો**
(i)	જુનીયર કલાર્ક ટાઇપીસ્ટ	૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦ ૫૫-૫-૧૧૦-ઇ.બી. ૮-૧૫૦
(ii)	સિનીયર કલાર્ક	૧૦૦-૮-૧૪૦ ૧૦૦-૮-૧૪૦ ઇ.બી. ૧૦-૨૦૦
(iii)	કેશિયર	૭૦-૫-૧૫૦ સિનીયર કલાર્ક બરાબર
(iv)	હેડ કલાર્ક	૧૫૦-૧૦-૨૦૦ ૧૫૦-૧૦-૨૦૦ ઇ.બી. ૧૦-૨૫૦
(v)	સ્ટેનો. ન્યુ ગ્રેડ	૧૦૦-૫-૧૨૫-૬-૧૫૫ ઇ.બી. ૬-૧૮૫-૮-૨૨૫ ૧૦૦-૭-૧૩૫ ઇ.બી. ૧૦-૨૨૫

(vi) નાયકની અત્યારે એક જગા છે, તેને બદલે ત્રણ કરવી અને નાયકની હાલ જગા છે તે બદલીને જમાદારની જગા કરવી. આમ ફેરફાર કરીને તે ત્રણનો પગાર નીચે પ્રમાણે કરવો.

જમાદાર	૪૦-૨-૬૦
નાયક ૩૫-૧-૪૫	૩૫-૧૧-૫૦
પટાવાળા, ૩૦-૦૧-૩૫	૩૦-૧-૪૫
હમાલ, માળી વગેરે.	

ઉપરની સૂચનાથી નાયક, પટાવાળા વગેરેની જે જગાઓ અત્યારે એમાં વધારો થાય છે એમ નહીં સમજવું, પરંતુ અત્યારે જે સંખ્યા તેમની છે એને અંગે આ પ્રકારની રચના કરવાની છે એમ સમજવું.

૫. ઉપરની ગ્રેડ સ્વીકારવામાં આવે તો તે કયારથી અમલમાં આણવી અને અમલમાં આવવાને કારણે રીફીક્સેશન વગેરે જેવા પ્રશ્નો વિચારવા રહે છે. જુલાઈ ૧૯૫૭ થી અમલમાં આણવાનું રાખીએ તો મને લાગે છે કે યોગ્ય ગણાય. રીફીક્સેશનનો ખાસ કોઇ સવાલ એટલા બધા જાગશે નહીં એમ માનું છું. આને કારણે કોઈને ઓછું મલે તેવું તો ન જ થવું જોઈએ તે સ્પષ્ટ છે.

ઉપરની ભલામણો, મને લાગે છે કે, અત્યારનું સામાન્ય ધોરણ સરકારમાં, કોલેજમાં તથા બીજી યુનિવર્સિટીઓમાં છે તેના કરતાં ચઢીયાતું અને વધારે લાભકારી બને છે. આને લઇને ઉત્તરોત્તર વર્ષોમાં આપણો ખર્ચ વધશે. છતાં એટલું આજે યુનિવર્સિટીએ માથે લેવું એ એણે પગારસુધારો કરવા સ્વીકારેલું તેમાંથી ફલીત થતી જવાબદારી છે એમ ગણાય. છતાં જો તે સ્વીકાર્ય ન લાગે તો આપણે એક જાહેર કાનુની સંસ્થા તરીકે સરકાર પાસેથી એડજુડિકેશન દ્વારા તોડ મેળવવો જોઇએ, એ આપણી જવાબદારી બને છે. મને આશા છે કે સિન્ડિકેટ આ ભલામણો સ્વીકારશે.

પરિશિષ્ટ-૧.
પરિશિષ્ટ "ક"
કામકાજ નં.-૪

નં. ૨૭-યુનિવર્સિટી ઑફિસના ચાલુ પગારના સ્કેલ રિવાઇઝ કરવા અંગે યુનિવર્સિટી ઑફિસના હેડ કલાર્કો અને સ્ટાફના બીજા સભ્યો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ :-સ્કેલ નીચે મુજબ છે:

૧.	હેડ કલાર્ક	રૂા. ૧૫૦-૧૦-૨૦૦
૨.	આસિ. લાયબ્રેરિયન	રૂા. ૨૦૦-૧૦-૨૫૦-૮બી-૧૫-૪૦૦
૩.	સ્ટેનોગ્રાફર	રૂા. ૧૨૦-૮-૨૦૦-૧૦-૨૫૦
૪.	સિનિયર કલાર્ક	૧૦૦-૮-૧૪૦
૫.	કેશિયર	૭૫-૫-૧૫૦
૬.	કલાર્ક તેમજ કલાર્ક ટાઇપીસ્ટ	૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦

હેડ કલાર્કની વિનંતી રૂા. ૧૬૦-૧૦-૩૦૦ના પે સ્કેલ માટેની છે જ્યારે સ્ટાફ અને બીજા સભ્યોની વિનંતી મુંબઈ યુનિવર્સિટીમાંના પે સ્કેલ મુજબની છે. સિનિયર કલાર્કની જગ્યા મુંબઈ યુનિવર્સિટીમાં નથી તેથી સ્ટાફના બીજા સભ્યોના પગાર રિવાઇઝ કરવામાં આવે તે ધ્યાનમાં લઈ તેમનો પગાર રિવાઇઝ કરવાની તેમની વિનંતી છે.

અને

નં. ૨૮-પે સ્કેલના રિવિઝન અંગે સ્ટેનોગ્રાફરો શ્રી. બી. એમ. વૈશ્ય અને શ્રી. કે. જી. શાહ તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ :-ઉપર બાબત નં. ૨૭ અંગે હેડ કલાર્કના પગાર સ્કેલમાં વધારો થાય ત્યારે હેડ કલાર્કના હાલના છેવટના પગારવધારા કરતાં જેમ સ્ટેનોગ્રાફરનો છેવટનો પગાર વધારો રૂા. ૫૦ વધારે છે તેવી રીતે ઓછામાં ઓછા રૂા. ૫૦ વધારે રહે તેવી રીતે પે સ્કેલ રિવાઇઝ કરવા સ્ટેનોગ્રાફરની વિનંતી છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતો પરત્વે વિચારણા કરીને હેવાલ સુપ્રત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રિન્સ. ડૉ. કે. જી. નાયક
૨. શ્રી. હિંમતલાલ પી. શુક્લ
૩. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ
૪. શ્રી. ડી. જે. જોષી

પરિશિષ્ટ-૨

Dt. 31st. Jan, 1957

From :-Satyendra Kalidas Zaveri,
LL B Advocate,
Ahmedabad.

To
The Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad-9.

Subject :-Resolution of the General Meeting of the Gujarat Unjversity Employees Union, Ahmedabad.

Dear Sir,

Herewith are forwarded the resolutions passed in the General Meeting of the Gujarat University Employees Union held on 20th Jan. 1957 at the Hansraj Pragji Hall, Ahmedabad.

It is fervently hoped that the demands made therein, will be conceded at the earliest and the grievances redressed without delay.

Thanking you,

Yours faithfully,

Sd/-S.K. Zaveri,
Hon. Gen. Secretary,
The Gujarat University Employees Union, Ahmedabad.

Encl :

....

Resolution No. 4 :

This General Meeting of members of this Union notes with regret the sudden termination of services of A. R. Desai the Assistant Librarian. A sense of insecurity prevails amongst the employees by this unjust and illegal removal of Shri A. R. Desai.

Shri A. R. Desai has been victimised and before this Union takes further action in the matter, this General Meeting again requests the University Authorities to reinstate him and re-establish the sense of security.

. . . .

Resolution No. 6 :

" This General Meeting feels that the present service conditions and remuneration are not all satisfectory and considers the following as minimum demands which should be conceded by the employers ;

A. The pay scales should be revised as per schedule (Appendix A) attached herewith subject to the following conditions :

(i) It should not affect any employee adversely.

(ii) The employees be given rise in the above scales corresponding to the number of increments granted.

B. The provident fund rules be altered and modified so as to enable every employee who has put in one year's continuous service to get full contribution of the employer together with compound interest @ 4% per annum.

C. On termination of service of an employee by resignation or otherwise he should be given gratuity equivalent to one month's average wages inclusive of all kinds of allowances for every year of service or any part thereof in excess of six months.

D. Overtime for any type of work must be remunerated at the rate twice that of his wages inlusive of all kind of allowances.

E. The Examination allowance be raised from one month's basic salary to two months' salary or wages inlusive of all kinds of allowances and it must be considered part of other salary and wages for the purpose of Provident Fund contribution.

F. Provident Fund be deducted from wages earned, i.e. including all kinds of allowances instead basic salary.

G. Rule No. 11 regarding termination of service be deleted and a new rule be

framed as follows :

Any employee can resign his post by giving one month's previous notice.

H. The employees can prosecute their studies further on condition that their normal duties are not interefered with.

I. Vacancies occuring for higher posts must be filled up by promotions strictly according to the seniority of service, and actual salary being drawn irrespective of the incumbents being graduates or not.

J. Officiating appointments must be made strictly according to the seniority of service and actual salary being drawn irrespective of the incumbents being graduates or otherwise.

K. Provision should be made for free medical aid for the employee and members of their family.

L. Leave rules be so modified as to enable an employee to accumulate their leave to the extent of 180 days. It may be further provided that when such maximum number is reached the employee be given leave liberally on demand or that he must be given full wages together with all kinds of allowances for one month in lieu of granting leave for corresponding period of one month which may be deducted from the accumulated leave.

M. Provisions be made for free and compulsory education for children of the employees studying in high Schools and higher studies including colleges.

N. The employees must be given double the wages for working on Sunday and such other Holidays.

O. Whenever any employee is asked to officiate or work for any employee for more than 10 days drawing higher salary than himself he must be given additional remuneration corresponding to that periods' wages inclusive of all allowances for that much period of that employee on leave, irrespective of appointment.

P. Whenever any employee is asked to work for the Cashier or the Office Superintendent on Casual leave or otherwise, he shall be remunerated for

such work at the rate of Rs. 5/- and Rs. 7/- per diem respectively, irrespective of the previous appointment.

Q. Woolen Uniforms and Umbrellas be supplied to all Class IV employees every two years.

R. Peons handling cash be given extra allowance of Rs. 15/- p.m.

S. All class IV employees be given weekly and other Holidays as they are enjoyed by other employees.

T. The employees be given casual leave for $\frac{1}{2}$ day as exigencies may require

U. C.A. at the rate of Rs. 15/- p.m. be given to all the employees as the work place is situated at a great distance from the city,

V. The matters relating to the and affecting the employees be dealt with in consultation with their Union or a permanent committee be formed consisting of the representatives of this Union and Employers in equal number.

APPENDIX 'A'

Scales Demanded

Stenographers:

(1) In old scales :	..	..	Rs. 170–10–300–15–375
(2) In new scales :	..	..	Rs. 150–8–230–10–300–15–375
Head Clerks :	..	..	Rs. 200–10–250–15–375
Senior Clerks	..	..	Rs. 150–8–230–10–250–12½–275
Cashier : ..	..	..	Rs. 125–5–150–8–230–10–250
Junior Clerks & Typists :		..	Rs. 100–5–150–8–190–10–220
Assistant Librarian :	..	..	Rs. 250–20–350–25–500
Naik: ..	..	..	Rs. 70–2–90–5–100
Peons, Hamals, Sweeper etc. :			Rs. 60–1–70–2–90

Resolution No 7 :

This meeting resolves that Shri S. K. Jhaveri, Shri S. S. Vora and Shri R. B. Bhavsar are hereby authorized to negotiate with the University authorities in respect of the demands in particular the revision of pay scales and other allowances.

Resolution No. 3 :

Since the formation of this Union, it is found that the officers are not treating the employees with due respect. Incidents otherwise have been brought to the notice of the Registrar but they have been neglected. This meeting draws the attention of the Vice–Chancellor to the same and hopes that he will use his good offices and create brotherly relation between the employees and their officers.

પરિશિષ્ટ "૩"

સિન્ડિકેટ ખાસ સભા તા. ૯-૨-૧૯૫૭

૧૬. સિન્ડિકેટ ખાસ સભા તા. ૧૬-૧૨-૫૬ની સભાના કામકાજની યાદીમાંની પરીક્ષકોની નિમણૂક, પરીક્ષકો વગેરેને અપાતાં મહેનતાણાં, ભથ્થાં વગેરે તેમજ સ્ટાફના સભ્યોના પગાર સ્કેલ વધારવા અંગેની બાબતો નં. ૨૦ થી ૨૮ ઉપર વિચારણા કરી હેવાલ સુપ્રત કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૦-૧-૫૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતો પર ફરીથી વિચારણા કરવા માટે સમિતિને જણાવવું તથા એ સમિતિ પર ડૉ. કે. જી. નાયકને બદલે ડૉ. વાય. જી. નાયકને નીમવા. તદુપરાંત ૧. શ્રી. બટુભાઇ એચ. દેસાઈ અને ૨. શ્રી. એસ. એમ. શાહનાં નામ આ સમિતિમાં સભ્ય તરીકે ઉમેરવાં."

નોંધ:—ડૉ. કે. જી. નાયકની ઇચ્છાથી તેમને ઉપરની સમિતિ પરથી છૂટા કરવામાં આવ્યા હતા.

સિન્ડિકેટ ૪૨ મી તા. ૨-૩-૧૯૫૭

૧. તા. ૯-૨-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૯-૨-૧૯૫૭ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધમાં બાબત નં. ૧૬ માં શ્રી. બટુભાઇ હ. દેસાઈ અને શ્રી. એસ. એમ. શાહનાં નામો ઉમેરીને મજકૂર નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી."

પરિશિષ્ટ "૪"

સિન્ડિકેટ ખાસ સભા તા. ૭/૮-૫-૧૯૫૭

૬. પરીક્ષકોની નિમણૂંક અંગેના નિયમો, પરીક્ષકોને અપાતાં મહેનતાણાં, સ્ટાફના સભ્યોના પગારધોરણો, વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત પરત્વે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે જરૂરી વાટાઘાટો કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી."

સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૬

પરીક્ષકોની નિમણૂંક અંગેના નિયમો, પરીક્ષકોને અપાતાં મહેનતાણાં, સ્ટાફના સભ્યોનાં પગારધોરણો, વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને રીપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ સાંજના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	શ્રી. એચ. પી. શુકલ	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩.	પ્રિ. એન. આર. દેસાઇ	હાજર
૪.	શ્રી. ડી. જે. જ્યેશી	હાજર
૫.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૬.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર

૧. આ સમિતિની તા. ૧૦-૧--૧૯૫૭ની સભાએ સિન્ડિકેટને કરેલા રિપોર્ટ ઉપર સિન્ડિકેટે તેની તા. ૯-૨-૧૯૫૭ની સભામાં મજકૂર બાબતો ઉપર ફરી વિચારણા કરવાનો ઠરાવ કરેલો હોવાથી રિપોર્ટમાં સંકલીત બાબતો ઉપર ફરી વિચારણા કરવા માટે.

અને

૨. પરીક્ષકોની નિમણૂંક અંગેની લાયકાતના નિયમોમાં સુધારાવધારા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બંને બાબતોની વિચારણા મોકુફ રાખવી.

નોંધ :-બાબત નં. ૧ અને ૨ પરત્વેના નિર્ણયો આગામી ઑકટોબર માસની પરીક્ષાઓ માટે અમલી બને તે ધ્યાનમાં રાખી ફરીથી આ સમિતિની સભા બોલાવવી.

૩. પગારના દરો વધારવા માટે શ્રી. એન. જે. પટેલ, સ્ટેનોગ્રાફર્સ, હેડકલાર્કસ તથા સ્ટાફના સભ્યોની સંયુક્ત રીતે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૪. યુનિવર્સિટી ઑફીસના નીચલા વર્ગના કર્મચારીઓ તરફથી પગારના દરો વધારવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફીસના સ્ટાફના પગારધોરણમાં નીચે પ્રમાણે ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

		ચાલુ પગારધોરણ	નવું સુચવેલું પગારધોરણ
૧.	હેડ કલાર્ક	રૂા. ૧૫૦-૧૦-૨૦૦	રૂા. ૧૫૦-૧૦-૨૦૦-ઇબી-૧૦-૨૫૦
૨.	સિનિયર કલાર્ક	રૂા. ૧૦૦- ૮ -૧૪૦	રૂા. ૧૦૦- ૮ -૧૪૦-ઇબી- ૮ -૧૮૦

૩.	કૅશિયર	રૂા. ૭૫-૫-૧૫૦	રૂા. ૧૦૦-૮-૧૪૦-ઇબી-૮-૧૮૦

નોંધ:-કૅશિયરનો દરજ્જો સિનિયર ક્લાર્કના દરજ્જા સમાન ગણવો.

૪.	જુનિયર ક્લાર્ક ટાઇપીસ્ટ	રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦	અ. ત્રીજા વર્ગમાં પાસ થયેલાં સ્નાતકો માટે : ૬૫-૫-૧૧૦-૭-૧૫૦ બ. પ્રથમ અને બીજા વર્ગમાં પાસ થયેલા સ્નાતકોને ઉપર અ. મુજબ, પણ શરૂઆતના પગારમાં એક ઇન્ક્રીમેન્ટ વધારે આપવું. ક. નોન-ગ્રેજ્યુએટસ માટે : રૂા. ૫૫-૩-૮૫-૫-૧૪૦
૫.	આસિ. લાયબ્રેરીઅન	રૂા. ૨૦૦-૧૦-૨૫૦ ઇબી-૧૫-૪૦૦	રૂા. ૨૦૦-૧૫-૩૨૦-ઇબી-૨૦-૪૦૦

૬. નાયકની હાલની જગ્યાને જમાદારની જગ્યામાં ફેરવવી અને તેનું પગારધોરણ રૂા. ૪૦-૨-૬૦ રાખવું.

૭. હાલના પટાવાળાઓની ત્રણ જગ્યાઓ નાયકની જગ્યામાં ફેરવવી અને તેનું પગારધોરણ રૂા. ૩૫-૧૫-૫૦ રાખવું.

નોંધ :-ઉપર બાબત નં. ૬ અને ૭માં થતા ફેરફારને કારણે પટાવાળાની નવી જગ્યા ખોલવી નહિ.

૮. પટાવાળા અને હમાલના પગારધોરણ રૂા. ૩૦-૧/૨-૪૦ ને બદલે રૂા. ૩૦-૧-૪૫ રાખવું.

૯. સ્ટેનોગ્રાફરનું પગારધોરણ હાલ છે તે જ પ્રમાણે ચાલું રાખવું.

૧૦. યુનિવર્સિટી સ્ટાફના કોઈ સભ્યને ઉપરના પગારધોરણના ફેરફારને કારણે હાલ જે એલાવન્સીઝ તથા પગાર મળે છે તેમાં કાંઇ ફેરફાર કરવો નહિ પરંતુ નવા ધોરણને લીધે જો કોઈ ગ્રેડનો શરૂઆતનો પગાર હાલ મળતા પગાર કરતાં વધારે હોય તો તેઓને નવા ધોરણનો શરૂઆતનો પગાર આપવો.

નોંધ:—આ બાબતમાં "સિનિયોરીટીને" કારણે વધુ ઈન્ક્રીમેન્ટ આપવાનો કોઇ સભ્યનો દાવો લક્ષમાં લેવો નહિ.

૧૧. નોન-મેટ્રીકયુલેટ ફારકુન તથા ટાઇપીસ્ટને પ્રમોશન માટે લાયક એલિજિબલ ગણવા નહિ.

૫. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના સેક્રેટરી તરફથી આવેલ તા.

૨૧-૧-૫૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત. પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.

યુનિયન તરફથી કરવામાં આવેલી માંગણીઓ

તા. ૧૭-૪-૧૯૫૭ના રોજનો યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના સેક્રેટરીનો કાગળ પણ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. તે પરત્વે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી હતી :

યુનિયનનો ઠરાવ નં. ૪

આ અંગે ફરી વિચારણા કરવાની જરૂર નથી.

યુનિયનનો ઠરાવ નં. ૬

એ. કમિટીએ ઉપર પ્રમાણે પગારધોરણમાં વધારો સૂચવેલો હોવાથી હવે કાંઇ કરવાનું રહેતું નથી.

બી. હાલના પ્રોવીડન્ટ ફંડના નિયમોમાં કોઇ ફેરફાર કરવા નહિ.

સી. હાલના ગ્રેજ્યુઇટીના નિયમોમાં કોઈ ફેરફાર કરવો નહિ.

ડી. પરીક્ષા અંગેના કામકાજને કારણે પરીક્ષાની મોસમ દરમિયાન દરરોજના વધારાના એક કલાકનું કામ કરવા માટે ક્લેરિકલ સ્ટાફને કલાક દીઠ રૂા. ૧-૦-૦ તથા પટાવાળા અને હમાલોને કલાકદીઠ રૂા. ૦-૬-૦ લેખે ભથ્થુ હાલ લેવામાં આવે છે તે ઉપરાંત બીજા કોઈ પણ પ્રકારના કામ માટે ઓવરટાઇમ એલાવન્સ આપવું નહિ.

ઈ. અને એફ. મજકુર બાબતો અંગે હાલના નિયમોમાં ફેરફાર કરવો નહિ.

એચ. આ બાબત પરત્વે સિન્ડિકેટે વિચારણા કરવી.

આઇ અને જે. મજકૂર માંગણીઓ મંજૂર કરવી નહિ.

કે. મજકૂર માંગણી સ્વીકારવી નહિ.

એલ. હાલના રજાના નિયમોમાં કાઈ ફેરફાર કરવા નહિ.

એમ. મજકૂર માંગણી સ્વીકારવી નહિ.

એન. રવિવાર કે તહેવારના દિવસે ૪ કલાક કે તેથી વધારે કલાક કામ કરવા માટે સ્ટાફના કોઈ સભ્યને બોલાવવામાં આવે તો તેમને એક બદલાની રજા એકસ્ચેન્જ લીવ આપવી.

ઓ. અને પી. મજકૂર માંગણીઓ સ્વીકારવી નહિ.

ક્યુ. ચોથા વર્ગના નોકરિયાતોને બે સુતરાઉ યુનિફોર્મ દરેક વર્ષે, એક ગરમ કોટ દરેક પાંચ વર્ષે, તથા એક છત્રી બે વર્ષે આપવી તથા યુનિવર્સિટીએ યુનિફોર્મ ધોલાઇનું ખર્ચ આપવું.

આર. મજકૂર માંગણી સ્વીકારવી નહિ.

એસ. હાલ અપાય છે તે પ્રમાણે ફુલટાઇમ માળી, હમાલ, ભંગી, તથા કાયમી ધોરણે નિમાયેલા પટાવાળાઓને એક અઠવાડિક રજા તથા બીજા તહેવારોની માન્ય થયેલી રજા આપવી.

ટી., યુ. અને વી. મજકૂર માંગણીઓ સ્વીકારવી નહિ

યુનિયનનો ઠરાવ નં. ૭

હાલને તબક્કે કોઈ વાટાઘાટો કરવાની જરૂર નથી.

યુનિયનનો ઠરાવ નં. ૮

આ અંગે કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

૬. જુનિયર ક્લાર્ક શ્રી આર. કે. યાજ્ઞિક તરફથી કેશિયર તરીકે કામ કરતા હિસાબ વિભાગના કર્મચારીને તે કામ માટે ખાસ ભથ્થુ આપવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યાજ્ઞિકની માંગણી સ્વીકારવી નહિ.

યુનિવર્સિટી કાર્યાલય માટે એક ટેલીફોન ઓપરેટરની જગા સિન્ડિકેટે મંજુર કરેલી છે તે માટેનો પગારનો દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેલીફોન ઓપરેટરનું પગારનું ધોરણ નોન-ગ્રેજ્યુએટ ક્લાર્ક-ટાઇપીસ્ટનું પગાર ધોરણ એટલે કે રૂા. ૫૫-૩-૮૫-૫-૧૪૦ રાખવું તથા આ જગ્યા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત એસ. એસ. સી. પાસની રાખવી.

ત્યારબાદ સભા બરખાસ્ત થઇ હતી.

નં. એકા. ૨૪૭૮૧-૮૬ : ૧૯૫૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૭ એપ્રિલ ૧૯૫૭

રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "૫"

સિન્ડિકેટ ખાસ સભા તા. ૨૦/૨૧-૭-૧૯૫૭

૭૮. યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનને માન્ય કરવા નિયમો ઘડયા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં એમ્પ્લોઇઝ યુનિયન કે એમ્પ્લોઇઝ યુનિયન્સને માન્ય કરવા માટે નીચેના નિયમો મંજૂર કરવા.

• નિયમો આ સાથે સામેલ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ નિયમો હાલમાં અસ્તિત્વ ધરાવતા યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનને લાગુ પાડવા."

નોંધ :–આ ઠરાવની એક નકલ મુંબઈ સરકારના કેળવણી ખાતાને તથા ટ્રેડ યુનિયન્સના રજિસ્ટ્રારને પણ મોકલી આપવી.

APPENDIX 5.

RULES OF RECOGNISATION OF THE UNIVERSITY UNION

1. Every Association or Union of the Employees of the University shall apply to the Vice-Chancellor for recognition giving full particulars regarding its name, registered address and constitution and undertake to comply with the rules laid down herebelow and supply such information pertaining to its official business as may be called for from time to time by the University.

2. The Syndicate shall be the sole judge whether recognition shall be given to a particular applying Association or Union and its decision shall be final.

3. The Association or Union shall consist of a distinct class of employees of the University and shall not discriminate against any individual on grounds of caste, community, religion or Sex.

4. The office bearers of the Association or Union shall be selected from amongst the individuals who are in active service and employment of the University and are members of the Association or Union.

5. No representation or deputation shall be received except in connection with a matter which is, or raises a question which is of common interest to the class as whole represented by the Association or the Union and no representation shall be received save by the Vice-Chancellor or an invidual or individuals authorised by the Syndicate in this behalf by a specific resolution. Such a representation or deputation shall not include any person who is not a member of the Association or the Union concerned.

6. The Union or the Association shall regularly submit copies of its rules, annual statement of its accounts, its annual report and the list of its members including office-bearer's together with their addresses and such other information as may be called for by the University from time to time.

7. The Association or Union shall not interfere with the official administration of the University. The Vice-Chancellor's decision as to whether a particular act of the Union or the Association amounts to interference in official administration shall be final.

8. The Association or Union shall not entertain frivolous or malicious complaints or representation by its members.

9. The Association or Union shall make all efforts to discourage such acts of omission or commission by its members as are reasonably calculated to undermine the discipline or efficiency or integrity of its members in relation to their official work in the University.

10. The Syndicate may withdraw recognition granted to any Assocation or Union, if in its opnion, there are sufficient grounds for doing so.

પરિશિષ્ટ ૬

GUJARAT UNIVERSITY EMPLOYEES UNION

Hon. General Secretary's Office,
Bhati's Pole, Kagdi Ole,
Ahmedabad–1, Dt. 17–9–1957.

The Vice–Chancellor,
The Gujarat University,
Ahmedabad–9.

Sub:—**Notice of Demands**

Dear Sir,

I, the undersigned, the General Secretary, Gujarat University Employees Union, Ahmedabad, hereby give this Notice of Demands on behalf of the employees working in your University. If these demands are not complied with, within 14 days from the receipt of this Notice, the employees shall be constrained to go on strike which please note. The Demands are as per Appeudix I and II enclosed.

Thanking you,

Yours faithfully,
Sb/– S. K. Zaveri (Geueral Secretary.)

Encl : Appendix I & II

CC to :

1. The Asstt. Commissioner of Labour and Concilliation Officer, Ahmedabad, for intervention.
2. The Commissioner of Labour Bombay,
3. The Deputy Commissioner of Labour Administration, Bombay.
4. The Deputy Commissioner of Labour, Ahmedabad.
5. The Secretary, Government of Bombay, Labour and Social Welfare Department, Bombay.

No. 2 to 5 for necessary action.

સિન્ડિકેટ (મુલાકાત)
તા. ૫-૭-'૫૮

GUJARAT UNIVERSITY EMPLOYEES UNION, Ahmedabad

Appendix I

A. The pay scales should be revised with effect from 1-1-57 as per schedule (Appendix II) attached herewith subject to the following conditions:

(i) It should not affect any employee adversely.

(ii) The employees be given rise in the above scales corresponding to the number of increments granted.

B. The Provident fund rules be altered and modified so as to enable every employee who has put in one years's continuous service to get full contribution of the employer together with compound interest @4% per annum.

C. On termination of service of any employee by resignation or otherwise he should be given gratuity equivalent to one month's average wages inclusive of all kinds of allowances for every year of service or any part thereof in excess of six months.

D. Overtime for any type of work must be remunerated at the rate twice that of his wages inclusive of all kinds of allowances.

E. The Examination allowance be raised from one month's basic salary to two months' salary or wages inclusive of all kinds of allowances and it must be considered part of other salary and wages for the purposes of provident fund contribution.

F. Provident fund be deducted from wages earned, i e. including all kinds of allowances instead of basic salary.

G. Rule No. 11 regarding termination of service be deleted and a new rule be framed as follows:

Any employee can resighn his post.

H. The employees can prosecute their studies further on condition that their normal duties are net interfered with.

I. Vacancies occuring for higher post must be filled up by promotions strickly accordingly to the seniority of services and actual salary being drawn irrespective of the incumbents being graduates or not.

J. Officiating appointments must be made strictly accordingly to the seniority of service and actual salry being drawn irsespective of the incumbents being graduates or otherwise.

K. Provision should be made for free medical aid for the employees and members of their family.

L. Leave rules be so modified as to enable an employee to accumulate his leave to the extent of 180 days. It may be further provided that when such maximum number is reached the employee be given leave liberally on demand or that he must be given full wages together with all kinds of allowances for one month in lieu of granting leave for corresponding period of one month which may be deducted from the accumulated leave.

M. Provision be made for free and compulsory education for children of the employees studying in High Schools and Higher studies including Colleges.

N. The employees must be given double the wages for working on Sunday or other Holidays.

O. Whenever any employee is asked to officiate or work for any employee drawing higher salary than himself he must be given additional remuneration corresponding to that period's wages inclusive of all allowances for that much period of that employee on leave, irrespective of appointment.

P. Whenever any employee is asked to work for the Cashier or the Office Superintendent on casual leave or otherwise, he shall be remunerated for such work at the rate of Rs. 5/-and Rs. 7/- per diem respectively, irrespective of the previous appointment.

Q. Woolen uniforms and umbrellas be supplied to all class IV employees every two years.

R. Peons handling cash be given extra allowance of Rs. 15/- p.m.

S. All Class IV employees be given weekly and other holidays as are enjoyed by other employees.

T. The employees be given casual leave for ½ day as exigencies may require.

U. C.A. at the rate of Rs. 15/- p.m. be given to all the employees as the work place is situated at a great distance from the city.

V. The matters relating to the and affecting the employees be dealt with in consultation with their Union or a parmenant committee be formed consisting of the representatives of this Union and Employers in equal numbers.

W. Casual leave be sanctioned as a right without calling for any medical Certificate or any such other forms.

X. D.A. be increased with effect from 1st January 1957 proportionate to rise in the cost of living index as per first Centrel Pay Commission Report (1946) subject to a minimum of Rs. 10/-.

Y. The proposed rules and regulations regarding formation of the Union of the employees of this University recently framed by the Syndicate and not accepted by this Union be forthwith withdrawn.

Z. Shri A. R. Desai be reinstated. Service of an employee should not be terminated without congent resons which must be communicated to him and he must be given an opportunitaly to defend through his representative in all cases.

APPENDIX II

Scales Demanded

Stenographers :	
(1) In old Scales :	Rs. 180–10–300–15–375
(2) In New Scales :	Rs. 150–8–230–10–300–15–375
Head Clerks :	Rs. 200–10–250–15–375
Senior Clerks :	Rs. 150–8–230–10–250–12½–275
Cashier :	Rs. 125–5–150–8–230–10–250
Junior Clerks and Typists :	Rs. 100–5–150–8–190–10–240
Assistant Librarian :	Rs. 250–20–350–25–500
Naik :	Rs. 70–2–90–5–100
Peons, Hamals, Sweepers, etc. :	Rs. 60–1–70–2–90

વિનિ-૬૬૨ (અનુસાર)
તા. ૫-૭-'૫૮

GUJARAT UNIVERSITY EMPLOYEES UNION

Ahmedabad–1. Dt. 16–9–1957

Co/–Shri S. K. Zaveri,
L.L.B. (Advocate)
Bhathi's Pole, Kagdi Ole,
Ahmedabad–1,

To
The Registrar,
Gujarat University,
Ahmedabad–9.

Dear Sir,

Herewith please find enclosed the resolution of the Managing Committee whi.h met on 8–9–1957 for necessary action.

Further negotiations in respect of demands may please be made with the Negotiating Committee mentioned therein. Correspondence address is shown at the top.
Thanking you,

Yours faithfully,
Sd/–S. K. Zaveri
General Secretary

RESOLUTION

It was resolved that the following shall form the "Negotiating Committee" to discuss, conciliate and settle in respect of the demands :

1. Shri Jayanti Dalal
2. Shri S. R. Bhatt
3. Shri S. K. Zaveri

S. R. Bhatt and Shri S. K. Zaveri were informed of the views and sentiments of the members in respect of the demands and it was resolved that broad principles involved in the demands will not be ignored.

પરિશિષ્ટ-૭

સિન્ડિકેટ તા. ૨૪-૯-૫૭
કામકાજ નં. ૨

૨. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના ઓનરરી જનરલ સેક્રેટરીના તા. ૧૭-૯-૧૯૫૭ના પત્રની સાથે મોકલેલી પોતાના યુનિયનની માગણીઓ મજકૂર પત્ર પહોંચ્યાના દિન ૧૪ ની અંદર સંતોષવામાં નહિ આવે તો કર્મચારીઓને હડતાળ ઉપર ઉતરવાની ફરજ પડશે તેમ જણાવતા પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધ :–મજકૂર યુનિયનના તા. ૧૭-૯-૫૭ના પત્રની તથા પત્ર સાથે મોકલેલ એપેન્ડીક્ષ નં. ૧ અને અને ૨ ની નકલ તથા પોતાના તરફથી વાટાઘાટો કરવા માટે નીમેલ સમિતિના સભ્યોના નામ તથા તે બાબત પરત્વે પોતાના હરાવની જાણ કરતા તા. ૧૬-૯-૫૭ના પત્રની નકલ સામેલ છે. ઉપરાંત કર્મચારીઓની અગાઉની માગણીઓ પરત્વે વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની નોંધની નકલ સામેલ છે.

"આથી હરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના પ્રતિનિધિઓ સાથે મજકૂર યુનિયનની માગણીઓ પરત્વે ચર્ચા તથા વિચારણા કરવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી અને તે સમિતિ વાટાઘાટો માટે આ સાથે જોડવામાં આવેલ સિન્ડિકેટની સમિતિની ભલામણોનો આધાર એગ્રીસ માન્ય કરવો.

૧. શ્રી. એચ. પી. શુકલ
૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ"

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સહી કં. ચં. પરીખ

APPENDIX 8.

The Representatives of the sundicate and the Representatives of the Gujarat University Employees' Union have come to the following agreement :

1. The existing Union of the Gujarat University Employees will be recognised on its submitting a formal application to the Vice-Chancellor, though the rules of recognition will stand. It is also agreed that the relevant rule regarding office-bearers will be modified so as to allow any employee of the University or a member of any authority of the University and with the approval of the Syndicate any other person to be an office-bearer of the Union.

2. The following categories of non-teaching staff in the Gujarat University will be paid the salary and scales recently adopted by the University of Bombay subject to the necessary modifications owing to the difference in Compensatory allowance at both the places which is worked out at the retes of Rs 107½ at Gujarat University against Rs. 120. at the University of Bombay. Dearness allowance will continue to be paid according to the rates approved by the Government of Bombay from time to time and other allowances, if any, at the same rates accepted by the University of Bombay :

Head Clerk
Junior Clerk
Stenographer (Junior and Senior)
Cashier
Naik
Peon
Mali
Hamals.

Adjustments and fixation in the revised scales will be made on the basis of the following formulae :

One increment for each period of three years' completed service on 30–6–'57 in the category in which the employee concerned is at present placed, or for each three increments subject to the maximum of five increments.

These revised pay scales will be made retrospectively operative from 1–7–1957.

No employee shall be adversely affected as a result of the revision of scales and consequent adjustments.

The revised pay scales as above are subject to verification from the University of Bombay.

It was also agreed by the Union Committee that in view of the above-mentioned revision of pay scales, there shall be no further demand made by the Union when the Government revise their pay scales next time.

3. The total duration of working hours including the recess shall be the same as they are at present operative in the University of Bombay.

No overtime allowance will be paid for work in conneetion with the Convocations, the University week and the Youth Festival.

Overtime allowance will be paid only for the following business at the rate of Rs. 1.25NP and .50NP per hour to the clerical and menial staff respectively :

(1) Examinations when there is excess over one hour's extension during examination seasons, for which extenstion the remuneration will continue to be paid at the rate of one basic salary for one hour's daily overtime work during examination seasons;

(2) Meeting of the authorities of the University.

4. Rules regarding security of service will be suitably revised.

5. Rules regarding promotions will be framed so as to give due regard to seniority, merits, qualifications and efficiency and to ensure that other things being equal seniority and efficiency as judged from the three years' previous records will be given preference. It is also envisaged that the following two caders will be separatly treated :

(1) Clerks — Head Clerks;

(2) Typists — Stenographers.

6. Rules regarding casual leave need not be revised but should be applied with due regard to convenience of the office, exigencies of work and the need of the applicant,

7. Other demands were considered in the spirit of good will and conciliation and it was agreed to devise suitable standing orders by mutual consultation.

The Representatives of the University assure to press for an acceptance of the afore-mentioned conciliation by the Syndicate The Union Representatives, thereafter assured that they will advise the Union to accept the settlement and work in harmony and with zeal at the University.

It was also agreed that a suitable press note regarding the agreement and withdrawal of the strike-notice be issued on 1-10-57 jointly by the University and the Union.

પરિશિષ્ટ ૬

GUJARAT UNIVERSITY

Comparative statement of Pay scale of the various Universities and Institutions :

JUNIOR CLERK

							Total Grade Emolument
1	Gujarat Uni. Present Scale :	Rs.55/– + Rs.45/– + Rs.10/– + Rs.5/– + Rs.5/– = Rs.120/–	Pay	D.A.	H.R.A.	Com. L.A.	C.A.	55–3–85 4–125–5–130.
2	Bombay Uni. Old Scale :	Rs.75/– + Rs.45/– .. .. .. = Rs.120/–	Pay	D.A.				75–5–140 EB–6–200
	Revised Scale :	Rs.75/– + Rs.45/– .. .. .. = Rs.120/–	Pay	D.A.				75-5-100 8-180-10 250
3	Baroda University							
1.	.	Rs.55/– + Rs.45/– + Rs.7/– .. .. = Rs.107/–	Pay	D.A.	H.R.A.			55–3–85 4–125–5 250
2.		Rs.65/–Rs.45/– + Rs.7/– .. .. = Rs.117/–	Pay	D.A.	H.R.A.			65–5–150 4–125–5–130
4	Poona University	Rs.55/– + Rs.45/– + Rs.10/–Rs + Rs.5/– .. = Rs.115/–	Pay	D.A.	H.R A.	C.L.A		55–3–85 4–125–5 130
5	Ahmedabad Muni. Corporation	Rs.55/– + Rs.45/– .. .. .. = Rs.100/– .. E.B.	Pay	D.A.				46–3–85 4–125–5–130
6	An Affiliated Non. Govt. College in Ahmedabad	Rs.75/– + Rs.45/– .. .. = Rs.120/–	Pay	D.A				75–5–125
7(A)	Gujarat University Reserved Scale as recommended by the Committee No. 2	Rs.70/– + Rs.45/– + Rs.10/– + Rs.5/– + Rs.5/ = Rs.135/– = Rs. 130/–Without Com A = Rs. 120/–" + H.R.A.	Pay	D.A.	H.R.A.	C.L.A.	C.A.	70–5–95 7–165–10 –225

T.E. Grade

7(B) Gujarat Univarsity Rs.55/– + Rs 45 –Rs.10/–Rs.5/– + Rs.5/– = Rs 120/–55–3–85
Scale as Recommended Pay D.A. H.R.A. Com.L.A. C.A –5–140

by the first Committee. (65–5–110–8–150 to Graduates & one increment to I & II. Graduates)

8 Bombay Govt. Rs.46/– + Rs.45/– + Rs.10/– + Rs.5/– = Rs.106/– 46–3–85
Pay D.A. H.R A. Com.L.A EB–4–125–5–130

TYPIST

1 Gujarat University Rs.55/– + Rs 45/– + Rs.10/– + Rs.5/– + Rs.5/– = Rs 120
Present Scale Pay D.A. H.R.A C L.A. C.A. 55–3–85–4
125–5–130

2 Bombay University Rs.75/– + Rs.45/– .. .. = Rs.120/–75–5–140
Old Scale Pay D.A. EB–8–220
Revised Scale Rs.75/– + Rs 45/– .. .. = Rs.120/–75–5–100
Pay D.A. 8–180–10–250

Plus special pay of Rs 15/– to the Typist and Head typist special pay of Rs 30/–

